लघु भारत.

भाग १ लो.

आदि तथा सभापर्व.

रचनार

गणपतराम राजाराम भट्ट.

પ્રથમાવૃત્તિ-૧૦૦૦ પ્રત.

દોહરો,

નિજભાષા ને દેશનું, હોય ઉરે અભિમાન;
તો લઘુભારત ભાવથી, વાંચો કે ગુણવાન. ૧

અમદાવાદ:
"આર્યોદય" પ્રેસમાં છાપી પ્રસિદ્ધ કર્યું.

સંવત ૧૯૫૩.—સન ૧૮૯૬.

કીમત બે રૂપિઆ.

ग्रंथोतेजक दि० ब० मणिभाई जशभाई विषे.

જીવનચરિત.

દોહરા.

ભારત વર્ષ વિષે ભલો, વિશ્વ વિષે વિખ્યાત,
દેવભૂમિ સરખો દિસે, દિવ્ય દેશ ગુજરાત. ૧
રસકસ મસવાળી મહી, છે જેની બહુ બેશ;
કામધેનુ ઉપમા લહે, જે જગમાંહિ અશેષ. ૨
સુરસરિતા સરખી સરસ, સરિતાઓ [1]જળપૂર—
વહે છે જેમાં વેગથી, નહાતાં દે શુભ નૂર. ૩
તીર્થ ભલાં તે માંહિનાં, ઉપજાવે સદ્ભાવ;
આધી ટાળે ઉરતણી, જે નિજ પ્રૌઢ પ્રભાવ. ૪
પુર જેમાંનાં ઉર વિષે, આપે અતિ આહ્લાદ;
જન જ્યાંનાં સુખ ભોગવે, લઇ સૌ સુખનો સ્વાદ. ૫
દયા દાન વૃત્તી અને પ્રેમ નેમની પેર,
નરનારીમાં નિરખિયે, ગુજરાતે બહુ ઠેર. ૬
એવા શુભ ગુજરાતમાં, તેના ઉરનો ભાગ—
છે [2]ચારૂતર તરૂ અતી, જોવા સરખી જાગ. ૭
પેટલાદપુરિ તે વિષે, છે પૂરણ પ્રખ્યાત,
પાકયા નર પારસમણી, એમાં શુભ [3]અવદાત. ૮
શંતનુ સરખા શાંત શુભ, જશભાઇ નાગરઘેર,
ગંગાજી ઉદરે ધર્યો, દેહ દેવવ્રત પેર. ૯
વળી એ જનમાં જન્મ અહિં, જ્યમ લીધેલો હોય,
ત્યમ ભાસ્યા ભૂતળ વિષે, કહે ભલા સૌ કોય. ૧૦
શિશુવયમાં સમજણ ઘણી, જણાઇ જેમાં સ્પષ્ટ;
મહાનપણું મન મોટું અતિ, દેખાયું શુભ દષ્ટ. ૧૧

---

૧ પૂર્ણ જળવાળી. ૨ ચરોતર. ૩ નિર્મળ.

પૂર્વ જન્મની સાધ્ય જયમ, કરેલ વિદ્યા હોય,
ત્યમ તે સત્વર મેળવી, તન અતિ દુર્બળ તોય. ૧૨
વીશી પહેલીમાં અહો! કહેવરાવિ બહુ વાહ,—
દીપ્યા રાજદ્વારમાં, ચહે ભલા [1]નરનાહ. ૧૩
ઓપાવ્યા અધિકાર શુભ, મળ્યા માનથી જેહ;
ઉપરિ ધરિના ચક્રરૂપ, ભાસ્યા જહિં તહિં તેહ. ૧૪
બત્રિશમે વર્ષે બન્યા, એ નર કચ્છ-દિવાન;
જીત્યાં મન જન સર્વનાં, ગર્વ વિના ગુણવાન. ૧૫
ભીષ્મ પેઠ ભયહારિ થઇ, કર્યું દિવાનનું કામ;
તાર્યો કચ્છ દિલ સ્વચ્છથી, મન ધરિ મોટી મામ. ૧૬
કચ્છદિવાનનિ કીર્તિનો, ડંકો સુણિ નિજ કાન,—
વાઇસરૉય આ હિંદના, રીઝયા બુદ્ધિનિધાન. ૧૭
"દિવાન બહાદુર"નું બિરુદ, એથી અર્પ્યું આપ;
નિજ [2]જનપદ નરરત્નની, પડિ સયાજિઉર છાપ. ૧૮
એથી પર પૃથ્વીથકી, પોતાને શુભ રાજ,—
તેડયા મંત્રિ મણી ભલા, સયાજિ નૃપ મહારાજ. ૧૯
તપાસિ પૂરણ યોગ્યતા, અનુભવ લેઇ અશેષ,
નિજ મંત્રીપદ આપિયું, આણી સ્નેહ વિશેષ. ૨૦
વય સુડતાળિશ વર્ષની-સંધીમાં સુખકાર,
ગાયકવાડ-દિવાનનો, પામ્યા શુભ અધિકાર. ૨૧
એવા શુભ મણિભાઇનાં-ચરિત શું વર્ણવું અઘ;
વર્ણ્યાં જાય ન વાણિથી, પ્રગટ કરૂં શું પદ્ય. ૨૨
ધર્મમૂર્તિ ધીમાન છે, દયાતણા દરિયાવ;
દાન વીર દૃઢ ધીર છે, લે છે કીર્તી લહાવ. ૨૩
માનવાન છે, પણ નથી-જેને ઉર અભિમાન;
મુખમાં મિઠાશ છે રહી, અમૃતને [3]ઉપમાન. ૨૪

---

૧ રાજાઓ. ૨ દેશ. ૩ જેવી. ઉપમા આપવા યોગ્ય વસ્તુ. (મુખમાં અમૃત જેવી મીઠાશ છે.)

ઝેર વેર જેમાં નથી, પણ છે મહેર અપાર;
લહેર મગજમાં છે રહી, કરવા પર ઉપકાર. ૨૫
ગરિબતણા માબાપની–ગરજ સારવા સાર,—
એ સૌથી આગળ પડે, દાખી પૂરણ પ્યાર. ૨૬
કવિ પંડિત ગુણિજના ભલા, કદરદાન છે જેહ;
જન શુભ ઉત્તેજનતણા, છે માતા [1]મુદમેહ. ૨૭
દેશદાઝ જેને ઉરે, ભાસે છે ભરપૂર;
ના નથિ જેને મુખ વસી, છે નિર્મળ શુભ નૂર. ૨૮
પ્રધાનપદ ઊપર રહી, હર્યાં પ્રજાનાં દુઃખ;
કર્યાં કાર્યે ભાવે ભલાં, ભાગી સૌની ભૂખ. ૨૯
ઇચ્છયો શ્રેયસ્ ભૂપનો, કરિને સારાં કામ;
નિજ નૃપનું જેથી રહે, અવનીમાં શુભ નામ. ૩૦
ગુણ મંત્રીના સૌ છતાં, મણિપતિ સરખું મંન,
એ ગુણ શો કહો નવ કરે, સૌ જેને કહે ધન્ય! ૩૧
રાજા અને દિવાનના–ગુણનું પુરૂણું પાત્ર,
એતો પૂરણ પેખિયાં, મણિભાઇ આપ સુપાત્ર. ૩૨
પણ સજ્જનના દિન સકળ, સરખા સ્વચ્છ નવ જાય;
ધર્મકર્મ કરતાં અરે, અધર્મ આંધી થાય! ૩૩
કરતાં ધરમ કરમ નડયું, હરિશ્ચંદ્રને જેમ,
મંત્રીમણિ મણિભાઈને, અરે થયું અહિં એમ! ૩૪
વિભૂતિ ધર્મી પુરુષની, અધર્મી સહે કહો, કેમ?
ધર્મમૂર્તિ મણિભાઇને, અરે થયું અહિં એમ! ૩૫
પુણ્યસ્વિનાં પરાક્રમો, ન દે પાપિને પ્રેમ;
પુણ્યવાન મણિભાઇને, અરે થયું અહિં એમ! ૩૬
ક્ષમાવાન ધીમાનનું, ખળ નવ ઇચ્છે ક્ષેમ;
ક્ષમાધામ મણિભાઇને, અરે થયું અહિં એમ! ૩૭
નીતિમાન નિર્દોષનો, નબળા ન સહે [2]નેમ;

---

૧ આનંદના મેઘ. (ઉત્તેજન જળના આનંદ આપનાર મેઘ). ૨ નિયમ, કાયદો.

નીતિન્યાય મણિભાઈને, અરે થયું અહિં એમ! ૩૮
વિમળ સરળ સજ્જન વિષે, ઘાલે [1]વક્રો વેમ;
વિમળહૃદય મણિભાઇને, અરે થયું અહિં એમ ! ૩૯
ઘૃત આપે અગ્રી વિષે, આંચ અધિક દે તેમ,
ભાવિક શુભ મણિભાઇને, અરે થયું અહિં એમ ! ૪૦
રૂડું કરનારા તણી, શઠ નવ સમજે [2]નેમ;
રૂડા મન મણિભાઇને, અરે થયું અહિં એમ ! ૪૧
અરે ધરી રૈયતતણી, કરવા સૌનું હીત,
ચાહ્યું ચિતમાં ચતુરનર, રાજનિતીની રીત. ૪૨
લાંચ આંચ અટકાવવા, પ્રજા વિષેથી આપ,
સંમતિ લઇ શ્રીમંતની, મંડાવ્યું શુભ [3]માપ. ૪૩
તેમાં દોષિત જે થયો, તેનો ધરિને પક્ષ,
ઈર્ષ્યાળા ખળ છળ કરી, ભંભેર્યા નૃપ દક્ષ. ૪૪
તેથી નિજ અધિકારની-હાનીનો ભય લેશ—
ન ધરી ભીષ્મસમો ભૂલો-વેષ ભજાવ્યો બેશ. ૪૫
ભોગ આપિ અધિકારનો, કાઢયો [4]રૈયતરોગ;
ભીષ્મકર્મ ભય વિણ કર્યું, શંતનુ સુતને જોગ. ૪૬
ભણે [5]વિબુધ કે ભીષ્મથી, પણ કીધી અધિકાઇ;
જે અન્યાયે સહી રહ્યા, સાંખ્યો નવ મણિભાઈ. ૪૭
ત્યાગ્યા તકતા તાપણી, કુરુકુળભૂષણ ભીષ્મ;
પ્રાણ અડવાં નવ દિધું, નાગર નરમણિ ભીષ્મ. ૪૮
વાહ વાહ સઘળે થઈ, મણિભાઇની નિર્ધાર:
દિવાનપદ ડાબું કરી, સુનિતી કર્યે સ્વિકાર. ૪૯
વર્તમાનપત્રો વિષે, ઊઠયો શોર અપાર,—
[6]ગગનગિરા સરખો બધે, સાબાશી દેનાર ! ૫૦

૧ વાંકા પુરુષો, ઘાતકી, લૂણહરામી. ૨ ધારણા. ૩ ન્યાય, કમિશન બેસાડયું. ૪ લાંચ આદિ રોગ. ૫ વિદ્વાનો. ૬ આકાશવાણી. (ભીષ્મે પિતાનો વિવાહ મેળવવા રાજ્ય ન કરવાની અને બ્રહ્મચારી રહેવાની ભયંકર પ્રતિજ્ઞા કરી હતી ત્યારે સાબાશી દેનારી આકાશ વાણી થઈ હતી તેમ આ વખતે બધેથી મણિભાઈ માટે થઈ)

વાત તરતી હાજી બધી આ સૌમાં સર્વત્ર—
સ્પષ્ટ કષ્ટ દેનારિ છે, ચર્ચું તે શું અત્ર. ૫૧
ચરિત ચતુર મણિભાઈનાં, સંસ્કૃત પ્રાકૃતમાંહિ,
ચર્ચ્યાં છે કવિ પંડિતે, ગ્રંથોમાં ચિત ચાહિ. ૫૨
પ્રધાનપદ ધરિ પૃથ્વિપતિ-સરખાં કીધાં કામ;
પૃથ્વીપતિ વિરલા હશે, એવા મન અભિરામ. ૫૩
વિદ્યાવૃદ્ધી કારણે, વસુ ખરચ્યામાં નામ—
ઊણુમ નવ રાખી અહીં, રહેવા અવિચળ નામ. ૫૪
વિદ્યાર્થીને મદદના, આપ પદરથી દામ—
દેવા દિલ બહોળું કર્યું, પિતા પેઠ ગુણગ્રામ. ૫૫
અભ્યાસીને આપિને, અનેક વાર ઇનામ,—
વિદ્યા કળા વધારિ, ધરિ ઉલટ ઘણી યશધામ. ૫૬
નિજ ભાષાનું નરમણી, વધારવો સાહિત્ય,
ભોજસમા ભાસ્યા ભલા, કવિ કોવિદને નિત્ય. ૫૭
પરમારથમાં પ્રીતિ ધરિ, કરિ બહુ પરઉપકાર;
શોભ્યા વિક્રમ સારખા, કર્ણસમા દાતાર. ૫૮
ધર્મમૂર્તિ ધીમાન પણ, પરાક્રમે નર [1]પાર્થ—
ભાસે છે પરમાર્થમાં, જે પોતે નિઃસ્વાર્થ. ૫૯
આપું ઉપમા કોનિ હું, એ નરને આ વાર,
એક છતાં બહુ મહાનના-ગુણના છે [2]આગાર. ૬૦
શ્રેષ્ઠ પાત્ર આવા અહો! આ ભારતરસ ભોગ્ય,
મુજને ક્યાંથી સાંપડે, જે બહુ ઉપમા જોગ્ય. ૬૧
કર્મજોગથી જોગ કંઇ, સાધ્યા વિણ ગુણગ્રાહિ,
જનમેજય સરખા મળ્યા, મુજને બહુ સુદદાઇ. ૬૨
તેથી આ ભારત રચું, આણિ અધિક ઉત્સાહ,
રચાવવા જે રસિકનો—છે સંપૂરણ ચાહ. ૬૩
ચાહ અને ઉત્સાહ અતિ, નિજ મતિને અનુસાર,—

---

૧ અર્જુન. ૨ નિવાસસ્થાન, ઘર.

મુજને ઉરમાં ઊપન્યો, રચવા ભારતસાર. ૧૪
પણ તે કામે યોગ્ય કો, કદરતણો કરનાર,—
મુજને ખોળ્યો નવ જડ્યો, કરતાં દીર્ઘ વિચાર. ૧૫
સમર્થ મદમાં મગ્ન અતિ, સમજા ભરિયા [1]આગ,
અણુસમજૂ સમજે ન કંઈ, તનમાં ઉપજ્યો ત્યાગ! ૧૬
પણ એવે નાગરમણી, ચિંતામણિ નરવેષ,—
ભારતરસભોગી ભલા, મળ્યા મને બહુ બેશ. ૧૭
જેણે ઇચ્છા દાખિ શુભ, ભાખી રૂડાં વેણ;
"રચો સુભારત ભાવથી, સજ્જનને સુખ દેણ." ૧૮
આથી આધી ત્યાગિને, ચિતમાં થઈ પ્રસન્ન,
ભારત રચવા ભાવથી, અર્પું એમાં મંન. ૧૯

ગ્રંથાર્પણ.

છપ્પા.

મન સજ્જનનાં મુદિત-કરો એવા મણિભાઈ,
પ્રભાતના શુભ નામ, યુધિષ્ઠિરશા સુખદાઈ!
ભીમસમા ભય હારિ. જય વિષે અર્જુન જેવા,
નીતીમાં સુપ્રવીણ, કૃષ્ણસરખા છો [2]કેવા;
ભારતના ઉત્તમ પાત્રના, ગુણ શુભ આપ વિષે ભર્યા,
માટે અગ્રેસર આપને, આ ભારતકાર્યે કર્યા. ૧
અગ્રેસર જ્યાં આપ-થાઓ ત્યાં કહો ન બને શું?
પારસમણિને સ્પર્શી, લોહ કાંચન ન બને શું?
જાણી એમ જરૂર, પુરુષપારસમણિ તમને,
આદિ સભા બે પર્વ-અર્પું પ્રથમે શુદ્ધ મને;
લઘુભારત ગુર્જરિ વાણિમાં, ગણપત કીધું શોભશે,
એમાં મહિમા મણિભાઈનો, માનવિનાં મન લોભશે. ૨

---

૧ અહંકાર. ૨ કહેવાને માટે. ઉપમા આપવા યોગ્ય. ભારતમાં ભીમમાં બળ, અર્જુનમાં જય અને કૃષ્ણમાં નીતિ પ્રવીણપણું (Political Science) વખણાયું છે, જેથી તેમનો જય થતો હતો.

प्रस्तावना.

સ્વભાષામાં જેને સ્નેહ છે, તેના ઉત્કર્ષનો જેને ઉત્સાહ છે, અને તેના માનનું જેને અભિમાન છે એવા જ્ઞાનવાન્ મહાજનો-સુજ્ઞ રાજાઓ, રાજકુમારો, સદ્ગૃહસ્થો, વિદ્વાનો અને બીજા હજારો વાચકોને પ્રખ્યાત **પ્રતાપનાટક** પરિચિત થયું હશે એમ હું માનુંછું; ગુજરાત, કચ્છ અને કાઠિયાવાડમાં ગુજરાતી વાચનનો શોખ ધરાવનાર તેના વાચન બહાર ઘણું કરી કોઈ રહ્યા નહિ હશે એમ હું ધારૂંછું; મુંબઇમાં પ્રખ્યાત પુરુષોમાં તે પ્રથમથી જ પ્રશંસા પામી ચૂક્યું છે એમાં કશો સંશય નથી; આ ઉપરાંત હિંદી ભાષાના ગત કવિવર કાશીવાસી ભારતેન્દુ **બાબૂ શ્રી હરિશ્ચંદ્રજી**એ એ નાટકની ઉત્તમ ગણના કરી પોતાનો ઉત્તમ મત એ વિષે અંકિત કરતાં લખ્યું હતું કે,—"आर्याभिमानी पुरुष को धर्मपुस्तक की भाँति इसकी प्रति अपने घरमें रखनी उचित है, क्यों कि यह काव्य केवल प्रमोद के हेतु नहीं है, हम लोगों के धमनी गत शीत स्थगित रुधिरको उष्ण करके परिचलित करने का एक छोटासा यंत्र है." આજ રીતે મહારાષ્ટ્રભૂષણ વિદ્વાન્ પ્રખ્યાત પરલોકવાસી ઉચ્ચ અધિકારી **રા. બા. ગોપાળરાવ હરિ દેશમુખે** પણ પોતાનો ઉત્તમ અભિપ્રાય એ નાટક સંબંધમાં લિખિત પ્રદર્શિત કર્યો હતો; આ ઉપરથી ગુજરાત બાહેર પણ એ નાટક વિદ્વાનોની જાણ બાહેર રહ્યું નથી એમ મેં જાણી લીધું છે. વળી રાજકોટ "રાજકુમારકૉલેજ"માં શીખતા રાજકુમારોએ, અનેક વાર એ નાટકનું અનુકરણ કરી-જાતે તે ભજવી બતાવી જોનાર વિદ્વાનોના મનપર ઉત્તમ છાપ છાપી છે, એ વાત અજાણી નથી. વિદ્યાર્થીઓના ઇનામના મેળાવડામાં મોટા રાજવંશી કે માનનીય અધિકારીઓ આગળ વિદ્યાર્થીઓ કોઈ કોઈ પ્રસંગે એ નાટક ભજવે છે, તેમજ વાંકાનેર "આર્યહિતવર્ધક" નાટકમંડળીએ અનેકવાર તે ભજવી બતાવી પ્રેક્ષક જનોને પ્રસન્ન કર્યા છે. આ ઉપરથી **પ્રતાપનાટક**ના ફળદ્રૂપપણા વિષે વિશેષ જણાવવાની જરૂર નથી. તેની પ્રશંસા વિષે બોલાયલા બોલો, આવેલાં પત્રોમાંનાં અભિનંદનીય લખાણો હૃદયમાં જ સાંચી રાખવામાં હું પરમ સંતોષ માનુંછું. મંદ પ્રયાસ છતાં એ નાટકની ત્રણ આવૃત્તિ ત્રણ હજાર પ્રતનાં

પ્રસરી ગઈ છે, એ જ તેનો ગુજરાતી ભાષાના ભાવિક પુરુષોનો ઉત્તમ ભાવ દર્શાવનારૂં ઉત્તમ ઉદાહરણ છે.

પ્રતાપનાટક સારૂં પ્રસિદ્ધ થયા પછી ગુજરાતી ભાષાનો સારો ઉત્કર્ષ ઇચ્છનારા, તેના ભાવિક કોઈ કોઈ પુરુષોએ ગુજરાતી ભાષામાં એક **વીરરસ કાવ્ય** (Epic poem) રચવા પ્રેસન્નતાથી મને પ્રસંગે પ્રસંગે પ્રેર્યો હતો; પણ તેવું કાવ્ય કરવાને જ્યાં સુધી મારી કવિતા શક્તિ વિષે મને શંકા રહેલી હતી ત્યાં સુધી માત્ર તે વાતો, સૂચનાઓ મેં સાંભળ્યા કીધી હતી; ને એ વિષે કશો આદર જણાવ્યો નહોતો. મારાં પ્રથમની વીશી પછીનાં શરૂઆતનાં પુસ્તકો–**લીલાવતી કથા, ભરૂચ જિલ્લાનો કેળવણી ખાતાનો ઇતિહાસ** પ્રસિદ્ધ થતાં તેમાંની કવિતાઓ માટે સારાં ચર્ચાયાં હતાઃ જેમાંનું પહેલું પ્રજાવર્ગમાં એટલું પસંદ પડી ગયું હતું, કે અંગ્રેજી અને ગુજરાતીમાં ઊંચી કેળવણી લેનારા વિદ્યાર્થી અને સ્કોલરોને તેમાંનો ઘણો ભાગ જીહ્વાગ્રે થયો હતો; તે એવો કે–આ જે લાંબો સમય જતાં, તેઓ સારા અધિકારી થતાં, પણ મને એ પુસ્તકની યાદ આપી તેમાંનાં કોઈ કોઈ ચરણો શ્રવણ કરાવે છે. હજી એ પુસ્તકની માગણી થાય છે, પણ તે આપવાને મારી પાસે સિલકમાં નથી. બીજા પુસ્તક વિષે પ્રખ્યાત ગુર્જર વિવેચક મહાશય **નવલરામ લક્ષ્મીરામે** સન ૧૮૭૮ ના **ગુજરાતશાળાપત્રના** અંક ૫–૬ માં લાંબો "રિવ્યુ" લેઈ એ પુસ્તક વિષે ઉત્તમ મત પ્રદર્શિત કરી મને કવિતા રચવાના કામમાં ઉત્સાહી રહેવા પ્રેરણા કરી મારી કવિતાનું ભવિષ્ય ઉત્તમ કલ્પ્યું હતું. મૂળથી મારી કવિતામાં વીર, હાસ્ય, શાંત અને શૃંગારરસ છે, જેમાં વીર અને શાંતનું પ્રાધાન્ય છે એમ વિદ્વાનોનો મત બંધાગો હતો. આથી પ્રતાપ વિષે વીરરસ નાટક લખવાની મને ઉચ્ચ અભિલાષી તરફથી પ્રેરણા થઈ હતી, પણ મેં મારી શક્તિ સામે નજર કરી તરત તે વાતનું બીડું ઝડપ્યું નહોતું. કાળ માણસને કેળવે છે; વખત આવેજ ફળ પાકે છે; તેમ સમય વીતતાં મારી શક્તિ નાટકમાં યંત્ર પ્રવેશ કરવાને યોગ્ય થઈ એમ જ્યારે મને સમજાયું, ત્યારે મેં તેનો આદર કર્યો; જેના ફળમાં **પ્રતાપનાટક** થયું.

પ્રતાપનાટક પછી વીરરસ કાવ્ય ગુજરાતી ભાષામાં રચવાની પ્રેરણાઓના સંબંધમાં, તે વિષેની મારી શક્તિની પરોક્ષે કે પોતાનાથી સંપૂર્ણ તુલના કર્યા વિના મેં "પેટમાં પૂમડું પલળે એટલું પાણી નહિ, ને

મેરા નામ દરિયામેંખાં" કહેવરાવવા જેવું કર્યું નહિ, પણ દેશાભિમાની, ઉચ્ચ અભિલાષી પુરુષોના મારાથી કાર્ય કરાવવાના ઉત્તમ અભિલાષને મારા હૃદયમાં સાચી મંદ બુદ્ધિનું દ્વાર વાસી તેની કુંચી કાળના હાથમાં આપી હતી. પછી મેં મારી શક્તિને કેળવવાનો–તેનો કસ કાઢવાનો ઉદ્યોગ જેમ જેમ પ્રસંગ આવ્યા તેમ તેમ ચાલુ રાખ્યો. જેના પરિણામમાં કચ્છદરબાર તરફના અને અમદાવાદની ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી તરફના હરિફાઈના ઇનામી પાંચ નિબંધો રચાયા; જે પસંદ પડી ઇનામ આપવા યોગ્ય જણાયા. ગુ. વ. સો. તરફથી કવિતાની સ્પર્ધાનાં બે ઇનામકાવ્ય રચાવવાનાં હતાં, તે રચવાનો યશ અને ઇનામ અપાવવામાં ઇશ્વરે મારી શક્તિને જ સતેજ કરી મને આગળ ઉપરનું ચિંતવ્યું કરવાને ઉમંગી કર્યો. આથી દેશ શુભેચ્છુઓની મારા ઉપરની વીરરસ કાવ્ય કરાવવાની મમતા ફલિત કરાવવાને જ તેનો સંકેત હોય એમ હું શ્રદ્ધાથી માનું છું, કેમકે મને મારી શક્તિ વિષે રહેતી આવેલી શંકા દૂર કરાવવાને જ તેની મરજી હોય એમ મને દીસ્યું! કારણ કે–છેલ્લું **પાર્વતીકુંવર ચરિત્ર ઇનામકાવ્ય,** જેની એક એક કડી અથવા અંક દીઠ એક એક રૂપિઓ આપવા જેવી જાહેરખબર હતી; એ કાવ્ય ગુજરાતી કવિતામાં પ્રથમ વર્ગમાં મૂકાય એવું થશે તો જ પૂરૂં ઇનામ આપવામાં આવશે એવી પ્રતિજ્ઞા હતી; લેખ થોડો ને ઇનામ ભારે રાખેલું હતું, એથી સારા કવિઓની સ્પર્ધા પણ ભારે હતી; જેમાં એ વિષયનું માન સાથે ઇનામ મને મળી ચૂક્યા પછી મારા જાણવામાં આવ્યું કે–એ કાવ્યની હરિફાઈમાં એવા કવિવર જોડાયા હતા કે, પ્રથમથી માત્ર તેમનું નામ મેં સાંભળ્યું હોત, તો સિંહની સ્પર્ધામાં શિયાળિયો ઊભો ન થાય એવો મારો ઘાટ થાત. પણ આ જે બનાવ બન્યો, તે મારી શક્તિ વિષેની મને રહેતી શંકા ટાળવાનો દૈવીહઠ–ઇશ્વરી સંકેત જ હું માનું છું.

પાર્વતીકુંવર ચરિત્ર ઇનામ કાવ્ય, તેના સાક્ષર સુજ્ઞ પરીક્ષકોને એટલું તો પસંદ પડ્યું હતું કે, તેનું ઇનામ સભા ભરી, કર્તાને મુખે તે કાવ્ય સંભળાવી માન સાથે ભર સભામાં આપવું, એવી તેમણે સૂચના કરી હતી. આ ઉપરથી તા. ૪ થી અકટોબર સન ૧૮૯૦ ને રોજ અમદાવાદમાં "હિમાભાઈ ઇન્સ્ટિટ્યુટ"માં મોટી સભા ભરવામાં આવી હતી; જેનું અધ્યક્ષસ્થાન આપણા પ્રખ્યાત વૃદ્ધ કવીશ્વર **દલપતરામ ડાહ્યાભાઈ સી. આઈ. ઈ.** એ શોભાવ્યું હતું. કાવ્ય વંચાયા પછી પોતાને

હાથે ઇનામ આપતાં અધ્યક્ષ કવિરાજ બોલ્યા હતા, કેઃ—"આ પ્રસંગે રા. ગણપતરામને ઇનામ આપતાં મને ઘણો આનંદ થાય છે; કારણ આજ સૂધી મારા મનમાં ચિંતા હતી કે, હું તો હવે વૃદ્ધ થયો છું; એટલે મારી જગ્યા કોણ સાચવશે? પરંતુ આજ આ કાવ્ય સાંભળીને મારા મનમાંથી એ ચિંતા દૂર થઈ છે. રા. ગણપતરામની કવિતા ઘણી સારી છે; અને હું ધારૂં છું કે, જેમ સોસાઇટીએ મને સોનાને અક્ષરે કવીશ્વરપદ કોતરાવી આપ્યું છે, તેમ એમને પણ આપે તો ખોટું નથી." ઇત્યાદિ. (આ વિષે સંપૂર્ણ વિગત સન ૧૮૯૦ ના નવેંબરના "બુદ્ધિપ્રકાશ"માં પ્રસિદ્ધ થયેલી છે.)

કાળે મારી કવિતાશક્તિનાં મને પ્રતીત પડે એવાં સંતોષકારક સારાં ઉદાહરણ આપી મંદબુદ્ધિનાં કમાડ ઉઘાડયાં; જેથી હૃદયમાં રહેલા પ્રેરકોના ઉચ્ચ અભિલાષ ઉપર મારી દૃષ્ટિ પડી. આ સાથે મને પણ અભિલાષ થયો કે-મારા ઉપર રીઝેલી, મને પ્રત્યેક યત્નમાં યશ અપાવ્યો છે જેણે એવી **કવિતાદેવી**ની સહાયથી મારે મારી ઉત્તર વયમાં એવો એક શિષ્ટગ્રંથ રચવાનો પ્રયત્ન આરંભવો કે, તે દેવીના અમી છાંટાથી ગુર્જ્જર પ્રજાના હૃદયસ્થાનમાં વંશપરંપરા મારૂં નામ સજીવન રહે, અને પૂર્વ પ્રેરક દેશાભિમાની પુરુષોનો અભિલાષ સફળ થાય. આ અભિલાષ પાર પાડવાનું પરમ પાત્ર **શ્રી વ્યાસનારાયણ** કૃત **મહાભારત** છે એમ મારા મનથી મનાયું અને મેં તદનુસાર કવિતાઓ કરવા માંડી. પણ પાછળથી મને સમજાયું કે, એ કામ કીડીએ કરા ઉપર મોભ ચઢાવવા જેવું છે. ભવતુ! ગમે તેમ થાઓ, પણ આરંભેલાનો અનાદર કરી તેને પડયું તો નજ મૂકવું. આવા આગ્રહથી મનોરથ આગળ ચલાવ્યો, અને થોડો તૈયાર થયેલો ભાગ એક વિદ્વાન મિત્ર, જેણે ગાયકવાડ સરકાર તરફથી પ્રકટ કરવામાં આવેલાં પ્રાચીન કવિઓનાં કાવ્ય ઉપર વિવેચન અને ટીકા કરી પોતાનું કાવ્યપરીક્ષકપણું પ્રસિદ્ધ કર્યું છે; જેણે મહાભારતના શાંતિપર્વનું કઠિણ ભાષાંતર વિદ્વત્તા ભરેલી રીતે ગુજરાતી ભાષામાં કરી, તેમજ અનેક સંસ્કૃત પુસ્તકોનાં ભાષાંતર, પુસ્તકો પ્રસિદ્ધ કરનારાઓને કરી આપી પોતાની વિદ્વત્તાની આંટ સારી સ્થાપી છે; વળી જેણે હાલ **શાંતિસુધા** નામનો કાવ્યગ્રંથ રચી પોતાનું કાવ્યકૌશલ્ય સારી રીતે બતાવી આપ્યું છે તે મિત્ર, **રા. રા. છોટાલાલ નરભેરામને** બતાવ્યો. જેમણે મારો આરંભ ભાગ ઉપલેખ જોઈ મને સલાહ આપી કે,-ગુજરાતમાં કેટલાક

પ્રાચીન કવિઓએ પ્રથક્ પ્રથક્ પર્વોમાં ભારત રચ્યાં છે; સંપૂર્ણ રચના એકજ કવિની જો કે જોવામાં આવી નથી; તો પણ લોકોના ખપ જોગુ ખૂબ ચર્ચાયું છે; માટે દળેલું દળવા કરતાં તમારી ઉત્તમ કવિતાઓનો ઉપયોગ કોઈ નવીન પુસ્તક રચવામાં કરોતો ઠીક. કેમકે આથી તમને લાભ થશે એમ હું નથી ધારતો. મેં કહ્યું:—ગ્રહણ કરેલું મૂકી દેવાનો મારો સ્વભાવ નથી; મેં ફળની ઇચ્છાએ કેવળ આ ઉદ્યોગ આરંભ્યો નથી; આ ભવમાં મારો આ પ્રયાસ પૂર્ણ થાઓ વા ન થાઓ, પણ જેટલું થાય તેટલું વિદ્વાનોને, દેશાભિમાની પુરુષોને માન્ય થાય અને ભારતવર્ષનો ઉત્તમ ઇતિહાસ કવિતામાં થાય એ જ મારો ઉદ્દેશ અને અભિલાષ છે. ઇશ્વિર સહાય થાયતો આ વાતમાં, ભારત ગુજરાતી કવિતામાં કર્યાં છે એવા પ્રાચીન કવિઓસાથની સ્પર્ધામાં ઉતરવા હું ઉમેદ રાખું છું. સારી વાતની હરિફાઇ પાછા પડવામાં પણ નિંદ્ય નથી, માટે આ વિષે મારો પ્રયાસ આગળ વધ્યા પછી જે કહેવું હોય તે કહેજો.

શ્રીવ્યાસનારાણ કૃત **મહાભારત**ને આધારે **આદિ** તથા **સભાપર્વ** તૈયાર થયા પછી મારા તે મિત્રને તે બતાવ્યાં. તે વાંચી સાંભળી તેમણે અભિપ્રાય આપ્યો કે,—પ્રાચીન ગુજરાતી કવિઓનાં રચેલાં ભારત કરતાં તમારી રચના હું વધારે પસંદ કરૂં છું; કેમકે તમારામાં ઉત્તમ કવિતાઓ સાથે ભારતવર્ષના ઇતિહાસનો ચોખો ચિતાર જોવામાં આવેછે; જે આ જમાનાના વિદ્વાનો, વિદ્યાભિલાષીઓ—કેળવાએલા અને કેળવાતા જનોને રૂચે, અનુકૂળ આવે, માન્ય કરે એવો છે. વળી એમાંની કવિતાઓ પ્રાચીન કવિઓમાં પ્રથમ વર્ગમાં શોભે એવી છે; જેમણે ભારત રચ્યાં છે તે કવિઓમાં તમે ઊંચે સ્થાને શોભશો એમ મારી ખાતરી થાય છે, માટે હાથ ઝાલેલું પાર ઉતારજો.

આ પુસ્તક છપાવતાં કેટલોક સમય મારી પ્રકૃતિ ઠીક નહિ ચાલવાથી તેમજ કામના વ્યવસાયને લીધે કેટલાક ફરમા સુધારવાનું કામ ઉપર જણાવેલા મિત્રને સોંપવામાં આવ્યું હતું, એવામાં તેમણે તા. ૧–૮–૯૬ના પત્રમાં આ પુસ્તકની પ્રશંસા કરતાં લખ્યું હતું કે,—"છેવટે ખુશી થઇને લખુંછું કે પ્રુફ વાંચતાં મને તમારી કવિતા પ્રેમાનંદના જેવી જણાય છે." તા. ૧૭–૯–૯૬ ના કાર્ડમાં એ મિત્રે લખ્યું હતું કે,—"ભારતની તમારી કવિતા રસમય છે. વાંચતાં ચિત્ત તલ્લીન થાય એવી છે. શરૂઆતમાં મારો અભિપ્રાય એમ હતો કે, ઘણા જણ ભારત પાછળ

"મથ્યા છે," તેને તેજ વિષય ગણુપતરામે શું કરવા લીધો? પણ કવિતા વાંચતાં લાગે છે કે કરેલો શ્રમ સફળ છે. ભલે બીજાઓ લખે, પણ ભાષા વૈશારદ્ય અને રસની જમાવટ આ તમારા છપાતા ભારતમાં મનરંજન કરે તેવી છે. મને લાગે છે, ભારતનાં બીજાં પર્વ પણ તમે લખો એવું ઉત્તેજન વાચકવર્ગ તરફથી તમને મળશે."

શ્રીવ્યાસનારાયણ કૃત મહાભારત ને આધારે ગુજરાતી કવિતામાં ભારત રચવાનો મારો હેતુ માત્ર સ્વદેશભક્તજનોના ઉરમાં મારૂં નામ રાખવાનો હતો, એથી કંઈ કમાણી કરવાનો નહોતો. કારણ કવિઓની કદરદાનીનું ક્ષેત્ર અસલથીજ સાંકડું ચાલ્યું આવે છે, ને તેમના હુંડીઓ શિકરાઈ મેં સાંભળી તેમ જાણી નથી. સાચા કવિઓને ભાગ્યદેવીએ ઝાડ તળે સુવાડેલા ફાટેલુગડે ફરતા રાખેલા જાણ્યા છે; તો જો કે હું મને પોતાને કવિ માનતો નથી, પણ મને ઘણા એ વિરુદ આપે છે, ને એજ છાપથી બોલાવે છે, એવા, નામના કવિ ગણાતાએ કવિને પંથે પરવરતાં–તેનો વાગો ધારણ કરતાં પોતાના કૃત્યથી કવિઓની ઘતરાઇ કરતી લક્ષ્મીની લાલચ શાને રાખવી! આ પ્રમાણેની ધારણાથી આ ગ્રંથ રચવાનો ઉદ્દેશ માત્ર આ જમાનાની અને એથી વધુ આવતા જમાનાની પ્રજાનાં હૃદયમાં મારૂં નામ રાખવાનોજ હતો, કે સારા કવિઓને માટે તેમજ થતું આવેલું છે. પણ આદી અને સભાપર્વ તૈયાર થયા પછી ગ્રંથનો વ્યાપાર નહિ કરતાં આરંભેલું સંપૂર્ણ કરવાના નિશ્ચયમાં બાધ જણાયો: તે એ કે, તેમના શ્રવણમાં તૈયાર થયેલો થોડો થોડો ભાગ આવેલો તેમણે સૂચના કરી કે,—"તૈયાર થયેલો ભાગ પ્રસિદ્ધ કરો; અને એ પ્રમાણે ભારતના જે જે ભાગ તૈયાર થાય તે તે પ્રકટ કરતા જાઓ. આથી તમારા શ્રમનું ફળ મળવા સાથે તમારો ઉદ્દેશ પાર પડશે." મને આ વાત ઠીક સમજાઈ અને વિચાર થયો કે મને લાગેલી લેહમાં હું મારી બુદ્ધિનો પૂર્ણ કસ કાઢુંછું; મનની મહેનતમાં તન તાવી નાંખુંછું; પણ મારા પ્રૌઢ પ્રયત્નનો પરિણામ શો થશે તે સામે મારે જોવું જોઈએ. કેમકે પ્રખ્યાત ભર્તૃહરિએ કહ્યું છે કે,—

ઉપજાતિ વૃત્ત.

"તે છે અદેખા નર જેહ જાણે, સમર્થ લોકો મદમાં રમે છે;
અજ્ઞાન બીજા નર શું પિછાણે, સાહિત્ય એકાંત વિષે શમે છે."
("નીતિ વિદ્યા પ્રકાશ.")

આ જગતનું સૂત્ર આ પ્રમાણેનું ચાલે છે, તો મારે મારા કાર્યનો વ-કીલ આપેજ થયા વિના મારો ઉદ્દેશ પાર પડશે નહિ, પણ કંઇક કવિ-ઓના વિદ્વાનોના પ્રયત્ન તેમના પછી જળશાયી થયા કે ઉધેઇના ભક્ષ્ય થઈ પડેલા જણાયા છે તેમ મારા પ્રયત્ન માટે પણ થશે. આમ ધારી મારા રચાતા ભારતનો જે જે ભાગ તૈયાર થાય તે, તેજ સમયે પ્રસિદ્ધ કર-વાનો નિશ્ચય કર્યો. મોટા પુસ્તકના કડકે કડકે પ્રસિદ્ધ થતા ભાગની કીમત રા-ખનારને ભારે નહિ પડે, અને નવીન જાણવાની અભિરુચિ ચાલુ રહેશે; પ્રથમ પ્રસિદ્ધ થયેલો ભાગ, પછીના ભાગોની આંટ સ્થાપનાર આરતિ-ઓ ગણાશે; આમ કીધાથી ધારેલો હેતુ પાર પડશે; એમ ધારી મેં આ તૈયાર કરેલાં આદિ તથા સભાપર્વનું પુસ્તક પ્રસિદ્ધ કરવા ચાહ્યું. પણ તેમ કરતા પહેલાં તેનો ભાવ લોકોમાં કેવો પૂછાશે, તેને સુજ્ઞોથી ઉત્તેજન કેવું મળશે, તેને અનુમોદન કેવું મળે છે આદિ તત્વ જોવા હું કેટલાંક પ્ર-સિદ્ધ સ્થળોમાં થોડો વખત ફર્યો અને નામાંકિત નરોને મળ્યો. જ્યાં તે-મના સાહાય્યે કરી સભાઓ ભરાવી મેં મારૂં આ તૈયાર કરેલું પુસ્તક ક-સોટીએ નાંખી જોયું.

પુસ્તકની પરીક્ષા કરાવવાના પ્રયાસનો પ્રવાસના આરંભમાં ગુર્જર ગિરાના "ભોજ" દિ. બ. મણિભાઈ જશભાઈને તા. ૧૨ મી ફેબ્રુ-આરી સન ૧૮૯૫ ને દિવસે વડોદરે મળ્યો. જે સમયે તે શ્રીમંત સ-યાજીરાવ ગાયકવાડના મંત્રીશ્વરપદે અનેક કાર્યોમાં ગુંથાયેલા હતા, તો પણ મારી કૃતિ થોડી સાંભળી રીઝીને મને રાજાના જેવું ઉત્તેજન આપ-વા જણાવ્યું. પછી હું મુંબઇ ગયો, જ્યાં એ સમયે કવિતા દેવીના મ-હિયર રૂપ જેમની ગાદી ગણાયેલી છે, અને એ દેવીને ઉત્તેજન આપવાનો જેમનો ઉત્સાહ છોટી વયથી છતરાતો થયેલો છે, એવા કચ્છના યુવાન મહારાઓ શ્રીખેંગારજી સવાઇ બહાદુર પધારેલા હતા તેમને મ-ળ્યો. જેમણે મારી કૃતિનો નમુનો સાંભળી પ્રસન્ન થઈ મુલાકાતનું તુષ્ટિ-દાન દઈ સારૂં ઉત્તેજન આપવા પોતાના પ્રાઇવેટ સેક્રેટરી રા. રા. છોટા-લાલ સેવકરામ, કે જે એક ઉત્તમ કવિ અને કવિઓને પોતાના મહા-રાજા પાસે સારો આદર અપાવવામાં અગ્રેસર છે તેમના દ્વારે કહેવરાવ્યું.

પછી મુંબઇમાં પ્રસંગ આવે પ્રથક્ પ્રથક્ દિવસે મારી કૃતિના આ પુસ્તકમાંથી અમુક અમુક કડવાંની ત્રણ કથા સભા ભરાવી સુજ્ઞ સમા-જમાં મેં કરી: જેમાં સભાધ્યક્ષનું સ્થાન ગુજરાતી સાહિત્યના ગુરુરૂપ ત્રણ

પ્રખ્યાત પુરુષો ઓનરેબલ રા. રા. ઝવેરીલાલ ઉમિયાશંકર યાજ્ઞિક, રા. બા. અંબાલાલ સાકરલાલ દેશાઈ એમ, એ., એલ. એલ. બી. અને રા. રા. મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠીએ શોભાવ્યું હતું; જેમણે મારી કૃતિ માટે ઉત્તમ મત ઉચ્ચારી મને શોભા આપી હતી. મારી કૃતિ માટે તેમણે જે ઉત્તમ વિચાર દર્શાવ્યા હતા તે લાંબા વ્યાખ્યાનરૂપ હતા; જેનો સાર પણ અત્ર આપવામાં લંબાણુ થાય એમ છે. તે અત્ર પ્રકટ કરવામાં મને ગ્લાનિ ઉપજેછે, તેથી હું તેમ કરતો નથી; કેમકે તેમણે મારી જે યોગ્યતા પોતાને થયેલી લાગણીથી પ્રદર્શિત કરી હતી તેટલું તત્વ મારામાં નથી. તોપણુ ઓનરેબલ ઝવેરીલાલભાઈએ કીધેલી લાંબી ટીકામાંથી માત્ર તેમના ઉમદા ઉદ્‍ગારના થોડા બોલો, માત્ર તેમનું ગુણુગ્રાહીપણું દર્શાવવા અત્ર જણાવુંછું. તે એ કે,–"હાલના કેટલાક ઉંચા અભ્યાસીઓ કહે છે કે, 'ગુજરાતી ભાષા અપૂર્ણ છે. તેમાં જોઇતા શબ્દો જડતા નથી.' આવી ફર્યાદ કરનારાઓએ માત્ર કવિ ગણુપતરામે કરેલું આ ભારતમાંનું ઇંદ્રપ્રસ્થના બાગનું વર્ણન વાંચવું, એટલે તેમાંથીજ ગુજરાતી શબ્દનો ભંડોળ કેવો છે તે માલૂમ પડશે! ખરેખર, આ ભારત ગુજરાતી શબ્દનો કોષ, અભ્યાસ કરવા યોગ્ય ભંડાર છે." ઇત્યાદિ. સભામાં બિરાજેલા બીજા ગુણુગ્રાહી સુજ્ઞોએ, મારી કૃતિ ઉપર ભાષણુ આપતા હોય એવી ઉત્તમ ટીકાઓ કરી હતી. કંઇકે કવીશ્વર પ્રેમાનંદ સાથે મને સરખાવવા જેવી વકીલાત કરી હતી, ત્યારે ભરૂચમાં આ ભારતનું ભાષણુ આપતાં એક વિદ્વાન વકીલ પ્રાણુલાલ શંભુલાલ, કે જેમણે તત્વજ્ઞાનના અને કવિતાના ગ્રંથો પ્રસિદ્ધ કર્યા છે તેમણે મને કવિવર પ્રેમાનંદનો અવતાર કહી સભામાં હર્ષની તાળિયો પડાવી હતી! ભરૂચમાં ત્રણ વ્યાખ્યાન આપવામાં આવ્યાં હતાં. જ્યાં પ્રમુખસ્થાને રા. બા. મોહનલાલ રણછોડદાસ, ગુજરાતી કેળવણીખાતાના માનનીય સ્તંભ ગણાયેલા મહાપુરુષ શોભ્યા હતા. જેમણે મારે માટે ઉંચું મત વારંવાર ઉચ્ચારવામાં જ પોતાનો હર્ષભાર ખાલી કર્યો હતો. આ માનવંત નર સ્વર્ગવાસી થયા છે, અને પોતાનું વખાણેલું પુસ્તક જોવા રહ્યા નથી તેથી દિલગીરછું!

ભરૂચમાં ભારતની કથા કરતા પહેલાં મુંબઇથી પાછો ફરતાં હું સૂરતમાં ઊતર્યો હતો. ત્યાં મારી કથાના શ્રવણુ માટે ગુજરાતી કવિતાના કોડીલા નાગર રા. રા. નરભેરામ મનસુખરામે, પોતાને ઘેર સૂરતના સુજ્ઞોનો ખાનગી સમાજ મેળવ્યો હતો. ત્યાં મારા આ પુસ્તકનાં

અમુક કડવાં વાંચતાં, જે સાચા કાવ્ય પરીક્ષક ગુણગ્રાહી હતા તે બ-હુ રીઝયા હતા; જેમાં રા. બા. મોતીરામ રાજારામ, જે કેળવણી ખાતામાં ડેપ્યુટી ઇન્સ્પેકટરનો પ્રથમ પાયરીનો અધિકાર ભોગવી સારી નોકરીને માટે "રાવબહાદુર"નો માનભર્યો ઇલકાબ પામ્યા હતા, તેમણે સૂરતમાં એક મોટી જાહેર સભા ભરી મારી આ કૃતિ જાહેરમાં લાવવા ઉમંગ દર્શાવ્યો હતો. પણ એમ કરવામાં જરા વિલંબ લાગે એમ જણા-યું અને મને પણ અવકાશ નહોતો તેથી તે વાત બંધ રહી. જેમને મારી કવિતાનો મોહ હતો, તે રા. રા. નરભેરામ આ પુસ્તક હર્ષભરી પ્રેમાળ આંખે હાથમાં ધરતા પહેલાં પરલોકવાસી થયા છે તેથી ખિન્નછું।

મુંબઇ, સૂરત અને ભરૂચમાં મારી કૃતિનું, પ્રથક્ પ્રથક્ ભાગનું નિરૂપણ થયું તેમાંથી તત્વ એટલું જણાયું કે—ભાષાસાહિત્ય માટે પ્ર-ખ્યાત ભર્તૃહરિના કહેવા પ્રમાણે " તે છે અદેખા નર જેહ જાણે," એટલે જે વિદ્વાનો છે તે અદેખા છે, એ વાતનો અનુભવ મને ન થયો. હું ધારૂંછું કે, સદ્ભાગ્યે મને સરળ હૃદયના વિદ્વાન મળેલા. પણ તત્વવે-ત્તા વિદ્વાન્ કવિનું કહેવું છેક તો ખોટું ન પડે; કેમકે છેલ્લે મેં મારી સ્વ-ભૂમિમાં અમદાવાદમાં સુધારાના અગ્રણી રા. બા. લાલશંકર ઉમયા-શંકરના અગ્રેસરપણા નીચે આ પુસ્તકમાંથી ત્રણ કથા કરી હતી તેમાં મહાશય ભર્તૃહરિના વાકયને સિદ્ધ કરી આપનાર એક જ વિદ્વાન્ મળ્યો હતો, કે જેનો બબુડાટ પાછળનો છતાં રસ્તે ચાલતાં શ્રોતાઓએ તેની સાથે વહેંચી લીધું હતું। રા. બા. લાલશંકરે મારી કૃતિ પૂર્ણ થવામાટે મારૂં દીર્ધાયુષ પ્રભુપાસે માગ્યું હતું, તેમજ અમદાવાદ ટ્રેનિંગકૉલેજના પ્રીન્સિપાલ રા. સા. માધવલાલે પોતાની સારી લાગણી દર્શાવી હતી. આ પ્રમાણે "તે છે અદેખા નર જેહ જાણે" એ મહાવાંકયનો અનુભવ જોઇએ તેવો મને ન થયો, પણ "સમર્થ લોકો મદમાં રમે છે," એ સિદ્ધ વાકયનો અનુભવ મ-ને પાકો થયો. સાર એ છે કે, મારી કથા સાંભળવાને શ્રીમાનો, કે જે-મના સાહાય્યે કોઈ પણ કૃતિનાં મહત્કાર્ય પાર પડી શકે છે, તેવા સમર્થ ગૃહસ્થોનું પધારવું કોઇપણ સભામાં થયેલું મારા જોવામાં આવ્યું નહોતું। "સમર્થ લોકો મદમાં રમે છે" આ સિદ્ધ વાકયના અપવાદમાં મુંબઇમાં મા-ત્ર શ્રીમાન્ ઠક્કર લક્ષ્મીદાસ ખીમજી જણાયા હતા. આજથી પંદર વ-ર્ષ ઉપર એવો જ અનુભવ સ્વર્ગસ્થ સર મંગળદાસ નથ્થુભાઈએ આ-પ્યો હતો; કે જેઓ ધરથી જ સુધારાની ધરધરનાર, સદ્ગ્રંથોને સારૂ ઉ-

તેજન આપનાર ગણાયેલા હતા. **શેઠ લક્ષ્મીદાસે** મારા આ પુસ્તકને પ્રસિદ્ધ કરવામાં ઉત્તેજનનો સારો અંક ઉત્સાહથી પાડી આપ્યો હતો. મને મુંબાઇમાંથી સારૂં ઉત્તેજન અપાવવા એ વિધાનુરાગી નરનો પૂર્ણ ઉત્સાહ હતો, પણ એવામાં તેમના સાત વર્ષના પુત્રનો કાળ થવાથી રંગમાં ભંગ થતાં ધારેલી ધારણા મનમાં રહી, અને હું પણ મનભંગથી મુંબઇથી પાછો ફર્યો.

મેં મારી કૃતિની કસોટી કાઢી જોઈ, તેમાંથી એટલું તત્વ જણાયું, કે સરળ હૃદયના વિદ્વાનોથી હું જ્યાં જઇશ ત્યાં મારી કૃતિ પ્રશંસા પામશે, પણ તેનો પ્રસાર કરવાની સ્થિતિમાં મને મૂકે, અને મારા કાર્યમાં આગળ વધવાનો મને ઉમંગ પેદા કરે એવા લક્ષ્મીદેવીના લાડીલા મારા સન્મુખ થવા દુર્લભ છે! ને જો આમ છે, તો ઊંચા કાવ્યરસના સ્વાદની, તેના પાનની ગમ નથી જેમને એવા અજ્ઞાન–સારૂં વાંચી લખી નહિ જાણનારા હજારો લોકોમાંથી મારે ગ્રંથ ઉત્તેજનની આશા શાને રાખવી ! આ'વા વિચારથી મારો ઉત્સાહ મંદ પડ્યો હતો, તેવે ઉદાર વીર **દિ. બ. મણિભાઈ જશભાઈ,** જેઓ યશ ભરી રાજસેવા અને પ્રજાહિતના કામની ખટપટથી વડોદરાનું દિવાનપદ છોડી મુંબઇ જઈ રહ્યા હતા તેમણે કીર્તિ લોભે પોતાના રાજા જેવી કમાણીનો રસ્તો બંધ થયાની વેળામાં ઉત્સાહથી **હરિશ્ચંદ્ર** જેવું ઉદાર મન જણાવી મને ભારત રચવાના કાર્યમાં **જનમેજય** જેવો ભાવ જણાવી અનુમોદન આપ્યું. જેથી હું આ ભારત રચવામાં મારો ઉમંગ ટકાવી રાખીશ તેનો પાયો માત્ર એ ઉદાર વીરની શુભેચ્છા જ છે.

મુંબઇ તરફના મારા પ્રવાસ પછી કેટલોક સમય વીત્યા પછી એક મિત્રથી ઇડરના **મહારાજા શ્રીકેસરીસિંહજી કે. સી. એસ. આઈ.**ના ઉત્તમ ગુણોની પ્રશંસા સાંભળી તે મિત્રની પ્રેરણાથી હું ઇડર ગયો હતો. જ્યાં તેમની તારીફ સાંભળી હતી એથી પણ અધિક ખુબી નામદાર મહારાજા સાહેબની મારા જોવામાં આવી. જે વિષેનો વિસ્તાર અત્ર કરવાને અવકાશ નથી. માનવંત મહારાજા **સર કેસરીસિંહજીએ** મારૂં સારૂં સન્માન કરી મારી કવિતા સાંભળી પ્રસન્ન થઈ પોતાનું ઉત્તમ મત ઉચ્ચારી આ પુસ્તકના ઉત્તેજનમાં સારૂં તુષ્ટિદાન આપી મારા મળવામાં મોટો સંતોષ માન્યો હતો.

આ ઉપરથી હું કહી શકું છું, કે જો મારાથી ગુણગ્રાહી શ્રીમાન કે

રાજા રજવાડા પાસે જવાય તો મારો મનોર્થ સિદ્ધ થાય; પણ, હવે મારામાં અથડાવાનું બળથી, તેમજ હું નોકરીને અનુબંધે પરતંત્ર છું. વળી અજાણી જગોનો અનુભવ લેવામાં, લાગવગ વગરના સ્થાનમાં માથું મારવામાં કરીને વરાંસે ઇંદ્રવારણું ચખાયા જેવું થાય તો તેમાંથી ખેદ જ થાય. આમ ધારી, મનના વિચારોને વારી, ઇશ્વરનો આધાર ધારી, જેમની શુભેચ્છા આ ભારતકાર્યને માટે છે તેમના સામું ધારી મારી વૃત્તિને આ ભારતકાર્યમાં અવકાશે જોડી રાખીશ એ જ મેં ધાર્યું છે.

લગભગ એક કરોડ મનુષ્યની વસ્તીવાળા આ ગુજરાતમાંથી તે વસ્તીનો દશ સહસ્રાંશ ભાગ—દશ હજાર માણુસની વસ્તીમાંથી એક માણુસ, ગુજરાતી સારા ગ્રંથની એક પ્રત ખરીદે, અને એ વસ્તીનો એક લક્ષાંશ ભાગ—લાખ મનુષ્યમાંથી એક ઉદારવીર, વિદ્યાનુરાગી જણાઈ ઉત્તમ ગ્રંથને યોગ્ય ઉત્તેજન આપવાનું દિલ દર્શાવે, તો હું નથી ધારતો કે ગીર્વાણ વાણિની પુત્રી ગુર્જરભાષા દુનિયામાં દિવ્ય પ્રકાશ આપ્યાવની રહે. જ્યાં વિદ્યાને, ભાષાસાહિત્યને જેવું ઉત્તેજન મળે છે, તે પ્રમાણમાં જ તે પોતાનો પ્રકાશ દર્શાવે છે આને માટે દુનિયાના ઉન્નતિ ઉપર આવેલા ઇંગ્લાંડ, ફ્રાન્સ, જર્મની વગેરે દેશોના દાખલા સ્મરણમાં રાખવા જેવા છે. વિલાયતમાં સારા ગ્રંથનો લખનાર ત્યાંના લોકોની કદરદાની, વાંચનશોખના ઉત્સાહ આગળ જાતે ગ્રંથ પ્રસિદ્ધ કરવાનો પ્રયાસ કર્યા વિના લખેશરી થાય છે! ભાષાની પ્રૌઢતા, એ મનુષ્ય દેહની મહત્તા છે આહા! જ્યાં વિદ્યાને, ભાષાસાહિત્યને આવું ઉત્તેજન મળે ત્યાં પૃથ્વીનું પડ ચીરી ચમત્કારી વિદ્વાન-કવિ નીકળે એમાં આશ્ચર્ય નથી. પણ, જ્યાં એક કરોડ માણુસની વસ્તીમાં તેનો દશ હજારમો ભાગ, એટલે એક હજાર માણુસ સારા ગ્રંથની એક એક પ્રત રાખવાના હોંશી ન જણાય, અને એક કરોડની વસ્તીમાંથી તેનો લાખમો ભાગ એટલે સો-શ્રીમાન નરો, નરપતિઓ સારું અનુમોદન આપનાર સાંભળવમાં ન આવે, ત્યાં ગુર્જરી ગિરાનો બૃહસ્પતિ જન્મ્યો હોય તો તે પોતાનાં પોથાં, થોથાં થવા પડ્યાં મૂકી ભૂમિમાં ભળે તો શું, એ આશ્ચર્ય છે? ના જરા પણ નથી.

આપણે આપણું ઘર ન તપાસતાં તે વિષે કેવળ બેદરકાર રહી વિલાયતનું વિશાળ ભવન જોવામાં જં મહત્તા માની તેના અવલોકનના પ્રયત્નમાં જ લાગ્યા રહીએ, અને આપણા દાદરને કેટલાં પગથિયાં છે તે ન જાણતાં વિલાયતના ઘરને કેટલી બારી, જાળી, ગોખલા અને છાપરામાં

જેટલી વંઠેલીઓ છે તે કહેવાની કાબેલિયત મેળવીએ, તો એ કેટલું હાસ્યાસ્પદ કહેવાય! પરીક્ષાનો ગુજરાતી ઉમેદવાર ઇંગ્રેજી વિષયની પરીક્ષા આપવામાં સરતના ઘોડા જેવું સામર્થ્ય દર્શાવે, અને પોતાની ભાષાનો વિષય આવ્યે ભાર ભરવાના ખચ્ચર પેરે ગળિયો થઈ બેસે, પગ ઢીલા કરે, એ ઉપહાસ ઉપજાવે એવું નથી શું?! રે! આ સર્વનું કારણ આપણે આપણી માતૃભાષાને માન આપવામાં, તેની અભિવૃદ્ધિ થવાના કામમાં ઘણા પછાત છીએ તે છે.

આપણા ભાષાસાહિત્યને ઘટિત ઉત્તેજન નથી એ વિષે કોઈ દેશની દરિદ્રતાનો દોષ કાઢે, તો નાટક ચેટકો જોવામાં તથા બીજા શોખમાં એ દરિદ્રતા આડી આવી કેમ ઊભી રહેતી નથી? મોટા શ્રીમાનો અને મહારાજાઓ તેના (નાટકના) "પેટ્રન" થાય છે, પણ ભાષાસાહિત્યના "પેટ્રન" થવામાં પગ ધરવામાં કોણ અટકાવે છે તેનો વિચાર કરો. રે! ઉત્તમ લેખકો અને કવિઓ ભાષામાં નવું તત્વ દાખલ કરે છે, કે જે તત્વ નાટકોમાં અને આપણા આચાર વિચારમાં ઉજ્વળ પ્રકાશ આપી તેની શોભા વધારે છે. આ વિષે લખવાનું ઘણું છે, પણ અત્ર તે અપ્રસ્તુ અને બહુ ઉપયોગી ન થતાં આ પ્રસ્તાવનાની ઘણી જગા રોકે એમ જણાવાથી એ વિષેની ઉષ્ણ વરાળ જરા કાઢીને જ ઢાંકણું દેઈ દઉં છું.

સુજ્ઞ વાચકો! આ સ્થળે હું નમ્રતાથી નિવેદન કરૂં છું કે, આ પ્રસ્તાવનામાં બહુ જાળવી જાળવી ડગલાં ભરતાં છતાં ભૂલથી આત્મશ્લાઘાના કીચડમાં પડી જવાયું છે, તે માટે કોઈ રોષ કરશો નહિ, એવી વિજ્ઞપ્તિ છે. જે માણસ જીવતાં કાંકરા જેવો લેખાતો હોય છે, તે આ જગતમાંથી નાશ પામ્યા પછી તેને કોઈ કોહિનૂર કહેવા ઉભા થાય છે! તો એ વિષે મોટો વાદ આરંભી પોતાના કહેવાની સાબીતીમાં તેના જીવનચરિતની દંતકથા કે લેખો ખોળવામાં વખત અને વસુનો વ્યય કરે છે; આ વાત વિદ્વાનોથી અજાણી નથી. જો કે, હું સાધારણ કેળવણી પામેલો, કવિ નહિ એવો, પછી મને વિદ્વાનો ગમે તેવો કહેતા હો, તો તેથી ફુલાઈ મારા પ્રસિદ્ધ કરેલા ગ્રંથો ઉપર મારો સારો ભાવ પૂછાવા "કવિ," "કવીશ્વર" કે "કવિરાજ"ની છાપ પડાવતો નથી. મારી જીંદગી સાદી છે, પણ મોટા માન આવકારવાળી નથી: એટલે હું એક સાધારણ ગરીબમાં ભળું અને શ્રીમંતમાં ન હળું એવો છું. હમણા જે તાજા કેળવણી લીધેલા ઉષ્ણરક્તના વિદ્વાનો, જે વિદ્વત્તા ભરેલા લખાણો, વિવેચનો અને જે

રંગિત કવિતાઓ લખે છે તેવો રંગ મારામાં નથી; તો પણ મારા ગત થયા પછી મારા લખાણની છત ઉપર આવના જમાનાની પ્રજામાં મતે ભેદ ન પડે માટે મેં મારા ગ્રંથોના સંબંધમાં મારો યથાસ્થિત ઇતિહાસ બહુ જ સંક્ષેપમાં આ પ્રસ્તાવનમાં આપ્યો છે; કેમકે મારા ધારવા પ્રમાણે આ લઘુભારત રચવાનું ભારે કૃત્ય છેડ્યું છે, અને તે ઇશ્વરની ઇચ્છા હશે તો જ ધાર્યા પ્રમાણે પૂર્ણ થશે. માટે મારા સંબંધમાં આ પ્રસ્તાવનામાં લખેલા લેખને મારી આત્મપ્રશંસા, કે વડાઈ ન ગણતાં મારો જીવનવૃત્તાંત ગણવાની વિનંતિ કરૂંછું.

આ પુસ્તકને માટેની યોગ્ય પ્રસ્તાવના આદિપર્વના પહેલા તથા બીજા કડવામાં છે. મારે આ પુસ્તક લખવાનો પ્રસંગ કેવી રીતે આવ્યો, મેં એ સંબંધમાં શો યત્ન કર્યો, તથા આપણા ભાષાસાહિત્યના મંદ ઉત્સાહ માટેની ટીકામાં મેં આ પ્રસ્તાવનાનો ઘણો ભાગ રોકયો છે, એટલે આ ગ્રંથના સંબંધમાં વિશેષ લખવાનો અત્ર અવકાશ નથી, તોપણ બે બોલ લખુંછું.

મહાભારતના ઇતિહાસમાંથી આપણને બહુ જાણવાનું મળી આવે છે. આજથી પાંચ હજાર વર્ષ ઉપરની આ દેશની સ્થિતિ, તે સમયના અને તે પહેલાના આચાર વિચાર, પ્રજાની સ્થિતિ અને રાજ્યભક્તિ, તેમજ રાજાઓની નીતિ, તેમનો ઉદ્યોગ, ઉત્સાહ, દઢતા, ધૈર્ય અને પરાક્રમનું અવલોકન ભારત આપણને કરાવે છે. હમણાની પ્રજાને બાળવયમાં સંસાર વ્યવહારને જોતરે બાંધી જેવી નિર્બળ, સત્વહીન કરવામાં આવી છે ને આવે છે તેમ તે સમયે નહોતું. આ સંબંધમાં ભીષ્મે સત્યવતી આગળ પૂર્વના આચાર વિષે વાત કરતાં કહ્યું હતું કે,—

"જે સતત સ્ત્રીસુખને તજી, ઋતુએ સમાગમ કરતા,
તે દીર્ઘ આયુષ ભોગવી, સ્વર્ગનું ભાતું ભરતા."

(આદિપર્વ, કડવું ૭ મું.)

ઉપરની કવિતાની બે લીંટીમાં રહેલા મર્મનું વિવેચન કરવાનો અત્ર અવકાશ નથી. સુજ્ઞો સારમાં વિસ્તાર સમજી લે એવું એમાં સ્પષ્ટ છે. તે વખતની રહેણી કરણી એવી હતી કે, પુરુષો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ સાધવાને શક્તિવંત થતા. આજનો વ્યવહાર એવો થઈ ગયો છે કે, "ન મળી માયા અને ન મળ્યા રામ" આમ થતું ચાલ્યું છે. ભારતના ઇતિહાસમાં રાજકીય કાવાદાવાની સૂક્ષ્મ રીતિઓ, ઉત્તમ રાજ-

નીતિઓ, અને સ્મરણમાં રાખવા યોગ્ય સુખદાયક બોધ પણ ઘણા છે. ઉત્તમ સ્વામીભકિત, ઉજવળ પત્નીપ્રેમ આદિના ચિતાર પણ એમાં બહુ છે. ભીષ્મની પિતૃભકિત અને અચલ નેમ, ધર્મની અડગ ધર્મનીતિ અને સંકટમાં સબુરી, વડિલ ભ્રાતની આજ્ઞામાં અર્જુનની તત્પરતા, ખરે ! વાંચનાર સાંભળનારના મનમાં ઉત્તમ છાપ છાપે એવાં છે. ભારતનો ઇતિહાસ તે વખતની આર્યાવર્ત્તની સમૃદ્ધિ અને વૈભવ તરફ આપણું લક્ષ ખેંચતાં યૂરોપ અને અમેરિકાની દોલત સાંભળી આપણે મોહ પામીએ છીએ, તે મોહમાંથી આપણને જાગૃત કરી જણાવેછે કે, આ દેશમાં શું નહોતું ? ! આર્યાવર્ત્તનો વૈભવ અને ઠાઠ, તેની મહત્તા અને અનુપમપણું યુધિષ્ઠિરના રાજ્યસૂયયજ્ઞના વર્ણનથી સ્પષ્ટ સમજાશે, અને તેથી આપણા દેશનું ગૌરવ સર્વના ધ્યાનમાં સારી રીતે આવશે; જેથી તમારામાં સ્વદેશાભિમાનનો ઉજવળ પ્રકાશ પડશે. આ દેશ આફ્રિકાના જંગલી હબસીઓનું રેહાણ નહોતું, પણ પૃથ્વી ઉપરનું સ્વર્ગ અને દેવતાઈ માનવોનું સ્થળ હતું. એમ તમને સારી રીતે સમજાશે, કે જે માનવોના વંશજ તમે છો. મહાભારતના યોદ્ધાઓનાં પરાક્રમ સામે લક્ષ આપશો તો જણાશે કે, હાલના વિદેશી "સોલ્જરો"ને જોઈ તમે નાશ ભાગ કરોછો, તેમના સામે આશ્ચર્યતાથી જુઓછો, તેમના કરતાં તમારા પૂર્વજ—મહાવીરો લક્ષગણા ચઢિયાતા હતા. રે ! તમો સિંહપુરુષ, નરવ્યાઘ્રની ઓલાદના છો એમ તમને આ ભારતમો ઇતિહાસ વાંચતાં સ્પષ્ટ જણાશે, ને તમે પોતાને ભૂલ્યાછો તેનું સ્મરણ આ ગ્રંથકારે તમને તત્કાળ થશે. જ્ઞાનના નિધાન-વિદ્વાન્ પણ આ ભારત વર્ષમાં થોડા નથી પાકયા, તેના નમુનામાં, જેણે મહાભારત અને અનેક શાસ્ત્રો રચ્યાંછે એવા શ્રી 'વ્યાસનારાયણ અને બીજા અનેક ઋષિઓ થઈ ગયાછે, કે જેમણે ઉત્તમ વિદ્વત્તા ભરેલા ગ્રંથો, શ્રુતિઓ, સ્મૃતિઓ રચવા સાથે ધનુર્વિદ્યા–યુદ્ધકળા આદિનું અધિષ્ઠતાપણું પણ પ્રાપ્ત કર્યું હતું.

ગુર્જરવાણીમાં ભારતની કથા કહેનારા વ્યાસજીઓ—માણભટોએ શ્રીવ્યાસનારાયણની સારગ્રહણ કરવા લાયક, બોધદાયક ભારતની કથા ભવાઈ જેવી કરી નાંખીછે, તે ઉપરથી કહેવત ચાલીછે કે,—

"કોઠી શું કૂટયું, ને ઢાંકણી શું ધાયું;
આખલી શું ઊછળ્યું, તે હરિપદ ગાયું."

આ પદ, સમજ્યા વગર ગવાતાં તાનમાનનાં ભજનને પણ લાગુ પડે છે. મારો ઉદ્દેશ આ લઘુભારત દ્વારે લોકોને આપણું પૂર્વ સ્વરૂપ સન

મળાય, તેમનામાંથી નાશ પામેલું દેશાભિમાન જાજ્વલ્યમાન થાય, ને એમાંથી ઉત્તમબોધ મળે એ છે; ને તેથી મેં શ્રીવ્યાસનારાયણના મહાભારતની છાયામાં રહી તેનું અનુસરણ કરી આ પુસ્તક રચવા માંડ્યું છે. જેનો ઉપયોગ લોકોમાં બહોળો થશે, વ્યાસ મહારાજો તેનો લાભ પોતાની વાણી દ્વારાએ જનમંડળમાં આપશે, તો શિષ્ટમંડળ એ કથા ભાવથી સાંભળશે ને તેથી ઘણો ગુણ થશે એવી આશા છે.

મારા આ લઘુભારતમાં મૂકવામાં આવેલા રાગ, મન ગમતી રીતિએ જુદી જુદી રીતે ગવાય એવા પરિચિત, પ્રાચીન કવિવરો પ્રેમાનંદ, ગિરધર, લજ્જારામ અને વિષ્ણુદાસાદિએ પોતાની કથાઓમાં મૂકેલા એવા છે. જે સાદી અને તરેહ તરેહની રીતે મ'લાવી ગવાય એવા રાખ્યા છે. જેવો વાંચનાર કે ગાનાર, તે પ્રમાણે તેનો ઉપયોગ કરી શકશે. બહુધા સારા કથાકાર વ્યાસો, તેનો ઉપયોગ ઉત્તમ રીતે કરી મારી આ રચનાને શોભા આપશે, ને તેથી ઉત્તમ ફળ પ્રાપ્ત થશે એવી આશા છે ઇશ્વર આ ધારણા ફલિત કરો એજ મારી પ્રાર્થના છે.

આ પુસ્તક વાંચતા પહેલાં પુસ્તકને છેડે આપેલા શુદ્ધિપત્ર ઉપર નજર કરી જોઈ છાપવામાં થયેલી, રહેલી ભૂલો સુધારી પુસ્તક વાંચવાથી ઠીક પડશે. સુધારેલા ફરમા, પેજ પાડી છેલ્લે છાપતાં કોઈ જગોએ અક્ષર, માત્રા, અજ્જુ કે વરડુ નીકળી ગયેલું, તેમજ શબ્દ નીકળી જતાં છાપનારે આંશરાગતિ આપસૂઝે મૂકેલ, શબ્દ મારા તપાસવામાં છેલ્લે આવેલા મેં સુધારી શુદ્ધિપત્રમાં મુકયા છે; જે કેટલાક ફરમાઓમાં બરાબર પણ હશે અને કેટલાક ફરમામાં મારા સુધાર્યા છતાં વાચનારથી સુધરી શકે એવી કંઇક ભૂલ રહી હશે તો તે સુધારી લેવી. પણ શુદ્ધિપત્રપ્રમાણે જોઈ લેવાથી તેવું ઝાઝું રહેશે નહિ.

આ પુસ્તકના અગાઉ ગ્રાહક થવામાં જેમણે પોતાનો ઉત્સાહ દર્શાવ્યો છે, તેમનો હું ઉપકાર માનું છું; જેમના નામની લાંબી ટીપ ગ્રંથને છેડે આપવાનો આડંબર ન કરતાં, જેમણે આ ગ્રંથ પ્રસિદ્ધ થઈ શકે, ને તે રચવામાં મારો ઉત્સાહ ટકી રહે એવું ઉત્તેજન અપવાનો ઉત્સાહ દાખ્યો છે તેમના અભારનો ભાર ખાલી કરવા આ પ્રસ્તાવનાની પીઠે તેમનાં નામ જોડી દેવામાં ગ્રંથની શોભા માનું છું.

નડિયાદ—માર્ગશીર્ષ શુકલા ૧૫ રવિવાર.
સંવત ૧૯૫૩ } ગ૦ રા૦ ભટ્ટ.

આ "પુસ્તકને મળેલો આશ્રય.'

મહારાઓ શ્રીખેંગારજી સવાઈબહાદુર જી. સી. આઈ. ઈ.
કચ્છના મહારાજા તરફથી પુસ્તકની અગાઉથી માગણી પ્રત. ૧૦૦

મહારાજા શ્રીકેસરીસિંહજી બહાદુર કે. સી. એસ. આઈ.
ઇડરના મહારાજા તરફથી ઉત્તેજનમાં આપ્યા..............રૂ. ૧૦૦

દિ. બ. મણિભાઈ જશભાઈ, ગાયકાવાડના માજી દિવાન
સાહેબ તરફથી પુસ્તકની અગાઉથી થયેલી માગણીમાં પ્રત. ૧૦૧

" " અગાઉ ઉત્તેજનમાં લખ્યા...રૂ. ૫૧

" મારી વર્ષ એકની રજાનો પગાર આદિમળી...રૂ. ૭૭૨॥

શ્રીમાન્ ઠક્કર લક્ષ્મીદાસ ખીમજી જે. પી. તરફથી માગણી પ્રત ૨૫

" " " ઉત્તેજનમાં લખ્યા...રૂ. ૨૫

રા. સા. ગણપતરામ અનુપરામ, પ્રીન્સિપાલ ટ્રેનિંગકાલેજ
રાજકોટ તરફથી પુસ્તકની અગાઉથી થયેલી માગણી પ્રત. ૧૦

अनुक्रमणिका.

आदिपर्व.

સભાપર્વ.

॥ श्रीजगदीश्वरो विजयते ॥

लघुभारत.

आदिपर्व.

કડવું ૧ લું.

मंगलाचरण अने उपोद्घात.

રાગ કેદારો.

આરાધી હું શ્રીઅવિનાશી, વિનવિ વિઘ્નહર વિશ્વવિલાસી;
માગું વર મતિ ગતિ પામવા રે. ૧

ઢાળ.

ગતિ પામવા શુભ માગું મતિ, અતિ શક્તિવંત મહેશ;
સ્તવું શી રિતે સ્તવિ નવ શકે, આપને શારદ શેષ. ૨
શિવ વિરંચી નારદાદિક, કરિ સ્તવન ગુણ ગાય;
નિગમ નેતી નેતિ કહે, પ્રભુ પાર ન કોયેં પમાય. ૩
સિદ્ધિબુદ્ધિપતિ ગણપતિ પણ, ખાય ગુણમાં ગોથાં,
તો તે વિહોણો નામરાશિ, સમજણે ભરિયો થોથાં, ૪
તે શી રિતે ગુણ ગાઇ વિભુ, તમને સ્તવે જગતાત!
પ્રસન્ન કયિ વિધ કરિ પ્રભુ, ઉરનિ કહે ઇચ્છિત વાત. ૫
સોપણ ત્રિગુણપતિ છો તમે, વ્યાપક બધે વિશ્વેશ;
નિજ પ્રેમનો સુપ્રકાશ, પ્રાણીમાત્રમાં છે એશ. ૬
જયમ ચંદ્ર નિજ અજવાળું–દેવામાં ગણે નવ ભેદ;
ઉત્તમ અધમ ઘર ઉપર કર–પ્રસરાવતોજ અભેદ. ૭

---

૪ તે–સિદ્ધિબુદ્ધિ. નામરાશિ—મળતા નામવાળો—ગણપત. ૭ કર—કિરણ.

તે રીત ત્રિભુવનરૂપ, ન્યૂનાધીકવર્જિત આપ,
કરિ ગ્રહણુ હિમકર, થાય સુખકર, અખિલ જગને આપ. ૮
નીતિ જેનિ ગ્રહી બીજા, સુખદાયિ સૌને થાય,
તો મનોરથ વ્યર્થ મારા, જરા પણુ નહિ જાય. ૯
વિશ્વાસ વિશ્વાધીશ, એવો આપમાં હું આણી;
કરૂં સ્તવન કરુણાસિંધુ, મૂગા પેઠ પામર પ્રાણી. ૧૦
અર્થ રહિતનું વ્યર્થ બકવું-હોય તેવી ભાષા—
સંભળાવિ નમિ સાષ્ટાંગ, દાખું ઉરનિ શુભ અભિલાષા. ૧૧
ભારતનો ઇતિહાસ ભારે, ગિરા સંસ્કૃત માંહિ,
વ્યાસે રચ્યો જે તમ કૃપાએ, અચળ છે તે આંહિ. ૧૨
વર્ષ હજારો વીતિયાં પણુ, વ્યાસવાણિ રસાળ,
અમૃતસમી રહિ છે હજૂ, આવ્યું ન જેમાં આળ. ૧૩
તેમનિ કૃતી ભારતનિ તેનું, પ્રાકૃત કરવા કોડ—
ઉર ઊપન્યો માટે મતિ માગું, દાસ દ્વય કર જોડ. ૧૪
અવતાર હે કર્ત્તાર, વ્યાસજિ આપનોજ મનાય,
તેમની તુલના હે વિભો, હુંથી ન કો ભવ થાય. ૧૫
તેમનું કર્યું કરવા સમર્થ ન થયો કો નવ થાશે;
જો કરે તો ઈશ્વર જાજે-ઊપન્યો એમ મનાશે. ૧૬
ભારતકૃતી તેમની ભારે, ભારતિથિ ન વર્ણાય;
લહિયા ગણપતિ સરખા મોટા, લખતાં અટકી જાય. ૧૭
તો નામનો ગણુપતિ ગણુાતો, મતિરહિત ગતિહીન,
વ્યાસવાણી પ્રાકૃતે-દાખી શકું કયમ દીન ?! ૧૮
કીડિ કયમ કરિ કરિતણી-ગતિ ધરિ શકે પરમેશ,
આગિયો કયિ રિત ઇંદુસમ-આપી શકે ઉજ્જેશ. ૧૯

---

૧૭ બોલતાંમાં લખી લે એવા લહિયા ગણુપતિ હતા, તે પણુ વ્યાસની વાણીનું મહાભારત લખી લેતાં અટકી જતા હતા. વ્યાસ બોલે અને ગણુપતિ લખે એ સંકેતે મહાભારત પ્રકટ થયું છે.

અસંભવિત માગુંછું વર હું, આપ હસવા જેવો;
"આપ ચાંદો આપ ચૂંટી" કહે બાળક તેવો. ૨૦
આમ વિપરિત કામ છે, પણ પાત્ર વરતી દાન—
ઘો દયાળૂ દીનવત્સલ, નથી મુજમાં જ્ઞાન. ૨૧
હે ભારતી! આરતી તારી, ભાવકર્પૂરકેરી—
ઊતારિને શુભ સહાય માગું, પ્રેમપુષ્પો વેરી. ૨૨
પાષાણ સરખા પુરુષ તેં, પંડિત કર્યા પ્રખ્યાત;
જડ સમાને જગવિદિત કવિ–કર્યા મોટી માત. ૨૩
માઘ કાળીદાસ ભારવિ આદિ કવિઓ શ્રેષ્ઠ–
રાખ્યા અમર, યદ્યપિ અંતક થયો નમેરો નેષ્ટ. ૨૪
પ્રાકૃત વિષે પ્રખ્યાત, પ્રેમાનંદ શામળ સાર,
નરસિંહ મહેતો દયા પ્રીતમ, અમર છે નિર્ધાર. ૨૫
વાગ્દેવિ! એ સૌ તુજ કૃપાથી, વપુવિહીન વિકાસે;
કાળે કાયા નષ્ટ કરિ પણ, સ્પષ્ટ અંતર ભાસે. ૨૬
તું મહેર મુજપર તેવિ કર, હે દેવિ દીન દયાળી;
આશ્રીત હું કેવળ છું તારો, માત મહાજશવાળી. ૨૭
ભારત રચવાતણી આરત–પૂરશો મા, મારી,
તો તો મનોરથ સર્વ મુજ–પૂર્યા ગણિશ સુખકારી. ૨૮
કૃષ્ણદ્વૈપાયનતણી કૃતિ, મહાભારત જે સોહે,
તેમાંથિ લઘુભારત પ્રાકૃતમાં–કરવા મુજ મન મોહે. ૨૯
વ્યાસકૃત ભારત–મહાસાગર, અગાધ જ્ઞાનજળે ભરિયો,
હું તાગ તેનો નવ લહૂં, માટે મમત પરહરિયો. ૩૦
ચાર, ખટ, દ્વાદશ, અષ્ટાદશ, મહાનદનું જળ જેમાં,—
જઈ ભળે છે વ્યાસવાણી–દ્વારથી અહો એમાં! ૩૧

---

૩૧ ચાર–વેદ, છ શાસ્ત્ર, દ્વાદશ સ્કંધ ભાગવત, અને અષ્ટાદશ પુરાણ-રૂપી મહાનદનું જળ વ્યાસવાણીદ્વારથી ભારતરૂપી મહાસાગરમાં જઇ ભળે છે. મતલબ કે, એ સર્વનું તત્વ એમાં છે.

વલણ.

એમાંથી લઘુભારત રચવા, છે ગણુપતનો અભિલાષ રે;
સાર કરજે મા સરસ્વતી, હું છું તારો દાસ રે. ૩૨

संभव प्रकरण.

કડવું ૨ જું.

कथानो उपक्रम–पुरुरवाथी प्रतीप सुधीनुं वृत्तांत.

રાગ દેશાખ.

પામી મતિ પરમેશ્વર આપી, ગતિ મારી મનન કરી માપી,
કથું ભારતની હું કથાય, માગિ ભારતિકેરી સહાય. ૧
સુણજો શ્રોતા થઈ સાવધાન, બની એકાગ્ર ધરજ્યો ધ્યાન;
ઇતિહાસ છે આ શુભ એવો, દાતા શૂરને સુણવા જેવો. ૨
ભારતવર્ષનું પૂર્વનું ભાન–કરી પ્રેરે સુદેશાભિમાન;
દૃઢ ભકિતના ગુણને વધારે, ભારતશ્રવણ આ વિવિધ પ્રકારે. ૩
અતિ ઉન્નત સ્થિતિનો આ દેશ, થઇ પતન પામ્યો શાથી કલેશ;
તેનું કારણ આ ઇતિહાસ, કરે પૂર્ણ રીતિથી પ્રકાશ. ૪
વ્યાસે સંસ્કૃતમાં વિસ્તારી, રચ્યું ભારત ભાવથિ ભારી;
ઉપાખ્યાનો અનેકથી ભરિયું, મહાભારત કોડે કરિયું. ૫
તેવું પ્રાકૃત સુણતાં કથતાં, સ્થિરતા રહિ નહિ કાળને ગણતાં;
હતો નિવૃત્તિ કાળ તે વેળા, થતા ઋષિના રાજદ્વાર મેળા. ૬
કથા કીર્તન ને ઇતિહાસ, સુણતાં સર્વ મેળવિ અવકાશ;
ઋષિ ઋષિને કથા સંભળાવે, ઉદર ચિંતા ન કો મન લાવે. ૭
પણ પ્રવૃત્તિ સમય આ પેખી, શું લાવિશું શું ખાઇશું એ દેખી,
વ્યાસની કૃતિ વિસ્તારવાળી, સારમાં કહું બહુ સંભળાવી. ૮
હાલ સમયને અનુકૂળ થાય, જેમાં કાળ ન ઝાઝો જાય;

તેવો સંભળાવું ઇતિહાંસ, સુણજો શ્રોતા ધરી ઉલ્લાસ. ૯
સૃષ્ટિ રચવા સ્વયંભુવે સાર, માનસ ખટ પુત્ર સરજ્યા નિર્ધાર;
મરીચિ અત્રિ અંગિરા પુલસ્ત્ય,પુલહ કૃતુ નામના તે સમસ્ત.૧૦
તે પુત્રો થકી સૃષ્ટિવિસ્તાર, દેવ દાનવ માનવ સાર,
યક્ષ ગંધર્વ કિન્નર નાગ, પશુ પક્ષી પ્રગટિયાં અથાગ. ૧૧
મરીચિતણુ કશ્યપ તંન, થયા સ્થિર મન પરમ પાવંન;
તેની અદિતિ શ્યામાથકી સાર,પુત્ર પ્રગટ્યા તેજસ્વી બાર.૧૨
વિવસ્વાન તેમાંના થકી, વૈવસ્વતમનુ પ્રગટ્યો નક્કી;
સાતમો મનુ જેહ મનાય, હાલ મન્વંતર તેનો ગણાય. ૧૩
વૈવસ્વતને થયા નવ પુત્ર, એક પુત્રી શોભ્યું ઘરસૂત્ર;
ઇક્ષ્વાકુ એમાંનો એક, અયોધ્યાધિપ હુવો સુવિવેક. ૧૪
તેની ભગની ઈલા ને બુદ્ધ, પરણ્યો પ્રીતિથકી મતિ શુદ્ધ;
અત્રિસુત ચંદ્રનો તે તંન, હતો મહાભાગ નિર્મળ મંન. ૧૫
બુધથકી ઈલાને સાર, પુરૂરવા પ્રગટિયો કુમાર;
તેની ત્રીજી પેઢીએ યયાતિ-થયો જેની અખિલ જગ ખ્યાતિ.૧૬
તેના યદુથકિ યાદવ વંશ, પ્રસર્યો ધરિ પ્રૌઢ પ્રશંસ;
પૂરૂ પૂર્ણ તેજનું પાત્ર, થયો વીર મહાગુણગાત્ર. ૧૭
પિતાને નિજ યૌવન આપ્યું, જરા ગ્રહણ કરી દુઃખ કાપ્યું;
એથી તુષ્ટ યયાતિ થઇને, આપ્યું રાજ્ય સુઆશિષ દઇને.૧૮
પૂરૂવંશ પરાક્રમી પૂરો, વિસ્તર્યો જગમાં અતિ શૂરો;
વિખ્યાતિ વિશ્વે થઈ તેની, આણ વર્ત્તાઇ જગમાં જેની. ૧૯
એમાં ઓગણિશમી પેઢિયે ભરત, ભક્ત દાતા શૂરો શીલવરત,
ચક્રવર્ત્તી થયો કરી વિજય, પાપી ભય દઇ પ્રજા કરી અભય.૨૦
યજ્ઞો કરી ઇંદ્રની પેર, પ્રભુયજન કર્યું શુભ પેર;
અહો ભરતના પ્રૌઢ પ્રભાવે, ભારત પૂર્વજ જેના કહાવે ! ૨૧

---

૧૩ વિવસ્વાન-સૂર્ય. એ વંશમાં અયોધ્યામાં ઇક્ષ્વાકુથી માંડીને સૂર્યવંશી રાજાઓ થયા. ૧૫ ઇલાને ચંદ્રપુત્ર બુધથી ચંદ્રવંશી પુરૂરવા થયો, તેથી ચંદ્રવંશી રાજાઓ થયા. ૨૦ પાપી—પાપીને.

વંશજ ભારત નામે વિખ્યાત, દેશ ભરતખંડ ભલિ ભાત,
ભરત નામના ભવ્ય પ્રતાપે, આજ આનંદ અંતર આપે. ૨૨
ભરતથકી સુશિલ ગુણ શાંત, ત્રીજો પુરુષ હસ્તી થયો દાંત;
તેણે હસ્તિનાપુરને વાસ્યું, જે અલકાપુરીશું પ્રકાસ્યું. ૨૩
હસ્તીથી વંશજ શુભ દશમો, થયો પ્રતીપ વૈરીને વસમો;
તેને ઉગ્ર તપે ત્રણ પુત્ર-થયા શોભાવનાર ઘરસૂત્ર. ૨૪
તેમાં શંતનું અંશ મહાન, પ્રગટ્યો પૃથ્વિમાં જાજ્વલ્યમાન;
ગંગા સાથે લગન થયું જેનું, આખ્યાન કહિશ હવે તેનું.૨૫

વલણ.

તેનું આખ્યાન હર્ષ ધરિ, સંભળાવિશ હું સર્વ રે;
સાર તેનો ઉર સંગ્રહી, ગાળો મનનો ગર્વ રે. ૨૬

કડવું ૩ જું.

મહાભિષનું આખ્યાન—શંતનુંની પૂર્વકથા.

રાગ વેરાડી.

વ્યાસ શિષ્ય વૈશંપાયન, જનમેજયતણી સભામાં, ૦
ભારતગુરુકૃતે ઉચર્યા પોતે, પંડિતતણી પ્રભામાં. ૧
તેમાંનું મેં અતિ સંક્ષેપે, ભાવ ધરીને ભાખ્યું;
પુરૂપૂર્વજ વંશજ વંશાવળિ-કહીને પ્રાકૃત દાખ્યું. ૨
શંતનુનું વૃત્તાંત હવે, સંભળાવું મહાયશવાળું;
વૈશંપાયન કહ્યું જનમેજય, તે કહિ સંશય ટાળું. ૩
પૂર્વે પ્રતાપવાન મહાન, મહાભિષ રવિકુળરાજા,
ઇક્ષ્વાકૂવંશે જન્મી, શુભ વધારી કુળની માઝા. ૪
સત્ય પ્રતિજ્ઞાવંત પરાક્રમિ, દાનવીર મહાદાંત,

---

૨૩. દાંત—ઈંદ્રિય દમન કરનારો. ૧ રાગ વેરાડી—ચોપાયાને ઢાળે પણ ગવાશે.

અનેક યજ્ઞો કરિ સુરપતિને, કરિયો પૂર્ણ પ્રશાંત. ૫
પુણ્યબળે સ્વર્ગે સંચરિયો, હરિયો તરિ ભવકેરો;
વાસવથી સત્કાર અપાર, ભૂપતિને મળ્યો ભલેરો. ૬
નાનાવિધનું સુખ અતિ મહાભિષ, પામ્યો પછિ સુરલોકે;
સર્વ લોક જઇ શકશે મળિ ગતિ, નિજ સુકૃતને નોકે. ૭
એક સમય બ્રહ્માની પાસે, સમાજ મળિયો મોટો,
સર્વ દેવતા, રાજઋષીનો, તેમાં નહુતો તોટો. ૮
મહાભિષ તેમાં માનસહિત, બેઠો તો હર્ષે આવી,
એવામાં ત્યાં શું નિપન્યું, તે સુણજો પદાર્થ ભાવી. ૯
સરિતાઓમાં શ્રેષ્ઠ એવિ ગંગા ધરિ રામા રૂપ,
સમાજમાં શુભ લાગિ શોભવા, ઉજ્વળ અંગ અનૂપ. ૧૦
શ્વેત વસ્ત્ર તેનું પવનેથી, ઉડતાં સર્વ સમાજ—
નીચું ઘાલિ ગયો, પણ મહાભિષ જોઇ રહ્યો તજિ લાજ. ૧૧
નિર્લજપણું પેખી અજ ઉચર્યા, આપ ન લેશ વિરામી,
અરે દુષ્ટ નિર્લજ ભજ એને, માનવમાં ભવ પામી. ૧૨
તુજ મન એમાં છે લોભાયું, પણ એ અપ્રિય કરશે;
કોપિશ જવ એના ઉપર તવ, તું અહિં પાછો ફરશે. ૧૩
શાપ સુણી મહાભિષ મન ધાર્યું, પ્રતિપ ઘેર અવતરવા;
ભૂમાં છે ભૂપતિ અતિ ભારે, પણ ગણિ સૌથી ગરવા. ૧૪
પોતામાં આસક્ત થયેલા, નૃપનું ચિંતન કરતી—
ચાલી ગંગા ચોંપે ત્યાંથી, મહાભિષ ધ્યાને ધરતી. ૧૫
માર્ગ વિષે વસુ અષ્ટ મળ્યા, બહુ ખષ્ટ પડેલા એવા;
કહે ગંગા શે કષ્ટ થયા વસુ, તેજભ્રષ્ટ જડ જેવા. ૧૬
વસુંઓ કહે મુનિ વસિષ્ઠ ધેનૂ ચોર્યાકેરે પાપે,
દીન થઈ દુખલીન થયા, આપવ ઋષિકેરા શાપે. ૧૭

---

૬ વાસવ–ઇંદ્ર. ૧૨ અજ–બ્રહ્મા. ભજ–ભોગવ. ભવ–જન્મ. બ્રહ્માએ મહાભિષને શાપ દીધો, કે માણસમાં જન્મી એને ભોગવ. ૧૭ આપવ—વસિષ્ઠનું બીજું નામ.

સંધ્યા વંદન કરતા મુનિને, સ્વરૂપ વાંક કરતાંમાં,
શાપ્યા, મનુષ્યવિષે અવતરશો, ગણિ અમને નરતામાં.૧૮
બ્રહ્મવાદિનો શાપ ટળે નવ, માટે હે કલ્યાણી!
માનવમાં જન્મી જણ અમને, અતિ કરુણા ઉર આણી. ૧૯
સાધારણ સ્ત્રી ઉદર જન્મ નહિ–લેશું જાન્હવિ જાણો,
માટે દેવિ દયાળી આરત, અંતરમાં આ આણો. ૨૦
ગંગા કહે તવ હે વસુઓ, માનવમાં તાત તમારો—
કોણ થશે તે કહો મુજને, આપું પછિ મત હું મારો. ૨૧
વસુઓ કહે નૃપ પ્રતિપતણો સુત, શંતનુ નૃપ વિખ્યાત;
થાશે તાત અમારો ભૂપર, કહિયે સાચી વાત. ૨૨
ગંગા કહે વસુઓ ઠિક ત્યારે, હું થઇ નૃપની નારી,
જન્મ તમોને આપિશ મુજમાં, અવતરજો સંભારી. ૨૩
વસુઓ કહે જન્મતાં અમોને, એકેકને હે દેવી!
જળમાં દેજે તરત ડુબાવી, વિનતી કરિયે એવી. ૨૪
શાપમુકત એથી ઝટ થઇશું, દઇશું આશિષ તુજને;
ગંગા કહે કેવળ એમ કરવું, ઉચિત ન ભાસે મુજને. ૨૫
નામ લેશું નૃપને મારૂં, એક પુત્ર રહેવો જોઇએ;
મારો તેનો યોગ અફળ, જેથી નવ કહે જન કોઇએ. ૨૬
બોલ્યા વસુ જેને અપરાધે, અમે થયા અપરાધી,
જિવશે તે દ્યૌ નામે આઠમો, ન ધરો અંતર આધી. ૨૭
અમ બળનો એકેક અંશ, દઇશું એને ભલિ ભાવ;
પણ તેને નહિ થાય પ્રજા, થાશે એ જગવિખ્યાત. ૨૮

વલણ.

વિખ્યાત થશે સુત એમ કહિ, કરિ સંકલ્પ સંકેત;
પ્રસન્ન થઇ વસુઓ ગયા, નિજ નિજતણે નિકેત રે. ૨૯

---

૨૯ નિકેત—ઘર.

કડવું ૪ થું.

શંતનુનો ગંગા સાથે સમાગમ, તેથી ભીષ્મની ઉત્પત્તિ.

રાગ મેવાડો.

એક સમય હરદ્વાર વિષે નૃપ પ્રતિપ હતો તપ કરતોજી;
યમ નિયમ પાળી દૃઢ મનથી, ધ્યાન પ્રભૂનું ધરતોજી. ૧
તેવામાં મન મોહ પમાડે, એવું ધરી સ્રીરૂપજી;
ગંગા ગુણવતિ રાયજંઘા પર આવી બેઠી અનૂપજી. ૨
તે જોઈ નૃપ પ્રતિપ કહે, શું પ્રિય તુજ કરૂં કલ્યાણીજી!
માગ્ય શિ ઇચ્છા છે મન તારે, એમ વદ્યો પ્રિયવાણીજી. ૩
જાન્હવિ કહે ભુપ ભોગ ભોગવવા, તમશું છે મુજ મરજીજી;
પૂર્ણ કરો તે પ્રસન્ન થઈને, હું તમસારૂ સરજીજી. ૪
ભારતકુળ-ભૂષણ નૃપ બોલ્યો, એથિ દુષણ મુજ લાગેજી;
પારકિ અથવા અન્યવરણસ્રી ભજવિ ન, તે વ્રત ભાગેજી. ૫
ગંગા કહે વદશો માં એવું, કાંકે હું છું દિવ્ય કન્યાજી;
ભૂપ કહે હે ભદ્રે ઠિક છે, પણ સુણ વાંધો ધન્યાજી. ૬
છે સ્થાનક જમણી જંઘા, નિજ સંતતિ સુતવધુ કેરૂંજી;
તે પર બેઠી વરવા મતિ ધરિ, અઘટિત કર્યું ઘણેરૂંજી. ૭
સ્રીનું સ્થાનક વામ જંઘા છે, વિવેક તે શું ભૂલીજી;
માટે ન ઇચ્છા તૃપ્ત થશે તુજ, મુજથકિ નારિ અમૂલીજી! ૮
ઇચ્છા તારિ હશે તેમ છતાં, તો સાંભળ પદ્માક્ષીજી!
પુત્ર થશે મુજ તે પુરશે, છે ઈશ્વર તેના સાક્ષીજી. ૯
ગંગા કહે બહુ સારૂં નૃપવર, પણ પણ સુણજો મારૂંજી;
કોઈ પણ મુજ કૃત્ય વિષે તે, આડા ન આવે ઉચારૂંજી. ૧૦
અખીલ ભૂમંડળના નૃપના શિરોમણિ મતિમાનજી,
ગુણ શા ગાઉં તમારા કહિ, થઈ ગંગા અંતર્ધાનજી. ૧૧
પ્રતિપે પછી પુત્રેચ્છાથી, તપ માંડ્યું પત્ની સાથેજી;
તેથી મહાભિષ જન્મ્યો તે ઘર, મહાબળ સૌને માથેજી. ૧૨

શંતનું તેનું નામ ધર્યું, ગુણ શાંત પ્રતિપ અનુસરિનેજી;
યૌવન તે પામ્યો તવ ઉચર્યો–નૃપ સુતસ્નેહ સ્મરિનેજી. ૧૩
હે સુત! સુંદરિ એક અનૂપમ, પૂર્વે મળિ હતિ મુજનેજી,
તે ઇચ્છે વરવા તુજને તો, કહિશ ના ન કહું તુજનેજી. ૧૪
જે તે કાંઇ કરે તેમાં નવ વદતાં સ્થિર મન કરજેજી;
આજ્ઞા કેવળ માની મારી, વરતનુ તે સ્ત્રી વરજેજી. ૧૫
વૈશંપાયન કહે જનમેજય, સુતને દઇ શુભ શિક્ષાજી,
આપિ રાજ્ય વન ભૂપ ગયો, લઇ યોગની આપે દીક્ષાજી. ૧૬
વળતી કોઇક સમયે શંતનુ, મૃગયા કરતો કરતોજી,
આવી ગંગાતટપર પોતે, પ્રેમ ધરી હતો ફરતોજી. ૧૭
તેવે મોહનિ એક મનોહર, રતિ કરતાં રૂપાળીજી,
દિવ્ય આભરણોથી અતિ દિપતી, ભૂપતિએ ત્યાં ભાળીજી.૧૮
રૂપસુધા રામાનું રાજા નેત્રે પીવા લાગ્યોજી;
માનનિની મિઠિ નજર નિહાળી, અતનૂ ઉરમાં જાગ્યોજી.૧૯
ત્યારે મનોહર વાણિ વદ્યો નૃપ, વરાંગના વદ મુજનેજી;
દેવ દાનવ ગંધર્વનિ કન્યા છે શું તું? કહું તુજનેજી. ૨૦
રામા રૂડા મધ્ય ભાગનો, ભાગ્ય મારૂં શોભાવોજી;
માગું લલના થાઓ મારી, લઉં જીવતરનો લાવોજી. ૨૧
અવનીપતિનો આર્જવ દેખી, વસુસંકેત વિચારીજી,
પ્રસન્ન થઇ પાસે જઇ ગંગા, પ્રેમનિ વાણિ પ્રચારીજી ૨૨
મહિપતિ તમમન માન્યું મુજમાં, તો હું થઇશ તમારીજી;
પણ જે કરૂં તેમાં નવ વદશો લોપી મરજી મારીજી. ૨૩
એ પરમાણે થાશે ત્યાં લગી, રહિશ હું આપનિ પાસેજી;
વસુધાપતિ કહે વર્ત્તીશ એમ હું, રહે તું દૃઢ વિશ્વાસેજી.૨૪
સાંભળિ શંતનુ વાણી એવી, ગંગા સ્ત્રી થઇ તેનીજી;
ભલિવિધ ભોગ ભોગવવા લાગ્યો, અધિપતિ સંગે એનીજી. ૨૫
શીલ આચરણે અને સૌન્દર્યે, ભૂપતિને મન ભાવીજી;
વિવિધ પ્રકારતણે ઉપચારે, દીધો પ્રેમ ઉલાવીજી. ૨૬

હાવભાવ દીઠા એવા કે, તદાકાર રહે તેમાંજી;
ખશ કહે નહિ જેને ક્ષણુ પણુ નૃપ, જીવ આરોપી જેમાંજી.૨૭
કેલિ કલોલ કરે અતિ કોડે, નિમિષ ન ન્યારો થાયજી;
આનંદમાં ક્ષણુ એક ગણે, એક વર્ષ કદા વહી જાયજી. ૨૮
વિહાર બહુ વર્ષો એમ કરતાં, આઠ પુત્ર ગંગાથીજી—
અનુક્રમ દિવ્ય હવા નૃપને, પણુ સુખ ન લિધું જંઘાથીજી.૨૯
જન્મ્યા જયમ જયમ ત્યમ ઝબકોળ્યા, ગંગાએ નિજ જળમાંજી;
'મનુષ્યદેહથી મુક્ત કરૂંછું,' કહિ કહિને એક પળમાંજી. ૩૦
વાત ન ગોઠે એ રાજાને, ત્યાગ-ભયે રહે મૂગોજી;
સાત પુત્ર લગિ સાંખિ રહ્યો, આઠમે ક્રોધ મન ઊગ્યોજી. ૩૧
દુખિત મને બોલ્યો નૃપવર, હે પુત્રઘાત કરનારીજી,
છે તું કોણુ, કરે કયમ આવું? મન ન મહેર ધરનારીજી. ૩૨
પુત્ર સાત માર્યાનું પાતક, ઓછું નથિ હત્યારીજી!
મા મારિશ તું અરે આઠમો, કહું તુજને પોકારીજી. ૩૩
તવ ગંગા બોલી હે રાજા, હ્યો આ પુત્ર તમારોજી,
મારતિ નથિ, પણુ આજે છેલ્લો મેળો ગણજો મારોજી! ૩૪
ઠરાવ તોડયો આપે મારો, મુજમાં વાંકું પાડીજી,
અવધી આવી નહિ રહેવાની, વદશો નહિ ના પાડીજી. ૩૫
જન્હૂ નૃપની જાણો કન્યા, હું છું ગંગા નામેજી;
મહર્ષિઓ જેને સેવીને, નિત્યે શિર નિજ નામેજી. ૩૬
વસુ દેવતા શાપિત વસિષ્ઠના તેનું કરવા કામેજી,
ભામિની હું થઇ ભૂપ તમારી, જાણો શુભ ગુણગ્રામજી. ૩૭
વસુઓનું વૃત્તાંત એમ કહિ, સંભળાવ્યું સર્વત્રજી;
રાખ્યો આઠમો જીવતો તેનું, કરજો જતન શુભ અત્રજી. ૩૮
એમ કહી તે સુત સહ ગંગા થઇ અંતર્હિત આપજી;

---

૨૯ જંઘા—જાંઘ ઉપર છોકરાં બેસાડવાનું જંઘાથી મળતું સુખ ન લીધું. ૩૬ જન્હુ રાજાની પુત્રી હતી એથી ગંગાનું બીજું નામ જાન્હવી પણુ હતું.

શંતનુ શોકસમુદ્રે પડિયો, ન જડે જેનું માપજી. ૩૯
ગંગાસુતનું નામ દેવવ્રત પડયું પછી જનમેજયજી!
ગાંગેય નામે વિખ્યાત હુવો, નામ ભીષ્મે મેળવ્યો મહાજયજી. ૪૦

વલણ.

મહાજય જગમાં મેળવ્યો, ધ્યૌ વસુ જન્મી નેટ;
શાંતનુ-તનથી નીપન્યો, પવિત્ર ગંગા પેટ રે. ૪૧

કડવું ૫ મું.

શંતનુને ભીષ્મદ્વારા સત્યવતીની પ્રાપ્તિ.

રાગ ધનાશ્રી.

પુરુકુળનો પરાક્રમી રાજાજી, કુરુકુળની વધારણ માઝાજી;
દેવઋષિ રાજઋષિ જેને માનેજી, હતો શંતનુ ગુણને જ્ઞાનેજી. ૧

ઢાળ.

જ્ઞાનવાન મહાન શંતનું, રાજ્ય કયિ પેરે કર્યું,
સંભળાવું તે અતિ સારમાં, છે રાય ઉપયોગી નર્યું. ૨
દીર્ઘબાહુ વિશાળલોચન, ભાલ તેજસ્વી તણો,
કટિ કેસરી, ઉર ઢાલ, ગ્રીવા શંખ, નૃપ શોભિત ઘણો. ૩
દાતા, દયાળૂ, શૂર, ધીમત, ધૈર્યવાન, સુસંયમી,
અતિ તેજવંત પરાક્રમીને, રાય બહુ રહેતા નમી. ૪

---

૧. કુરૂકુળ—હસ્તી રાજાની ચોથી પેઢીએ કુરૂ થયો ત્યારથી પુરૂકુળ કુરૂકુળ પણ કહેવાતું હતું. કુરૂ સૂર્યપુત્રી તપતીથી જન્મ્યો હતો, એ પછીના એના વંશજો તાપત્ય પણ કહેવાતા હતા.

૨. ઢાળ—હરિગીત છંદમાં પણ ગવાશે. ૩ ગ્રીવા—કંઠ. શંખ જેવું શોભિતું તેનું ગળું હતું. ૪ ધીમત-બુદ્ધિમાન. સંયમી—મનોનિગ્રહવાળો, ઇંદ્રિયો વશ રાખનાર.

પરિપૂર્ણ રૂપ ને ગુણ વિષે પરખાય નૃપ ચિન્હો નર્યાં;
કરિ અભય ભારતવર્ષ, કાર્યો ધર્મઅર્થતણાં કર્યાં. ૫
નિતિ જોઈ જેની સૌ પ્રજા શુભ ધર્મ આચરતિ હતી;
આશ્રિત નૃપો કરી અભય, અધિપે છત કરી સૌની છતી. ૬
નૃપ પુણ્યને પરતાપે માગ્યા મેહ મહિતળમાં થતા;
રસ કસ વધ્યો વસુધા વિષે, માનવી પામ્યાં બહુ મતા. ૭
ખંડન કરી પાખંડ બંડનું, કર્યું મંડન ધર્મનું;
સુરલોક સુખ વર્ત્તાવ્યું, શું વર્ણન કરૂં નૃપ કર્મનું!! ૮
ગંગાવિયોગ થયા પછી નૃપ ત્યાગ સ્રીસુખનો કરી,
છત્રીશ વર્ષ સુધી રહ્યો ફરતો વને આશા ધરી. ૯
એક દિવસ મૃગ મારી નદી ગંગાતટે આવ્યો યદા,
નિર ઓછું સ્તંભિત જોઇ, સંશોધન કર્યું તેનું તદા. ૧૦
જઇ જોયું ત્વ નજરે પડયો, દિવ્યાસ્રધારી કુંવર કો;
વાસવ સમો વિક્રમ વિષે, તુલના નૃ જેની અવર કો. ૧૧
શર તીક્ષ્ણ તેનાંને પ્રભાવ, પ્રવાહ અટકયો ગંગનો;
વિસ્મય થયો તે જોઇ નૃપ, જાણ્યો ન તે નિજ અંગનો. ૧૨
જાણી શકે શું જન્મતાં જોયો હતો જેને જદા;
ગંગા વિષે નિપજેલ નિજથી, કુળ્યો નર્વ જાએ કદા. ૧૩
પેખી પુરંદરશું પરાક્રમ, રાય વિસ્મિત થઈ રહ્યો;
એવે અલૌકિક વીર ત્યાંથી તરત અંતર્હિત થયો. ૧૪
આશ્ચર્ય એવું જોઇ શંકા શંતનૂ નૃપને થઈ;
જે લઇ ગઈ સુત જાન્હવી તે એ હશે જોતાં સહી. ૧૫
તેથી વધો આતુર થઇ, હે ગંગ સ્પષ્ટ થઈ કહે;
છે કોણ એ શુભ કુંવર, ઝટ બતલાવ, છાની ના રહે. ૧૬
તે સાંભળી સ્રીરૂપ અનુપમ ધરી જાન્હવિ આવિને—
ઊભી અલૌકિક કુંવર નિજ સાથે સલૂણો લાવિને. ૧૭
બહુ દિવસ જેને વિવશ મન રહિ, ભોગ ભલિ વિધ ભોગવ્યા,

---

૧૧ વાસવ–ઇંદ્ર. વિક્રમ–પરાક્રમ. ૧૪ પુરંદર—ઇંદ્ર. અંતર્હિત–અલોપ.

તેને ન ઓળખિ શકયો શંતનુ, જોગ જે શું જોગવ્યા. ૧૮
તે જોઇ ગંગા બોલિ, નરશાર્દૂલ ! ગંગા છું અમો;
વસુ આઠમો આ પુત્ર આપતણોજ છે જાણો તમો. ૧૯
આપવથિ અંગો સહિત વેદો એ ભણ્યો છે જાણજો;
છે ઇંદ્રસરખો યુદ્ધમાં, વિજયી વડો પરમાણજો. ૨૦
એ અસ્ત્રવિદ્યામાં અતુલ બલ, અન્ય પરશૂરામ છે;
શાસ્ત્રો વિષે વ્યુત્પન્ન ભૃગુગુરુતુલ્ય તે અભિરામ છે. ૨૧
સુર અસુર શુભ ગુણ ગાય, મોટું ધનુષ એ ધરનાર છે;
છે ચતુર રાજનિતી વિષે, આ કુંવરમાં એ સાર છે. ૨૨
મોટો કર્યો આ રીત, સોંપુ આજ હું એ આપને;
પેખી પરાક્રમિ પુત્ર, બહુ ખુશિ ઊપની ઉર બાપને. ૨૩
શંતનૂ સુતને લેઇ નિજ પુરને વિષે વળતી ગયો;
દશ સહસ્ર દીપોત્સવિ સમો ઉત્સવ નગર મધ્યે થયો. ૨૪
સત્તા યથેચ્છ દઈ કુંવર યુવરાજપદપર સ્થાપિયો;
જેના સદાચારે અખિલ આનંદ સૌને વ્યાપિયો. ૨૫
પરિતોષ પુરુવંશી નૃપો-ભારતપ્રજામાં પાથર્યો;
નિજ પિતા પૂર્ણ પ્રસન્ન કરિ, જયધ્વજ જગત મધ્યે ધર્યો. ૨૬
એ રીત વર્ષો ચાર વીત્યાં, વળતિ ત્યાં પછી શું હવું;
સુણ પરિક્ષિતના તનય જનમેજય હવે, કહું તે નવું. ૨૭
નૃપ શંતનું એક દિવસ યમુના તટતણા વનમાં ગયો;
ઉત્તમ સુગંધ અપૂર્વ ત્યાં આવ્યો, પ્રસન્ન તેથી થયો. ૨૮
એથી સુગંધનિ શોધ માટે વિપિનમાંહિ વિલોકતો—
ફરતો હતો ભૂપાલ, આતુરતા ન અંતર રોકતો. ૨૯
એવે સુગંધનું સ્થાન સુંદરિ, શંતનૂ દૃષ્ટે પડી;
મોહિત બન્યો મહિપાલ, જુવતી જીવમાં સત્વર જડી. ૩૦
આતુર મને ઉચર્યો અધિપ, પદ્માક્ષિ પ્રેમનિ વાટિકા,
છે કોણ તે તું કહે મને, સંક્ષેપ કરિ, કરિ ના ટિકા. ૩૦

---

૨૧ ભૃગુ—શુક્રાચાર્ય. ગુરુ—બૃહસ્પતિ. ૨૫ વિપિન—વન.

પછિ બોલી તે મહારાજ, હું છું ઢિમરપતિ-પુત્રી સહી;
આજ્ઞા પિતાનીથી ચલાવું, નાવ ધર્માદા અહીં. ૩૨
મૃદુવચન કન્યાનાં સુણી કુરુવંશિ નૃપ કામી થયો;
માગવા મહિલા માછિનાયક પાસ સત્વર તે ગયો. ૩૩
જઇ જાચિ કન્યા રાચિ મન જે, માછિ તવ ત્યાં ઊચર્યો;
ધન ભાગ્ય ભૂપત વરો કન્યા તો અનૂગ્રહ બહુ કર્યો. ૩૪
પણ માગું હું મહિપાલ, તે મુખથી કબુલ કહિ જો કરો,
તો આપસમ નથિ અવર વર, માટે સુખે એશું વરો. ૩૫
એ છે અલૌકિક ઊંચ કન્યા, પણ હું પાળક તાત છું,
તોપણ અતી હિત એનું કરવા રાત દિન રળિયાત છું. ૩૬
માગેછ શું મુખ બોલ માછી, તોલ હું તેનો કરૂં,
જાણ્યા વિના અવિચારથી કયમ તુજ વચનને અનુસરૂં ?૩૭
તવ ઢિમરનાયક ઊચર્યો, મહારાજ મુખથી શું વદું !
છો માન્ય મારે આપ, બીજાને કદી હું ના બદું ! ! ૩૮
આધિન હું ઇચ્છા આપનીને છું કહું તે જો કરો;
દૌહિત્ર મુજ જે થાય, તે રાજા કરો તો એ વરો ! ૩૯
અનુચિત વચન નવ માન્ય કર્યું, જો કે વ્યથિત કામે થયો,
સુણ પરિક્ષિતના તનય, પછિ પીડીત નૃપ નિજ પુર ગયો.૪૦
આવ્યો રહ્યો પુરમાં તથાપી, મન રહ્યું કન્યા વિષે;
મન માનિ માછીકન્યકા, પળ હૃદયકમળથિ ના ખસે. ૪૧
જિવ ઝૂંપડીમાં મહેલમાં વપુ, ઘાટ એ નૃપનો થયો;
જળ જુવતિ મિન મહારાજ,ત્યાં પ્રતિયોગ કયમ જાએ સહ્યો.૪૨
એક દિવસ સુત નિજ દેવવ્રત, ગાંગેય જેનું નામ છે,
તે આવિ લાગ્યો પૂછવા, તમને પિતા કયમ આમ છે! ૪૩
ભૂપાળ ભારતવર્ષના ઉત્કર્ષ આપતણો ચહે;
છો આપ અત્ર અજાતશત્રૂ, તદપિ શી ચિંતા રહે ? ૪૪
ધરિ ધ્યાન બેઠેલા જણાઓ, ગાનગોષ્ટી ના ગમે;
આવુંછું આપનિ પાસ હું, તોપણ ન બોલાવો તમે. ૪૫

અશ્વે ચઢીને આપ, ઉદ્યાને કદી જાતા નથી;
બહુ ફિકરની ફિકાશ કયમ આવી દિસે ઘો તે કથી. ૪૬
શો આધિ વ્યાધી કે ઉપાધી છે, કથો મન મૂકિને;
કરૂં સદ્ય હું ઉપાય તેનો, ચિત ધરી નૂવ ચૂકિને. ૪૭
સુણિ દેવવ્રતનાં વચન, શંતનુ વઘો સુત હું શું કહું ?
કરિ તુજ વિષે વિચાર, કુળશણુગારૂ શોચ ત્રિષે રહું ! ૪૮
મુજ કૂળમાં તું એક છે, શતપુત્ર કરતાં પણ વધે,
કાંકે પરાક્રમ તારૂં પૂર્ણ પ્રકાશી રહ્યું છે જગ બધે. ૪૯
પણ પ્રવિણ ધર્માજ્ઞો કહેલું એમ છે સુત, તે સહી,
કે એકપુત્રપિતા ગણાએ પુત્રવાન કદા નહીં. ૫૦
કેમકે એકનિ હાનિએ વિચ્છેદ થાએ વંશનો,
ગતિ થાય પછિ કયમ તેનિ, છાંટો નવ મળે નિજ અંશનો. ૫૧
હે પુત્ર, તું ધનુધારિ છે, રણપ્રીય શુરવિર સર્વદા;
સાહસ કરે સંગ્રામમાં એવો જણાએ છે સદા. ૫૨
તો શો ભરોંસો રાખું તુજ, મુજ એક છે તેહનો;
મૂઝાઉંછું, ચિત ચાહુંછું કંઇ, શોચ ધરિ ઉર એહનો. ૫૩
સુણિ તાત-વાત ઉદાર સુત, હિત તાતનું કરવા ચહ્યું;
કારણ પિતાપરિતાપનું કથવા સુમંત્રીને કહ્યું. ૫૪
તવ તે વિવેકી વૃદ્ધ મંત્રીએ કહ્યું મન ખોલિને,
વૃત્તાંત માછીવાતનું સુત તે રહ્યો મન તોલિને. ૫૫
પછિ દેવવ્રત બહુ દક્ષ ક્ષત્રી સાથ લઇ પુરથી પળ્યો;
પરણાવવા નિજ તાત, સત્વર માછિનાયકને મળ્યો. ૫૬
માગું પિતાને માટ તજિ ઉચ્ચાટ કન્યાનું કર્યું;
કહે ઢિમરપતિ અતિ ભાગ્ય, પાનું પુત્રી મારીનું ફર્યું ! ૫૭
સત્કાર કરિ સૌ ક્ષત્રિસમિપે, માછિનાયક ઊચર્યો;
હે ભરત કુળમાં શ્રેષ્ઠ, શંતનુસુત, કૃતાર્થ મને કર્યો. ૫૮

---

૫૧ છાંટો—તિલાંજલિ. શ્રાદ્ધાદિનો છાંટો પોતાના અંશ (પુત્ર) નો ન મળે તો પછી તેની ગતિ કેમ થાય ? મોક્ષ શી રીતે મળે ?

અસિત સુરઋષિએ અહો માગું પ્રથમ એનું કર્યું;
આપી ન તેને પછિ ઘણાએ માગિ તેમનું ના સર્યું. ૫૯
પણ સત્યવાન પિતા તમારા, સત્યવતિને યોગ્ય છે;
ભારતભુપાળ શું આળ કરવું એ અધીક અયોગ્ય છે. ૬૦
માટે મહિપને આપવા મુજ પુત્રિ આતુર છું અમો,
પણ હિત ચહી તેનું કહું કંઇ, ભાઈ તે સુણજો તમો. ૬૧
મુજ પુત્રિને તમ તાતથી પુત્રો કદાપી સાંપડે,
તો આપને તે સાથ વાંકું રાજ્યને માટે પડે. ૬૨
શુરવીર ને બળવાન, વાંકું આપને જેશું પડે,
તે અસુર કે ગંધર્વ હો પણ મરણ તેને જઇ નડે. ૬૩
હે દીપ શંતનુ કુળતણા, અચકાઉંછું આથી જરી;
સૌ ક્ષત્રી દક્ષ સમક્ષ ઉચર્યો દેવવ્રત વળતી ફરી. ૬૪
હે ધિવર, મા મન શોચ, પુત્રિ તારિને સુત જે થશે,
આપિશ હું તેને રાજ્ય, મારૂં વચન વ્યર્થ નહીં જશે. ૬૫
તવ ધિમરનાયક ઉચર્યો, હે સત્યશીલ પરાક્રમી,
છે આપનો વિશ્વાસ દ્દઢ, પણ કહું નમ્રપણે નમી. ૬૬
નથિ આપની ચિંતા મને, પણ આપ સુતની છે ઘણી;
તે થાય તો દૌહિત્ર મુજ મારી બને ગાદીધણી. ૬૭
ત્યાં વચન આવાં સાંભળી, પ્રિય તાતનું કરવા વળી,
ગાંગેય ગર્જી બોલિયો, ક્ષત્રીયમંડળિ જ્યાં મળી. ૬૮
હે માછિના મુખિ, સર્વ ક્ષત્રી સાંભળે ત્યમ કહું તને,
કર્યું રાજ્ય ત્યાગ કરી પ્રતિજ્ઞા, વમનશું તે છે મને. ૬૯
તોપણ પ્રજા મારીતણો ભય છે તને માટે કહું,
આજથિ ધરી બ્રહ્મચર્ય, સ્વપ્ન વિષે ન સ્ત્રીસુખ હું ચહું! ૭૦
સુણિ એવું માછી મગ્ન થઇ બોલ્યો અહો વિર આ સમે,—
તમ તાતને તનયા દઉં મુજ, તે લઈ જાઓ તમે. ૭૧
એવે ગગનથી દેવતા, ઋષિઓ અને શુભ અપ્સરા—

---

૫૯ અસિત—એ નામના દેવઋષિ હતા.

કરિ પુષ્પવૃષ્ટી સિચર્યાં, શોભાવિ તે સ્થળની ધરા. ૭૨
ગંગાતણા પુત્રે પ્રતિજ્ઞા કરિ ભયંકર આ દિસે,
અભિધાન એથી ભીષ્મ કહેવાશે અખિલ જગને વિષે. ૭૩
ગગને ગિરા એવી થઈ, સુણિ તેહ ક્ષત્રીને જથે;
પછિ સત્યવતિને ભીષ્મ કહે, માતા પધારો આ રથે. ૭૪
વદિ એમ રથ આરૂઢ કરિ, હસ્તિનાપુરમાં લાવિયો;
ભામની ભાવતિ તાતને દઇ, પુત્રભાવ ભજાવિયો. ૭૫
સાથે ગયેલા ક્ષત્રિયોએ શંતનૂ નૃપને કહ્યું,
કર્યું ભયંકર પણ દેવવ્રત, તવ કાર્ય આ શુભ છે થયું. ૭૬
વૃત્તાંત સર્વ સુણી મહિપ અતિ મોદ પામ્યો મન વિષે;
છે ભીષ્મ નામ પ્રમાણ ! કહિ, કર મૂકિયો સુતને શિશે. ૭૭
હે પુત્ર, પુત્ર વિના તને શુભ મોક્ષ પ્રાપ્ત થશે કહું;
તુજ મરણ તુજ ઇચ્છા વિના ન થશે, હું આશિષ એ દઉં. ૭૮

વલણ.

દઉં આશિષ જિવવાનિ, તું-રાખિશ ઇચ્છા જ્યાં સુધી,
નહિ કાળ આવે ઢુંકડો તુજ, તનુજ મારા ત્યાં સુધી. ૭૯

કડવું ૬ ઠું.

चित्रांगद अने विचित्रवीर्यनो वृत्तांत.

રાગ ધનાશ્રી.

વૈશંપાયન એણિપેર બોલ્યા, સુણ જનમેજય રાયજી;
શંતનુ સત્યવતીને પામી, સુખિયો સત્વર થાયજી. ૧
જુવતીશું રતિસુખ અતિ માણી, અંતર આધી વામ્યોજી;
ચિત્રાંગદ ને વિચિત્રવીર્ય બે સુત તેનાથી પામ્યોજી. ૨
ન્હાનો શિશુવય માંહિ હતો, મોટો જોબનમાં આવ્યોજી;
શંતનુ એ સમયે તજિ નરતનુ, અહિંથી સ્વર્ગ સિધાવ્યોજી. ૩

ચિત્રાંગદને પાટ દિધું પછિ ભીષ્મે મામત લઇનેજી;
રાજ્યાસન મળતાં તે માની, વકર્યો ઉન્મત થઇનેજી. ૪
માનવ દાનવ દેવ ને રાજા, તૃણવત્ ગણવા લાગ્યોજી;
ખંડન માન સરવનાં કરવા, મદ જેનામાં જાગ્યોજી. ૫
એવે ગંધર્વપતી એનો નામરાશિ મહાબળિયોજી,
યુધ કરવા હરવા મદ તે એના માથાનો મળિયોજી. ૬
તેશું યુદ્ધ થયું કુરુક્ષેત્રે, સરસ્વતીને તીરેજી;
ટકયો રહ્યો ત્રણ વર્ષ સુધી, પછિ વધ કીધો તે વીરેજી. ૭
વાત સુણી ભીષ્મે ખિન્ન થઈ, ઉતરક્રિયા કરિ તેનીજી;
વિચિત્રવીર્યને પાટ બેસાર્યો, બાળકવય હતિ જેનીજી. ૮
બાળક પાળક વચન ભીષ્મનું, રાજ ચલાવે રૂડુંજી;
સહાયક રક્ષક ભીષ્મ ભલું ચહિ, દે ન થવા કદિ કૂડુંજી. ૯
યુવાઅવસ્થા વિચિત્રવીર્યની થાતાં ભીષ્મ વિચારેજી,
લઘુ બાંધવનું લગ્ન હવે ઝટ, કરવું જોઇએ મારેજી. ૧૦
એવે ત્રણ કન્યા રંભાશી, કાશિરાજની કેરોજી—
થતો સ્વયંવર જાણી ભીષ્મે, દીધો ત્યાં જઇ ડેરોજી. ૧૧
મંડપમાં જઇને જોયું તો, ભાળ્યા ભૂપ અનેકજી;
તે મધ્યે ત્રણ કન્યા ઊભી દીઠી રૂપ વિશેકજી. ૧૨
બેઠા ત્યાં બળવંત પોતે, નિજ આસનપર આવીજી;
નામ ગુણો કન્યાએ નૃપનાં, દીધાં ત્યાં સંભળાવીજી. ૧૩
ભીષ્મ નામ ઉદ્દામ સુણી, આતુર કન્યાઓ થઇનેજી,
મોહભરી કરિ તરત ત્વરા જોયા તે પાસે જઇનેજી. ૧૪
ધીમત ધોળે કેશે દેખી, કન્યા ઉવેખી ચાલીજી;
હાસ્ય કરી નૃપ ઉચર્યા એવું, ઠીક પ્રતિજ્ઞા પાળીજી ! ૧૫
બ્રહ્મચર્યનો નોક ભલો ભીષ્મે ઘડપણમાં ભજવ્યોજી;
વૃદ્ધપણે બાળાવર બનિને, કામદેવને લજવ્યોજી !! ૧૬

---

૧૫ પ્રતિજ્ઞા—ભીષ્મે સત્યવતીના પિતા આગળ બ્રહ્મચર્ય પાળવાની લીધેલી પ્રતિજ્ઞા ઠીક પાળી ! એમ કહી ઠેકડી કરવા લાગ્યા.

રાજાઓની વ્રાંકિ વાણિ સુણિ, ભીષ્મ ગર્જિને બોલ્યાજી,—
સિંહભાગ શીયાળ ન પામે, તોલ તમારા તોળ્યાજી. ૧૭
જાણિ એમ હું હરણ કરૂં છું કન્યાઓનું જોજોજી!
વીર્ય હોય તો વરજો, નહિતો માથે કર દઇ રોજોજી!! ૧૮
એમ કહી ત્રણ કન્યા ઝડપી લઇને રથ બેસારીજી;
ખેડ્યો રથ ખાંતે ખખડાવી, દઇ સૌને ગભરાવીજી. ૧૯
કોલાહલ મંડપમાં ઊઠ્યો, રૂઠ્યો સકળ સમાજજી;
કાકા કન્યા લઇ ચાલ્યા, લૂંટી લાલોની લાજજી! ૨૦
મદમાતા રાતા થઇ ભૂપો, રથ સજ કરિને ધાયાજી;
જુદ્ધ કરી જોરાવર જોડે, લાહ્યા નહિ પણ ઘાયાજી. ૨૧
શાલ્વ ભૂપ આગળ આવી ત્યાં ઉચર્યો, હે લૂંટારૂજી!
ભીષ્મ કહે ક્ષત્રીને તો, રાક્ષસવિવાહ છે વારૂજી!! ૨૨
લોપિ લાજ કન્યા લઇ જાયે, શાલ્વ છતાં હે કુમતીજી!
મરણ માગ માં ભીષ્મ કહે, છે જોરાવરની જુવતીજી!! ૨૩
શાલ્વ ભીષ્મનું તુમુલ યુદ્ધ ત્યાં, થાતું સૌએ જોયુંજી;
વાર્યો ન રહ્યો તે ઝટ હાર્યો, શાલ્વે નિજ પણ ખોયુંજી. ૨૪
ઝાંખા થઇ ભૂપતિઓ સઘળા ત્યાંથી પાછા વળિયાજી;
નિજસમ કોને નવ ગણતા અહિં, ગર્વ તેમના ગળિયાજી. ૨૫
પછિ તે ત્રણ કન્યાઓ ભીષ્મે, આણી નિજપુર માંહીજી;
વિચિત્રવીર્યશું પરણાવવાની કરિ તૈયારી ત્યાંહીજી. ૨૬
ત્યારે તેમાંની મોટી અંબા, ઉચરિ ભીષ્મશું એવુંજી;
શાલ્વરાયને વરિછું હું મનથી, કરો ઘટે પછિ તેવુંજી. ૨૭
અંબાવચન સુણીને ભીષ્મે, ભૂસુર-મત મન માપીજી,
શાલ્વનિ પાસ જવાને તેને આજ્ઞા તરતજ આપીજી. ૨૮

---

૧૭. તોલ—ભીષ્મે કહ્યું, મેં તમારો તોલ કર્યો કે એ કન્યા યોગ્ય તમે નથી. એતો પુરુવંશી સિંહ માટે છે માટે તેનું હરણ કરૂંછું. સિંહનો ભાગ શિયાળ કદી પામેજ નહિ. ૨૮. ભૂસુરમત—બ્રાહ્મણોનો અભિપ્રાય.

અંબિકાને અંબાલિકા નામે, ન્હાની જે રહિ તેનેજી,
વિચિત્રવીર્ય સાથે પરણાવી, એકે લગ્ને બેનેજી. ૨૯
અનુપમ રૂપવતી બે રામા, મળિ જોબન આવેલીજી;
વિચિત્રવીર્ય વિચિત્ર પ્રકારે, તેશું કરે કામકેલીજી. ૩૦
આઠે પ્રહર પચ્યો રહે પ્રમદાસંગે રંગે રાતોજી;
ભોગે રોગભય જે ભાખેલો, તે ભૂપતિને થાતોજી. ૩૧
સાત વર્ષ સુંદરિસુખ માણ્યું, ક્ષયરોગે પછી ઘેર્યોજી;
સ્મર દહવા હર નિજ કોપાનળ, ન હોય શું જયમ પ્રેર્યોજી.૩૨
ઔષધથી આરામ થયો નહિ, વૈદ્યો રહ્યા વિકાશીજી;
અસ્ત થયો ભારતકુળ-ભૂષણ, વ્યાપી બધે ઉદાસીજી. ૩૩

વલણ.

ઉદાસી વર્ણવિ જાય નહિ, જે દુખનો નહિ પાર;
ભીષ્મે પછી વિચિત્રવીર્યનો, કર્યો પ્રેત સંસ્કાર રે. ૩૪

કડવું ૭ મું.

सत्यवतीभीष्मनुं संभाषण.

રાગ સામેરી.

પુત્ર મરણ-પ્રહારથી સતિ સત્યવતિ દુખ પામી;
ભીષ્મે આશ્વાસન કર્યું, પછિ વિસપતી તે વિરામી. ૧
ક્રિયા કરિ વહુસાથ મળિ, નિજપુત્રની તે માતા;
સાંત્વન કરિ વહુવારૂને, ઉપજાવિ અંતર શાતા. ૨
પછિ ભીષ્મને કહે સત્યવતિ, હે પુત્ર મહાજશવંત,
મુજ પેટના બે કુવરનો, અંતકે આણ્યો અંત. ૩
મોટો કુંવારો મરણ પામ્યો, ન્હાનો વર્યો બે નારી,
પૌત્રસુખ પેખ્યા વિના હું પુત્રસુખ પરવારી. ૪

---

૩ અંતક—કાળ, મોત.

નથિ દીકરી વહુ એકને, દૌહિત્રસુખ દૃગ દેખું;
પુરૂકુળનું પાર પડ્યું, હું પાપણી અહિં પેખું! ૫
વંશમાં સુત એક તું, હું બ્રહ્મચારી ભાળું;
કુરૂકુળમાં શી રિતે, આગળ થશે અજવાળું! ૬
પિંડનો દેનાર આ સંસારમાં હે ભ્રાત,
શંતનને કો નથી, તુજવિણ હવે હે તાત! ૭
માટે આપદ્ધર્મને અનુસરી હે શુભ જ્ઞાતા,
વંશવૃદ્ધી થાય ત્યમ કર, પિતૃઋણના દાતા. ૮
વિચિત્રવીર્યનિ અપુત્ર વિધવા પુત્રઇચ્છાવાળી,
ધર્મપત્ની કરી કુરૂકુળ-તાર હે જયશાળી! ૯
વૈશંપાયન કહે જનમેજય, સત્યવતિની વાત,—
સગા સર્વ સ્વિકારિ અનુમત-દીધ ત્યાં ભલિભાત. ૧૦
તવ ભીષ્મ માતાને કહે, હે પરમધર્મનિ વાત,
સંશય નથી એમાં જરા, ભાખ્યું તમે જે માત. ૧૧
પણ પણ વિચારો માંહરૂં, તમતાત સમિપ કરેલ,
પ્રજા નહિ ઉપજાવું હું, દઈ કોલ ટેક ધરેલ. ૧૨
માટે રાજ ત્રિલોકનું મળતાં ન હું ચિત્ત ચૂકું,
આકાશ અવની એક થાતાં, કર્યું પણ નવ મૂકું. ૧૩
અગ્નિ ઉષ્ણપણુ તજે, હિમ અગ્નિસરખું થાય,
રવિ ચંદ્ર પૂરવ આથમે, નભમાં કમળ દેખાય; ૧૪
પંચ ઇંદ્રિય નિયમ ઉલટાં, પ્રાણિમાં વર્ત્તાય,
કરણ ભાખે, નાક ચાખે, આંખથી સંભળાય. ૧૫
આમ વિધિકૃત વિશ્વમાં, ઉલટાં કદા થઈ જાય,
પણ પ્રતિજ્ઞા માત મારી, ફોક નવ લવ થાય. ૧૬
વચન ભીષ્મતણાં સુણી, વદિ સત્યવતિ તે વાર,
છે દૃઢ પ્રતિજ્ઞા તારિ તે, હું જાણુંછું નિર્ધાર. ૧૭
તોપણ પ્રવિણ સુત, વિપતિસમયે કરવું શુભ જે ભાસે—
કર ધર્મને તે અનુસરી, જેથી સરવ ઉલ્લાસે. ૧૮

તવ ભીષ્મ ધર્મજ્ઞ બોલિયા, કહું સનાતન શુભ રીત;
આપત્તિમાં આચરવિ તે, દીસે હવે ઉચીત. ૧૯
પરશુરામે અવનિ આ, નક્ષત્રિ પૂર્વે કીધી,
શુરવીરની સ્ત્રી સકળ વિધવા ક્રોધથી કરિ દીધી! ૨૦
તવ પુત્રવનિ વનિતા સકળ તે, ગઈ વિપ્રે પાસે;
સુખ પામવા, દુખ વામવા, નિજવંશવૃદ્ધિ આશે. ૨૧
ધીમંત વ્રતધારી સુવાડવ, દયા તવ ઉર ધારી,
વૃદ્ધિ ક્ષત્રિયની થવા સુંદરી સર્વ સ્વિકારી. ૨૨
ઋતુ ઋતુ સમય કરિને સમાગમ, પૂરિયા મનકોડ;
તેથી થયા જગવિદિત ક્ષત્રિ, હાંકિ જીતે હોડ. ૨૩
જેમાંથી વર્ણો ચાર વળતી, કર્મ ગુણ અનુસાર—
બંધાઈ હે મા મહિતળે, વાધ્યો પછી વ્યવહાર. ૨૪
જે સતત સ્ત્રીસુખને તજી, ઋતુએ સમાગમ કરતા,
તે દીર્ઘ આયુષ ભોગવી, સ્વર્ગનું ભાતું ભરતા. ૨૫
પૂર્વનું દૃષ્ટાંત વળિ બળિરાયનું છે એક,
ઋષિ અંધ દીર્ઘતમાથકી નિજવંશ વાધ્યો નેક. ૨૬
આમ પૂરણકામ બ્રાહ્મણથી થયાં છે કામ;
ક્ષત્રીયક્ષેત્રવિષે નરો જેણે દિધા ઉદ્દામ. ૨૭
માટે સદાચારી સુધીમત, વિપ્ર વેદવિહિત,
તેડાવિને દઇ દાન, રાખો અત્ર સ્નેહ સહીત. ૨૮
વિચિત્રવીર્યતણા સુક્ષેત્રે, પ્રજા તે થકી પામો;
છે સનાતન એ ધર્મ માતા, આધિ ઉરનો વામો. ૨૯
સત્ય માનો ટાળિ સંશય, ભાગિ મનનો ભેદ;
છે પ્રજા તેની ક્ષેત્ર જેનું, એમ કહેછે વેદ. ૩૦
સુણી ભીષ્મ-ભાષણ સત્યવતિ હસિ, પછિ લજાતી બોલી,
અચકાતિ અંતરપટ હૃદયનો, નીચિ નજરે ખોલી. ૩૧
હે તાત તું પ્રખ્યાત છે, ધીમંત ધર્મપ્રવીણ;
નથિ વાતનો વિશ્રામ મારે, ભ્રાત અહિં તુજ વીણ. ૩૨

તેં વાત કહિ તે સત્ય છે, માટે કુળવૃદ્ધા કામ,—
ન કથવાની કહું કથા મુજ, શ્રવણ કર ગુણગ્રામ. ૩૩
સંકષ્ટ સમયે તુજ સમા, નીતીપ્રવિણુની પાસ,—
છે ઉચિત કહેવી ગુહ્ય ગોષ્ટી, જે ભરી ઉપહાસ. ૩૪
તું ધર્મરક્ષક છે ભલો, તેથી કહુંછું ભ્રાત,
તે સાંભળી કરવું ઘટે ત્યમ કર હવે ભલિભાત. ૩૫
મુજ તાત ઘર હું ધર્મનૌકા ખેડતી હતિ જ્યારે,
ઋષિ પરાશર બેસવા તેમાં પધાર્યા ત્યારે. ૩૬
યમુના વિષે નૌકા ચલાવી, લેઇ ઋષિ મુજ સંગ,
યોગી છતાં યુવતી હું દેખી, પ્રગટ્યો અંગ અનંગ. ૩૭
તપશી છતાં લપશી પડ્યા, ત્યાં કોણ ચપશી રાખે;
લલચાવવા મુજને મહામુનિ, વાણિ મધુરી ભાખે. ૩૮
કુળશીલ પોતાનું કહી, પછિ જાણિ મારૂં લીધું;
ધુમર વર્ષાવી તિમિર કરિ, વપૂ વશ મુજ કીધું. ૩૯
હું શાપભયથી ઉચરિ ન શકી, તાપ ઋષિનો વ્યાપ્યો;
મછગંધ ટાળી દેહથી, આમોદ મુજને આપ્યો. ૪૦
વળતી વિબુધ વાણી વદ્યા, મુજ ગર્ભ સુંદરિ સાર-
મૂકજે યમુના દ્વીપ, કન્યા થઇશ પછિ નિર્ધાર. ૪૧
મેં દ્વીપમાં તે ગર્ભને દીધો જનમ હે ભ્રાત,
નામ દ્વૈપાયન પડ્યું, તે વ્યાસ છે વિખ્યાત. ૪૨
વિસ્તારિ ચારે વેદ તપથી, વ્યાસ ધરિયું નામ;
તે દેવઋષિમાં દિવ્ય આસન પામિયો ઉદ્દામ. ૪૩
જન્મતાંમાં ગહનવનમાં, ગયો તે ગુણગ્રામ;
જાતાં કહ્યું સંભારજો અડિવેળ આવિશ કામ. ૪૪
માટે મહાબળ ! જો કહો તો, સ્મરણ કરિ હું તેનું,
બોલાવું આ આપત્તિમાં, છે અચલ તપ શુભ એનું. ૪૫

---

૪૦ આમોદ—સુગંધ. શરીરમાં ઉત્તમ ગંધ આપ્યો. શંતનુ એ ઉત્તમ સુગંધથી લોભાયો હતો.

આજ્ઞા કરીશું અપણે તે એ નહીં ઊથાપે;
નથિ ફેર એ તપતેજથી, અનુપમ સુપુત્રો આપે. ૪૬
મતિમાન શો મત છે તમારો, ઉચ્ચરો આ વાર;
જે કહો તે કરવા હું વીરા, અત્ર છું તૈયાર. ૪૭
કથન સુણિને સત્યવતિનું, ભીષ્મ વળતી ભાખે;
છે પરમ ધર્મનિ વાત એ, હિતકારિ કુરુકુળ આખે. ૪૮
છે માન્ય આઠે અંગ મારે, નથિ એમાં પ્રતિબંધ;
વ્યાસથી સુત પામવા, એ તો સુવર્ણ સુગંધ. ૪૯
સંશય ન એમાં લેશ કરવો, કરો સત્વર કામ;
ઋષિપુત્ર બંધૂ હે પ્રજા, એ તો અધિક અભિરામ. ૫૦

વલણ.

અભિરામ કામ કરો હવે, તેડાવી ઋષિ વ્યાસ;
એથી અર્થ સરશે સહૂ, ફળશે ઉર અભિલાષ રે. ૫૧

કડવું ૮ મું.

पुत्रप्राप्तिमाटे अंबिकाने सत्यवतीनो उपदेश.

રાગ ચોપયિાનો.

પુણ્યવાન હે પરિક્ષિતના સુત, જનમેજય જયશાળી,
આદિ પર્વમાં સંભવ પર્વનિ કથા કહું રસવાળી. ૧
વૈશંપાયન એમ કહીને, ભારત ભાવથિ ભાખે;
નિજપૂર્વજઉત્પત્તિ-સુધારસ, કુલિન કરણથી ચાખે. ૨
અનુમત ભીષ્મતણું મળતાંમાં, સત્યવતી સુખ પામી;
વ્યાસતણું ચિંતન કરિ આધી, નાખ્યો ઉરથી વામી. ૩
એવે ત્યાં આવીને ઊભા, કરવા પરમ પ્રકાશ;
ખેદ ખાળવા, દિવસ વાળવા, વેદ ભણંતા વ્યાસ. ૪
સુત જોતાંમાં સત્યવતી, મન પામી મોદ અપાર;

ભાઈ ભલે આવ્યા કહિ ભેટી, વહિ સ્તનથી પયધાર. ૫
બહુ વર્ષે સુતમુખ દેખી ઉર દુમો ભરાયો ભારે;
હર્ષઘેલિ આકુળ થઇ અંબા, શબ્દ ન એક ઉચારે. ૬
એથિ વ્યથિત મન થયું વ્યાસનું, આવ્યું હૃદય ભરાઈ;
સ્થિર મન કરિ પાયે પડિ પૂછ્યું, મા કયમ મન ઘભરાઈ? ૭
શા કામે ચિંતન કર્યું મારૂં, ભીડ પડી શી, ભાખો;
મુજસરખું જે કામ હોય તે, અજર ન કરતાં દાખો. ૮
તે સુણીને સત્યવતી બોલી, હે સુત ગુણશણગાર,
પુત્ર ઉપર માબાપતણો છે સમાન શુભ અધિકાર. ૯
વિચિત્રવીર્યને તાત ભણીથી ભીષ્મ ભ્રાત છે ભાઈ,
ત્યમ માને સંબંધે તેવો તું છે સુત, સુખદાઈ. ૧૦
પણ ભીષ્મે પણ કઠિણ કર્યું, અટકયો એથી ઉત્કર્ષ;
છત્ર ધરે નહિ, ન વરે નારી, ન કરે સ્ત્રીનો સ્પર્શ. ૧૧
માટે ભ્રાત વિચિત્રવીર્યની, દીવ્ય રૂપ બે દારા,-
સુત અભિલાષિનિ સફળ કરો, અંગીકૃત કરિ સુત મારા. ૧૨
ભીષ્મભાવ પૂરણ ભાળી મેં, સ્મરણ કર્યું સુત તારૂં;
છે અમ બેને પૂર્ણ આશ તું, નિશ્ચય કુરુકુળ તારૂં. ૧૩
વળતી વ્યાસ વદ્યા હે માતા, ધર્મતત્વના જ્ઞાતા,
આપદ્ધર્મતણો એ મારગ, સદૈવ છે સુખદાતા. ૧૪
માટ સનાતન ધર્મ પ્રમાણે, તમઇચ્છા અનુસાર,
મૈત્રાવરુણ સમા ભાઇક્ષેત્રે ઉપજાવીશ કુમાર. ૧૫
પણ હું કહું તે એ બે નારી પાળે જો એક વર્ષ,
તો નિર્મળ થઇને તે થાયે યોગ્ય થવા મુજ સ્પર્શ. ૧૬
સત્યવતી કહે સત્ય વાત છે, પણ સત્વર કર કામ;
નૃપવિણ ભારતવર્ષ-પ્રજા, દુખ પામે ઠામેઠામ. ૧૭
સંરક્ષણ નવ થાય, ક્રિયા ન કરાય ધર્મની દેશે,
નાથ વિનાની સર્વે પ્રજા, કળિ છે હમણા મહાકલેશે. ૧૮
માટે સુત બે સુંદરિમાં ઉપજાવા મા કર વાર;

પ્રાલન કરિ મોટા કરવા, છે ભીષ્મ તરત તૈયાર. ૧૯
વ્યાસ વદ્યા જો એમ હોય તો, વ્રત આ કહું તે કરવું;
રૂપ ભયંકર દેખિ મારૂં, અબળાએ નહિ ઓસરવુ. ૨૦
એહ પરમ વ્રત અબળાઓ કદિ, પાળે હમણા પ્રીતે,
તો થાશે સત્વર શુભ સંતતિ, ચિંતા ન કરો ચિત્તે. ૨૧
એમ કહીને વ્યાસ ગયા, શુભ ધીરજ માને દઈને;
તક આવે આવિશ સ્મરશો જવ, વળિ એવું ત્યાં કહિને. ૨૨
પછિ એક સમે સત્યવતી, મોટી વહુને કહે એવું:
સુણ સાધવિ, હિતવચન કહું, વળવા પૂર્વજનું દેવું. ૨૩
આપદ્ધર્મ વિષે આચરવું, ઉચિત અસલથી જે છે;
ધર્મ અર્થ પુરુષાર્થ સિદ્ધ બે થાય એવું શુભ તે છે. ૨૪
મુજ હતભાગ્યે મુજ બે પુત્રો મરણ પામિયા તેથી–
પુત્રિ! આપણા વંશતણો, વિચ્છેદ થયો છે એથી. ૨૫
તેથિ પિતૃઓ અરે આપણા, તલપાણી નવ પામે;
માનિ આચરે કહું ત્યમ તો, વિપતી આ સર્વ વિરામે. ૨૬
ભીષ્મે દુખ દેખી મારૂં, ત્યમ પૂર્વજ પીડ વિચારી,–
કુળવૃદ્ધીકારણ કહ્યું તે સુણ, કાશીરાજકુમારી ! ૨૭
તેમ બે બેનો અન્ય પુરુષથી, ઉપજાવો સુત સાર,
તો તૂટેલો વંશ વધી ચાલે અટકયો વ્યવહાર. ૨૮
રાજગાદિ પડિ છે જે સૂની, રક્ષક તેનો મળશે;
કહુંછું તે રીતે કરતાં વહુ, તિમિર દુઃખનું ટળશે. ૨૯
અંબીકાને આ રીતે બહુ ધર્મનીતિ સમજાવી,
ભણાવિ 'હા' સત્યવતી વળતી, બહુ વિપ્રોમન ભાવી. ૩૦

વલણ.

ભાવી ભોજન ભાવતાં જમાડિ ભુસુર ઊર;
આશિર્વાદ વરસાદ પછિ, વરશ્યો ત્યાં ભરપૂર રે. ૩૧

કડવું ૯ મું.

ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુરનો જન્મ.

રાગ ગોડી.

ઋતુ સ્નાનથી થઇ પવિત્ર પ્રમદા, અંબિકા રૂપ અનૂપ;
ઋષિ દેવ બ્રાહ્મણ અતિથિ જમિયા, સુણ જનમેજય ભૂપ. ૧
પછિ શયનગૃહમાં લઈ જઇ વહુ, સત્યવતિ કહે આમઃ
હે પુત્રિ, શિખ કહિ છે તે રીતે, આજ કરજે કામ. ૨
તુજ જેઠ મધ્યરાતે વહૂ, અહિં આવશે સુખ દેવા;
રહિ સાવધાન હે સુંદરી, કરજે તું તેની સેવા. ૩
કહિ સાસુ વહુને એમ ગઇ, અંબિકા તવ અનુરાગી;
પછિ ભીષ્મ કે સંબંધિ શ્રેષ્ઠની વાટ જોવા લાગી. ૪
કરતી સુઘડ ને ચતુર ચિંતન, પ્રજા તેવી થાવા;
અદ્ભૂત ત્યાં અબધૂત દીઠા, જાણે ધાયે ખાવા! ૫
પિંગટ જટા ને પ્રદીપ્ત નેત્રો, દાઢી ડરામણિ જેની;
સ્તંભમાંથી નૃસિંહ પ્રગટ્યા, આકૃતિ જોતાં એની. ૬
આ રીત દેખી વ્યાસ મન અતિ ત્રાસ મહિલા પામી;
મીંચી ગઈ નિજ નેત્ર, મીટ ન માંડિ શુભકર સામી. ૭
તોપણ સ્વિકારી વ્યાસ તેને, વળતિ વળિયા ત્યાંથી;
સત્યવતિએ પૂછ્યું કયમ થયું? આવિયા સુત જયાંથી. ૮
વ્યાસ કહે દશ શહસ્ર હસ્તી તુલ્ય બળનો વીર,–
અંબિકાને સુત થશે, મતિધીર ને ગંભીર. ૯
જેને થશે શત પુત્ર, પણ એ તો અવતરશે અંધ;
માતદોષે અંધ સુતનો, માત! છે અનુબંધ. ૧૦
એમ કહિને વાત સઘળી, માતને કહિ માંડી;
તવ બોલિ તે સુધરેલિ બાજી, બિકણ વહુએ બગાડી! ૧૧
ભ્રાત, ભાવી નવ ભુલે, તેં કર્યું હીત અમીત;
સુત અંધ યોગ્ય ન રાજયને, ચિંતા રહી એ ચિત્ત. ૧૨

માટે કુરૂકુળ ચંદ્ર ચારૂ છત્ર શિર ધરનાર,
પાટ યોગ્ય પરાક્રમી આપવા થાવ ઉદાર. ૧૩
અંબાલિકાની હવે હે સુત, પૂરિને અભિલાષા,
અન્ય સુત આપીશ તું, છે એવિ મુજઉર આશા. ૧૪
સમય આવે સ્મરણું કરજો, કરિશ નિશ્ચય કામ;
એમ કહિને વ્યાસ ત્યાંથી ગયા સ્મરિ હરિનામ. ૧૫
પછિ અંબિકાને સમય આવ્યે, જન્મિયો સુત અંધ;
ધૃતરાષ્ટ્ર પ્રજ્ઞાચક્ષુ, જેના વિશાળ અતિ દૃઢ સ્કંધ. ૧૬
અંબાલિકાને સત્યવતિ, સમજાવિ સર્વ વિવેક,
વ્યાસને તે પાસ પ્રેર્યા, પછી ફરિ દિન એક. ૧૭
તવ તારુણી તે પણ, તપસ્વી દેખિને વિકરાળ,
ભય પામિ પાંડુરવર્ણિ થઇ, આવ્યો શકે ગણિ કાળ. ૧૮
કરિ ગમન તેશું વ્યાસ બોલ્યા, દેખિ મુજને નાર,
પડિ ફીકિ માટે પુત્ર તુજ, પાંડુર થશે નિર્ધાર. ૧૯
વર્ણને અનુસાર પાંડૂ નામ પડશે એનું;
કહિ એમ માતા પાસ જઇ વૃત્તાંત કહ્યું પછિ તેનું. ૨૦
અંબાલિકાને થશે ધોળો પૂર્ણવર્ણો પુત્ર;
પાટ યોગ્ય પરાક્રમી, શોભાવશે ઘરસૂત્ર. ૨૧
તવ સત્યવતિ કહે વ્યાસજીને, હજી સુત એક આપો;
અંબિકાને રહિ ઉર્ણમ, સુત જણ્યો દઇ અંધાપો. ૨૨
વ્યાસ કહે હું કરિશ ત્યમ, જયમ રીઝશો મા મારી;
કહે સત્યવતિ હે સપુત મુજને, છે પતિજ ઉર તારી. ૨૩
અંબાલિકાને એ પછી, નવમાસ પૂરે નેટ,
કુંવર પાંડૂ અવતર્યો, આવી ઘણાંની ભેટ. ૨૪
ઋતુસ્નાન કરિને શુદ્ધ થઇ, પછિ અંબિકા વહુ જયારે,
સાસુએ સમજાવિ પ્રેરી, વ્યાસ પાસે ત્યારે. ૨૫
પછિ વ્યાસમૂર્તી ભયાનકથી, ભીરૂ થયલી ભામ,–
ભય પામિ હબકી, વળી પાછું સુણી અભિયા નામ ! ૨૬

---

૧૬ સ્કંધ—ખભા.

નિજ, ઠામ તેથી ઉર્વશી શી, દાસિ નિજ સત્પાત્ર,
શણગારિ નિજ શણગારથી, મોકલી મોહનિ ગાત્ર. ૨૭
તેણિયે ઋષિ વ્યાસને, રંજન કર્યા બહુ રીત;
સત્કાર કરી મન હરિ લિધું, દાખી અપૂર્વ સુપ્રીત. ૨૮
ભેટી સુભાવે કેલિ કરિ, રંગ રેલિ ઋષિની સાથ;
મનતૃપ્તિ કરિ મહાપુરુષની, પછિ ઊભિ જોડી હાથ. ૨૯
તવ વ્યાસ મન આહ્‌લાદ પામી, વદ્યા સુખકર વાણુ;
હે કામિની, કિંકરિ ટળી તું થઇ કૃતાર્થ પ્રમાણુ. ૩૦
થાશે તને જગવિદિત સુત ધર્મજ્ઞ ધીમત ધીર;
કુરુકુળ—નૌકાતણો નાવિક સુજ્ઞ સુઘડ શરીર. ૩૧
એમ કહી દાસી પાસથી, મા પાસ આવ્યા વ્યાસ;
દાસિનો દહાડો વળ્યો તે કર્યું સર્વ પ્રકાશ. ૩૨
માતઇચ્છા તૃપ્ત કરિને, માગિ વ્યાસ વિદાય;
ત્યાર પછિ ત્યાં શું હવું, સુણ હે જનમેજયરાય; ૩૩
દાસિને દશમે મહિને, અવતર્યો અર્ભક સાર;
વિદુર નામે ધર્મનો અવતાર આ સંસાર. ૩૪
વિચિત્રવીર્યની બે સ્ત્રિયો, ને ત્રીજિ દાસીમાં આમ,
દેવકાંતી દીકરા નીપન્યા રાખ્યું નામ. ૩૫

વલણ.

નામ રહે આ વિશ્વમાં, ધપુનો થતાં વિનાશ;
દાતા શૂર હરિભક્તનું, વસિ જન-મનમાં વાસ રે. ૩૬

કડવું ૧૦ મું.

કુંવરોની કેળવણી અને પાંડુનો રાજ્યાભિષેક.

રાગ મારૂ.

તજિ તનમાંથિ દેહાભિમાન, સજિ મનથી સ્વદેશાભિમાન,

સુણો શ્રોતા થઇ સાવધાન, રાખી પ્રભુપદપદ્મે ધ્યાન. ૧
કુરૂજાંગલ ને કુરૂક્ષેત્ર, કુરૂવંશ સકળજનનેત્ર,—
ત્રણ કુંવરને પગલે પનોતે, વૃદ્ધી પામ્યાં પછી જોતજોતે. ૨
ધર્મ કર્મ ક્રિયા રહિ ચાલિ, રસાળા થઇ પૂર્ણ રસાળી;
માગ્યા વરસાદ વરસવાં લાગ્યા, ભાગ્યા ઉદ્યોગ ઝટ લઈ જાગ્યા.૩
ધન ધાન્ય વૃદ્ધી થઇ રૂડી, ભાગી ભાવઠ જે હુતિ ભૂંડી;
પ્રાણિમાત્રમાં વધિયો આનંદ, અસ્ત પામ્યો પ્રજાઆક્રંદ. ૪
દેશમાં પ્રસરી સુખશાંતિ, દેહમાંથી ભાગી દુખ-ભ્રાંતિ;
સ્વર્ગનુ સુખ મહિતળ આવ્યું, ભીષ્મરક્ષણથી મનભાવ્યું. ૫
તેના બળથી કુરૂકુળ રાજ-વખણાયું બધે સુખસાજ;
તેથી અન્ય દેશી પ્રજા પ્રીતે, આવિ વસિ હુતિ ત્યાં વિણભીતે. ૬
ન્હાના ભત્રિજાવતિ મતિશુદ્ધ, રાજ્ય ચલાવ્યું ધરીને આયુદ્ધ;
પાળિ મોટા કરી ભ્રાતતન, દીધાં ઉપવિત ઉજ્વળ મંન. ૭
પછિ વેદ ભણાવવા પ્રીતે, બેસાડ્યા રાજકુળની રીતે;
તે ભણી શસ્ત્રઅસ્ત્રવિદ્યાય-શીખ્યા રાજનીતિ અને ન્યાય. ૮
પાડે પહાડ કિંવા દે ટેકો, થયો ધૃતરાષ્ટ્ર અંગબળ એક્કો;
ધનુર્વિદ્યામાં ધીમત ધીર, પાંડુ વખણાયો વિખ્યાત વીર. ૯
વિદુર ધર્મવિદ્યામાં ધન્ય-કહેવાયો બૃહસ્પતિ અન્ય;
ઉદય પામ્યો આ રિતે કુરૂવંશ, પામિ પૃથ્વિમાં પ્રૌઢ પ્રસંશ. ૧૦
દેશોમાં કુરૂજાંગલ દેશ, પુરોમાં હસ્તિનાપુર બેશ,
વીરજનની કાશીરાજકન્યા, ધરણીમાં કહેવાઈઓ ધન્યા. ૧૧
પાટવી ધૃતરાષ્ટ્ર આરોગ્ય-છતાં અંધ તેથિ ન રાજ્યયોગ્ય,
માટે પાંડુને રાજ્યાભિષેક-કીધો ભીષ્મે વિચારી વિવેક. ૧૨

વલણ.

વિવેક વિચારી વિદુરને, બોલાવી એક વાર;
નિજ ભ્રાત્રીજવિવાહનો, કર્યો નિર્ણય નિર્ધાર રે. ૧૩

---

૩ રસાળા—પૃથ્વી. ૧૩. ભ્રાત્રીજ—ભત્રીજા.

કડવું ૧૧ મું.

કુંવરોનાં લગ્ન અને પાંડુનો દિગ્વિજય.

રાગ કેદારો.

વૈશંપાયન જે કંઇ ભાખ્યું, તે સંક્ષેપે હું અહિં દાખું;
તેડિ વિદુર કહે શું ભીષ્મ રે. ૧

ઢાળ.

ભીષ્મ કહે છે હે વિદુર, આપણું કુળ વિખ્યાત,
ગુણે કરિ ગરવું અધિક થયુંછે ભુતળમાં ભ્રાત. ૨
આ ખંડમાંહિ અખંડ તે હતું, અસલથી નિર્ધાર;
પણ સમય થોડા ઉપર તેનો વળ્યો'તો સંહાર. ૩
તવ વ્યાસ સત્યવતી અને હું, કરી શ્રેય વિચાર,
ઉત્પન્ન તમ ત્રણને કરાવી, સ્થાપ્યું પછિ સંસાર. ૪
માટે મહાસાગર સમું, વિસ્તીર્ણ કરવા વીર,
કરવો વિચાર હવે સવે થઇ, આપણે ધરિ ધીર. ૫
કુંતિભોજનિ કુંતિ કન્યકા, સુબળની ગંધારી,
શલ્યભગિની માદ્રિ આ કુળ યોગ્ય છે બહુ સારી. ૬
સંબંધિ કરવો યોગ્ય છે, ભૂપતિ ભલા તે ભ્રાત,
કુળવૃદ્ધિ કારણ તેમની, છે કુંવરિયો ભલિભાત. ૭
માટ માગાં તેમનાં કરતાં ચહુંછું ચિત્ત;
મત શો તમારો છે કહો, ઇચ્છક કુરૂકુળ હીત. ૮
વિદુર કહે હે વડિલ કુળના, શુભેચ્છક છો આપ;
માતાપિતા ને ગુરુ અમારા, બુદ્ધિમાન અમાપ. ૯
દિવાકર આગળ શું દીવો, દે અધિક અજવાળું?
માટે ઉચિત ભાસે તે કરવું, આપે શુભ ફળવાળું. ૧૦
હે જનમેજય, સુણ્યું ભીષ્મે સુબળ-કુંવરી આપ,
શતપુત્રનો વર પામિ, શંભૂ-સેવનાને પ્રતાપ. ૧૧

તવ શીઘ્ર પ્રેર્યો દૂત ભીષ્મે સુબળને ગાંધાર;
ગાંધારિનું ધૃતરાષ્ટ્ર માટે, માગું કરવા સાર. ૧૨
દૂતવાત સુણી સુબળ, સુવિચાર કીધો નેટ,
છે અંધ વર તોપણ કુલિન, બળવંત ધીમત શ્રેષ્ઠ. ૧૩
એવું વિચારી નિજ કુમારી, ગાંધારી ગુણગાત્રી,–
ધૃતરાષ્ટ્રમાટે આપિ, ગણિ લખ્યું હશે એમ વિધાત્રી. ૧૪
તે જાણિ શાણી ઉર વિચાર્યું, અંધપતિ હું પામી,
તો ગણવિ મારે આજથી, મુજ આંખ બેય નકામી ! ૧૫
છે આંખ ઇર્ષાદ્વાર, ધસવા વિકાર માટે એહ;
કરૂં બંધ પાટો બાંધિ, રહું પછિ સાંધિ પતિશું સ્નેહ. ૧૬
નિશ્ચય કરી એમ નેત્ર પાટો–બાંધિને ગાંધારી,
ભ્રાત શકુની સાથ પછિ, હસ્તિનાપૂર પધારી. ૧૭
ભીષ્મસંમતિ લઇ શકુનિ, ભગીનીતણું કર્યું લગ્ન;
ધૃતરાષ્ટ્ર ગાંધારી વર્યો, મન થયાં સૌનાં મગ્ન. ૧૮
પહેરામણી પરિપૂર્ણ કરી, શકુની ગયો ગાંધાર;
ગાંધારિ પતિવ્રત પાળતી અહો! અચળ શુભ અસિધાર. ૧૯
સદાચારે સર્વને સંતોષ દઇ ભલિ ભાત,
સ્વામી વિના નર અન્યથી, સ્વપ્ને ન કરતી વાત. ૨૦
ધૃતરાષ્ટ્ર ગાંધારી વર્યો, હવે પાંડુની કહું પેર;
કુંતિસાથે લગ્ન જેનું–થયું સુયાદવ ઘેર. ૨૧
શૂરસેન યાદવતણી પુત્રી–પૃથા કુંતીભોજ–
પામ્યો હતો, તે અતિથિસેવા–કરતિ રૂડી રોજ. ૨૨
નામ કુંતી કુંતિભોજે ધર્યું હતું શુભ જેનું;
અતિ પ્રસન્ન દુર્વાસા હવા, અતિથ્ય પામી એનું. ૨૩
વશિકરણ આકર્ષક દિધો, શુભ મંત્ર ઋષિએ તેને;

૨૨ વસુદેવના પિતા શૂરસેન યાદવની પૃથા નામે કન્યા તેણે પોતાની ફોઇનો દીકરો કુંતિભોજ છોકરાં વગરનો હતો તેથી દત્તક આપી હતી.

કરતાં પરીક્ષા તેનિ ભાસ્કર-આવિ ભેટ્યા એને. ૨૪
કવચ કુંડળ સહિત એથી અવતર્યો સુત સાર;
કર્ણ નામે જે થયો વિખ્યાત જગમોઝાર. ૨૫
કન્યાપણું કુંતિને દઇ, રવિ હુવા અંતરધાન;
સુંદરી શોચવિષે પડી, હવે શું કરૂં ભગવાન! ૨૬
નિજ છિદ્ર છાનું રાખવા, ગંગાવિષે સુત નાંખ્યો;
રાધાવરે તે કાઢિ જળથી, પુત્ર કરિને રાખ્યો. ૨૭
કુંડળ સહિત સુત જોઇને, વસુષેણ પાડ્યું નામ;
કથા કુંતીનિ હે શ્રોતા, છે સંક્ષેપે આમ. ૨૮
તે કુંતિનો શુભ સ્વયંવર, નૃપ કુંતિભોજે કીધો;
વરમાળ પહેરી પાંડુએ, ત્યાં લગ્ન લહાવો લીધો. ૨૯
રથ હાથિ ઘોડા રત્નની પહેરામણી શુભ પામી,
પાંડૂ વળ્યો નિજ પુર વિષેં, રહ્યો કુંતિ સાથ વિરામી. ૩૦
પછિ પાંડુના બીજા વિવાને માટ ભીષ્મ સુજાણ-
સજ થઈ ઠાઠ સજી ગયા, મદ્રેશઘર ગુણખાણ. ૩૧
સત્કાર શલ્યે કરી સારો, તેમનો તે વાર;
કુળરિતે પલ્લું લેઇ ભગનિવિવાહ કીધો સાર. ૩૨
શણગારિ ભગનીને પછી, શલ્યે દઈ શણગાર;
શંતનૂસુતને સોંપિ, ઉરમાં આણિ શુભ ઉદ્દગાર. ૩૩
લઇ ભીષ્મ તેને આવિયા, હસ્તિનાપુર કરિ હીત;
શુભ દિવસ જોઇ પરણાવિ માદ્રી પાંડુને ધરિ પ્રીત. ૩૪
દેવકભૂપનિ દાસિકન્યા, પારસિવ રૂપે અનૂપ,
પરણાવિ ભીષ્મે વિદુરને, સુણ હે જનમેજય ભૂપ! ૩૫
કુંતિ માદ્રી સાથ પાંડૂ, કરી વિવિધ વિહાર,
એક માસ પછિ દિગ્વિજય કરવા, નીસર્યો પુર બહાર. ૩૬
ભીષ્માદિ વૃદ્ધોને નમી, આજ્ઞા લઈ સજી સેન,
પરવર્યો શુરવિર પાંડુ, ભય જેહને કોનું છે ન. ૩૭

---

૨૪ ભાસ્કર—સૂર્ય. ૩૧ મદ્રેશ-મદ્ર દેશનો રાજા, શલ્ય.

જય કરી કીધા જેર પ્રથમે, દશાર્ણકેરા ભૂપ;
જે હતા ચોરોના અધિપ, ચપશી કર્યા તે ચૂપ. ૩૮
પછિ મગધમાં જઇને મહિપ ત્યાંનો મદાંધ વિદાર્યો;
ધનકોશ વાહન તેહનાં લઇ, વિજય નિજ વિસ્તાર્યો. ૩૯
મિથિલાપુરી કાશી અને સુહ્મ પુંડ્રના નૃપ સર્વ,
બાહૂબળે પાંડુએ જીત્યા, ગળ્યા સૌના ગર્વ. ૪૦
દિગ્વિજય કરિ નિજ કુળનિ કીર્તી સજગ કરિ નૃપ શૂર;
દેશો અનેકતણા નૃપોના દર્પ કીધા દૂર. ૪૧
તેથી સકળ ભૂપાળ તેને વશ થઈ એ વાર,
નિજ ઈંદ્ર માની ભેટ ધરિ, કીધો ઘણો સત્કાર. ૪૨
મણિ મોતિ માણક રત્ન પરવાળાં અને પોખરાજ,
હય હસ્તિ વાહન વિવિધ દઇ, માનિયો નિજ મહારાજ. ૪૩
આ રીત જય વર્તાવિ વિત લઈ, પાંડુ નિજપુર આવ્યો;
હસ્તિનાપુર ઉત્સવ થયો, ભીષ્માદિને મન ભાવ્યો. ૪૪
પેખી પરાક્રમિ પુત્ર અંબાલિકા હરખિ અત્યંત;
ઈંદ્રાણિ હરખી હોય જ્યમ સુત જોઇનેજ જયંત. ૪૫
પછિ પાંડુએ ધૃતરાષ્ટ્રઆજ્ઞાનો કરી સ્વીકાર;
બાહૂબળે જીતેલ ધન વહેંચ્યું ન કરતાં વાર. ૪૬
પરિતોષ સૌને આપિને, નૃપ સજી મૃગયા ઠાઠ,
જઇ રહ્યો બે સ્ત્રી સાથ, હિમગિરિતણે દક્ષિણઘાટ. ૪૭

વલણ.

ઘાટતણા વનને વિષે, મૃગયા ખેલે નિત્ય;
મોકલતો ધૃતરાષ્ટ્ર તેને, સુખોપભોગ સાહિત્ય રે. ૪૮

કડવું ૧૨ મું.

ગાંધારીથી સો કૌરવોની ઉત્પત્તિ.

રાગ મારૂ.

જનમેજય કહે કર જોડિ, અહો મુનિ શ્રેષ્ઠ તમે,—
સંભળાવ્યું પાંડુપરાક્રમ, તે સુણ્યું સર્વ અમે. ૧
હવે હે દ્વિજસત્તમ કહો, વંશ વિસ્તાર કથા;
જાણેલી ગુરુથી હોય, તમે હે અનઘ યથા. ૨
ધૃતરાષ્ટ્ર પાંડુને પ્રજા, કહો કયિ પેર થઈ;
કહો તે હે કૃપાનિધાન, આજ અવકાશ લઇ. ૩
કેવી રીતે ગાંધારિ, પામિ શત પુત્ર અહો !
તે કાળ કેટલે જણ્યા, કથા સૌ માંડિ કહો. ૪
વૈશ્યપુત્ર કયમ થયો, વળી તે પણ ભાખો;
કુંતીમાદ્રીસુત જન્મ-કથા કહિને દાખો. ૫
વૈશંપાયન તવ કહે, ભૂપ ભાવીક ભલા,
સંભળાવી કથા સમસ્ત, ટાળું સંશય સઘળા. ૬
ગાંધારીની કહું કથા, પ્રથમ તુજને રીતે;
જેણે સો પુત્રો જણ્યા, કૌરવો શી રીતે. ૭
સાંભળ હે પરિક્ષિત તનય, તે કહું આજ તને;
ભાવિક શ્રોતા તું ભાળિ, હર્ષ બહુ થાય મને. ૮
એક સમય વિષે ગાંધારિ, વ્યાસ અતિથ્ય કર્યું;
ભોજન દઈને ભાવતાં, ભૂખનું દુઃખ હર્યું. ૯
તવ તુષ્ટ થઇ ઋષિ વદ્યા, કરી મુજને શાતા,
તેથી સતિ સદ્ય તું થઇશ, પુત્ર સોની માતા. ૧૦
ધૃતરાષ્ટ્રથિ પછિ દિન જતાં, ગર્ભ સતિપેટ રહ્યો;
વીત્યાં બે વર્ષો તોય, પ્રસવ નવ તેહ થયો. ૧૧
પારસ્વિને વિદુરથી થયા, પુત્ર પ્રખ્યાત ગુણી;

---

૧ રાગ મારૂ—"મહેતે વગાડયો શંખ સમર્યા વનમાળી."—એ ઢાળ.

કુંતિએ યુધિષ્ઠિર જણ્યોં, પામિ દુખ તેહ સુણી. ૧૨
એથી ઈર્ષ્યાએ કરી, બળાત્કારે એણે—
પ્રસવ્યો ડોડારુપ ગર્ભ, ગુપ્ત પતિથી તેણે. ૧૩
લોહગાંઠશો ગર્ભ-જોઇ સતિ રોઇ ઘણી;
આવીને ત્યાં ઋષિવ્યાસ, સાંત્વના કીધિ ઘણી. ૧૪
કર્યું આ શું! હે કુળવતી, ગર્ભ જોઈ વ્યાસ વદે,
વરદાન સફળ થયું અકળ! વિચારો આપ હદે! ૧૫
કુંતિએ સૂર્યશો જણ્યો-પુત્ર મુજથી પહેલો;
એથી અધિરી હું થઈ, પ્રસવ થાવા વહેલો. ૧૬
બે વર્ષ રાખિયો ઉદર, આપવર મેં કોડે;
આ જુઓ કસર છે કાંઇ, માથું મારૂં ફોડે! ૧૭
ગાંધારીનાં સુણિ વચન, હસી ઋષિ શાંત રહી—
વદિયા સતિ ધર વિશ્વાસ, નિયમ દૃઢ કહું તે ગ્રહી. ૧૮
કહ્યું અફળ ન થાશે મારૂં, કામ કરૂ કહું તે સહી;
ઘૃતથી સો કુંડાં ભરી મૂક એકાંતુ મહીં. ૧૯
શીતળ જળ સિંચન કરી, ગાંઠપર હે બાળી,
કહું તે રીતે વિધિ કરો, સુંદરી સંભાળી. ૨૦
ઘૃતનાં સૌ કુંડાં ભરી, ધર્યાં પછિ એકાંતે;
સિંચન જળ વળતી કર્યું, ગર્ભપર નિર્ભ્રાંતે. ૨૧
જળસિંચનથી ગાંઠતણા શત ભાગ હુવા;
અંગુષ્ટપર્વ જેવડા, વ્યાસ કહ્યું સફળ થવા. ૨૨
પછિ વ્યાસે એક વધારિ, ભાગ તે માંહેથી,
ત્યાં કર્યાં એક સો એક આપ ઉત્સાહેથી. ૨૩
કુંડું પણ એથી એક, વધારાનું ત્યાંહે—
મૂકાવી, ભાગો સર્વ મુકાવ્યા સૌ માંહે. ૨૪
કરિ ગોઠવણી ગુણવંત, કહે તે વનિતાને,

---

૧૫ અકળ-ફળાય નહિ એવું વરદાન સફળ થયું, એમ ગાંધારી વક્રોક્તિમાં બોલી.

તું અમુક દિવસે પછિ જોજે, ઉઘાડીને આને. ૨૫
ભાળવણી કરિને વ્યાસ—ગયા તપ કરવાને;
હીમાલયમાં એકાંત, યોગ આદરવાને. ૨૬
નિર્મેલે સમયે ક્રમે, કુંડાં ઊઘાડિ વળી,
તો સો સુતને એક સુતા, સતી ગાંધારી રળી. ૨૭
મોટો સુત દુર્યોધન, જન્મિયો જે વારે,
શ્વાનો ગર્ધવ ને શિયાળ—શોર મચિયો ભારે. ૨૮
જન્મતાં કઠોર શબ્દથી, રડચો રાસભ—રાગે,
એથી અતિ કુતુહલ થયું, ભયાનક મન લાગે. ૨૯
વાયસ ગીધોના શબ્દ—થયા અપશુકન ભર્યા;
વાયો અતિ ઊનો પવન, પથર નભમાંથિ ખર્યા. ૩૦
દિનકર છાયો વાદળે, દિવસ દુર્દિન ભાસ્યો;
આંધી ઓચિંતી આવિ, ત્રાસ સૌઉર વાસ્યો. ૩૧
ભય પામિ તેથિ ધૃતરાષ્ટ્ર—વદ્યો સૌ સાંભળતાં,
હે ભીષ્મ વિદુર ને વિપ્ર, વદો મત કરિ મળતાં. ૩૨
પાંડુનો યુધિષ્ઠિર પ્રથમ રાજ્ય અધિકારી છે,
કારણ કે તે છે વડો, એવી મતિ મૌરી છે. ૩૩
પણ એ પછિ દુર્યોધન—જનમિયો છેજ અહીં,
માટે યૂધિષ્ઠિર પછી, પાટ પામે કે નહીં? ૩૪
દો ઉત્તર એનો મને, તમે સુવિચાર કરી,
છો રાજનીતિમાં પ્રવિણ, આપો મત ધિરજ ધરી. ૩૫
પછિ સમાજ સઘળો કહે, સુણો ધૃતરાષ્ટ્ર તમે;
મત નિશ્ચય કરિ આપિયે, અમારૂં સર્વ અમે, ૩૬
સુત દુર્યોધન જન્મતાં, પ્રાણિ હિંસક બોલ્યાં,
દુશ્ચિન્હ જણાયાં ઘણાં, માનવી મન ડોલ્યાં. ૩૭
તેથી એ કુળનો કાળ—થશે એ નિશ્ચય છે;
એ સુતથી હે ધૃતરાષ્ટ્ર, કુરૂકુળને ભય છે. ૩૮
માટે એક ઓછો ગણી, ક્ષેમ સૌના સારૂ—

ત્યાગો એને તત્કાળ. ગણી કુળ અંધારૂં. ૩૯
તજવું એક કુળ માટ, ગામ માટે કુળને,
દેશ માટ ગામને–તજવું ગણિ અનુકુળને. ૪૦
પણ નિજ આત્માને માટ, અવનિ આખી તજવી,
એ છે નીતી–સિદ્ધાંત, ભૂપતી તે ભજવી. ૪૧
સમજાવ્યો સર્વે મળી, મહિપને આ રીતે;
પણ સમજ્યો નહિ ધૃતરાષ્ટ્ર, પુત્રપરની પ્રીતે. ૪૨

વલણ.

પ્રીતે પરિક્ષિત પુત્રને, વૈશંપાયને આમ,—
કૌરવ ઉત્પત્તી કહી, કહે દ્વિજ ગણપતરામ રે. ૪૩

કડવું ૧૩ મું.

પાંડુરાજાને મૃગનો શાપ.

રાગ ધનાશ્રી.

વૈશંપાયન કહે જનમેજય, તુજ સંશયને ટળવાજી;
સો કૌરવ ઉત્પત્તી મેં કહી, વળિ સુજ થા સાંભળવાજી. ૧
વૈશ્યજુવતિ ધૃતરાષ્ટ્રરાખ્યથી, યુયુત્સુ જન્મ્યો એવોજી,
સો બગલામાં રાજહંસ જ્યમ, પ્રગટ થયો હોય તેવોજી. ૨
જનમેજય કહે હે મુનિ મારો–સંશય એક નિવારોજી;
પછિથી હે નિષ્પાપ તમે, મુજ પૂર્વજવાત વિસ્તારોજી. ૩
વ્યાસે ગાંધારીને વર દીધો, થાવા સો સુત માતાજી,
તો તેપર પુત્રી એક કયમ થઇ, કહો ઋષી શુભ જ્ઞાતાજી. ૪
સાધુ પ્રશ્ન પૂછ્યો પરિક્ષિત સુત, તો ઉત્તર સુણુ તેનોજી.
ગાંધારી મનતૃપ્તી માટે, ઉદ્ભવ કીધો એનોજી. ૫
ગાંઠતણા શતભાગ થયા તવ, એક પુત્રિ નિજ થાવાજી,
ઇચ્છા જણવી હૃદયતણી ઘણિ, લેવા દૌહિત્ર લ્હાવાજી. ૬

તેથી વ્યાસે સો ભાગોથી, એક વધાર્યા તેનીજી—
દુઃશલા કન્યા જન્મી જાણો, ઉત્પત્તિ આમ છે એનીજી ૭
ધૃતરાષ્ટ્રે ઉપવિત દઈ પુત્રો, ભાવે ભલા ભણાવીજી;
યોગ્ય સ્થળે કરી લગ્ન, દુઃશલા જયદ્રથને પરણાવીજી. ૮
રાક્ષસઅંશથિ જન્મ્યા કૌરવ, કળિઅંશથિ દુર્યોધનજી,
દેવઅંશથી પ્રગટ્યા પાંડવ, તે સુણ નૃપ હવે દઇ મનજી. ૯
પાંડૂરાજા હિમગિરિવનમાં, મૃગયા કરતો પ્રીતેજી;
સુંદર વનમાં સુંદરિયો સહ, આનંદમાં દિન વીતેજી. ૧૦
એક સમય ઋષિપુત્ર એક, નિજ સ્રીસહ બનિ મૃગરૂપેજી;
મૈથુન કરતો મોદ ધરી અતિ, ભાળ્યો તે પાંડૂ ભૂપેજી. ૧૧
એને મૃગ જાણી મહિપાળે, ઉલટ ધરી પારધનીજી;
પાંચ બાણ માર્યાં બહુ બળમાં, આતુરતા ધરિ વધનીજી. ૧૨
મૃગલી બાણે વિદ્ધ થતાંમાં, છોડ્યો તરતજ પ્રાણજી;
વીંધાઈ મૃગ ધરણી ઢળતાં, ઉચર્યો મનુષ્યનિ વાણજી. ૧૩
હે નૃપ ! નિર્દય ઘાતક પુરુષો, કેવળ પાપ પચેલાજી,
ક્રોધમૂર્તિ કામી અતિ હીણા, માઠે કૃત્ય મચેલાજી ૧૪
તે પણ આવું ન કરે કૂડું, તો પુરુકુળમાં પ્રગટીજી,
અધર્મ આવો કયમ કીધો, આ ઘાત તને નૃપ ન ઘટીજી. ૧૫
ધર્માત્માઓને કૂળ જન્મી, દુર્મતિ કયમ થૈઇ આવીજી ?
રાક્ષસ પણ રોમાંચ બને, આ તુજ કર્યું અંતર લાવીજી. ૧૬
પાંડુ કહે રાજાની વૃત્તી, અરિ મૃગ હણવા કાજેજી,–
સમાન રહેછે, માટે તુજને નિંદા ન કરવી છાજેજી. ૧૭
પ્રકાશ કિંવા ગુપ્તપણે મૃગ હણવા, એ છે નૃપકામજી;
માટે ઉચાટ તજી મનકેરો, લઇ હરિનામ વિરામજી. ૧૮
બહુ મૃગ મારી યજ્ઞે હોમ્યા, અગસ્ત્યમુનિએ જ્યારેજી;
ક્ષત્રીને મૃગવધ કરવામાં, બાધ કશો છે ત્યારેજી ? ૧૯

---

૧૧ મૈથુન—સંભોગ. ૧૨ પારધ—શિકાર.

કુરંગ કહે કે કુલિન જનો, શત્રૂને સન્મુખ મારેજી;
છિદ્ર જોઇ છેડયા વિણ છાના, કદિએ નવ સંહારેજી. ૨૦
પાંડુ કહે એ વાત સત્ય પણ, તે છે માનવસારૂજી;
મૃગ માટે નથિ એ મારગ, માટે નિંદવું નથિ વારૂજી. ૨૧
નથિ નિંદા મૃગયાની કરતો, મૃગ કહે હે મહિપાળજી!
પણ આપે આંખી નવ જોયો, રે રે મુજ રતિકાળજી!! ૨૨
રતિસુખમાં નિમગ્ન હરિણને, ન હણે કો મતિમાનજી;
એ સુખ ઇચ્છેછે સૌ પ્રાણી, તેમાં સોનું તાનજી. ૨૩
મૈથુનસુખમાં મોદ અતી, હરિહર બ્રહ્માને રહેછેજી;
જોગી રોગિ-હૃદય સંભોગનિ-ઇચ્છાસરિતા વહેછેજી. ૨૪
તું અનુભવિ એ સુખનો છે અતિ, નિજસમ ન ગણ્યું અન્યજી;
પુરુવંશી કર્યું પૂર્ણ પરાક્રમ, ધીમત તુજને ધન્યજી! ૨૫
પુત્રેચ્છાથી આ મૃગિને હું, દેતો હતો ઋતુદાનજી;
ભંગ કરી રતિસુખ તે અફળ કર્યું, ક્રૂર થઈ કુળવાનજી. ૨૬
ક્રૂર કર્મ આવાં કરનારો, દંડ યોગ્ય છે તારોજી,
છતાં છત્રપતિ અવળું કીધું, થઇ રક્ષક હત્યારોજી. ૨૭
કિંદમ નામે તાપસ હું, માનવલજ્જાથી બનિ મૃગજી,
મૈથુન કરતો'તો અતિ મોદે, તે માર્યો તેં જો દૃગજી. ૨૮
અણજાણે માર્યો તેથી, બ્રહ્મહત્યા નં તુજને થાશેજી;
પણ તુજ સ્રીશું રતિ કરતામાં, જીવ જરૂર તુજ જાશેજી. ૨૯
જે સ્રી સાથ સમાગમ થાશે, તે તુજ સહ બળિ મરશેજી;
કર્મનું ફળ ભોગવવું પડશે, શોચ કરે નવ સરશેજી. ૩૦

વલણ.

સરશે નહિ સ્રીસ્પર્શથી, પણ તું તજશે પ્રાણ;
આપિ શાપ એ રીત મૃગ, પામ્યો પછિ નિર્વાણ રે. ૩૧

---

૨૧ વારૂ—ઠીક, સારૂં. ૨૨ રતિકાળ—સંભોગસમય. (રતિ-પ્રીતિ.)

કડવું ૧૪ મુ.

પાંડુરાજાનું વાનપ્રસ્થ.

રાગ મારૂ.

મૃગ મૃત્યુ પામ્યો જેણીવાર, ચાલી પાંડુઆંખે આંસુધાર;
નિજ બાંધવ રિત કરી શોક, આર્તસ્વરથિ રોયો પાડિ પોક. ૧
મૂકી મૃતમૃગ ચાલ્યો નરેશ, આવ્યો સ્ત્રીઓ પાસે ભર્યો ક્લેશ;
પૂછયું પદ્મિનિયોએ પતિને, સ્વામિ! કયમ પામ્યા આવી ગતિને? ૨
સતિયો શું કહું કૃત્ય કર્યું કાળું, એથી દેખિશ નહિ અજવાળું;
એમ કહિ કહ્યું સર્વ વૃત્તાંત, અબળા સુણિ થઈઓ અશાંત. ૩
શોચ કરતો સ્ત્રિયોસહ રાય, ઉચર્યો નિજ કર્મકથાય;
સુણો સાધવિયો પ્રિયા મારી, કહું કર્મકથા શું વિસ્તારી! ૪
શ્રેષ્ઠ પુરુષોથી સંભવ પામી, નર કંઇક થઈ અતિ કામી,
મોહમદિરા પિને આથડે છે, નરકયાતના તેને નડે છે. ૫
મોહે અર્થ નથી શુભ સાર્યો, લઘુવયમાં પિતા મુજ માર્યો;
તેને ક્ષેત્ર હું સૌમન ભાવ્યો, વ્યાસે મુજને પછી ઉપજાવ્યો. ૬
મેં પણ મનવશ નહિ મુજ રાખી, મોહમદિરાતણો સ્વાદ ચાખી,
અધોગતિનો મારગ આમ લીધો, કૂડું કર્મ કરતાં નવ બીધો. ૭
પ્રજા થઇ નથિ મુજને અદ્યાપિ, થાવાની આશા નાંખી મેં કાપી;
સાર સંસારમાં નવ જોયો, ગૃહસ્થી બનિ વેશ વગોયો. ૮
કામપુરુષાર્થ સિદ્ધ ન કીધો, નરદેહ આ નિષ્ફળ કીધો;
માટે મોક્ષઇચ્છા મન ધારી, તપ કરિશ થઈ બ્રહ્મચારી. ૯
ભોગિ ટળિને થઈ હવે યોગી, સંસારથિ રહિને વિયોગી,
પાળી અહિંસા પરમ સુધર્મ, કામરહિત કરીશ હું કર્મ. ૧૦
નથી મુજ ખપનાં તમે નારી, ત્યમ હું તમને પ્રિયા મારી;
માટે હસ્તિનાપુરમાં પધારો, વૃદ્ધોને કહો વૃત્તાંત મારો. ૧૧
પાંડુ સંન્યાસી થઇ વન વાધ્યો, કહેજો સર્વને મેં યોગ સાધ્યો;
સુણી કંથનાં વચન કામનિયો, દીન દુઃખી અતીશય બનિયો. ૧૨

ફરી આર્જવ ભામાઓ ભાખે, સ્વામિ જીવિશું નહિ તમ પાખે;
સંન્યાસ વિના સહીત, તપ થાયછે નાથ અભીત. ૧૩
માટે વાનપ્રસ્થાશ્રમ પાળો, કરી જપતપ પાપ પ્રજાળો;
તુચ્છ સુખની ઇચ્છા કરી ત્યાગ, અમે પાળિશું પૂર્ણ વૈરાગ્ય. ૧૪
પાંડુ કહે હું કરીશ ત્યારે તેમ, તમો નિશ્ચય છે જ્યારે એમ;
એમ કહિ પલટી નિજ વેષ, ભોગી જોગી બન્યો તે નરેશ. ૧૫
નિજ જેવી કરી બેય નારી, વસ્ત્રાલંકાર દઇ ઉતરાવી;
વલકલ પહેર્યાં પહેરાવ્યાં, ત્યાગચિંતા ન કો મન લાવ્યાં. ૧૬
ત્યાગ કીધેલાં પટ ને આભરણ, દીધાં વિપ્રોને નમી ચરણ;
વળતી દાસજનોને બોલાવી, વદ્યો નૃપ દૃઢતા ઉર લાવી: ૧૭
ચિંતા ચિતમાં અમારી ન રાખો, ભાઇઓ હુસ્તિનાપુર જઇ ભાખો,
સ્ત્રિયો સહિત ધરીને વૈરાગ્ય, પાંડુ પરવર્યો સુખ કરી ત્યાગ. ૧૮
ભારતસિંહુનિ સુણિ દીનવાણી, આવ્યાં પરિજન આંખોએ પાણી;
પછિ સોંપેલી વસ્તુ સમગ્ર, લઇ ચાલ્યા કરી મન વ્યગ્ર. ૧૯
આવિ હુસ્તિનાપુર સોંપિ વસ્ત, ધૃતરાષ્ટ્રને જોડી બે હુસ્ત;
કહ્યું વૃત્તાંત તેમણે માંડી, પાંડુ પરવર્યાં સર્વને છાંડી! ૨૦
સુણી વાત સગાં દુખ પામ્યાં, ઉર તપિ વદ્યો ન વિરામ્યાં;
પુરમાં પ્રસરી ગઇ વાત, પ્રજા સર્વ કરે આંસુપાત. ૨૧
સ્ત્રિયો સહિત પછી નૃપ ધીર, નાગશત ગિરિપર ગયો વીર;
કરતાં વનફળ કંદ આહાર, વાધ્યાં આગળ નરને નાર. ૨૨
ચૈત્રરથ વાડિ ગિરિ કાળકૂટ, ગંધમાદન ગિરિ હુંસકૂટ—
ઉલ્લંઘી આવિને શતશૃંગ, તપ માંડ્યું અધીપે અભંગ. ૨૩

વલણ.

અભંગ તપ માંડી અધિપ, કષ્ટ સહી અતિ કાય,
બ્રહ્મઋષિ સરખો બન્યો, સુણ જનમેજય રાય રે. ૨૪

---

૧૬ વલકલ—ઝાડની છાલનાં વસ્ત્ર. ૨૩ ચૈત્રરથ—એ નામની કુબેરની વાડી.

કડવું ૧૫ મું.

પાંડુ પૃથાનો સંવાદ.

રાગ રામગ્રી.

વનમાં વસિને બહુ દિનજી, ઋષિગણુ કરિ પૂર્ણ પ્રસન્નજી;
પાંડુ પ્રિય થયો સર્વનો એવોજી, મિત્ર ભ્રાત ને પુત્રના જેવોજી. ૧

ઢાળ.

જેવો પુત્ર ને ભ્રાત હોયે, તેવો ગણે ઋષિજંન;
સેવા આદર વિનયથી, વશ કર્યાં સૌનાં મંન. ૨
અમાવાસ્યાને દિવસ, એક સમય તાપસ સર્વ,
અજ દર્શન કરવાને ચાલ્યા, ગણી પુણ્યનું પર્વ. ૩
તે જોઈ પૂછ્યું પાંડુએ, મુનિઓ જશો કયાં આજ?
જઇશું વિરંચીદર્શને, એમ વદ્યા સર્વ સમાજ. ૪
ભવન બ્રહ્માજિને મળો, આજ છે હે ભ્રાત,
દેવ ઋષિ ને પિતૃઓ, ત્યાં આવશે પ્રખ્યાત. ૫
તે સાંભળી ઉમગી ઘણો, નૃપ તે ઋષીગણુ સંગ—
ચાલિયો બે સ્ત્રી સહિત, ગિરિ છોડિને શતશૃંગ. ૬
તવ તે તપસ્વીઓ કહે, છે અતિ વિકટ આ વાટ;
ગિરિ ગગનચુંબિત છે જુઓ, વસમા ઘણા છે ઘાટ. ૭
નદિયો ન ઉતરાએ અશી, વન ગહન છે બહુ ગાઢ;
હિમ પડેછે પર્વત ઉપર, અતિ કારમા છે કરાડ. ૮
ઋણુ ચાર પાર કરેલ પુરુષો, કે પવનથી રાય,
અદ્રી ઉલ્લંઘી જવાય આ, મૃગપક્ષિથી ન પળાય. ૯
માટે મહિપ મહિલા સહિત, મા કરો મમતા આમ;
હિમગિરિ ઉલ્લંઘી આવવું, એ નથિ તમારૂં કામ. ૧૦
તે સુણિ મહીપ કહે હું સમજ્યો, હાર્દ તમ મહાભાગ !

---

૯ અદ્રિ—પર્વત.

ઋણ ચાર મુક્ત થયો ન તેને, નથિ જવાનો લાગ ! ૧૧
દેવ ઋષિ ને મનુષ્યઋણથી, છૂટચો છું હું છેક,
પણ પિતૃઋણ પ્રજા ન થયે, રહ્યું મુજ શિર એક; ૧૨
તેથિ સ્વર્ગનિ પ્રાપ્તિ મુજને, હોય નવ ઋષિરાય;
સમજિયો તે સાર સઘળો, હવે કહો કયમ થાય ? ૧૩
મુજ પિતાને ક્ષેત્ર વ્યાસે, મને જયમ ઉપજાવ્યો;
તેમ મુજક્ષેત્રે પ્રજાનો–માર્ગ શ્રેષ્ઠ બતાવો. ૧૪
ઋષિઓ કહે નૃપ દિવ્ય જ્ઞાને, કહિયે તુજને આમ,
ક્ષેત્રે તમારે થશે સુત, સુરસમા મન અભિરામ. ૧૫
માટે વિધી નિર્માણ યત્ન કરી કુરૂકુળ-ભૂપ,
પુત્રો પરાક્રમિ પામ, અમરો તુલ્ય અત્ર અનૂપ. ૧૬
કહિ એમ ઋષિઓ ત્યાંથકી, ચાલ્યા ગયા ગુણગ્રામ;
એક દિવસં વળતી પાંડુ ઉચર્યા, કુંતિ સમીપે આમ. ૧૭
ગુણવતી આપદ્ધર્મને, અનુસરી સુત ઉપજાવ;
પરપુરુષ શ્રેષ્ઠ સમાનથી, લે આપ તે શુભ લા'વ. ૧૮
કેમકે પુત્રવિના પ્રતિષ્ઠા–નથી અહિં હે નાર !
ત્યમ સ્વર્ગપ્રાપ્તી સદ્ગતી, ત્યાં પણું નથી નિર્ધાર. ૧૯
મૃગશાપથી હું છું નકામો, સાધવા શુભ કામ,
માટે મહત્પુરુષોકહિલું માનિ પુત્રો પામ. ૨૦
નર શારદંડાયનિતણી, નારિનું દઉં દૃષ્ટાંત,
તે સુણી સાધવિ ! સાધવી તક, ભાગિ મનની ભ્રાંત. ૨૧
તે સ્રિયે પતિઆજ્ઞાથિ, થઇ ઋતુ શુદ્ધ વળતી નેટ,
ચૌટેથિ મેળવિ ચારુ દ્વિજ, પુત્રો જણ્યા નિજ પેટ. ૨૨

---

૧૨ દેવઋણ યજ્ઞાદિથી છૂટે છે; ઋષિઋણ વેદાભ્યાસ અને તપશ્ચર્યાથી છૂટે છે; મનુષ્યઋણ અક્રૂરતા એટલે દયાથી છૂટે છે; અને પિતૃઋણ પુત્રોત્પત્તિ અને શ્રાદ્ધ કરવાથી છૂટે છે. ૧૮ લે આપ—તે લહાવો (પુત્રોનો) તું લે અને મને આપ. ૧૯ અહિં—આ લોકમાં. ત્યાં—પરલોકમાં. ૨૦ કામ–કામરૂપી પુરુષાર્થ, પ્રજા ઉત્પન્નનું કામ.

માટે સતી! ગતિ મારિનો, સુવિચાર ઉરમાં લાવ;
કો સિદ્ધ બ્રાહ્મણથી પ્રજા, તુજ ઉદર શુભ ઉપજાવ. ૨૩
પછિ કહેવું પતિનું સાંભળી, કુંતી કહે હે કંથ!
થઇ ધર્મપત્ની આપની, કયમ પળું પાતકપંથ! ૨૪
અનુચિત કહો કયમ આપ, પળવા પાપપથ શુરવીર,
સતિને મતી માઠી દિયો મા, થઇ આમ અધીર. ૨૫
પ્રિય, આપતપતેજે કરી, સરશે બધો શુભ અર્થ;
પુત્રો થશે તમથી મને, શુભ ધીરવીર સમર્થ. ૨૬
પુરુવંશિ નૃપ વ્યુષિતાશ્વની, ભદ્રા સ્ત્રિને ભલિભાત,
નિજ સ્વામિ-શબથી સુત થયાની–વાત છે વિખ્યાત. ૨૭
પાંડૂ કહે વ્યુષિતાશ્વ નૃપની, શી કરોછો વાત!
તે તો હતો આ અવનિમાં, સુરસમોવડ સાક્ષાત. ૨૮
પણ પુરાતન રીત મન દઇ, શ્રવણ કર આ વાર;
પૂર્વે કશો અંકૂશ ન હતો, નારીમાં નિર્ધાર. ૨૯
પતિવિણ ગમન પરપુરુષથી–કરતી હતી બહુ નાર;
સ્વેછાથિ સુખ મેળતિં એમાં, ન હતો બાધ લગાર. ૩૦
પશુવૃત્તિએ વર્ત્તતાં પાતક, નવ ગણાતું લેશ;
તે રીત ઉત્તરકુરુવિષે, હજુ ચાલતી છે શેષ. ૩૧
એ રીત બંધ થયાનું કારણ સારમાં કેહું નાર,
તું તોલ કરિ તેનો પછિ, મુજ વચન શધ સ્વિકાર. ૩૨
ઋષિ શ્વેતકેતૂમાતને, ગ્રહિ હાથ બ્રાહ્મણ એક,–
ખેંચી ગયો પતિ પાસથી, વર્જિને વિશ્વવિવેક. ૩૩
તે જોઇ અનીતી ક્રોધ તેને–વ્યાપિયો તે વાર;
વાર્યા પિતા ઉદ્દાલકે, મા ક્રોધ કર સુત સાર. ૩૪
એ રીત ચારે વર્ણમાં છે, પરાપૂર્વથિ ભ્રાત,
એમ કહ્યું તાતે તદપિ સુતને, રૂચિ નહિ એ વાત. ૩૫
તેથિ તેણે સ્ત્રી પુરુષની, બાંધિ પછિ મર્યાદ;
નરનારિને નિયમે રહેવા, માંડિ મોટો વાદ. ૩૬

ત્યારથી ત્યાગ કર્યો, મનુષ્યોએ અસલ આચાર;
નરનારિયે કદિયે ન કરવો, અન્યથી વ્યભિચાર. ૩૭
ગર્ભપાત કર્યાસમું વ્યભિચારમાં છે પાપ;
ઋષિ શ્વેતકેતૂએ ઠરાવ્યું, નારિ હે નિષ્પાપ! ૩૮
પણ પુત્રપ્રાપ્તી માટ, પતિઆજ્ઞા થયાથી જેહ–
કરશે ન ત્યમ તો ગર્ભહત્યારી ગણાશે તેહ. ૩૯
આમ ઉદ્દાલકસુતે નિશ્ચય કર્યો છે નેક;
હું વ્યાસથી ઉપન્યો છું, તે તું વિચાર સર્વ વિવેક. ૪૦

વલણ.

વિવેક વિચારી અંતરે, વનિતા મા કર વાર;
પુત્રોત્પત્તી માટ મુજ, આજ્ઞા સદ્ય સ્વિકાર રે. ૪૧

કડવું ૧૬ મું.

પાંચ પાંડવોની ઉત્પત્તિ.

રાગ વેરાડી.

આર્જવ સહુ આજ્ઞા સુણિ પતિની, નિજ વરદાનનિ વાત–
કુંતીએ નિજ કંથનિ આગળ, માંડિ કહી ભલિ ભાત. ૧
પછિ પદ્માક્ષી કહે પતિને કે, આવાહન કરિ આજ,
આજ્ઞા દો તે દેવ તેડિ હું સારૂં આપણું કાજ. ૨
પાંડુ કહે તવ પ્રથમ ધર્મનું, આવાહન કર નાર;
પુત્ર પવિત્ર થશે એથી શુભ, ધર્માત્મા નિર્ધાર. ૩
આજ્ઞા પતિની પામિ કુંતિયે, સ્મરણ ધર્મનું કીધું;
આવાહન કરતાં બળિ ધરતાં, ધર્મે દર્શન દીધું. ૪
ગાંધારીને ગર્ભ ધર્યે જવ, વર્ષ ગયું'તું વીતી,
દુર્વાસામંત્રે તવ કુંતી, પામિ ધર્મની પ્રીતી. ૫
તેથી ગર્ભ રહ્યો કુંતીને, સકળ પ્રાણિ દુખહારી;
આશ્વિન શુદ પંચમિ જયેષ્ઠામાં, જન્મ્યો તે સુખકારી. ૬

એ સમયે આકાશ વાણિ ત્યાં-થઇ એવી શુભ આમઃ
પ્રાણિમાત્રનું હિતકર્ત્તા આ પુત્ર થશે અભિરામ. ૭
ધર્મજ્ઞોમાં શ્રેષ્ઠ પરાક્રમિ, સત્યવાદિ વિખ્યાત,
નામ યુધિષ્ઠિરથી ત્રણ લોકે, પૂર્ણ થશે પ્રખ્યાત. ૮
એ રીતે સુંદર સુત જન્મ્યો-દેખિ પાંડુ દિન એક,
કહે કુંતીને હે કમળાક્ષી, સાંભળ વાત વિવેક. ૯
વિશેષ બળવાળો ક્ષત્રીમાં, વખાણ પામે ભારે,
તેથી સુત તેવો હે સુંદરિ, જણવો જોઇએ તારે. ૧૦
પતિઆજ્ઞા પામિને કુંતિયે, જપ્યો વાયુનો જાપ,
તેથી મૃગ આરુઢ થઇ આવ્યો, અનિલ ટાળવા તાપ. ૧૧
કહે કુંતી! શી છે ઇચ્છા ઉર, શું આપું કહે તુજને ?
લલના લાજ ધરી હસિ બોલી, બલિષ્ઠ સુત દો મુજને. ૧૨
પછિ કુંતીશું કરી સમાગમ, વાયુ દેવતા વળિયો;
ગર્ભ રહ્યો તેથી સુત જન્મ્યો, અવનીમાં અતિ બળિયો. ૧૩
જન્મ થતાં તેનો ત્યાં વાણી, આમ થઈ આકાશે;
આ સુત ભીમ પરાક્રમ કરિને, ભીમસેન કહેવાશે. ૧૪
ભીમ માતખોળે નિદ્રાથી, જંપ્યો’તો ત્યાં જ્યારે;
કૌતુક એક હવું એવામાં, અતિ અદ્‌ભુત વળિ ત્યારે. ૧૫
વાઘ દેખિ ઝટ થઇ ગઇ ઊભી, કુંતી કંપી કાયે,
ભીમ તેથિ નીચે પડિને પછડાયો એક શિલાએ. ૧૬
એથિ શિલા ચૂરણ થઇ ગઇ પણ, ભીમ જરા નવ જાગ્યો;
અપૂર્વ કુતુહળ જોઇ પાંડુને, ઘણો અચંબો લાગ્યો. ૧૭
દુર્યોધન જન્મ્યો પુરમાંહે, ભીમ જન્મને ટાણે;
ગરુડજન્મદિવસે અહિ જન્મ્યો, મરણ સ્પષ્ટ લઇ જાણે! ૧૮
વળતિ પાંડુએ ત્રીજો સુત શુભ, ત્રિભુવન વિજયી મળવા;
ઇંદ્રતણો જપ જપિ તપ માંડ્યું, અંતર ઇચ્છા ફળવા. ૧૯
કુંતીને વ્રત એક વર્ષનું-કરવા આજ્ઞા આપી;

---

૧૮ અહિ-સર્પ. ૧૧ અનિલ-વાયુ. ૧૪ ભીમ પરાક્રમ-ભયંકર પરાક્રમ.

એક પગે સ્થિર રહિ તપ આદર્યું, વાસવ-ધ્યાને વ્યાપી. ૨૦
તેથી મઘવા મગ્ન થઇને, દર્શન નૃપને દીધું;
વર આપી શુભ, વળિને ત્યાંથી, કાર્ય કૃતારથ કીધું. ૨૧
વાત એહ કુંતીને કહિ નૃપ-ઉચર્યો વળતી આમઃ
ઇંદ્રતણું આવાહન કરિ સતિ, પુત્ર પરાક્રમિ પામ. ૨૨
કુંતીએ દુર્વાસામંત્રે, સુરપતિ સ્વાધિન કરિને,
ગર્ભ ધર્યો નિજ ઉદર અનૂપમ, પતિઆજ્ઞા શિર ધરિને. ૨૩
જ્યોતિરૂપ જન્મ્યો તે અર્જુન, સુણ જનમેજય રાય;
દેવદુંદુભી વાગ્યાં એ પળ, નભમાં હર્ષ ન માય. ૨૪
ગગનગિરા ગંભિર થઈ એવી, આ સુત વિજયી થાશે;
શશિધર, પરશૂધર, પવિધરશો, વિશ્વવિષે વખણાશે. ૨૫
નારાયણની જોડતણો નર-નિપજ્યો જગમાં જાણો;
દિવ્ય અસ્ત્ર ધરિ હણશે દનુજો, ઉર સંશય નવ આણો. ૨૬
ગગનગિરા સાંભળિ શતશૃંગે, તાપસ હરખ્યા સર્વે;
વિમાન બેસી સુર સૌ આવ્યા, જાણિને મોટું પર્વ. ૨૭
પુષ્પવૃષ્ટિ કરિને ગગનેથી, ગુણ સૌ ગાવા લાગ્યાં;
ગંધર્વો, કિન્નરો, અપ્સરા, ઉલટ ધરી અનુરાગ્યાં. ૨૮
પછિ દિન કંઇક જતાં પાંડૂ, કુંતીને કહે કલ્યાણી!
ચોથો પુત્ર કરો ઉત્પન્ન હવે ઉર ઉર્મી આણી. ૨૯
કુંતી કહે કે અયોગ્ય કરવા, નાથ વદો ક્યમ આમ!
આપત્કાળે કરવા ચોથો, કહ્યું નથી કો ઠામ. ૩૦
વળતિ પાંડુએ માદ્રિવિનતિથી, કુંતીને સમજાવી,
મંત્ર અપાવ્યો ત્યાં શુભ તેને, અતિ કરુણા ઉર લાવી. ૩૧
તેથી તેણે રવિસુતજુગ્મનું-આવાહન કરિ કોડે,
ગર્ભ ધરી સુત બે જન્માવ્યા, નિજ ઉદરેથી જોડે. ૩૨

---

૨૦ વાસવ—ઇંદ્ર. ૨૧ મઘવા—ઇંદ્ર. ૨૫ શશિધર—શિવ. પરશૂધર—પરશુરામ. પવિધર—ઇંદ્ર. (પવિ—ઇંદ્રનું વજ્ર). ૩૨ રવિસુતજુગ્મ—સૂર્યના બે પુત્ર.

નકુળ અને સહદેવ નામના-પ્રગટયા તેહ પ્રતાપી;
શીલ રૂપ ગુણુ દેખી સૌ ઉર, હર્ષ રહ્યો અતિ વ્યાપી. ૩૩
એક સમય પાંડુએ કુંતિને, વિનતિ કરી વળિ એવી,
માદ્રીને સુત અધિક થવા, ફરિ દયા કરો હે દેવી ! ૩૪
તવ તે બોલી મેં માદ્રીને, એક પુત્રને માટે—
એક દેવ સ્મરવા કહ્યું'તું પણુ, વર્ત્તી નહિ એ વાટે. ૩૫
કપટ કરી મુજથી એક મંત્રે, બે દેવો બોલાવી;
બે સુત મેળવિયા છળ કરિને, લોભ ઘણો ઉર લાવી. ૩૬
લોભી કપટી હોય તેહનો-કરવો નહિ વિશ્વાસ;
માટે પતિ પાયે પડિ કહુંછું, મા માગો મુજપાસ. ૩૭
કુંતીનાં સુણી વચન પાંડુ નૃપ ન વધો વિશેષ વળતી;
ભાવિ વાત ભવમાં કો કાળે, ટાળિ ન કોથી ટળતી. ૩૮
પાંડુ અને ધૃતરાષ્ટ્રતણા સુત, શુદશશિવત્ શુભ વધિયા;
વૈશંપાયન જનમેજય આગળ એણિ્પેરે વદિયા. ૩૯

વલણ.

વદિયા પાંડવ જન્મની-કથા વ્યાસકૃત જેહ;
પ્રાકૃતમાં કવિતા કરી, કહી સંક્ષેપે તેહ રે. ૪૦ +

+ આ કડવું સમાપ્ત થયું તે દિવસે રાત્રે મારો વચટ પુત્ર **મોરલીધર** કાળવશ થયો, જેને કવિતાનો ઘણો શોખ હતો. મંદવાડમાં પણુ આ ભારત સાંભળી સુખ પામતો, માટે તેના મરણુ સંબંધમાં રચેલી કવિતા પુત્રસ્મરણુ રાખવા, તેમજ તેના સ્વર્ગવાસી જીવાત્માને સુખ આપવા અત્ર દાખલ કરૂંછું. એ કવિતા રચાયા બાદ જ ૧૭ મું કડવું લખાઇ આ ભારત સંબંધતું કામ આગળ ચાલ્યું હતું. વાંચનાર સાંભળનારને એ કવિતા બોધ લેવા જેવી જણાવાથી આ સાથે દાખલ કરીછેઃ—

કડવું ૧૭ મું.

पांडु-प्राणत्याग अने माद्रीनुं सहगमन.

રાગ રામગ્રી.

વસંતસમય વનને વિષે, ફરતો પાંડુ નરેશ;
વૃક્ષ વિવિધ નવપલ્લવે, શોભી રહ્યાં'તાં વિશેષ. ટેક.
ખાખરા શુભ ખીલી રહ્યા, ખીલાવા મનકાજ;
લીંબડા લીલાકચ થયા, લીલા દર્શાવા આજ. વસંત૦ ૧
આંબાએ મો'ર આવ્યો ઘણો, ઉપજાવવા કામ;
અશોક નવિન પત્રોવડે, ટાળે શોક તમામ. વસંત૦ ૨

पुत्रविरह विचार-शोक अने शान्ति.

છપ્પા.

આજ્ઞાંકિત હે સપુત, સુલક્ષણવંતા તારો–
વિરહ વન્હિ આ વાર, જીવ બાળેછે મારો;
પ્રાણસમા મુજ પુત્ર, મરણ તારૂં મન મારૂં–
વ્યાકુળ અતિશય કરે, સ્મરણ આપી શુભ તારૂં;
દાનવ માનવ ને દેવતા, પુત્રવિયોગે મન બળે,
તો મોરલિધર તુજ વિરહથી, મુજને શાતા ક્યમ વળે!! ૧
તુજ કાયા લય થવા, અરે! ક્ષય * પ્રેર્યો કાળે;
કાયા કેવળ જીર્ણ એથિ થઇ ગઈ અકાળે;
જોબનવાડી મહીં, આગ અંતક પ્રગટાવી,
આણ્યો તારો અંત, શક્યો નહિ હું અટકાવી!
ચઢતી જોબન પચ્ચીશિમાં, + કાળે ઘેરો ઘાલિયો;
એથી તું અભય સ્થળે જવા, દેહ-દુર્ગ તજિ ચાલિયો. ૨
સંવત્ × વસુ[૮] વેદ[૪] ને ભક્તિ[૯] ભૂ[૧] શુદ વૈશાકે,

---

*ક્ષય રોગ. + એનો જન્મ સંવત્ ૧૯૨૩ શ્રાવણ શુદિ ૨ ને દિવસે થયો હતો એટલે હમણા પચીશમું વર્ષ ચાલતું હતું. × સંવત્ ૧૯૪૮ (કવિતામાંના અંકોને ઉલટાવવા.)

ચંપા ચારૂ બહેકી રહ્યા, બહેકાવાને મનોજ;
કેવડા કદળી લળી રહ્યાં, આપવા મનમોજ. વસંત૦ ૩
કુંપળ ફૂટી કંઈકને, કંઈક પામિયાં પત્ર;
મોર ફૂલે ભૂલે મન અશાં, તરુવર હતાં તત્ર. વસંત૦ ૪
કોયલ ટૌકા કરી રહી, પૂરે બુલબુલ રાગ,
ભ્રમર ગુંજાર કરી રહ્યા, ઉપજાવવા રાગ. વસંત૦ ૫
કમળથી સરવર શોભતાં, હતાં કામનાં ક્ષેત્ર;
કામસદન વન પાંડુએ-નિરખિયું નિજ નેત્ર. વસંત૦ ૬

---

૩ મનોજ-કામ. ૫. રાગ-સ્વર. રાગ-પ્રીતિ, મોહ.

એકાદશિ શનિવાર, તજી દુખિ દેહ તડાકે,
અજર જગતમાં ગયો, મધ્ય રાત્રે સુત મારા,
કર્યું ઘણુંક કકળાણ, સગાં સૌએ વિણ તારા;
માતા તારી બનિં બાવરી, કર્યું કલ્પાંત અરે ! બહુ;
સુત! વિરહવિલાપ હું તેહનો, આ કવિતામાં શું કહું?! ૩
કવિ કરુણારસ કશો, કાવ્યમાં શકશે આણી?
વધિ એથીય વિશેષ, વિલાપતણી અહિં વાણી;
કરુણાકેરુ સ્વરૂપ, માત નિશ્ચય થઇ તારી,
ને પછિ કર્યો વિલાપ, વદું શું તે વિસ્તારી!
હારી જઇ ધારી નવ શકું-ધીરજ તવ શું ઉચ્ચરૂં?
વારી મન મારૂં દઢ કરી, દુખહારી હરિને સ્મરૂં. ૪
શોખી શુભ વાતના, સદાચરણી સુત મારા,
જોબનમાં જશ લીધ, દાખિ નિર્મળ ગુણ સારા;
ભાવિક પ્રિય ભાંડુના, પિતૃભક્તિના ભોગી,
લીધો તારો ભોગ, કાળ ભૂંડે કરિ રોગી;
ચેતી આગળથી તુજ પ્રિયા, આઠ* માસ આગળ ગઈ;
નિજ પ્રીતમની શુભ સરભરા-કરવા તત્પર તે થઈ! ૫
કાળતણી કૃતિ ક્રૂર, નડી નથિ આ જગ કોને?

---

*સંવત્ ૧૯૪૭ ના ભાદરવા વદ ૩ ને દિવસે ત્રણ ચાર દિવસના તાવમાં મરણ પામી હતી. એનું નામ કાશી હતું.

એવે અચાનક એ સ્થળે, આવી મોહનું અસ્ત્ર—
માદ્રી મનોજ વધારવા, સૂક્ષ્મ શોભાવી વસ્ત્ર. વસંત૦ ૭
ગજગતિ રતિસરખી રૂડી, શશિવદની શોભાય;
ઉન્નત કુચ અલબેલિના, જોતાં અવનવું થાય! વસંત૦ ૮
એકાંતમાં અવલોકિને, આ'વી નિજ સ્ત્રી નરેશ,
મનવશ નવ રાખી શકયો, દીઠી નહિ શુભ દેશ. વસંત૦ ૯
કર ગ્રહ્યો જુવતીનો પ્રેમથી, ઢાંકયા નવ રહ્યા ઢંગ;
માદ્રી મરોડી કર કહે, નથિ સુખકર સંગ. વસંત૦ ૧૦

મનવા મારા જરૂર, ચિત્ત વિચારી જોને;
અંધાકેરી આંખ, પંગુના પગસમ પુત્રો,
નષ્ટ કર્યા મતિ ભ્રષ્ટ, ભાગિ બહુનાં ધરસૂત્રો;
ધૃતરાષ્ટ્રે સો સુત વિરહનો, અરે ભાર અહિંયાં વહ્યો!
વસુદેવ-વંશ વિસ્તાર પણ, નિજ દષ્ટે દુષ્ટે+ દહ્યો!! ૬
અનિષ્ઠ અંતકતણું, ધણું શું વર્ણું વાણે?
રાતે ચો'રી ચઢયું, ચિતાપર આણે વા'ણે!
પડી ખાટલે માત, તાતનો કીધો ચોકો,
સાજા સુતની પડે, અરે એવામાં પોકો!
જાવેથી આવે શેઠસુત, બહુ ભાવે વહુને મળે;
રાતે સતિ પતિસાથે રમે, પ્રભાત મતિસાથે બળે! ૭
રે હે નિર્દય કાળ, ક્રૂર કૃતિ જોઇ તારી,
રીઢું મન મુજ કરી, ધિરજ હું રાખું ધારી;
તત્વવિચારો ગ્રહી, સત્વહિનુ જગને ધારે,
અનિત્ય આ સંસાર સર્વ છે એમ વિચારે.
ખોટું તે સાચું હોય નવ, સાચું ખોટું છે નહીં;
ખોટું અવલંબન જગતનું, સાચું હરિશરણું સહી. ૮
હે હરિ પરમદયાળ, ગમ્યું તમને જે રૂડું,
તેપર કરિ કલ્પાંત, ભણું કયમ મુખથી ભૂંડું?
એ સુત આપે દઈ, ઉછેર્યો આપે એને,
શુભ સંકેતે પાસ તેડિ લીધો પ્રભુ તેને;

+ દુષ્ટ કાળે.

શાપ વિચારોજી આપનો, શાને ઉપજાવો ઘાત;
પતંગ દીપક પડવા સમી, માનો છે જી આ વાત. વસંત૦ ૧૧
સમજાવ્યો સુંદરિયે ઘણો, માન્યું નહિ મહિપાળ;
દૈવે ભુલાવેલ ભૂપતી, વરત્યો નહિ કાળ. વસંત૦ ૧૨
બાથ લઇ બાળા ધરી, બળથી બળવાન,
મદનરુપી મદિરાનિશે, બન્યો મસ્ત મહાન ! વસંત૦ ૧૩
આર્જવ અબળાનો નવ સુણ્યો, વીર થઇને અધીર;
કામ તૃપ્તિતણે કારણે ખાધી વિખભળી ખીર!! વસંત૦ ૧૪
તેથી તરત શબ થઇ ગયો, ત્યાગિને નિજ પ્રાણ;
માદ્રી મૃતપતિ જોઇને, હા ! હા ! ઉચ્ચરી વાણ. વસંત૦ ૧૫
ભેટી ભામા વદે વિલપતી, જાગો જીવનપ્રાણ !
રતિરંગમાં ભંગ મા કરો, પતિ ચતુરસુજાણ. વસંત૦ ૧૬
સંકોરી વન્હિ સુલક્ષણા, નવ કરતાં શાંત,
કાયામાં કામ પ્રજાળિને, આમ કરો કરો કાંત !! વસંત૦ ૧૭

---

૧૩. મદન–કામ. નિશે–નિશામાં, કેફમાં. મસ્ત–તોફાની, ઇશ્કદિવાનો. ૧૪ ખાધી–ભોગવી, વિખભળી ખીર–શાપરૂપી વિખ જેમાં ભળ્યું છે, એવી ખીર રૂપી પોતાની સ્ત્રી.

ઉત્પત્તિ સ્થિતિ લય સર્વનો, તમ ઇચ્છાથી થાય છે;
મારૂં માયાથી ભામતાં, મૂરખ જિવ મૂઝાય છે. ૯
કૃપાસિંધુ કર્ત્તાર, જડપણું મનનું ટાળી,
આપો જ્ઞાન ઉજેશ, વૃત્તિ આપવિષે વાળી;
માયાનું અંધારૂં દૂર કરિ મનથી દાતા,
થઇ અંતરમાં સ્પષ્ટ, મને ઉપજાવો શાતા;
માગુંછું હું એ આપની—પાસે હાથ પ્રસારિને,
જળમાં પુષ્કર* વત્ હે વિભો, કરજો વૃત્તી મારીને. ૧૦
નથિ મોરલિધર ગયો, થયો તો તમ સંકેતે;
પંચતત્વનો દેહ—પામિયો તો મળિ રેતે§;
તત્વ તત્વમાં મળી, અવસ્થાંતર થયું તેનું;
શુભ ગુણ પરિમળ થકી, સ્મરણ રહ્યું મુજ ઉર એનું;

---

* કમળ. § વીર્યમાં.

શાપ ભેદ્યો શું આપને, વેરી થઈ આ વેળ;
હા હા એમ થયું દિસે, આવી દુખની રેલ! વસંત૦ ૧૮
પાપનું ફળ શાપ આ ફળ્યો, મારા સ્વામિ સમર્થ!
જપ તપથી મૃગશાપ તે, રે રે ન થયો શું વ્યર્થ ?! વસંત૦ ૧૯
હું પાપણીને સમાગમે, નર હો નિષ્પાપ !
આપ નિવૃત્ત કરેલ એ, જાગૃત થયો શાપ ! ! વસંત૦ ૨૦
હાય હવે હું શું કરૂં, ધરૂં કેમ આ દેહ;
જીવન મારા જતા રહ્યા, જણુવી સુખસ્નેહ! વસંત૦ ૨૧
આક્રંદ માદ્રીનું સુણી, આવી કુંતી ધાઇ;
રાખી પરા પુત્રો તમે, આવો પાસ હો બાઇ ! વસંત૦ ૨૨
માદ્રીવચન સુણી કુંતિયે, દૂર બેસાડી બાળ,
સત્વર સોકય નિકટ ગઇ, દોડતી તત્કાળ. વસંત૦ ૨૩
જઇ જોયું તવ નજરે પડયું, સ્વામીશબ નિર્ધાર;
આક્રંદ એ તર્ક આદરી, વિલપી બહુ વાર. વસંત૦ ૨૪
નાથ! નમે'રા કયમ થયા, મૂકી વન પરિવાર;
છેતરી છળ કરિને ગયા, દુખણી કરી દાર. વસંત૦ ૨૫
આપરક્ષણ કારણે, મારી મનમથ મન,-
દૃઢ રહિ જોગ મેં જોગવ્યો, પ્રિય પ્રાણુજીવન. વસંત૦ ૨૬
છેક છછોરી ગોરી થઇ, માદ્રી મદભરી કંથ!
હંસલો હાય ઉડાડિયો, પળી અવળે રે પંથ !! વસંત૦ ૨૭
સાધવિ બેન આ શું કર્યું ?! સાધી ઉલટો અર્થ;
સ્વલ્પ સુખે લોભાઇને, જીવિત કર્યું વ્યર્થ! વસંત૦ ૨૮
વાર્યા ન કયમ પતિને સતી, શાપનું આપિ સ્મર્ણ;

---

૧૮. હા હા-હાયહાય. નિશ્ચય, આશ્ચર્ય. ૨૨. પરા-વેગળા. ૨૬. મનમથ-કામ.

નથિ નાશ થયો એનો જરા, શુદ્ધાત્મા તમમાં ભળ્યો;
ગણપતને આ રીત પુત્રનો-લ્હાવો ભવમધ્યે મળ્યો. ૧૧

અરેરે કયમ ભૂલી પડી, આણ્યું મહિપતિ મર્ણ! વસંત૦ ૨૯
દીનમુખે માદ્રી વદી, વાંક નથિ બાઇ મારો;
વિધિએ ભુલાવ્યા ભૂપને, અવળું મા વિચારો. વસંત૦ ૩૦
અથઇતિ વીતી માંડી કહી, માદ્રિયે નિજ વાત;
કુંતી કપાળે કર દઈ, પામી ઉરમાં અશાત. વસંત૦ ૩૧
પછિ કુંતી માદ્રીને કહે, ઉભી થઇ હવે બેન,
ખોથમાં પુત્રો આ લઈ, ચિતમાં ધર ચેન. વસંત૦ ૩૨
મહિષી હું છું મહીપની, તેથી તેમની સાથ-
જઇશ ચિતામધ્યે ચઢી, સાહિશ મા હાથ. વસંત૦ ૩૩
મુજદોષે મહારાજા ગયા, માટે જઇશ હું નેટ;
આસક્તિ મમ ભોગની અતી, રહિ ગઈ પતિપેટ. વસંત૦ ૩૪
માટે જઇ પરલોકમાં, આપિશ પરિતોષ
એમ ન કરવાથી મને, લાગે બહુ દોષ. વસંત૦ ૩૫
ત્રણ સરખા બે જાણજો, ટૂંકી કહૂં વાત;
નકુળ અને સહદેવની, હું મિથ્યા થઇ માત! વસંત૦ ૩૬
ગુપ્ત રીતે બાળો મને, સ્વામી સંઘાત;
કુંતીશું એ રીતે વદી, માદ્રી જોડિ હાથ. વસંત૦ ૩૭
પછિ પેતિસહ સતી તેં થઇ, કરી અગ્નિ પ્રવેશ;
વાત વિસ્તરી વનમાં બધે, સહુ મન વધ્યો ક્લેશ. વસંત૦ ૩૮

વલણ.

ક્લેશ વધ્યો ઋષિગણ વિષે, ખોટું થયું કહે સર્વ;
માનવિ મિથ્યા દેહનો, ધરશો મા કો ગર્વ રે. ૩૯

---

૩૧ વીતી-વીતેલી વાત. ૩૩ મહિષી-પટરાણી.

કડવું ૧૮ મું.

પાંડુની ઉત્તરાક્રિયા અને સત્યવતીવનગમન.

રાગ સામેરી.

પાંડુમરણ થયાથિ વનના તપસ્વી ધરિ તાપ,
ટોળે મળી નિઃશ્વાસ મૂકી, ઊચર્યા મુખ આપ. ૧
પાટ તજિને પાંડુનૃપ, આ સેવિને શતશૃંગ,
બ્રહ્મઋષિસરખો બન્યો, સ્નેહે રહી સૌ સંગ. ૨
ઋણુચાર મુક્ત થયો પ્રતાપી, લીધિ ઝાઝી લહાણુ;
માઠું થયું મહિપાળ એવો-નહિ મળે નિર્વાણુ! ૩
કો કહે મુજભ્રાતા હતો, કો કહે પુત્રસમાન;
સ્નેહિ એવો કો કહે, નહિ મળે મુજને આન! ૪
માટે એનાં પુત્ર સ્રી, અસ્થી કરી શુભ યત્ન,
હસ્તિનાપુર પહોંચાડવા-કરવો હવે ઝટ યત્ન. ૫
એમ કહિ કરી સુવિચાર, ભૂદેવો થઈ તૈયાર,-
ચાલિયા પાંડવ કુંતિ લઇ, વનથી ન કરતાં વાર. ૬
તે દિવસ થોડે આવિયા, હસ્તિનાપુર નિર્ધાર;
પુરદ્વાર પાસ પડાવ કરિ, પુર પ્રેરિયો પ્રતિહાર. ૭
રાજગૃહમાં થઇ ખબર, એથી તરત તે વાર;
સંબંધિ સૌ ટોળે મળ્યાં-મળવા ન કરતાં વાર. ૮
બે ઘડિ દિવસ ચઢતાં વરણુ ચારેતણુા જન પૂર્વ,
વાહન વિવિધ શણુગારિ, સ્રી બાળકસહિત ગણિ પર્વ- ૯
આવ્યા તપસ્વી દર્શને, ત્યાં દેખિ પાંડુકુમાર,-
ઉર સર્વનાં અતિ હરખિયાં, વરતી રહ્યો જયકાર. ૧૦
ધૃતરાષ્ટ્ર ભીષ્મ વિદુર અને, બાલ્હીક સત્વર આવ્યા;
સત્યવતિ અંબાલિકા આદે સ્રિયો સૌ લાવ્યા. ૧૧
પરણામ મુનિયોને કરી-બેઠાં સકળજન પ્રીતે;

---

૫ યત્ન-જતન, જાળવણી. યત્ન-ઉદ્યોગ.

કૂદેવનું પૂજન કર્યું, ભીષ્મે પછી શુભ રીતે. ૧૨
તવ તે તપસ્વીઓ વિષેથી, વૃદ્ધ એક મહાન,-
ઊભા થઇ ગંભીર સ્વરથી-ઊચર્યા ગુણવાન. ૧૩
હે ભીષ્મ ને ધૃતરાષ્ટ્ર, ત્યમ આ રાષ્ટ્રના સૌ લોક,
સાંભળો સ્થિર ચિત્તે કરી, ત્યાગિને સંશય શોક. ૧૪
કુરુકુળ નરેંદ્ર સુપાંડુ નૃપ, કરિ કામભોગો ત્યાગ,
શતશૃંગમાં આવ્યો હતો, ઉર ધરી દૃઢ વૈરાગ્ય. ૧૫
તપ આદરી ત્યાં બ્રહ્મ ઋષિ-સરખ્યો બન્યો એ ભૂપ;
સુર શ્રેષ્ઠથી સુત પાંચ આ, એ પામિયોજ અનૂપ. ૧૬
ધર્મથિ યુધિષ્ઠિર, પવનથી ભિમ, ઇંદ્રથી અર્જુન,
અશ્વિનિકુમારથિ નકુળ ને સહદેવ છે નહિ ન્યૂન. ૧૭
કુંતી તણા ત્રણ, માદ્રિના બે, જાણજો નિર્વાણ;
સત્તર દિવસ આજે થયા, નૃપ પામવે નિર્વાણ. ૧૮
માદ્રી મહીપતિ સાથ, સતિ થઇને ગઈ પરલોક;
આ અસ્થિ એનાં લઇ ક્રિયા શુભ કરો ત્યાગી શોક. ૧૯
એમ કહિ પછી તત્કાળ, અંતર્હિત થયા તપધામ;
આશ્ચર્ય અદ્ભુત ઊપન્યું, તે સમય તેણે ઠામ. ૨૦
ધૃતરાષ્ટ્ર આજ્ઞાથી વિદુર, સત્વર થઇ તૈયાર,
પાંડુ માદ્રીની કરાવી ક્રિયા શ્રેષ્ઠ પ્રકાર. ૨૧
મખ પિતૃમેધ કર્યો સુરીતે, મુનિ કહ્યા પરમાણ;
થઇ ક્રિયા અતિ ઉત્કૃષ્ટ, વિપ્રો વિદ્યા એવી વાણ. ૨૨
ત્યાં સત્યવતિ અતિ દુખિ થએલી દેખિને ઋષિ વ્યાસ-
પાસ આવી ઊચર્યા મા, કરો મા કંકાસ. ૨૩
આથી અધિક દુખના દિવસ, અહિં આવશે અવિધાર;
રસ કસવની વસુધા થશે, વધશે અધર્મ અપાર. ૨૪
શું ભણું ભાવી ભૂંડું અતિ, કુળ આપણે અંગાર,
કળિરૂપ દુર્યોધન થયો છે, માનજો નિર્ધાર. ૨૫

---

૧૮ નિર્વાણ—નિશ્ચય. નિર્વાણ-મોક્ષ, દેવલોક પામવું તે.
૨૪ અવિધાર—નક્કી.

તેથી હવે કુરુવંશનો, વિધ્વંસ થાશે અત્ર;
અહિં રહ્યે શુભ જોશો નહીં, હે અંબ શિરનાં છત્ર! ૨૬
માટે સુસાધન દેહનું-કરવા ચહો નિજ ચિત્ત;
છે અનિત્ય આ સંસાર, તે પર રાખશો નહિ પ્રીત. ૨૭

વલણ.

પ્રીત તજી સંસારની, સુણિ હિત વચનો સાર,
સત્યવતી બે વહુ સહિત, ગઇ વનમાં તે વાર રે. ૨૮

કડવું ૧૯ મું.

ભીમનું વિષભક્ષણ અને જલનિક્ષેપ.

રાગ મેવાડો.

વૈશંપાયન કહે સુણ રાજા, જનમેજય ધરિ હેતજી;
પાંડવ પાંચે રહ્યા કુંતિ સહ, તાતતણે સુનિકેતજી. ૧
મૌંજીક્રિયા તેઓની કીધી, ધૃતરાષ્ટ્રે મન મોજેજી;
કૌરવ સાથે પાંડવ મળિને, રમતો રમતા રોજેજી. ૨
બાળક્રિડામાં બહુ વીતાડે, ભીમ ભૈયો કૌરવનેજી;
ઝીકે ઝાલી નાંખે ઉછાળી, ફેંકે ઊંચે ભવનેજી. ૩
દશને બે ભુજમાં ભીડી, મારે ડુબકી ઊંડે જળજી;
ઝાડ ચઢેલા થડ ઢંઢોલી, પાડે જ્યમ પાકાં ફળજી. ૪
દ્વેષ વિના ઉદ્દેશ રમતને, હસવું કરવા વૃકોદરજી,
અજટોળે ગજ ઘૂમ્યા સરખો-દર્શાવે ત્યાં બહુ ડરજી. ૫
એથી ભીમતણું બળ દેખી, દુર્બુદ્ધી દુર્યોધનજી,
ઇર્ષા આણિ મળી ભાઇઓશું, ઘાટ ઘડે ભૂંડા મનજી. ૬
કુંતિતણા ત્રણ પુત્ર વિષે છે-ભીમ ઘણો બળવાનજી;
દ્રોહ કરી તે આપણ સૌનો, ફાટ્યો ફરે મસ્તાનજી. ૭

---

૨૮ બે વહુ—અંબિકા અને અંબાલિકા. ૨ મૌંજીક્રિયા-ઉપવીતસંસ્કાર.

માટે વિષ ભોજનમાં આપી, કરિને પૂરો લદૂજી,
ઝીકિયે ઊંડા જળમાં તો પછિ, ચાલે આપણું ટટ્ટૂજી, ૮
એ મરતાં ચારેને ચતુર્ભુજ-કરિને કરશું રાજજી;
નિશ્ચય કરિ એવો ભાઇઓશું, ઊઠયો દાખી દાઝજી. ૯
પછિ ગંગાતીરે રમણિક શુભ પ્રમાણુકોટી સ્થાનજી-
શણગાર્યું ઠોકી શુભ શિબિરો, જ્યાં હતિ શુભ ઉદ્યાનજી.૧૦
ત્યાં પકવાનો વિવિધ કરાવી-રાખી કરિ તૈયારીજી,
બોલાવ્યા પાંચે પાંડવને, ઢંગ ધૂર્ત્તનો ધારીજી. ૧૧
પાય પડી દુર્યોધન કહે કે, અહો યુધિષ્ટર ભ્રાતાજી!
ચેન નથી હમણાં કંઇ પડતું, ગ્રીષ્મ વિષે ગુણ જ્ઞાતાજી. ૧૨
માટે જળક્રીડા કરિ આજે, ગંગામાં ખુબ ખેલીજી,
તમ' થયેલા પડિયે ટાઢા, રંગ વિષે બહુ રેલીજી. ૧૩
ત્યાં સુખની સામગ્રી સર્વે, પ્રમાણુકોટી માંહેજી—
રાખી છે રૂડી રીતે માટે પધારશો ત્યાંહેજી. ૧૪
આપ પધારો એ નિશ્ચય પર, મેં સેવાને સારૂજી,
રસોઇ પણ તે ઠામ કરાવી, રચના રચાવિછે વારૂજી. ૧૫
માટે ભાઇઓ સહ હે ભ્રાતા, ચાલો તે સ્થળ જઇએજી;
વાહન સજ કીધાં છે સૌનાં, તો ખોટી શિદ થઇએજી. ૧૬
હૃદય હળાહળ મુખમાં અંમૃત, ભેદ ન તેનો જાણીજી,
હા ભણિ ભોળા યુધિષ્ઠિર ઊઠયા, પ્રપંચ નવ પરમાણીજી. ૧૭
વાહન બેસી ગયા કૌરવ સહ, પાંડવ પુરથી પ્રીતેજી;
ગંગા તટપરની રચના જોઇ, રાજી થયા બહુ રીતેજી. ૧૮
જમવા પછિ બેઠા ત્યાં સર્વે, મોદ ધરી મધ્યાનેજી;
ગ્રાસ ધરે અન્યોન્ય મુખે, અતિ સ્નેહે જ્યમ મન માનેજી.૧૯
તે તક સાધી વિષ ભેળેલા-મોદક લઇ દુર્યોધનજી,
ભીમ સમિપ આવી કહે કપટે, રાજી કરો મારૂં મનજી.૨૦
આ કથરોટ તમારે કાજે, ખાસ રખાવિ છે ખાસીજી;

---

૮ ચતુર્ભુજ-બંદીવાન. ૧૦ શિબિર—તંબુ. ઉદ્યાન—વાડી.

માટે તે અરિરોગો વીરા; છે લાડૂ માંહિ છાશીજી! ૨૧
લહાવો આપ સમા બાંધવનો, લેવાની તક આપોજી;
મુજ હાથે ભોજન કરિ ભાવે, અર્જુન ઠામે થાપોજી! ૨૨
આગ્રહ કરિ કર નાંખી કંઠે, વદિને અમૃત વાણીજી,
ભીમ જમાડી ઢીમ થયો, જ્યમ પામ્યો પૂર્ણ કમાણીજી. ૨૩
જમ્યા પછી સૌ જળક્રીડામાં, મગ્ન થયા બનિ મસ્તજી;
રમતો રમતાં જાન્હવિજળમાં, સૂર્ય થયો પછિ અસ્તજી. ૨૪
તવ જળથી બાહ્યર આવી, કોરાં વસ્ત્રો સૌ ધારીજી,–
શિબરોમાં આવી ત્યાં રાત્રી–રહેવા વાત વિચારીજી. ૨૫
ભીમ ઘણું થાકયો તો ઘૂમી, ત્યમ વિષ પણ હતું ચઢિયુંજી,
તેથી સૂતો શુદ્ધિ તજી, જ્યમ શિખર ગિરિનું ઢળિયુંજી. ૨૬
લાગ જોઇ એવો દુર્યોધન, દંશ હૃદયનો દાખ્યોજી;
વેલાથી પગ હાથ બાંધિ, કુંતીસુત જળમાં નાંખ્યોજી. ૨૭

વલણ.

નાંખ્યો ભીમ ગંગા વિષે, ઊંડે જળ નિર્ધાર;
તત્ક્ષણ તે તળિયે ગયો, નિમિષ ન લાગી વાર રે. ૨૮

કડવું ૨૦ મું.

નાગલોકથી ભીમનું પ્રત્યાગમન.

રાગ સારંગ.

ભીમ જળમાં પડયો જેણી વાર, પહોંચ્યો નાગલોકે નિરધાર;
તેના પડવાથી નાગ-નિકેત, ભળ્યાં ભૂમાં સ્ત્રીપુત્રસમેત. ૧
દેખી ચંપાતાં સુત ને દારા, ઉઠયા નાગો ઉરે અંગારા;
તેથી ભીમને ડસવા લાગ્યા, ભયંકર નવ જાએ ભાગ્યા. ૨
વજ્ર સરખા વપૂમાં દાઢો, ભેદી ન શકી કર્યો શ્રમ ગાઢો;
પણ વિષ તેનું વપુમાં સંચરિયું, એથી ખાધેલું ઝેર ઉતરિયું. ૩

તેથી જાગી ઉઠી બળધામ, બંધ તોડી નાંખીને તમામ,
સર્પ સર્વને મારવા લાગ્યો, અહિગણ એથી હબકિને ભાગ્યો. ૪
વાસુકી પાસ અહિ સૌ આવી-ઊચર્યા શિર નીચાં નમાવી;
નાથ! નર એક પીડે છે અમને, ટાળો તે દુખ કહિયે તમને. ૫
એમ કહિ કહ્યું સર્વ વૃત્તાંત, ભાગિ વાસુકીમનની ભ્રાંત;
સુણી સર્પોનિ વિનતી પોતે, ઉઠયો અહિપતિ સત્વર જોતે. ૬
આવી જોયો ભયાનક ભીમ, દીર્ઘ બાહુ બળ વીર્ય અસીમ;
અહિ આર્યકે ઓળખ્યો એને, ભાણો કહિને ભેટયો ત્યહાં તેને.૭
વાસુકી કહે આર્યક ભાઈ, એ ભિયાશું કહો શી છે સગાઈ?
એ છે મુજ દૌહિત્રનો દૌહિત્ર, માનો સાચું હે પરમ પવિત્ર. ૮
સુણી આર્યક-સગપણ સારૂં, વાસુકી વહાલ પ્રગટિયું વારૂ;
તેથી આર્યકને કહે એમ, કહો હિત એનું કરવું કેમ? ૯
એને આપો મણી મોતી દાંન, જેથી થાય એ પૂર્ણ પ્રસન્ન;
થયા આપ પ્રસન્ન તો ધંન, આપવું શું હે સર્પ રાજંન! ૧૦
એને તમકુંડનો રસ પાઓ, જો ઉદાર ખરા ઉર થાઓ;
દશ સહસ્ર હસ્તી-બળ આપે, એવો રસ છે એ આપ પ્રતાપે.૧૧
તમે તેમ કરો નથિ ચિંતા, ભલે ભાણેજ છો રસ પીતા;
નાગોને કહ્યું સ્થિર મન થાજો, એને રસ પરિપૂરણ પાજો.૧૨
પછી નાગોએ વિનતી ઉચારી, પિયો રસ ભ્રાત ત્યાંહિ પધારી;
થઈ પવિત્ર રહી પૂર્વ મૂખે, રસ પીવા લાગ્યો ભીમ સૂખે. ૧૩
એક ઘૂંટડે રારંડ સડાકે, કુંડ ખાલી કર્યો ત્યાં તડાકે;
બીજો ત્રીજો એવી રીતે આઠ, આઠ પળમાં કરી ગયો પાઠ!૧૪
પછી સુખશય્યાપર આવી, પોઢયો લક્ષ નિદ્રાનો લાવી;
ઘેનમાં ઘેરાયો તત્કાળ, વાજાં ઊંઘનાં વાગ્યાં વિશાળ. ૧૫
પાંડવ કૌરવની કહું પેર, થયા તત્પર જાવાને ઘેર;
દીઠો ભીમને નહિ તે ઠામ, આગળ પહોંચ્યો હશે ધાર્યું આમ.૧૬
પછી હસ્તિનાપુર સૌ આવ્યા, નિજ નિજ સ્થળ સર્વ સિધાવ્યા;

૪ અહિગણ—નાગનો સાથ કે ટોળું.

દુર્યોધન પ્રાસસહિત એ વાર, ઉમગ્યો ઉરમાંહિ અપાર. ૧૭
ભ્રાતૃવત્સલ યુધિષ્ઠિર ધીર, માત પાસ આવી નામી શીર,
વધ્યા શ્વાસ ભર્યા તેણિવાર, ચિંતાતુર થઇ ઉરમાં અપાર. ૧૮
હે મા, આવ્યો છે ભીમ શું અહીં? આવ્યો તો કહો વાટ્યોછે કહીં?
નથી આવ્યો શું ઊઠીને અત્ર? અમે ખોળ્યો અતીશય તત્ર. ૧૯
આગળ આવ્યો હશે જાણી એમ, અત્ર આવ્યા અમે જેમ તેમ;
મોકલ્યો શું તેને કો કામે, તે કહો તો આ ચિત્ત વિરામે. ૨૦
સુણી પુત્રનો આ સમાચાર, કુંતીએ કર્યો હાહાકાર;
ભાઇઓ કયાં ભૂલી આવ્યા એને, લાવો સત્વર ખોળીને તેને.૨૧
મારો ભીમડો ભૂલો રે પડિયો, વેરી વહાલાંમુઓ કોઇ નડિયો;
મારા ભૂખાળવા રે હો ભાઈ,તને મળિયો શું કોઇ કસાઈ?! ૨૨
કરિ કલ્પાંત વિદુર બોલાવ્યા, તેહ સત્વર થઈ ત્યાં આવ્યા;
કુંતિ કહેછે વિદુર સુણો વાત, આજ ભાસે મને ઉત્પાત. ૨૩
બાગમાંથી બાંધવ સૌ આવ્યા, પણ ભીમને નવ કો લાવ્યા;
નથી ત્યાં, નથી આવિયો અત્ર,ખોળ્યો ચારેએ શ્રમથી સર્વત્ર. ૨૪
એનું કારણ શું હશે ભ્રાત, મને મનમાં પડે અતિ ભ્રાંત;
રાજ્યલોભી દુર્યોધન, દુષ્ઠ, ક્રૂર પાપી એ છે અતિપુષ્ટ. ૨૫
એનો દ્વેષી એ છે પરિપૂર્ણ, તેણે સુખં શું કર્યું મુજ ચૂર્ણ!
મારા ઘેલાને ગત, શું કીધો! ક્રૂર કર્મ કરતાં નવ બીધો. ૨૬
કુંતિનો ક્લેશ દેખી વિદૂર, વધ્યા સાંત્વન કરવા શૂર;
ભીમચિંતાને મનથી ભાગો, ચારે રક્ષણમાં અનુરાગો. ૨૭
ચર્ચા કરવાથી વાત ચૂંથાશે, દુષ્ટ પુષ્ટ અંતીશમ થાશે;
આયુષ્યવાન છે પાંચ એ પુત્ર, તે શોભાવશે શુભ ઘરસૂત્ર. ૨૮
મુનિઓ કહ્યું વ્યર્થ ન થાશે, વિઘ્ન વાદળ ઝટ વિખરાશે;
દઈ ધિરજ વિદુર એ પેર, ગયા ગુણવંતા નિજ ઘેર. ૨૯
વૈશંપાયન કહે સુણ ભૂપ, ઊઠયો ઉંઘથી ભીમ અનૂપ;
તેનું સાંત્વન કરિ કહે નાગ, થાઓ જાગૃત હે મહાભાગ! ૩૦
દશ સહસ્ર હસ્તીબળ આપ–પામ્યા છો રસપાન પ્રતાપ;

હવે દિવ્ય જળે કરી નહાઓ, સિદ્ધ અન્ન હું એથી ખાઓ. ૩૧
વહાલાં જોતાં હશે ઘેર વાટ, ટાળો તેમનો જઇને ઉચાટ;
એમ કહિ કરી સરભરા સાર, કર્યો તત્પર પાંડુકુમાર. ૩૨
આપી જડિબુટ્ટી આશિષ સાથે, ચાલ્યા નાગો વળાવા સંઘાતે;
આણ્યો નાંખ્યો હતો જેહ સ્થાન, અહિ થઇ ગયા અંતરધ્યાન. ૩૩
પછી ભીમ ત્વરાથકી પળિયો, માત ભ્રાતને જઇને મળિયો;
ખુશીના ખળકા નવ ખળિયા, ભુજ ભરિ ભ્રાત ચારે મળિયા. ૩૪
વચ્છ ખોવાયલું દેખિ ગાય, તલપાપડ જ્યમ અતિ થાય;
ત્યમ કુંતી થઇ હર્ષઘેલી–ભેટી, આસું રહ્યાં આંખ રેલી. ૩૫
સ્થિર થઇને પૂછ્યો સમાચાર, વીર કયાં લાગી આવડી વાર?
માંડિ કહ્યું પછિ સર્વ વૃત્તાંત, તે સુણીને થયાં સૈ શાંત. ૩૬
યુધિષ્ઠિર કહે ભીમને ભ્રાત, રાખજે મનમાં બનિ વાત;
નાગલોકની નવિન સુરિદ્ધ, કરતો નવ કયાંહિ પ્રસિદ્ધ. ૩૭
શીખ આપી ઘણી ગુણવાન, ભ્રાત સહિત રહે સાવધાન;
પાંચે પૂઠ ન કોઇની મેલે, સાથે ખાય પીએ અને ખેલે. ૩૮
એક સમય વળી તક સાધી, દુર્યોધને કીધ ઉપાધિ;
વિષ ભીમભોજનમાંહિ ભેળ્યું, પચી ગયું તેહ, દુખ ન રેલ્યું. ૩૯
એ રીતે દુર્યોધન, કર્ણ, શકુની શોધે પાંડવમર્ણ,
પણ વિદુરની શીખ વિચારી, કહે નવ કોઈને ધીર ધારી. ૪૦

વલણ.

ધારી ધીર ધીમંત તે, પાંચે ગુણિયલ ભ્રાત,
પ્રપંચ પેટ સમજી રહે, ન કરે કોને વાત રે. ૪૧

કડવું ૨૧ મું.

ભીષ્મ અને દ્રોણનો સમાગમ.

રાગ રામગ્રી.

થાતા રમતમાં ઉન્મત કુમારજી, ધૃતરાષ્ટ્રે કરીને વિચારજી,
કૃપાચાર્યને સોંપ્યા કેળવવાજી, ધનુર્વિદ્યા ધીમતથી મેળવવાજી. ૧

ઢાળ.

મેળવવાને ધનુર્વિદ્યા, કૃપાચાર્યનિ પાસ,
કૌરવ પાંડવ સાથ યાદવ–વશ્યાતા ત્યાં વાસ. ૨
બિજા પણ બહુ રાયના, સુકુમાર શિખવા કામ,—
આવ્યા હતા ઉત્સાહથી, ગૌતમ ગુણીને ઠામ. ૩
શીખ્યા સરવ કૃપની કૃપાથી, ધનુર્વેદ સુધીર;
શસ્ત્ર અસ્ત્ર પ્રવીણ થઇ, બળે હવા બાવનવીર. ૪
તોપણ વિશેષ પ્રવીણ કરવા, નિજકુળના સુકુમાર,
ભીષ્મ કો આચાર્ય શોધન કર્યા કરતા સાર. ૫
એવામાં એક દિવસ કુંવરો, નગર પાદર માંહે,–
હતા રમતા મોઇ દંડે, નીપન્યું શું ત્યાંહે. ૬
રમત રમતાં ગિલ્લિ પડિ, જળરહિત કુપ મોઝાર;
તે કાઢવા શર સાધિયાં, સૌએ વિવીધ પ્રકાર. ૭
કીધા પ્રયત્ન અનેક પણ, કાઢી શકયા નહિ શૂર;
હારી રહ્યા, મુખ જોઇ રહ્યા, અન્યોન્યનાં બિણ નૂર. ૮
એવે અચાનક પાસ જોયો, વિપ્ર નિ:સંદેહ;
છે કેશ જેના શ્વેત, વપુ છે શ્યામ દુર્બળ દેહ. ૯
તેણે કહ્યું કે ધન્ય છે! હે ધનુર્વિદ્યા ધીર!
નથિ મણા કોમાં કાંઇ પણ, તાણવા નિષ્ફળ તીર!! ૧૦
નથિ મોઇ નીકળતી તમોથી સાંધતાં શર સાર,

---

૩ ગૌતમ—કૃપાચાર્ય. (ગૌતમ નામ, એમના ગોત્ર ઉપરથી કહેવાતું હતું.)

અજવાળું આગળ અવનિમાં, તમથકી છે શું થનાર! ૧૧
શીખ્યાવિના સાહસ કરેલું, વ્યર્થ સઘળું જાય;
કળવિના બળ કરવાથિ કુંવરો, કામ નામ ન થાય. ૧૨
આ જુઓ તમ આગળ હું—વૃદ્ધ છતાં પરાક્રમ દાખું;
ગિલ્લી પડેલી છે તમાપી, વીંટિ પણ મહિં નાંખું. ૧૩
એ વસ્તુ આપું કાઢિ તમને, મુજ વિદ્યાથી વીર;
ભોજન મુજને આપજો, હે ધર્મધુરંધર ધીર. ૧૪
એમ કહિ નિજ મુદ્રિકા, કૂપમાં નાંખી તર્ત;
તવ યુધિષ્ઠિર વાણી વધ્યા, છો આપ શ્રેષ્ઠ સમર્થ. ૧૫
આજ્ઞા ગુરૂની જો થશે તો, સદૈવ દેશું અન્ન;
તે વિપ્ર કહે તવ ઠીક છે, છું એમ પૂર્ણ પ્રસન્ન. ૧૬
મંત્રેલિ શળિયો મારિનું, પેખો પરાક્રમ પૂર્ણ;
એ મોઇ કાઢી આપશે, તમ દેખતાં અહિં તૂર્ણ. ૧૭
કહિ એમ નાંખી એક તે, ઘોચાઇ જઇ તે મોઇ;
પહેલિને ચોંટી બીજિ જઇ, બીજિને ત્રીજી સોઇ. ૧૮
શળિયોનું એ રિત કૂપમુખ—સૂધી કરી સંધાન,—
ખેંચિ કાઢિ મોઇ દે ઝટ, વિપ્ર શામળવાન. ૧૯
આશ્ચર્ય અતિશય પામિયા, એથી કુંવર ત્યાં સર્વ;
ડોસાનિ દેખિ અપૂર્વ શક્તી, ગળ્યા સૌના ગર્વ. ૨૦
પછિ વીંટિ કાઢી આપવા, વિનતી કરી તે વાર;
તે કાઢવા ધોળી મુછાળા, થયા તર્ત તૈયાર. ૨૧
એક બાણ યોજ્યું એહવું, કે વીંટિ વીંધી તર્ત,—
આવિયું તે લઇ કૂપથી, જે પડ્યું સૌની સર્ત. ૨૨
પેખી પરાક્રમ વિપ્રનું, પ્રણમ્યા કુંવર સૌ પાય;
સ્તુતિ કરી બે કર જોડિને, છે ધન્ય હે દ્વિજ રાય! ૨૩
છો કોણ આપ પ્રવીણ, અદ્ભુત શક્તિના ભૂદેવ,
આજ્ઞા કરો કયિ પેર કરિયે, આપની અહિં સેવ. ૨૪
તે સાંભળી વાડવ વધ્યા કે, ભીષ્મને જઇ ભાખો,

---

૧૭ તૂર્ણ—સત્વર, જલદી.

તે ઓળખી શકશે મને, ગુણજાણુ છે મુજ આઓ. ૨૫
પછિ ભીષ્મ પાસે કુંવર સઘળા–જઈ કહ્યું વૃત્તાંત;
એ દ્રોણ છે એમ ઓળખ્યા, તેણે તરત નિર્ભ્રાંત. ૨૬
તેથી કુમારોના ગુરૂ–કરવા કરી નિર્ધાર,–
બોલાવિયા બહુ હોંશથી, આવ્યે કર્યો સત્કાર. ૨૭
કરજોડિ ભીષ્મે પૂછ્યું, હે દ્વિજ શ્રેષ્ઠ પરમ પવિત્ર,
પાવન કર્યું કયમ હસ્તિનાપુર, અખિલ જગના મિત્ર.૨૮
તવ દ્રોણ કહે હે ભીષ્મ, હું ને દ્રુપદ કોઇક વેળા,–
અગ્નિવેશ ઋષીગૃહે, ભણતા હતા રહિ ભેળા. ૨૯
દઢ સ્નેહ બેનો બહુ થયો તો, તવ દ્રુપદ તે વાર,
બોલ્યો હતો મુજ રાજ્ય મળતાં, દઇશ તુજ નિર્ધાર. ૩૦
પછિ અસ્ત્રવિદ્યા શીખિને, તે ગયો નિજપુર નેટ;
વચન તેહ્નું વીસર્યો નવ, રાખ્યું તે મુજ પેટ. ૩૧
જઇ ઘેર હું પરણ્યો સુનારી, પુત્રઇચ્છા ધારી,
તેથી થયો સુત સૂર્યશો. આશાફળિત હવિ મારી. ૩૨
શ્રીમંતના શિશુઓનિ સાથે, પુત્ર રમતો રોજ;
કરિ હાસ્ય તેનું છોકરા–કહેતા, જુઓ આ રોઝ! ૩૩
કારણ કહું તેનું તમોને, ભીષ્મ હે ગુણવાન,
એ દેખતાં પાડોશિ સુત–કરતાં હતા પયપાન. ૩૪
તેથિ ઘરમાં આવિને, રડતો હતો મુજ પુત્ર;
મનમાં મુંઝાતો હું અતી, એથી ગરિબ ઘરસૂત્ર. ૩૫
ધેનુ મેળવવા અટન, મેં–કર્યું ન સર્યું નેટ;
ધનરહિત પેટ પ્રજા પડી તે, વળગિ જાણી વેઠ! ૩૬
લોટવાળું પાણિ કરિ, પછિ છોકરા તે પાસ,–
"આ દૂધ છે લે પી અલ્યા," કહેતા હતા કરિ હાસ.૩૭

---

૨૬ દ્રોણ—દ્રોણાચાર્ય. (દ્રોણ હસ્તિનાપુરમાં પોતાના સાળા કૃપાચાર્યને ત્યાં આવી છાના રહ્યા હતા. કૃપાચાર્યને ન્હાનપણથી શંતનુ રાજાએ લાવી પાળ્યા હતા, ત્યારથી તે હસ્તિનાપુરના રાજદ્વારમાં રહેતા હતા.)

તે દૂધ જાણી પી જતો, ખુશિ થતો એથિ અપાર;
નાચતો "પીધું દૂધ" કહિ, નિર્દોષ તે નિર્ધાર. ૩૮
એથિ લોકો નિંદતા, મુજને વિવીધ પ્રકાર;
આ અશ્વત્થામા તાતને છે, ધરણિમાં ધિક્કાર. ૩૯
પાપિષ્ટ પરસેવા ન સ્વપ્ને, મેં કરી'તી લેશ;
દીનતા દુખથી હારિ, સંભારી દ્રુપદની દેશ. ૪૦
મુજ મિત્ર રાજા છે થયો, તે ટાળશે મુજ દુઃખ;
ભૂપતિ સખાને ભેટતાં, ભાગશે ભવની ભૂખ. ૪૧
પુત્રહિત માટે હું મારો-ટેક ત્યાગી તર્ત,
પરિવાર સાથે પરવર્યો, દ્રૂપદ-વચન ધરિ સર્ત. ૪૨
દ્રૂપદ કને જઇ કહ્યાં વચનો, પૂર્વનાં નિર્ધાર;
હે મિત્ર! તુજ તક આવિ છે આ, કર હવે સત્કાર. ૪૩
તે સુણી અગુણિ મદાંધ દ્રૂપદ, ઊચર્યો તે વાર,
દરિદ્રી શું મહિપમૈત્રી, કશી મૂર્ખ વિચાર ! ૪૪
વચન શું ને વાત શી, હે ધૂર્ત્ત વિપ્ર વિચિત્ર,
એક ટંક સીધું લેઇ જા, પહોંચ્યો તું મારો મિત્ર ! ૪૫
વિષમ વચનો સુણિ દ્રુપદનાં, ચઢી મુજને રીશ,
ચિત્ત ચહ્યું હે અભિમાનિ, તારૂં વેર્દું સવ્ય કરીશ. ૪૬
તુજ વચન સાચું કરિશ, ચિંતા રાખતો નવ લેશ;
આપ્યું ન તે હું લઇશ, મા પૂલીશ ફોક વિશેષ. ૪૭
નિશ્ચય કરિ એમ નીસર્યો, વિર શિષ્ય કરવા માટ,
જે શીખિ મુજ વિદ્યા હરે, મુજ ઉરતણો ઉચ્ચાટ. ૪૮
કહે ભીષ્મ વળતી વિપ્ર હે, રહો અત્ર સ્નેહસહીત;
આ રાજ્ય સઘળું આપનું-માની કરો નીજ હીત. ૪૯
શીખવો વિદ્યા આપની, સૌ કુંવરને વિદ્વાન,
છો યોગ્યગુરુ કુરુવંશિને, ભૂદેવ દૈવતવાન. ૫૦

---

૪૨ સર્ત—સરત, સ્મૃતિ.

વલણ.

દૈવતવાન દીઠા નહીં, તમ સરખા મહિમાંહિ;
અનુગ્રહ કરવા અમ સકળ, દ્રોણ પધાર્યા આંહિ રે. ૫૧

કડવું ૨૨ મું.

દ્રોણથી કુંવરોની કેળવણી.

રાગ વેરાડી.

દ્રોણગુરૂને પછિ ભીષ્મે, વેતન[1] સારૂં કરિ આપ્યું;
રહેવા ઘર ઉત્તમ અર્પીને, કુંવર-ગુરૂપદ સ્થાપ્યું. ૧
કૌરવ પાંડવ સાથ લઈને, ભીષ્મ જઈ ગુરુ પાસે,
સોંપ્યા શિષ્ય કરો આ પુત્રો, એમ કહી ઉલ્લાસે. ૨
સ્વાધિનમાં લીધા સ્નેહેથી, દ્રોણે રાજકુમાર;
પછિ કહ્યું એકાંતે તેઓને, કાઢી ઉરઉદ્ગાર. ૩
હે શિષ્યો ! અસ્ત્રતણી વિદ્યા, શીખી રહો શુભ જ્યારે,
મુજ સંકલ્પ સુસિદ્ધ કોણ-કરશો તમમાંથી ત્યારે? ૪
મુજ ધારેલું પાર પાડવા, વચન આપવા વારૂ,
આગળ કોણ પડે છે હમણા, તમ સમિપે રહિ ધારૂં. ૫
વચન ગુરૂનાં સુણિને સઘળા, શિષ્ય થઇ ગયા શૂન્ય;
અર્જુન આગળ પડિ બોલ્યો, હું કરિશ તમારે પુણ્ય. ૬
એમ કહીને વચન આપિયું, ઉરને શુભ ઉદ્ગારે;
દ્રોણ હરખથી સ્નેહ સહિત-ભેટ્યા અર્જુનને ત્યારે. ૭
સૂંઘી મસ્તક હર્ષાશ્રૂથી, અભિષેક્યો અર્જુન,
પછિ પ્રીતે શીખવવા લાગ્યા, સૌને નહિ મહીં ન્યૂન. ૮
દિવ્ય અને માનુષ અસ્ત્રોનો, મંડાવ્યો અભ્યાસ,

---

૧ વેતન—દરમાયો.

જે શિખવા યાદવ આદિકના-કુંવર વશ્યા'તા ધાસ. ૯
સૂતપુત્ર રાધેય કર્ણ પણ, ત્યાં રહિ ભણવા લાગ્યો;
દુર્યોધન મળતો રહિ, પાંડવ અહિત વિષે અનુરાગ્યો. ૧૦
પણ પ્રયોગ ઉદ્યોગ ભુજાબળ, ગુરુસેવાએ કરિને,
અર્જુન ગુરુ સરખો બનિયો, દૃઢતાથી ધીરજ ધરિને. ૧૧
સમાન શિક્ષણ દેતાં પણ, આગળ વધિયો જોઇ એને,
દ્રોણે સ્નેહ ધરીને સૌથી, શ્રેષ્ઠ ગણ્યો શુભ તેને. ૧૨
અંધારે શર દેખિ સાંધતો, અર્જુનને ગુરુ જોઈ,
ભેટી ભાવે બોલ્યા હે ભાઇ, તુજ સરખો નથિ કોઈ. ૧૩
તુજપર તુષ્ટ થયો છું તેથી, કરિશ યત્ન હું એવો,
ધનુર્ધારિ ધરતીમાં અર્જુન, થશે નહીં તુજ જેવો. ૧૪
હે પરિક્ષિતસુત, એમ કહીને, ગજરથ હય પાળાથી,
કળા યુદ્ધ કરવાની શિખવી, બહુથી બળવાળાથી. ૧૫
ગદા ખડ્ગ તોમર ને ફરસી, શક્તિ પ્રાસનું યુદ્ધ-
શીખવવા માંડ્યું સૌને, આપી કરમાં આયુધ. ૧૬
એકે સમયે અનેક શર ચોડ્યાની યુક્તી શિખવી;
દ્રોણ સમો ગુરુ નથિ અહિં બીજો, ખ્યાતિ બધે એવિ હુવી. ૧૭
એથી બીજા રાજકુમારો, શિખવા તે સ્થળ આવ્યા;
એકલવ્ય સુત ભીલ તણાને, મન એ ગુરુ બહુ ભાવ્યા. ૧૮
તેથી તે પણ આવ્યો ત્યાંહે, શિખવા થઇ અતિ શાણો;
નિષાદપતિ હીરણ્યધનુષનો-કુંવર હતો તે જાણો. ૧૯
ભીલભૂપસુત વધશે સૌથી, દ્રોણે એવું ધારી,
ના પાડી 'અધિકારી તું નથિ' એવું મુખ ઉચ્ચારી. ૨૦
ગુરુ એ ના પાડી શીખવવા, તેથી રોષ ન આણી,
એકલવ્ય વનમાંહિ ગયો, પ્રણમી નિજ દોષ પ્રમાણી. ૨૧
વનમાં જઇ માટીનિ મૂર્તિના-દ્રોણ સ્થાપિને તેણે,

---

૧૦ સૂત—સારથી. (કર્ણને ગંગામાંથી અધિરથ નામના સારથીએ કાઢી છોકરો કરી રાખ્યો હતો. તે સૂતની સ્ત્રીનું નામ રાધા હતું, માટે કર્ણ રાધેય કહેવાતો હતો.

ગુરુ માની અભ્યાસ આદર્યો, અસ્ત્રતણો શુભ એણે. ૨૨
પરમ નિયમ પાળીને પ્રીતે, ગુરુને સન્નિધ જાણી,
સ્વાશ્રયથી શીખ્યો શરવિદ્યા, આસ્તિકતા ઉર આણી. ૨૩
એક સમય કૌરવ પાંડવ લઇ ગુરુઆજ્ઞા ધરિ હર્ષે,—
મૃગયા કરવા વિચર્યા વનમાં, જોવા નિજ ઉત્કર્ષ. ૨૪
તેવે વિધિયોગે કોઇ પારધિ, લઇ પારધની વસ્ત,
શ્વાન એક લઇ પળિયો પાછળ, ધનુષબાણ ધરિ હસ્ત. ૨૫
મૃગયા માટે વનમાં ફરવા-લાગ્યા સર્વે જ્યારે,
ફરતો ફરતો શ્વાન ગયો, એકલવ્ય પાસે ત્યારે. ૨૬
નિશ્ચલ રહિ નિજ જાતે તે, શરવિદ્યા સાધન કરતો;
ભૂખતરશભય પરહરિને, નિજ કાર્યે વિષે ચિત ધરતો. ૨૭
મેલ ચઢ્યાથી સીસમ સરખો, રંગ થયો'તો તેનો;
જટા અને મૃગચર્મથિ વરવો વેષ બન્યો'તો એનો. ૨૮
ભૂત સરીખો ભાળી કૂતરે, ભસવા માંડ્યું એને;
સાત બાણ સાથે યોજીને, ચૂપ કર્યો ઝટ તેને. ૨૯
ભસતા મુખમાં એવી રીતે, શર જઇ સત્વર લાગ્યાં,
જાણે મુખ દાટો દેવાયો, પણ નહિ એને વાગ્યાં. ૩૦
પછી કૂતરો ભાગ્યો ત્યાંથી, ભય પામીને ત્યારે;
આવ્યો રાજકુમારો પાસે, વિસ્મય કરતો ત્યારે. ૩૧
શ્વાનમુખે શર આ રીતે, મારેલાં દેખી સર્વે,
અતિ આશ્ચર્ય ધરી સ્તુતિ કરિને, ગાળ્યો મનનો ગર્વ. ૩૨
અહો વીર આ'વો કોણ હશે! શંકા એવી આણી,
શોધન તેનું કરવા લાગ્યા, નિજથી ચઢતો જાણી. ૩૩
અતિ શ્રમથી અથડાઈ વનમાં, શોધી કાઢ્યો તેને;
દીઠો'તો પૂર્વે તોપણ કો, ઓળખિ ન શક્યા એને. ૩૪
તવ પૂછ્યું તું વીર કોણ છે? અપૂર્વ શક્તીવાળો;

---

૨૪. ઉત્કર્ષ—સરસાઇ. બાણવિદ્યામાં પોતાની સરસાઇ જોવા વનમાં ગયા.

દ્રોણગુરુશિષ્ય હું હિરણ્યધનુષ્યસુત-છું વનવાસી ભાળો! ૩૫
એકલવ્ય છે નામ માહરૂં, ધનુર્વેદ કંઇ જાણું;
દ્રોણગુરૂ પરતાપ શિખ્યોછું, ઉર અભિમાન ન આણું. ૩૬
કથન સુણી તેનું પછિ કુંવરો, પુરમાં જઇ ગુરુ પાસે,
વનની વાત બધી કહિ માંડી, મનમાં વિસ્મય ભાસે. ૩૭
અર્જુન એકાંતે મળિ ગુરુને, કહે હે ગુરુ ગુણવાન!
કહ્યું'તું આપે 'કોઇ શિષ્ય તુજથી વધશે નહિ માન'. ૩૮
તો આ શિષ્ય તમારો વધિયો, ભીલપુત્ર કયમ? ભાળો;
કયિ રિત ક્યારે દીધ પ્રસાદી, તે કહિ સંશય ટાળો. ૩૯
અર્જુનકથન સુણી સંભ્રમ થઇ, દ્રોણ ઉચરિયા એવું;
શું પ્રિય અર્જુન આ કહેછે તું! જે છે અચરજ જેવું. ૪૦
ચાલ મને દેખાડ શિષ્ય એ, મુજને ભ્રમ અતિ ભાસે;
એમ કહી અર્જુન લઇ સાથે, દ્રોણ ગયા તે પાસે. ૪૧
જઇ જોયું તો મેલભરેલો જટાધારિ ત્યાં જોયો;
શરસંધાન વિષે જિવ જેનો, છે પ્રીતેજ પરોયો. ૪૨
આવ્યા તેની પાસ દ્રોણ તવ, પ્રણમ્યો તે અતિ પ્રીતે;
વિધિવત્ પૂજા કરિ કર જોડી, ઉચર્યો ત્યાં આ રીતે. ૪૩
હે ગુરુ! શિષ્ય તમારો હું છું, સંશય ઉર નવ આણો;
સેવા કરી સ્વિકાર, મને-પોતાનો આપ પ્રમાણો. ૪૪
ત્યારે દ્રોણ વદ્યા તું જો કદિ, શિષ્ય હોય મુજ સાચો
તો દે ગુરુદક્ષણા મને, વ્યવહાર એ વિના કાચો. ૪૫
પ્રસન્ન થઇ તવ તે બોલ્યો, ગુરુ કૃપા કરીને માગો,
ઓશિંકળ છું આપતણો, નથિ આપ કહ્યાથી આઘો. ૪૬
દ્રોણ વદ્યા તુજ જમણા કરનો-અંગૂઠો દે મુજને,
એથિ વિશેષ નથી કંઇ કહેવું, એકલવ્ય અહિં તુજને. ૪૭
દારુણ વચનથી દુખ નવ ધરતાં, પાળિ પ્રતિજ્ઞા પ્રીતે;
દક્ષિણ કર અંગૂઠો કાપી—દીધો ત્યાં વણ ભીતે. ૪૮
અંગૂઠા વિણ આંગળિયોથી, બાણયોજવા કેરી-

શક્તી આગળ સરખીં ન રહી, ગુરુએ લીધો ઘેરી. ૪૯
અર્જુન એથી અતિ આનંદ્યો, વચન ગુરૂનું પળિયું;
અર્જુનથી અધિકો કો ન થશે તે ફળ આજે ફળિયું. ૫૦
દ્રોણુતણી શાળાનું જનમેજય, સાંભળ પરિણામ;
ગદાયુદ્ધમાં ભિમદુર્યોધન, અધિક થયા અભિરામ. ૫૧
ગુપ્તમંત્રમાં અશ્વત્થામા, વધ્યો સર્વેથી સારો;
ખડ્ગયુદ્ધમાં માદ્રીસુત બે, શ્રેષ્ઠ સર્વથી ધારો. ૫૨
રથ બેસી સંગ્રામ જીતવા, ધર્મ ગણાયા ધીર;
અતિરથિ સર્વ વિદ્યાવિદ અર્જુન, થયો સર્વને શીર. ૫૩
શિષ્યપરિક્ષા માટે દ્રોણે, કુર્કટ એક કરાવ્યો;
વૃક્ષ ઉપર મૂકાવી છાનો, ઠીક ઠરાવ ઠરાવ્યો. ૫૪
રાજકુમારો બોલાવી ગુરુ, ઉચર્યાં ત્યાં આ રીતેઃ
આ પક્ષીપર લક્ષ કરો, તાકીં નિશાન સ્થિર ચિત્તે. ૫૫
સાંધિ બાણુ સર્વે લક્ષ કરી, ઊભા ત્યાં પછિ જ્યારે,
પ્રથમ યુધિષ્ઠિરને પૂછ્યું, ગુરુએ આગળ રહિ ત્યારે. ૫૬
આ પક્ષી વૃક્ષ અને હું ત્યમ, તુજ ભાઇઓમાં ભ્રાત,
શું તારી નજરે દેખેછે? કહે તે સાચી વાત. ૫૭
કહે યુધિષ્ઠિર સૌ દેખુંછું, શી આજ્ઞા છે આપ;
ગુરુ કહે આઘા થાઓ તમે, મા વ્યર્થ ચઢાવો ચાપ! ૫૮
પછિ દુર્યોધન ભીમ અને સર્વેને એવી રીતે,-
ગુરુએ પૂછી પાર લહી, અળગા કીધા અપ્રીતે. ૫૯
પછિ પ્રીતે અર્જુનને પૂછ્યું, આ સઘળામાં વીર,
શું દેખેછે? તવ અર્જુન કહે, કુર્કટકેરૂં શીર. ૬૦
અર્જુનવચન સુણી હર્ષિત થઇ, દ્રોણુ વધા તે વાર,
વીર લક્ષવેધી તું સાચો, સૌમાં છે નિર્ધાર. ૬૧
એમ કહી આજ્ઞા આપી, શર મુકવા સત્વર તર્ત,
અર્જુનબાણે કુર્કટ શિર, છેદી નાંખ્યું એક સર્ત્ત. ૬૨
એ જોઇ દ્રોણુ પ્રસન્ન થઈને, ઉરમાં ધાર્યું એવું,

અર્જુનથી દ્રૂપદમદ નિશ્ચય, હરિશ હવે થયું તેવું. ૬૩
શિષ્યો સાથે સ્નાન કારણે, દ્રોણ ગયા દિન એક;
ગંગામાંથી ગ્રાહે ગ્રસિયા, સાંથળ સૂધી છેક. ૬૪
ગ્રાહમુખેથી છુટવા પોતે, હતા સમર્થ તથાપી,
મારિ ગ્રાહ છોડાવા નિજને, સૌને આજ્ઞા આપી. ૬૫
ફાંફાં લાગ્યા સર્વ મારવા, ગભરાઈ એ વાર;
અર્જૂને નિજ પાંચ બાણથી, તરત કર્યો તે પાર. ૬૬
એથી પ્રસન્ન થઇને દ્રોણે, કરી પ્રશંસા તેની;
વિધિવત્ શિખવી બ્રહ્મઅસ્ત્ર, આપ્યું શક્તી જોઇ એની. ૬૭
અર્પતાં બ્રહ્માસ્ત્ર વદ્યા ગુરુ, સાવધાન શુભ રહિને,
વાવરજે આ અસ્ત્ર અનૂપમ, વિવેક રૂડો ગ્રહિને. ૬૮
માનવપર એ મા અજમાવિશ, એથી અનર્થ થાશે;
સ્વલ્પ તેજવાળાપર મૂકયે, જગત પ્રલય થઇ જાશે. ૬૯
અડિ વેળે ઉપયોગતણું છે, દુર્જય શત્રૂ સારૂ:
માનવવિણ મોટા અરિ સામે, મુકવું તે છે સારૂં. ૭૦
શીખી શુભ બ્રહ્માસ્ત્ર ગુરૂની–આજ્ઞા કરી સ્વિકાર;
પ્રસન્ન થઇને દ્રોણે તવ, આ રીતે કર્યો ઉચાર:– ૭૧
હે અર્જુન, ભૂતળમાં તુજશો, ધનુર્ધારિ નવ થાશે;
બાણાવળિઓ બહુવિધ તારા, ગુણ અવનીમાં ગાશે. ૭૨

વલણ.

ગાશે ગુણ તારા ભલા, ભલા ભલા હે ભ્રાત;
હે અર્જુન, તું વિશ્વમાં, પ્રૌઢ થઇશ પ્રખ્યાત રે. ૭૩

કડવું ૨૩ મું.

કુંવરોની પ્રસિદ્ધ રીતે અસ્ત્રપરીક્ષા.

રાગ ધનાશ્રી.

વૈશંપાયન કહે જનમેજય, સુણ પૂર્વજ વૃત્તાંતજી;

દ્રોણ જઈ ધૃતરાષ્ટ્રનિ પાસે, કહે સુણજો થઈ શાંતજી. ૧
અસ્ત્રવિદ્યા કુંવરો શીખિ રહ્યા, માટે પરીક્ષા સારૂજી,
કરવિ યોજના જોઇએ આપે, મત એવું છે મારૂંજી. ૨
ભીષ્મ વિદુર ને કૃપાચાર્યે, સોમદત્ત અને બાલ્હીકજી;
વ્યાસ આદિ સૌ સંબંધીતણો ત્યાં, ઠાઠ ઠર્યો'તો ઠીકજી. ૩
તે સમયે ધૃતરાષ્ટ્ર કહે, દ્વિજ શ્રેષ્ઠ કરો ગમે તેવુંજી;
સ્થળ ને દિવસ નિર્માણ કરી, કહો મુજને જે હોય કહેવુંજી. ૪
આજ્ઞા આપિ વિદુરને આપે, ગુરૂ કહે તેમ કરજોજી;
રચો અખાડો જોવા જેવો, ધનધોંખો નવ ધરજોજી. ૫
આજ્ઞા પામિ વિદુરજી વળતી, ગયા દ્રોણગુરુ સાથેજી;
પુર બાહર ઉત્તરદિશમાં સ્થળ, યોગ્ય દિઠું સૌ વાતેજી. ૬
માંપણિ તેની કરી દ્રોણે પછિ, જોઈ સારું મુહૂર્તજી;
શુદ્ધિ કરી તેની, મંડપની ખાતક્રિયા કરિ તુર્તજી. ૭
રંગમંડપ રંજનકર્ત્તા અતિ, દ્રોણે રચાવ્યો એવોજી,
સૂર્યસદન સરખો બહુ શોભિત, સ્વપ્નેન જોયો તેવોજી. ૮
કનકગાર ભીંતે લીંપાવી, મણિ માણુક મહિં મઢિયાંજી,
તોરણ મોતીતણાં બંધાવી, રત્ન અમૂલક જડિયાંજી. ૯
બેઠક પુરુષો માટે હજારો, કીધી બહુ મનગમતીજી;
સ્ત્રિયોમાટ જુદાં શુભ ગૃહની, કરિ જુક્તી ગુરુ ભમતીજી. ૧૦
પછી પડો પુરમાં વજડાવ્યો, સુણ પરિક્ષિતસુત એવોજી,
અસ્ત્રવિદ્યા કુંવરોનિ અખાડે, જોવાતણો લહાવ લેવોજી. ૧૧
નીમેલે દિવસે ત્યાં આવ્યો-નૃપ ભીષ્માદિક લઈનેજી;
ગાંધારી કુંતી રાજસ્ત્રિયો-આવી ત્યાં સજ થઇનેજી. ૧૨
પ્રજાતણા સુપ્રતિષ્ઠિત પુરુષો-આવ્યા ત્યાં અતિ હરખેજી;
મળિ મેદનિ માણુસ ઝાઝાંની, મંડપ નવલો નરખેજી. ૧૩
નાનાવિધ વાદિત્રો તે સ્થળ, વાગિ રહ્યાં'તાં વારૂજી;
એવે દ્રોણગુરૂ ત્યાં પધાર્યા, શોભા મુખ શું ઉચ્ચારૂંજી! ૧૪
શ્વેત ચંદન ને શ્વેત માલિકા, શ્વેત કેશ છે જેનાજી;

શ્વેત વસ્ત્ર પહેર્યાં છે જેણે, શ્વેત સુયશ છે તેનાજી. ૧૫
પુત્રસહિત આવી એ વેષે, શોભ્યા ત્યાં ગુરુ કેવાજી;
સ્વચ્છાકાશે મંગળસહ શશિ-શોભી રહે શુભ તેવાજી. ૧૬
સ્રીપુરુષો નિજ નિજ આસનપર, બેઠાં અતિ ઉલ્લાસેજી;
શસ્ત્ર સજી આવ્યા કંઇ પુરુષો, વીર ભયાનક ભાસેજી. ૧૭
પછિ ત્યાં આવ્યા રાજકુમારો, પહેરી ઉત્તમ વસ્ત્રજી;
ધનુષબાણ ધરિયાં છે હસ્તે, સજ કીધાં છે શસ્ત્રજી. ૧૮
દ્રોણતણી આજ્ઞા થાતામાં, અસ્ત્રવિદ્યા અલબેલાજી,—
બતાવવા લાગ્યા બહુ હોંસે, ચતુર ગુરૂના ચેલાજી. ૧૯
નિજ ચિન્હતણાં બાણે નિશાનો, નજર ન ચૂકી વીંધ્યાંજી;
જોઇ રહ્યાં જન તે દૃઢ રહિ કંઇ, કંઇ બીકણ બહુ બીધ્યાંજી. ૨૦
અશ્વે બેશી અદ્‌ભુત રીતે, યુદ્ધકળા અતિ કરતાજી;
વિસ્મય થઇ જન વાહવાહની-વાણી શુભ ઉચ્ચરતાજી. ૨૧
રથ હાથીપર બેશી યુદ્ધના, ખેલ ખાંતથી કરતાજી;
પગપાળે શુભ પટા ખેલિને, મન સૌકોનાં હરતાજી. ૨૨
દુર્યોધન ને ભીમસેન બે, ગદાયુદ્ધમાં વળગ્યાજી;
જાણે દિગ્ગજ લાગ્યા લડવા, કે પ્રલયાગ્નિ સળગ્યાજી. ૨૩
ચરિત્ર ચારુ કુંવરોનાં વિદુર, ધૃતરાષ્ટ્રને કહિ સંભળાવેજી;
કુંતીથી ગાંધારી ત્યમ તે, સુણતી ભારે ભાવેજી. ૨૪
ભીમ અને દુર્યોધન કેરૂં, ગદાયુદ્ધ હતું એવુંજી;
મંડપસાગરમાં તોફાની, વાયૂ ઉલટયા જેવુંજી. ૨૫
બંધાયા બે પક્ષ મંડપે, એક કહે ભીમ ધન્યજી!
વાહ કહે બીજા દુર્યોધન, તું સરખો નથિ અન્યજી!! ૨૬
કોલાહલ ઊઠયો ત્યાં ભારે, સુણ જનમેજયરાયજી,
ગદા ધડાકે ચઢયું સૌ ચાકે, કાયર કંપી જાયજી. ૨૭
શોરાશોર સુણીને દ્રોણે, કહ્યું અશ્વત્થામાનેજી;
વીરા પાડ છુટા બે વિર તું, કોનું કહ્યું નહિ માનેજી. ૨૮
ગદાયુદ્ધમાં કુશળ બેય છે, મંડયા રહેતાં વિશેષજી,—

ફળ સારૂં નહિ નિપજે કંઇ પણ, વધશે ફાંસૂ કલેશજી. ૨૯
વચ્ચે પડિ અશ્વત્થામાએ, ભીમ અને દુર્યોધનજી,–
છૂટા પાડિ કહ્યું હે વીરો, માન્યા છો સૌને મનજી. ૩૦
માટે શાંત પડો ગુરુ કહેછે, રાખ્યા એમ કહિ વારીજી;
દ્રોણે દુંદુભિ બંધ કરાવી, વાણી પછિ ઉચ્ચારીજી. ૩૧
પુત્રથકી પણ અધિક પ્રિય છે, અર્જુન મુજને જાણોજી;
પેખિ અપૂર્વપરાક્રમ તેનું, હરખ અંતરમાં આણોજી. ૩૨
સકળ કળાવિદ છે શુર સાચો, અસ્ત્રવિદ્યામાં આખોજી;
વાસવ વિષ્ણુસરીખો યુદ્ધે, ભાવ ધરીને ભાખોજી. ૩૩
આજ્ઞા દ્રોણુતણી થાતામાં, અર્જુન આવી થોભ્યોજી;
ધનુષ બાણુ ધરિ કાંચન કવચે, સૂર્યસરીખો શોભ્યોજી. ૩૪
જોઇ તેને હરખ્યા જન સર્વે, વાજાં શુરિયાં વાગ્યાંજી;
માંહોમાંહિ મનુષ અર્જુનના–ગુણું સૌ ગાવા લાગ્યાંજી. ૩૫
હર્ષાશ્રૂ આવ્યાં કુંતીને, સ્તનથી વહિ પયધારાજી;
રત્નકૂખ કરિ રત્નદીકરા ! કુંતી કહે સુત મારાજી. ૩૬
જનકોલાહલ સુણિ ધૃતરાષ્ટ્રે–કહ્યું, હે ભ્રાત વિદૂરજી!
ઘોંઘાટ ગગન ભેદે એવો કયમ–થાય ? સંશય કર દૂરજી. ૩૭
તવ તે કહે પાંડૂનો અર્જુન–આવ્યો તેપર સાથ ત્રૂઠ્યોજી;
તેનાં વખાણુતણી વાણીનો, શબ્દ મંડપમાં ઊઠ્યોજી. ૩૮
તે સુણીને ધૃતરાષ્ટ્ર કહે, ધન્ય પૃથારૂપી અરણીથીજી–
અર્જુનરૂપ અગ્ની પ્રગટયો, અરિ દહશે આ ઝરણીથીજી. ૩૯
અર્જૂને નિજ અસ્ત્રકળા–દર્શાવી વળતી સારીજી;
આગ્નેયાસ્ત્રે અગ્ની પ્રગટયો, વારૂણાસ્ત્રે વારીજી. ૪૦
વાયવ્યાસ્ત્રથિ વાયુ અને, પરજન્યાસ્ત્રે પરજન્યજી;
પાર્વતાસ્ત્રથી પર્વત પ્રગટયા, જે જોઇ જન કહે ધન્યજી! ૪૧

---

૩૩. ભાખો—આજ્ઞાર્થમાં નથી, પણ કહેવાના અર્થમાં છેઃ તમે તેને વાસવ (ઇંદ્ર) અને વિષ્ણુસરખો કહો, એવો તે છે, એમ દ્રોણે કહ્યું; એવો અર્થ છે.

સૌમાએ ભૂમી પ્રવેશ કરિ–બતાવિયો બળજ્ઞાનેજી;
અંતરધાનાએ અંતર્હિત–થયો મનુષ્યમન માનેજી. ૪૨
ક્ષણમાં ઊંચે ક્ષણમાં નીચે, ક્ષણમાં રથધરિ ઉપરજી,
ક્ષણમાં રથ વચમાંહિ વિરાજે, ક્ષણમાં ભાસે ભૂપરજી. ૪૩
કોમળ સૂક્ષ્મ અને સ્થુળ વસ્તૂ, વીંધે કોઇ ન જાણેજી;
લોહતણો ફરતો વરાહ ત્યાં, વીંધ્યો પાંચજ બાણેજી. ૪૪
દોરી બાંધિ કરેલું ફરતું, સુરભીકેરૂં શૃંગજી,—
એકવીશ બાણે કરિ વીંધ્યું, સૌ કહે રાખ્યો રંગજી. ૪૫
ગદા ખડ્ગની યુદ્ધરીતિ પણ, દર્શાવી એ રીતેજી;
ધન્ય ધન્ય અર્જુન સૌ કહે ત્યાં, તુજને કોઇ ન જીતેજી. ૪૬

વલણ.

ન જીતે તુજને કોઈ પણ, ઉચર્યા સૌકો એમ;
શાંત થયા પરીક્ષા કરી, દર્શાવી અતિ પ્રેમ રે. ૪૭

કડવું ૨૪ મું.

कर्णने अंगदेशनो राज्याभिषेक.

રાગ રામગ્રી.

અર્જુન વિદ્યા રહ્યો બતલાવીજી, રહ્યો સૌના અંતરમાં ભાવીજી;
એવે આભ તૂટ્યાના જેવોજી, મંડપદ્વારે શબ્દ થયો તેવોજી. ૧

ઢાળ.

શબ્દ થયો નભ તૂટયાસરખો, તાલ ભુજ ઠોકયાતણો;
વિસ્મય થયા જન વિકળ થઇ, સૌ સાથ ગભરાયો ઘણો. ૨
આ તે શું પર્વત ફાટિયો કે, થયો ઉલકાપાત છે !
પડયું પવિ શું વાસવ કરથકી, નકિ અહિં રહ્યામાં ઘાતછે !! ૩

---

૩. પવિ–ઇંદ્રનું વજ્ર.

ચકિત થઇ સૌ દ્વાર સામું, જુએ છે ત્યાં તે સમે;
કકળેછ કંઇ ઉર એમ, કબજે પડ્યા નવ છુટશું કયમે ! ૪
પાંચ પાંડવ મધ્ય ઊભા દ્રોણ ત્યાં શોભે અશા,
હસ્ત-તારા પાંચમાં શુભ ચંદ્રમા શોભે તશા. ૫
સુરથી વિંટેલો શક્ર શોભે, તેમ દુર્યોધન કહું,-
અશ્વત્થામા અને નિજ શત ભ્રાતથી શોભે બહુ. ૬
તે સમે આવ્યો કર્ણ ત્યાં, ભુજ ઠોકતો અતિ મદભર્યો;
કૃપ દ્રોણને અક્કડ રહી, પરણામ પ્રીતીવિણ કર્યો. ૭
છે સૂર્યસરખી કાંતિ જેની, સાગના સોટાસમો,
ભુજદંડ જેના ભારિ છે, ભાસે બહુ તીખોતમો. ૮
જોઇ તેને જન સકળ કહે, કોણ છે આ નર નવો?
એવે તે નરથી ગગન ગાજ્યાસમો રવ ગંભિર હવો. ૯
અર્જુન સમિપ ઊભો રહી, કર ઠોકિ ભુજપર ઊચર્યો;
હે પાર્થ! પાણી જોઇ મારૂં, ગર્વ તારો કર પરો ! ૧૦
ઉજ્જડ વિષે એરંડ વૃક્ષ મનાયછે એ રીતથી,
પામ્યો પ્રશંસા પણ પરાક્રમ પેખ મારૂં પ્રીતથી ! ૧૧
મૂળાપણી નવ ઝાડમાં લેખાય ત્યમ તું મુજમને;
તેં કર્યું તેથી અધિક હું કરિ બતાવિશ સૌને તને! ૧૨
તે સુણી સૌ ઊભા થયા, દુર્યોધન હરખ્યો અતિ ઘણો;
અતિ ગ્લાનિ અર્જુન પામિયો, તિરસ્કાર સુણિને નિજતણો. ૧૩
આજ્ઞા ગુરૂની પામિ કર્ણે, પરાક્રમ પારથસમું-
દર્શાવ્યું સૌને મંડપે, દુર્યોધનમનમાં તે ગમ્યું. ૧૪
ભેટ્યો તેથી ભાવથી, કહિ ભ્રાત કર્ણ બોલાવિયો;
મહાબાહુ, મદ શત્રુનો હર્ત્તા, ભલે તું આંહિ આવિયો. ૧૫
આ રાજ્યનું સુખ માણ, છૈયે અમો તારા જાણજે;
અંતર અમોશું કો રિતે, અંતર વિષે નવ આણજે. ૧૬
કર્ણે કહ્યું પહોંચ્યું મને સૌ, માત્ર મૈત્રી જોઇએ;

૫ હસ્ત-તારા—હસ્તનક્ષત્રના પાંચ તારા. ૮ તમો—તમતમો, એવા અર્થમાં.

દુર્યોધન કહે તારોજ છું હું, તુંથિ પ્રિય નથિ કોઇએ. ૧૭
કર રાજ્ય પ્રિય કરિ મિત્રનું, શત્રુને શિર પગ ધારિને;
કહે કર્ણ મા ચિંતા કરો, અરિ રહેશે જખમારિને! ૧૮
વ્યંગ્ય વાણી પરસ્પરની થાતિ અર્જુન સાંભળી;
કરિ ક્રોધ કર્ણશું ઊચર્યો, નળ કહે જ્યમ કોપી કળી. ૧૯
હે કર્ણ તારૂં મરણ નિશ્ચે, લાવિયું તુજને અહીં;
વણતેડિયો આવ્યો તું દુર્ગતિ પામવા મુજથી સહી. ૨૦
તું લાજતો નથિ લેશ, આમંત્રણ વિના આવ્યો છતાં;
બકતો ન થાયે બંધ, હે મતિમંદ, ન બોલાવ્યો છતાં. ૨૧
કહે કર્ણ તવ રાતો થઈ, અર્જુન અખાડો સર્વને–
સરખો છે, શ્વાન શકટ વહ્યાસમ ટાળ મિથ્યા ગર્વને. ૨૨
બોલ્યાથિ બળ ન જણાય, કૃરિ બતલાવ બાણોથી કહું,
નહિ તો હું તુજ ગુરુ સમિપ, તુજ શિર છેદિ બતલાવું સહૂ. ૨૩
પછિ દ્રોણની આજ્ઞાથિ અર્જુન, ભેટિ ચારે ભ્રાતને,
સજ થયો લડવા કર્ણશું, ચિત ચહી કરવા ઘાતને. ૨૪
કર્ણ કૌરવને મળી ધરિ ધનુષ તત્પર તવ થયો;
ધૃતરાષ્ટ્ર પુત્રો સામે જેની પાસ આવિ ઉભો રહ્યો. ૨૫
દ્રોણ કૃપ ભીષ્માદિ અર્જુન પાસ આવિ ઊભા રહ્યા;
દો વીર માટે પક્ષ બે, મંડપ વિષે જોતાં થયા. ૨૬
આ જોઇ મૂર્છિત થઈ પડી, કુંતી કુંવર બે જોઇને;
નિજ નેત્રસરખા ન્યાળિ, કંઇ પણ કહિ શકી નહિ કોઇને. ૨૭
છંટાવિ ચંદન દાસિ પાસે, વિદુરજીએ એહને,
જાગૃત કરી પણ જોઇ સુત બે, સૂઝ પડિ નહિ તેહને. ૨૮
પછિ કૃપાચાર્યે કહ્યું કર્ણને, વીર સાંભળ વાત તું;
માતા પિતા કુળ તુજ કહી, દર્શાવ તારી જાત તું. ૨૯
કેમકે હલકા કુળતણાશું, રાજપુત્રો નવ લડે;

---

૧૯ કળી—કળિયુગ. કળિને નળ રાજા જેમ કોપીને કહે તેમ કર્ણ ઉપર કોપીને અર્જુને કહ્યું.

અર્જુનસમું કુળશિળ હશે તો, બાધ કંઇપણ નહિ નડે. ૩૦
સુણિ કૃપાચાર્યેનિ વાણિ, કર્ણનું પાણિ તવ ઉતરી ગયું;
વર્ષાદજળથી કમળવત્ મુખ નીચું લજ્જાથી થયું. ૩૧
દુર્યોધને એ જોઇને કહ્યું, કૃપાચાર્ય સુણો તમે;
શુરવીર સેનાજીત, રાજા વર્ગમાંહિ ગણો તમે. ૩૨
જો નવ ગણો તો કર્ણને રાજા કરૂંછું આજ હું;
દઈ અંગ દેશનું રાજ્ય, વિસ્તારૂછું જગમાં લાજ હું. ૩૩
કહિ એમ હેમસિંહાસને, બેસાડિ કર્ણને કોડથી,
અભિષેક કીધો કનકકલશે, મનતણા અતિ મોડથી. ૩૪
છત્ર ચામર કર્ણને દઇ કર્યો અંગાધિપ તદા;
કહે કર્ણ, દુયાધન, હું બદલો તાહરો વાળિશ કદા ? ૩૫
દુર્યોધને કહ્યું, માત્ર મૈત્રી તારિ ઇચ્છું છું અમો;
કર્ણે કહ્યું પ્રિય કરિશ ત્યમ હું, જાણજો નિશ્ચે તમો. ૩૬
મળ્યું રાજ્ય કર્ણને સાંભળી, સારથી અધિરથ સાથમાં-
આવી ભળ્યો થઇ હર્ષઘેલો, ચાબકો છે હાથમાં. ૩૭
દેખિ તેને કર્ણ મૂકી ધનુષ નમિયો તે પળે;
અધિરથ કહે આનંદિયો હું, રાજ્ય સુત તુજને મળ્યે. ૩૮
આ જોઇ ભીમ હસી વદ્યો, સારથીસુત! જેક છોડિને,
કુળ રીત આચરે ઝાલિ ચાબુક, રથ વિષે હય જોડીને ! ૩૯
અર્જુન સમીપ તું યુદ્ધ કરવા યોગ્ય નથિ જાણ્યું અમે;
બગલો બને નહિ હંસ, માનસરોવરે જાતાં કયમે. ૪૦
મળ્યું અંગદેશનું રાજ્ય; પણ અધિકારિ તું નથિ એહનો;
મોર-પિછ વાયસ ધરેથી, તોલ ન વધે તેહનો. ૪૧
સુણિ ભીમવચનો કર્ણને રિસ વ્યાપિ પણ મૂગો રહ્યો;
દુર્યોધને કરિ ક્રોધ, પ્રત્યુત્તર પછી સત્વર કહ્યો. ૪૨
હે ભીમ! એવું ભાખ મા, બળ મુખ્ય ક્ષત્રીઓ ભણે,
બળવાન સાથે યુદ્ધ કરતાં, અધમ ઉત્તમ નવ ગણે. ૪૩
સરિતા અને શુરવીરની ઉત્પત્તિ અટપટિ છે અહીં;

ખળવાનને હલકો કદાપી, ક્ષત્રિયે ગણવો નહીં. ૪૪
દધિચી ઋષિના અસ્થિએ, દૈત્યો કર્યા નિર્મૂળ છે;
બળિ-પાત્ર ભેથું ડાભનું ગુરુ દ્રોણ કૃપનું કૂળ છે! ૪૫
છો તમે શી રીતે થયા, તે વાત ગુપ્ત નથી રહી;
સૂર્ય સરખો કર્ણ, રાધા કયમ જણે તે કહે સહી! ૪૬
મૃગલીથિ સિંહ ન હોય, માટે કર્ણકુળ મા શોધ તું;
બખડયા વિના અર્જુનશું મીઢવિ દેખ જબરોજોધ તું. ૪૭
છે અખિલ પૃથ્વીપતિ થવા, આ કર્ણ યોગ્ય ખરેખરો;
મુજ વચન સહુન ન થાય તે, આયૂધ લડવાને ધરો. ૪૮
સુણિ વચન દુર્યોધનતણાં, ઘોંઘાટ ઊઠયો તે સ્થળે;
સૂર્યાસ્ત પણ એવે થયો, વિખરાયું મંડળ એ પળે. ૪૯
કર ગ્રહો નિજ ઘર કર્ણને દુર્યોધન લઇ ત્યાંથી પળ્યો;
ભીષ્માદિ પાંડવસાથ, નિજ નીકેતભણિ વળતી વળ્યો. ૫૦
થઇ કુંતિ મનમાં મગ્ન અંગનું રાજ્ય નિજ સુતને મળ્યે;
દુર્યોધન નિર્ભય થયો. કર્ણશો મિત્ર શૂર નિજને મળ્યે. ૫૧
જાણ્યું યુધિષ્ઠિર એમ, 'બળિયો કર્ણશો કોપણ નથી;
હે પરિક્ષિત સુત, કર્ણકર્ણઉદય કહ્યો તુજને કથી. ૫૨

વલણ.

કથિયો વૈશંપાયને, કર્ણઉદય કોડે કરી;
ભાખ્યો તે ગણપત ભાવથી, પ્રાકૃત ભાષાંતર કરી. ૫૩

---

૪૫. અસ્થિ—હાડકું. દધિચિના હાડકાના વજ્રથી દૈત્યોનો સંહાર થયો હતો. મતલબ તેમનું હાડકું પણ પ્રભાવવાળું હતું. બળિપાત્ર—યજ્ઞપાત્ર. ભરદ્વાજનું વીર્ય દ્રોણ નામે યજ્ઞપાત્રમાં પડવાથી દ્રોણગુરુ, અને શરદ્વાનનું વીર્ય ડાભના ભોથામાં પડવાથી કૃપાચાર્ય થયા હતા.

કડવું ૨૫ મું.

ગુરુદક્ષિણામાં અર્જુનથી દ્રુપદનું દાન.

રાગ દેશાખ.

ધૃતરાષ્ટ્રપાંડુના કુમાર, શિખ્યા ધનુરવિદ્યા નિર્ધાર;
પરીક્ષામાં પડ્યા તે પાર, તે જોઈ ગુરુ હરખ્યા અપાર. ૧
પછી પાસે બોલાવિને પ્રીતે, દ્રોણ ઉચર્યા તેઓશું આ રીતે:
રાય દ્રૂપદ બાંધીને લાવો, જો ખરા શિષ્ય મારા કહાવો. ૨
ગુરુદક્ષિણામાં માગું એજ, તાણી આણો તે દાખીને તેજ;
અન્યવાતથી હું નહિ રાચું, આણો દ્રૂપદ પકડી એ યાચું. ૩
ગુરુવચન સુણીને કુમારો, સજી વિવિધજાતિ હથિયારો,
રથ બેસી આવી સહુ મળિયા, ગુરુ સાથે દ્રુપદપુર પળિયા. ૪
ગુરુને અર્જુન કહે એકાંત, ગુરૂ સાંભળો થઇ નિર્ભ્રાંત;
ગર્વઘેલા દુર્યોધનસંગી, જાવા દ્યો પુરમાંહિ ઉમંગી. ૫
એઓથી દ્રુપદ નહિ પકડાશે, ખત્તા પેટભરી તેઓ ખાશે;
પછી દાખી પરાક્રમ વારૂ, અમે કામ કરીશું તમારૂં. ૬
એમ કહિ ભ્રાત સહિત તે શૂર, અર્ધ કોશ પૂરથિ રહ્યા દૂર;
પછી કૌરવ સેના સુહીત, સંચર્યા પુરમાં વિણુ ભીત. ૭
દુર્યોધન દુઃશાસન કર્ણ, જલસંધ સુલોચન વિકર્ણ,—
આવ્યા પુરમાં પ્રજા ત્રાસ દેતા, ત્રાહિ ત્રાહિ લોકો મુખ કહેતા. ૮
સુણી પુરજનનો આર્ત્તસાદ, ધાયો દ્રુપદ કરી સિંહનાદ;
ભાઇઓ સહિત કટક લઇ ચઢિયો, તાણી ધનુષને તૂટી પડિયો. ૯
બાણવૃષ્ટિ બહૂ વરસાવી, નાંખ્યા કુંવર સહુ ગભરાવી;
એક છતાં અનેક જેવો ભાસ્યો, એથી કૌરવનો સાથ ત્રાસ્યો. ૧૦
સામા થઇને કુમારો લડિયા, મૂર્છાખાઇ પૃથ્વીમાં પડિયા;
શંખ ભેરી મૃદંગનો નાદ, દ્રુપદદળમાં હવો અવિવાદ. ૧૧
કૌરવો ક્રોધ કરી તે જોઈ, બાણ વરસાવ્યાં સૌ કોઈ;
દ્રુપદે કરી ધનુષટંકાર, તીક્ષ્ણ બાણ મૂકયાં ત્યાં અપાર. ૧૨
પુરલોક મુસળ ઠાંગ ધારી–ધાયા કરિ કારમી કિકિયારી;

મારો મારો ઉચરતા લોક, ઉલટ્યા મળિ થોકેથોક. ૧૩
ન્હાના મોટા જે આવ્યું હસ્ત, તે લઇ મારવા દોડ્યા સમસ્ત;
આ જોઇ કૌરવ નાસવા લાગ્યા, ભય પામિને પુરથી ભાગ્યા. ૧૪
પીડિત સાદ પાંડવપાસ કરિયો, રે રે અર્થ કશો નવ સરિયો!
દ્રુપદે લાજ લૂંટી અમારી, શૂર જોદ્ધા નાંખ્યા રે સંહારી!! ૧૫
દેખી કૌરવ થયલા મૂઢ, થયા પાંડવરથ આરૂઢ;
દ્રોણગુરુને કરીને પ્રણામ, થયા તત્પર તે બળધામ. ૧૬
યુધિષ્ઠિરને ગુરૂ પાસ રાખી, વાધ્યા ચારે વિનય અતિ દાખી;
અર્જુનરથરક્ષક તતખેવ–થયા નકુળ અને સહદેવ. ૧૭
ભીમ ચાલ્યા ગદા હાથ ઝાલી, રથ આગળ મમતે મા'લી;
તેણે દળમાં પાડ્યું ભંગાણ, હાથી ભાથીનો વાળીને ઘાણ. ૧૮
કાળમૂર્તિ સરીખો વીર, દ્રુપદદળમાં પેઠો ધરી ધીર;
તેણે રોળ ઘણો વરતાવ્યો, જાણે કાળ કટકનો આવ્યો. ૧૯
હાથી હબકીને ભાગે એથી, ટેક મૂકે ભલા શૂર તેથી;
ગદા સંહારચક્રશી ફરતી, મોટા મહારથિના પ્રાણ હરતી. ૨૦
દ્રુપદકટકરુપી દુર્ગ તોડી, માર્ગ ભીમે કર્યો માન મોડી;
પછી અર્જુને ધનુષ ટંકાર–કર્યો દ્રુપદ સામે નિર્ધાર. ૨૧
ગુરૂનું પ્રિય કરવાને આપ, ચઢાવ્યું શર ધારેને ચાપ;
બાણ વરસાવી બહુ પોતે, હય હાથી હણ્યા જોતજોતે. ૨૨
અર્જુન કરતો ઘણાની ઘાત, જોઇ ધાયા દ્રુપદના ભ્રાત;
સિંહનાદ કરી સાથ ધાયો, બાણ વરસાવી અર્જુન છાયો. ૨૩
એથી અર્જુને કોપી અપાર, બાણ ફેંકીને અપરંપાર,
છાઈ નાંખી દ્રુપદના ભ્રાત, કર્યા મૂર્છિત ત્યાં ભલિભાત. ૨૪
એ જોઇ દ્રુપદ કરી અતિ કોપ, સત્યજીત સહિત કરી ચોંપ,
હણવા ધનંજયને ધાયો, તે પણ અર્જુનશરથી ઢંકાયો. ૨૫
હાહાકાર દ્રુપદ-દળ હૂવો, જાઓ જાઓ કો નૃપને જૂવો!
સિંહ આગે હસ્તી જાય જેમ, ગયો રાય અર્જુન આગે તેમ. ૨૬
એની આ તક કોઇ ચુકાવો, મરણ મૂખ પડ્યાને મુકાવો;

ભગારવા અધિપ સત્યજીત–આવ્યો શર ધરિ ચહી પ્રાતહીત. ૨૭
તેને દશ બાણે બાપ પોકરાવી, ભગાડચો ભય ઉરમાં ભરાવી;
પછી દ્રૂપદે બાણુ અનેક, છોડચાં છંછેડાઇને છેક. ૨૮
આવતાં તે સર્વ નિવાર્યાં, અગણિત પછી અર્જુને માર્યાં;
ફરી આવ્યો વચ્ચે સત્યજીત, ખત્તા ખાઇ ખશ્યો તે ખચીત.૨૯
પછી દ્રુપદે કરિ બાણ હેલી, તોડચું ધનુષ પાર્થે શર મેલી;
ધ્વજા દંડ પાડચો નિર્ધાર, અશ્વ સારથી હણ્યા તેણીવાર. ૩૦
બીજું ધનુષ દ્રુપદ ધરે જ્યાંહે, અર્જુન ધાયો ખડગ લઇ ત્યાંહે;
રથપર ચઢી દ્રૂપદ જકડચો, જાણે મણિધર ગરુડે પકડચો. ૩૧
એ જોઇ સેનામાં પડિયો ત્રાસ, માંડી સૌકોએ નાસાનાશ;
કૌરવો પ્રજા પીડવા લાગ્યા, દેવપુરમાં દાનવ જયમ જાગ્યા. ૩૨
ત્યારે અર્જુન ઉચર્યો ભાઈ, દ્રુપદ સાથ છે આપણે સગાઈ;
માટે તેની પ્રજા મા પીડો, ગુરૂદક્ષિણા દેવાને હીંડો. ૩૩
પછી અર્જુન સાથે સૌ પળિયા, દ્રુપદને લઇ ગુરુજીને મળિયા;
"આ લ્યો દ્રૂપદ દક્ષિણામાંહે", ઊચર્યા દ્રોણ પ્રત્યે ત્યાંહે. ૩૪
દીન દેખી દ્રૂપદ ગુરુ દ્રોણ, બોલ્યા બેલી છે તાહરો કોણ?
તારો દેશ સત્વર મેં જીત્યો, મને દૂભ્યાનો ઓરિઓ વીત્યો! ૩૫
તારૂં જીવિત છે મુજ હાથ, તારો ક્યાં ગયો સઘળો સાથ?
દાવે આવ્યો છે તું હવે મારે, રખે પૂર્વનો મિત્ર વિચારે! ૩૬
વૈર સંભારી વદિયા આમ, હસી કહે પછી વીર વિરામ;
બ્રાહ્મણ-ભય કોને ન હોય, કોમળ કાળજું કોપે તોય. ૩૭
બાળપણમાં તું આશ્રમ મારે, ખેલતો ખાંતે વિવિધ પ્રકારે;
તેથી પ્રકટે છે તુજપર પ્રીત, માટે કરિશ હું તારૂં હીત. ૩૮
મૈત્રી કરવાને તારી હું ધારૂં, અર્ધરાજ્ય આપી હવે તારૂં;
નૃપવિણ નૃપ મિત્ર ન હોય, તેં કહ્યું'તું તે વીચારી જોય! ૩૯
મળવા તુજશો મિત્રરત્ન, કીધો રાજ્ય લેવાને પ્રયત્ન;
ગંગાતટ દક્ષિણનો દેશ–આપું રાખી ઉત્તરનો અશેષ. ૪૦
અહિછત્રાપુરી ગણું મારી, થઇ કાંપિલ્ય જાણ તું તારી;

બંધ્યો રાજા હતે હું વિચાર, મને મિત્ર હું તારો સ્વિકાર. ૪૧
દ્રુપદ બોલ્યો કરીને પ્રણામ, તમે ઉચિત કર્યું ગુણગ્રામ;
મૈત્રી સતત તમારી હું ઇચ્છું, પૂજ્ય મિત્ર હું તમને પ્રીછું. ૪૨
વૈશપાયન કહે સુણ રાય, બંધનમુક્ત કરી નૃપ કાય;
દ્રોણે સન્માન તેહનું કીધું, અર્ધ રાજ્ય ઉમંગથી દીધું. ૪૩
દ્રોણ-વાત દ્રુપદને ન ભાવી, નાક કાપીને પાઘ બંધાવી;
કરી કાંપિલ્યમાં રાજ્યધાની, રહ્યો દ્રૂપદ મન દુઃખ માની. ૪૪
હાર્યાનું દુઃખ ઉરમાંહિ ધારે, દ્રોણને હું જીતીશ ન ક્યારે;
દિવ્ય પુત્ર પ્રકટવો મારે, હાર દ્રોણનો જેહ ઉતારે. ૪૫
રાય દ્રૂપદ એમ વિચારે, હવે યત્ન તે કરવો મારે;
અહિછત્રાના નૃપ ગુરુ કરિને, અર્જુન વળિયો વિજયધ્વજ ધરિને. ૪૬

વલણ.

ધરિને ગુરુ સન્મુખ દ્રુપદ, દઇને તેનું દાન;
પામ્યું પણ પોતાતણું, કરિ ગુરુનુ સન્માન રે. ૪૭

કડવું ૨૬ મું.

ધૃતરાષ્ટ્રની ચિંતા અને કણિકનો ઉપદેશ.

રાગ ધનાશ્રી.

વૈશંપાયન વદિયા વાણીજી, સુણ જનમેજય સ્નેહ આણીજી;
યુધિષ્ઠિરના ગુણો નૃપ જોઈજી, પામ્યો સંતોષ ત્યમ સૌ કોઈજી.૧

ઢાળ.

સૌ કોઇને સંતોષવા, વીત્યા પછી એક વર્ષ,
યુવરાજ કીધા યુધિષ્ઠિર, જન પામિયા સૌ હર્ષ. ૨
અક્રૂરતા અતિ સરળતા, સૌજન્યતા ને સ્નેહ,
દાખી યુધિષ્ઠિર દીપિયા, દિલ સર્વ નિઃસંદેહ. ૩
પાંડુ કરતાં પણ ઘણા પ્રિય થયા સૌને આપ;

કહે પ્રજા આજ્ઞા હોય નૃપ તો ટળે સૌ સંતાપ. ૪
ભીમાદિ ચારે ભ્રાત વશવરતી રહ્યા દિન રાત;
આજ્ઞા ન ઉલ્લંઘન કરે, પૂછી કરે સૌ વાત. ૫
બળભદ્ર પાસે ભીમ જઇ અભ્યાસ કરિને તૂર્ણ;
અસિ ગદા રથ યુદ્ધ શીખ્યો, પૂર્વ કરતાં પૂર્ણ. ૬
સભામાં એક સમય દ્રોણે, કહ્યું અર્જુનને આમ:
બ્રહ્માસ્ત્ર શિખવ્યું છે તને મેં, કોડથી ધરિ હામ. ૭
દક્ષિણા તેની દેવિ તારે, માગું એ હું ભ્રાત!
અર્જુન કહે અનુગ્રહ કરો, તે માગિને હે તાત! ૮
ગુરુ કહે હું માગું છું એ, સુણ વિવેકી વીર;
સંગ્રામમાં યુદ્ધ કરવું મુજશું, જણવિ તારૂં નીર. ૯
અર્જુન કહે હું કરિશ ત્યમ, આજ્ઞા ચઢાવી શીશ,
ગુરુ પ્રસન્ન કરવા આપને, કહ્યું તેમ સિદ્ધ કરીશ. ૧૦
ગુરુ પાસ એ રિત અસ્ત્રવિદ્યા, શિખ્યો સકળ અર્જુન,
સહદેવ નીતીશાસ્ત્ર શીખ્યો, રહિ ન તેમાં ન્યૂન. ૧૧
નકુલ અતિરથિ થયો શીખી, વિચિત્ર યુદ્ધ કળાય;
પાંડવ પરાક્રમ દાખવા પછિ પુરથિ બહાર પળાય. ૧૨
સૌવીર-નૃપને હણ્યો સત્વર, યવન નૃપ વશ કીધો;
અર્જુને યુધમાં પાંડુ કરતાં, જશ ઘણો જગ લીધો. ૧૩
ભીમ સાથે અર્જુને જીત્યા નરેશ તમામ;
દિગ્વિજય કરિ પૃથ્વી વિષે, નાતમ વધાર્યું નામ. ૧૪
એથિ ઈર્ષ્યા તેમની ધૃતરાષ્ટ્રને ઉર આવી;
એ રાજ્યના માલિક થશે, ભૂંડું દિસે મુજ ભાવી! ૧૫
મુજ પુત્ર કરતાં છે પરાક્રમિ, પાંડુ સુત અતિ શ્રેષ્ઠ;
છે ધરતિ ધીંગાની અરે! મુજ દિવસ દીસે નેષ્ટ! ૧૬
આવા વિચારો આવતાં, નિદ્રા ન નૃપને આવે;
ચટપટી ચિતમાં થાય, ચિંતા હૃદય બહુ ચચરાવે. ૧૭

---

૧૩. સૌવીર—એ નામનો દેશ.

રાજનિતિમાં પ્રવિણુ મંત્રી કણિકને નૃપ પૂછે;
દ્વિજ શ્રેષ્ઠ હે ધીમાન, આપો મત તમારૂં શું છે? ૧૮
પાંડવોનાં પરાક્રમ, પ્રખ્યાતિ સુણિ મન મારે,
ઈર્ષ્યા વધે છે સતત, મન ધીરજ ધરે નહિ કયારે. ૧૯
માટે મારે સ્નેહ કે શત્રુતા કરવી વિપ્ર,
કહો તે વિષે નિશ્ચય કરી, નીતીપ્રવિણુ અહિં ક્ષિપ્ર. ૨૦
કહે કણિક તવ ભૂપાળ, કહું હું રાજનીતિની રીત,
તે તીક્ષ્ણુ માની તપી ન જતાં, રાખજો નિજ ચિત્ત. ૨૧
નિજથી ઉતરતાની ઉપેક્ષા, ન કરવી નૃપ વીર,
સતત ભય દર્શાવિ, પગ ધરિ રાખવો તે શીર. ૨૨
સમોવડિયાને પરાક્રમ દાખિ દાખિ હમેશ,—
આશ્ચર્ય આપી આંજવા, એ રીત છે બહુ બેશ. ૨૩
બળવાન નિજથી હોય, તેને બતાવવું નહિ છિદ્ર;
ખામિ તેની ખોળવી, એ રીત વર્તે ઈંદ્ર. ૨૪
ખામિ પડતાંમાં નજર, નવ અજર કરતાં તત્ત;
જઈ ઝપાટે જીતવો તે, સાધિ તક એક સત્ત. ૨૫
ઝેર અરિ અગ્નીતણું, નવ રાખવો વિશ્વાસ;
તે હોય લઘુ તો પણ નિદાને, થાય તેથી નાશ. ૨૬
કપટ કરિને ચપટ કરવો, શત્રુને ભૂપાળ,
સર્પને છંછેડિ પછિ, નવ થવું લેશ કૃપાળ. ૨૭
સર્પ કરતાં શતગણો ભય, શત્રુથી નૃપ હોય;
છંછેડિ તેને કુશળ વળતી, ન ઇચ્છે જન કોય. ૨૮
શત્રુ-કંટકનો સમૂળો, નાશ કરવો રાય,
અંશ એનો રહિ જતાં, વિધ્વંસ વળતી થાય. ૨૯
મૂળ છેદી નાંખવું, અરિ-પક્ષનું એ ન્યાય;
મૂળ જાતાં ડાળ પત્રો, સર્વ સૂકઇ જાય. ૩૦
સાધુપણું જણવિને પૂરણ, આપિને વિશ્વાસ,

---

૨૦ ક્ષિપ્ર—સત્વર, ઉતાવળથી.

પ્રીતિ દાખી ભાખિ ભલું, કરવોજ અરિનો નાશ. ૩૧
ખાવાં ઢુંકારા ખાસડાં, જોડવા જુગતે પાણ;
સમય આવે સિંહ થઇ, શત્રુનો હરવો પ્રાણ. ૩૨
સ્કંધ ધરિ અરિ ચાલવું, જ્યાં સુધિ જડે નહિ લાગ;
લાગ આવે ઝીકવો, જયાં હોય બળતી આગ. ૩૩
આશ દઇ વાયદા કરી, અંતે બતાવી ધૂળ;
ધુળધાણિ કરવું શત્રુનું, નૃપ! કરી તે નિર્મૂળ. ૩૪
ગુરુ તાત ભ્રાત કે પુત્ર, જો કદિ હોય અરિ તો ભૂપ,
કાટલું તેનું કાઢવું, સાધૂ બની રહિ ચૂપ. ૩૫
ખર્ખરો ખાલી કરી રહિને, પાળવો અતિ શોક;
આ રીત આચરતાં અધિપ, નિંદે ન જગમાં લોક. ૩૬
તમ ભ્રાતપુત્રો પાંડવો, જાણજો કાળા નાગ;
ચેતિ એથી ચાલિ કરજો, ઉચિત હે મહાભાગ. ૩૭
નિજ અર્થ સાધ્યામાં ન ગણશો પાપ આપ નરેશ,
કુડ કપટ ને અન્યાય, આચરતાં ન બીશો લેશ. ૩૮
આ રીત કણિકે ધર્ણિક રીતે, રાજનિતિ સમજાવી;
પછિ ગયો ત્યાંથી ઘેર, તેની વાત ભૂપને ભાવી. ૩૯

વલણ.

ભાવિ વાત ભલિભાતથી, સાચો જાણી સંચ;
દુર્યોધન મળતાં પછી, ત્યાં શો રચ્યો પ્રપંચ રે. ૪૦

लांक्षागृह प्रकरण.

કડવું ૨૭ મું.

पांडवोपर दुर्योधननी ईर्ष्या अने द्वेष.

રાગ મેવાડો.

ભીમ અને અર્જુનનાં પરાક્રમ દેખી દુર્યોધનજી,

બળવા લાગ્યો બહુવિધ તેથી સ્થિર ન રહ્યું નિજ મનજી. ૧
એથિ કર્ણ શકુની દુઃશાસન સાથ મળીને તેણેજી,
યુક્તિ યોજવા માંડી પાંડવનાશ થાય ઝટ જેણેજી. ૨
પુરજન રાજસભામાં ત્યમ જ્યાં, પંચ મળે ત્યાં પ્રીતેજી,
પાંડવકેરી પ્રશંસા કરતા, ગુણ જોઇને શુભ રીતેજી. ૩
છે ધૃતરાષ્ટ્ર અંધ તેથી તે નામતણા છે રાજાજી;
ભીષ્મે નિજ પણની અદ્યાપી, રાખી છે દૃઢ માઝાજી. ૪
માટે યુધિષ્ઠિર સર્વ રિતે છે યોગ્ય થવાને રાજાજી;
દયા સત્ય ડહાપણ જનહિતના ગુણ જેમાં છે ઝાઝાજી. ૫
વેદ ભણેલો છે ધર્મજ્ઞ સુ, તેથી સૌહિત થાશેજી;
સગા મિત્ર લોકો બહુ રીતે, એથી અહિં રક્ષાશેજી. ૬
માટે અભિષેક કરી એને કરિયે કરુકુળ રાયજી;
ધર્મમૂર્ત્તિ ધીમતથી જગમાં, ધર્મ રૂડો વર્ત્તાયજી. ૭
પુરચર્ચા સુણિને દુર્યોધન આવિ પિતાની પાસજી,
એકાંતે પીડા અંતરની કરતો પૂર્ણ પ્રકાશજી. ૮
પિતા! ભણું શું મુખથી ભૂંડું, પ્રજાતણું આચરણજી;
હેવા યુધિષ્ઠિર રાજ્ય ચહે, આપ ભીષ્મ ગણીને તરણજી. ૯
ભીષ્મને ચિંતા તેનિ નથી, એમને ગમે છે એમજી;
નાગો નવ લૂંટાએ કહિયે, કરવું આપણે કેમજી. ૧૦
મળે આ રાજ્ય યુધિષ્ઠિરને તો તમ વંશજ નહિ પામેજી;
પેટભરા પરવંશ થઇ તેઓ, ઠેઠ ન આવે ઠામેજી. ૧૧
માટે ઉપાય કરો એવો કે, પિત્રાઇ પાટ ન પામેજી;
રાજા હોત તમે તો ચિંતા હોત ન અમને નામેજી. ૧૨
પુત્રવચન સુણિને ધૃતરાષ્ટ્રનું, ડગમગિયું ત્યાં મંનજી;

---

૪. માઝા—મર્યાદા. ભીષ્મે લીધેલા પણની હજુ સુધી મર્યાદા રાખી છે; એટલે રાજ્યનો સ્વીકાર કર્યો નથી. (કરશે પણ નહિ). ૧૦ નાગો નવ લૂંટાએ—ભીષ્મે રાજ્ય નથી લીધું એ ઉપર બોલી કરીને કહ્યું.

ચિંતાથિ ચિત્ત દ્વિધા ત્યાં બનિયું, સ્મરિને કણિકવચનજી. ૧૩
પછિ દુર્યોધન શકુનિ કર્ણને, દુઃશાસનને મળિનેજી,
ગોઠવણી કરિ આવિ તાતને, કહેવા લાગ્યો હળિનેજી. ૧૪
પાંડવથી પીડા થાવાનો, ભય ટળવાને તાતજી,
વારણાવત વીદાય કરો તે યુક્તિ કરી ભલિ ભાતજી. ૧૫
સાંભળિ સુત કહેવું ધૃતરાષ્ટ્ર, વિચાર કરીને ભાખેજી;
પાંડુ પગ આગળ નવ ધરતો, મુજને પૂછયા પાખેજી. ૧૬
મમતા મુજ ઊપર એની અતિ, હતિ શું મુખથી વખાણુંજી;
તાત સમો ધર્મિષ્ઠ યુધિષ્ઠિર, અનુભવથી હું જાણુંજી. ૧૭
પાંડૂએ સ્વાધીન પ્રજા, સેના કરિ'તી અતિ પ્રીતેજી;
યુધિષ્ઠિરે પણ તુષ્ટ કરીને, કરિ છે તેવી રીતેજી. ૧૮
માટે આળ કર્યે તેઓથી, આપણું ઈષ્ટ ન થાશેજી;
કપટ કર્યે પાંડવથી આપણું, ચપટ બધું થઈ જાશેજી. ૧૯
મંત્રીઓ સેના ને લોકો, સુણિ પાડવને કાઢયાજી,-
નિર્મૂળ આપણું કયમ મ કરે, પાંડૂ સુખમાં જે લાડયાજી. ૨૦
કહે દુર્યોધન ચિંતા ન કરો, કરીશ હું પણ તેમજી;
પ્રજા સૈન્ય મંત્રી વશ મારે, સત્વર થાયે જેમજી. ૨૧
ધનકોશ બધો છે સ્વાધીન મુજ, તેથી પક્ષ વધારિશજી;
વારણાવત પાંડવ જાતાં પછી, અર્થ બધો હું સારિશજી. ૨૨
સ્થિર પગ મારો થાય પછી, પાંડવ ભલે પુરમાં આવેજી;
કહે ધૃતરાષ્ટ્ર વાત સુણિ તારી, મુજ અંતરમાં ભાવેજી. ૨૩
પણ ભીષ્મ વિદુર દ્રોણતણે મન વાત નહીં એ ભાવેજી;
પાપરૂપ વિચાર વ્યથા મુજ અંતરમાં ઉપજાવેજી. ૨૪
કહે દુર્યોધન આપસ્વાર્થ સિદ્ધ કરવામાં નથિ પાપજી;
સગા સંબંધી સ્નેહીનો ડર ધરશો નવ પરિતાપજી. ૨૫
ભીષ્મને આપણે ત્યમ પાંડવ છે સમાન તાત પ્રમાણોજી,
પણ અશ્વત્થામા છે આપણો, તો દ્રોણગુરૂ જાણોજી. ૨૬
દ્રોણ જ્યહાં તેના શાળક હોય કૃપાચાર્ય નિઃશંકજી,

તો વીદુર વિપરીત થાતાં કહિ, શું કરિ શકશે વંકજી. ૨૭
માટે નિર્ભય થઇ કુંતીસહ પાંડવ પુરથી કાઢોજી;
વારણાવત વીદાય કરી, અંતરનો દાહ મટાડોજી. ૨૮

વલણ.

મટાડો ચિંતા મન તણી, જેથી નિદ્રા આવે નહીં;
ઉપાય કરો તે તાત શુભ, હૃદયસાલ કાઢી સહી. ૨૯

કડવું ૨૮ મું.

લાક્ષાગૃહમાં પાંડવોને બાળવાની યોજના.

રાગ કાલેરો.

દુર્યોધને દાન માનવડે, મંત્રિયો સકળ વશ કીધારે,
લોક ઘણા લલચાવિ લક્ષ્મિથી, પક્ષ પોતાને લીધારે. દુર્યોધને૦૧
પછિ ધૃતરાષ્ટ્ર કહ્યાથિ કુશળ કંઇક મંત્રી પાંડવ લલચાવારે,
જઈ તેઓની પાસે વારણાવત-ગુણ શુભ લાગ્યા ગાવારે. દુર્યોધને૦૨
વારણાવત અલકાપૂરીશું મનહર પુર કુરુક્ષેત્રેરે;
વૃથા જનમ વસુધામાં ગયો, જેણે તે ન નિરખ્યું નેત્રેરે. દુર્યોધને૦૩
થોડા દિવસમાં ભૂતેશ્વરનો મેળો ત્યાંહિ ભરાશેરે;
જાત્રાઅર્થે અનેક દેશના, જન જુગતેથી જાશેરે. દુર્યોધને૦૪
વખાણ વારણાવતનાં કરીને, પાંડવમન લલચાવ્યુંરે;
પછિ ધૃતરાષ્ટ્રે પાસે જઇને, ભાખ્યું તેઓ મન ભાવ્યુંરે. દુર્યોધને૦૫
ભાઇઓ ભૂતળમાં વારણુવત છે, રમણિકપુર પ્રખ્યાતરે;
મંત્રિસકળ ને લોકો તેને, વખાણેછે ભલિભાતરે. દુર્યોધને૦૬
માટે ઇચ્છા હોય તમારી, તો સેવક લઇ વાધોરે;
ખર્ચો ખેલો ખૂબિ કરો, મનગમતા અરથ સૌ સાધોરે. દુર્યોધને૦૭
ઊણુમ કો વાતની ન રાખો, રાખો રૂચતું નાણુંરે;
વારણાવત છે વિવીધ વૈભવ, ભોગવવા ઠેકાણુંરે. દુર્યોધને૦૮

ઇચ્છા મનની તૃપ્ત થયા પછિ, વળજો પાછા અત્રરે;
ક્ષેમ કુશળના ત્યાંહિ થકી, પાઠવજો પ્રતિદિન પત્રરે. દુર્યોધને૦૯
યુધિષ્ઠિરે કાકાનું કહેવું, સુણિ વર્ત્યો સંકેતરે;
કરવા અળગા નિજથી કાકે, વારૂ રચ્યો આ વેતરે! દુર્યોધને૦૧૦
વારણાવતના વખાણુંતણી, ચર્ચાવિ હતિ જે વાતરે,
કારણુ તેનું આજ કળાયું, ભેદ ભાગ્યો ભલિભાતરે. દુર્યોધને૦૧૧
ના કીધે નરસું બહુ થાશે, સહાય નથિ અહિં સારીરે;
એમ વિચારી નિજમન મારી, જાવા હા ઉચ્ચારીરે. દુર્યોધને૦૧૨
ભીષ્મ વિદુર સોમદત્ત અને દ્રોણુ ભૂરિશ્રવાદિક સહુનેરે–
નમિ આજ્ઞા માગિને યુધિષ્ઠિર, ભેટયા ભાવે બહુનેરે. દુર્યોધને૦૧૩
આશિષ વડિલો ને વાડવની, લઇને કરિ તૈયારીરે;
તે જાણીને દુષ્ટ દુર્યોધન, હરખ્યો ઉરમાં ભારીરે. દુર્યોધને.૧૪
તેડાવ્યો તેણે અતિ હોંસે, પુરોચન પરધાનરે;
એકાંતમાં બેસાડી એને, આપ્યું આદરમાનરે. દુર્યોધને૦૧૫
વળતી વહાલ દેખાડી વદિયો, અહો સખા સુખદાતારે;
રાજ્ય આ મારૂં તે છે તારૂં, તું છે મુજ ગણુજ્ઞાતારે. દુર્યોધને૦૧૬
તું વિશ્વાસૂ મુજને ભાસ્યું, માટે વાત પ્રકાશુંરે;
સહાયક સારો તું છે મારો, કહું તે કર હિત ખાસુંરે. દુર્યોધને૦૧૭
વારણાવત પાંડવને જાવા, આજ્ઞા કરિ છે મુજ તાતેરે;
તે જાતાં પહેલો તું પણ ઝટ, આળસ તજિ એ વાટેરે. દુર્યોધને૦૧૮
ધન પુષ્કળ ખરચીને ત્યાં ઝટ, ધામ રૂડું બંધાવરે;
લાખતણી ભીંતો કરિ તેમાં, રાળ ઘી તેલ ઘલાવરે. દુર્યોધને૦૧૯
કોઇ જાણે નવ તેમ કરીને, મનહર મહેલ બનાવીરે,
રાખજે તેમાં કુંતી પાંડવને, ભલું બહુ ભાતિ મનાવીરે. દુર્યોધને૦૨૦
આસન શય્યા વાહન વિધ વિધ, આપીને ચિત હરજેરે;
નિજ વિશ્વાસે લઇ લટપટ કરિ, પછી કહું ત્યમ કરજેરે. દુર્યોધને૦ ૨૧
તુજ વિશ્વાસે નિર્ભય થઇને, સુએ પાંડવ જે વારેરે,
લાક્ષાગૃહના દ્વાર વિષે તું, મૂકજે અગ્ની ત્યારેરે. દુર્યોધને૦૨૨

એમ, કીધેથી અરિનો કાંટો, જશે નિકળિ તુજ હાથેરે;
બળી મુઆ પાંડવ ઘર બળવે, આળ ન આવશે માથેરે. દુર્યોધને૦ ૨૩
માટે વીરા આ તક સાધી, આધિ અંતરનો ટાળરે;
નિર્મૂળ કરવાને મુજ શત્રુ, પાણી પહેલી ચણુ પાળરે. દુર્યોધને૦ ૨૪
દુર્યોધનને ગમતું થાવા, પુરોચને અતિ પ્રીતેરે,
સત્વર વારણાવત જઈ કરિયું, કહ્યું હતું જે રીતેરે. દુર્યોધને૦ ૨૫

વલણ.

જે રીતે દુર્યોધને, કહ્યું હતું તે રીત,—
પુરોચને કરિયું જઇ, ચહિ પાંડવનું અહીત રે. ૨૬

કડવું ૨૯ મું.

વારણાવતમાં લાક્ષાગૃહમાં પાંડવોનો નિવાસ.

રાગ મલારની દેશી.

વૈશંપાયન કહે જનમેજય, સાંભળ પછિ શું થાયજી;
વાયુવેગી હય રથે જોડીને, પાંડવપુરથી જાયજી. ૧
મળિ ભેટી સ્નેહિયો સગાંને, હાંકયા રથ નિર્ધારજી;
વિદાય તેમને કરવા બહુ જન, નિસર્યા નગરનિ બહારજી. ૨
ભીષ્મ વિદુર કુરુવંશિ સગા ત્યમ રાજ્યહિતસ્વી જનજી,
દીન દેખી પાંડવને એ તક, ખિન્ન થયા નિજ મનજી. ૩
સ્વતંત્ર નિર્ભય નગરતણા નર કંઇક ઉચરિયા એમજી,—
અધર્મ દુષ્ટ ધૃતરાષ્ટ્રતણો આ ભીષ્મ સહેછે કેમજી ? ૪
રાજ્યતણા વારસ ખરાને ખસતા કરવા કાજેજી,
ધૃતરાષ્ટ્રે ઈર્ષ્યાથી કર્યું તે, નજરે જોઇએ આજેજી ! ૫
પાંડુ અમારા તાતસમા હતા, જેમણે સુખ બહુ દીધુંજી,
તેમના સુતને છેહ દેવાનું, કપટ હિસેછે કીવુંજી ! ૬
રાજવળાની રીતી અવળી, ભેદ તેનો સૌ લહિયેજી;

જાશે યુધિષ્ઠિર વારણાવત તો, અમે અહીં નહીં રહિયેજી! ૭
પછી યુધિષ્ઠિર કહે તેઓને, ધીરજ મનમાં ધારોજી;
જો હિત ચાહો ચિત્ત અમારૂં, તો પુરમાંહિ પધારોજી. ૮
તાતસમા ધૃતરાષ્ટ્ર વડિલ છે, આજ્ઞા તેઓનિ શિર ધરવીજી;
છે વ્રત સાચું એજ અમારૂં, શંકા તેમાં નવ કરવીજી. ૯
માટે મન ઉદ્વેગ તજીને, આશિષ આપી અમનેજી,
પાછા વળો હીતંસિવ અમારા, કરજોડી કહું તમનેજી! ૧૦
કામ પડે પ્રિય કરજો અમારૂં, એટલું મુખથી જાચુંજી;
આ તક સાથે નથિ આવ્યાની, કહું છું તમને સાચુંજી. ૧૧
સાંભળિ વિનયવચન જન પુરના, આશિષ આપી વળિયાજી;
ભીષ્માદિક કુરુકુળના પુરુષ પણ, ભેટી પુરમાં પળિયાજી. ૧૨
એવે સર્વધર્મવિદ વિદુરે, આવી યુધિષ્ઠિર પાસજી,
દુર્યોધનના કપટકાર્યની વાત કરી ત્યાં પ્રકાશજી. ૧૩
મ્લેચ્છભાષામાં અન્ય ન સમજે ત્યમ ઉચર્યો ગુણવાનજી;
ભાઇ યુધિષ્ઠિર, વારણાવતમાં રહેજો બહુ સાવધાનજી. ૧૪
દહવા તમને લાખ તણું ઘર, દુર્યોધને છે કરાવ્યુંજી;
વિશ્વાસ દેઈ તમને ત્યાં પુરોચન, કરશે દુર્મતિ મનભાવ્યુંજી. ૧૫
માટે શણુંગ શાહુડી કરેછે, તેવી કરાવી તે ઘરમાંજી,
ભાગજો ભય આવે સ્વલીભાતે, દિવસ ન ખોશો ડરમાંજી. ૧૬
કારીગર હું મોકલી મારો મિત્ર કુશળ તે માટજી,
કામ કરાવી આપિશ સત્વર, ઉર ધરશો ન ઉચાટજી. ૧૭
ચેતવણી દઇ વિદુર ગયા ઘર, તવ કુંતી કહે ભ્રાતજી,
વિદુર વધા શી તુજ સાથે અટપટી ગિરામાં વાતજી? ૧૮
અમે ન કોઇ સમજ્યાં તે માંહે, યોગ્ય દિસે તો હાવેજી,
કાકે શું કહ્યું તે કહો આ તક, ભાઈ જો મનભાવેજી. ૧૯
માતઇચ્છાથી યુધિષ્ઠિરે તવ, માંડી કહિ સૌ વાતજી;
જે સુણિ કુંતીને ઉર અતિશે, ઉપજી ત્યાંહિ અશાતજી. ૨૦
ધૈર્ય ધરી હસ્તિનાપૂરથી, પાંડવ પછિથી પળિયાજી,

વારણાવત-જનને ફાગણની શુદ અષ્ટમિયે મળિયાજી. ૨૧
ધામ ધૂમથી સામૈયું કરિ વારણાવતના વાસીજી,
પૂજા કરિ પાંડવની પ્રીતે, આણ્યા પુરમાં ઉલ્લાસીજી. ૨૨
પુરોચને ઉપરથી પ્રીતી જણવી અપરંપારજી;
આપ્યો ઉતારો શોભિત સારો, જે હતો ત્યાં તૈયારજી. ૨૩
ત્યાં દશ રાત્રી રહિને પાંડવ, ગયા પછી લાક્ષાગૃહજી,
પુરોચને ત્યાં જઇને રહેવા કરવાથી અત્યાગ્રહજી. ૨૪
શિવનામે લાક્ષાગૃહમાં, માતાસહ કીધો નિવાસજી;
પછી યુધિષ્ઠિર કહે ભીમને ભાઇ, આવેછે અહિં વાસજી. ૨૫
લાક્ષાગૃહ આ રાળ તેલ ઘી, ભેળિ કીધેલું ભાસેજી;
કાકે કહેલું છે અહિં સઘળું, એથી મુજ ઉર ત્રાસેજી. ૨૬
પ્રીત દેખાડે છે જે પુરોચન, તે નિજ ધાર્યું કરવાજી;
નિજ વિશ્વાસે લઇ બાળીને, પ્રાણ આપણા હરવાજી. ૨૭
ભીમ કહે કે એમ હોય તો, ચાલો અસલ ઉતારેજી;
ધર્યું રહ્યું આ ધામ, પુરોચન છો અહિં આરતી ઉતારેજી! ૨૮
કહે યુધિષ્ઠિર એમ કર્યામાં, ફળ નથિ ભોળા ભ્રાતજી,
ઉગરિયે અહિંથી તો પાપી, અન્ય રીતે કરે ઘાતજી. ૨૯
ઉગરવાનો ઉઘાડી રીતે, ભ્રાત નથી કંઇ આરોજી,
માટે સાવધ રહિ શુભ કરવા, મત છે કે ભાઇ મારોજી. ૩૦
જાણે જાણતા કોઇ નથી, સમજે ઉર એમજ એ ખળજી,
વાત અંતરની કોઇ ન જાણે, તેમ રહેવું આ સ્થળજી. ૩૧

વલણ.

આ સ્થળ તેમ રહી અને, જોવા જાવાના લાગ;
છાની રીતે છટકી જવું, સળગાવી હાથે આગ રે. ૩૨

કડવું ૩૦ મું.

લાક્ષાગૃહદહન.

રાગ ચોપાયાની દેશી.

પાંડુવંશઅવતંસ પરિક્ષિતસુત શુણુ પરમપવિત્ર;
પાંડવ પાસે આવ્યો ત્યાં પછિ, ખનક વિદુરનો મિત્ર. ૧
તેણે એકાંતે કરિ ગોષ્ટી, કહ્યું પાંડવને આમ;
વિદુરે પ્રેર્યો છે મુજને અહિં, સોંપો સત્વર કામ. ૨
પાપિ પુરોચન કૃષ્ણપક્ષની ચતુર્દશીની રાતે,
દહશે આ ઘર દ્વારવિષેથી, નથિ સંશય એ વાતે. ૩
વિદુરે મ્લેચ્છગિરામાં કહ્યું'તું, એધાણુ એ હું આપું;
અવિશ્વાસ મા રાખો મારો, કષ્ટ તમારૂં કાપું. ૪
કહે યુધિષ્ઠિર ખનક તું ખરો, મિત્ર વિદુરનો ભાસે,
છે વિશ્વાસ મને તારો, તારાથી સૌ શુભ થાશે. ૫
ખનકે પછિ તે ઘરમાંથી, ખણ્યું ભોંયરૂં ગુપ્ત નરેશ,
સીધું સપાટ ભોંય નિચે જયમ, માર્ગ કર્યો હોય બેશ. ૬
રાખિ અગોચર મોઢું તેનું, પરવારીને પ્રીતે-
કહ્યું યુધિષ્ઠિરને હે મહામતિ, રહો હવે વણભીતે. ૭
દુષ્ટ પુરોચન દ્વારે પાસ, સૂતો પાંડવની પાસે;
સજિ શસ્ત્રો સૂતા તે ઘરમાં, પાંડવ અણવિશ્વાસે. ૮
દિવસે મૃગયાનું મિષ કરિને, પાંડવ વનમાં જાતા;
ભયમાંથી ભાગિ જવાઅર્થે, પૂર્ણ ભોમિયા થાતા. ૯
પાપિ પુરોચન-અવિશ્વાસથી, પાંડવ અધિરા થાતા;
છળ કરવા વિશ્વાસયુક્ત, થઇ રહેતા આપ જણાતા. ૧૦
ખબર તેહની ખનક વિના, કોને નવ પડતી લેશ,
વળતી ત્યાં શું નિપન્યું તે, સાંભળ પુરુવંશિ નરેશ. ૧૧
ઘણા દિવસ તે ઘરમાં પાંડવ, રહ્યા પછી એ રીતે;
નિજવિશ્વાસ વળેલા દેખિ, પુરોચન હરખ્યો ચિત્તે. ૧૨

તવ ભાઇઓને કહે યુધિષ્ટિર, પાપી પોળ ચણેછે;
નિજવિશ્વાસે યુક્ત અધર્મી, આપણ સર્વ ગણેછે. ૧૩
તેનું ધાર્યું ધૂળ મેળવી, જવું આપણે અહિંથી,
ગયાતણી કોઈ પણ જનને, ખબર પડે નહિં કહિંથી. ૧૪
માટે આ ઘરમાં છો માણસ, રાખી દહવું એને,
દુષ્ટ પુરોચનને પણ દહવો, જશ લેવોછે જેને! ૧૫
યુધિષ્ઠિરે આમ કહ્યું પછિથી, કુંતીએ તે રાતે,
ભોજન શુભ વિપ્રોને દીધું, દાનસહિત ભલિભાતે. ૧૬
ભૂદેવો સાથે ભામિનિયો, કેટલીક ત્યાં આવી,
ભાવતું ભોજન જમિ ભલું મનવી, નિજઘર સર્વે સિધાવી. ૧૭
પાંચ પુત્ર સાથે ત્યાં વળતી, આવિ ભીલડી એક,—
અન્ન માગવા એ ઘરમાં, પ્રેરેલી કાળે છેક. ૧૮
તેને પછિ સુતસાથે જમાડી, કરાવ્યું મદિરાપાન;
ઘેન ચઢે સૂતી તે ઘરમાં, સુતસહ ભૂલી ભાન., ૧૯
પછિ રાત્રે નિદ્રાવશ માનવ–થયાં સકળ ત્યાં જ્યારે,
વાયુ કારમો વાવા લાગ્યો, ઘણા વેગથી ત્યારે. ૨૦
તે તક સાધીને ત્યાં ભીમે, કરી કાકડો મોટો,
પ્રથમ પુરોચન સૂતેલા ઘર–દ્વારે મૂક્યો ગોટો. ૨૧
પછિ લાક્ષાગૃહ ચાર કોરથી, સળગાવ્યું ત્યાં તેણે;
અંજનિસુતસરખું આ સમયે, કાર્ય કર્યું ઝટ એણે. ૨૨
ભડકા ઊઠયા ભાળિ પાંડવો, આળ ન આવે માથે–
માટે સત્વર પેસિ ભોંયરે, નાઠા મા લઇ સાથે. ૨૩
ઘર બળવાના થતા શબ્દથી, ત્યમ અગ્નીને તાપે,
જાગી ઊઠી લોક ભયભર્યાં, કળાપીટ કરિ કાંપે. ૨૪
ઘર પાસે ગભરાતા જઇને, કકળીને કહે આમઃ
અરે દુષ્ટ દુર્યોધન, આ શું નીચ કરાવ્યું કામ! ૨૫
ધિક્ક અરે ધૃતરાષ્ટ્ર તને છે! માની મનના મેલા,
નિજબાંધવના પુત્ર બળાવ્યા, તુજવિશ્વાસ રહેલા! ૨૬

પાપિ પુરોચન નિજ પાપેથી, નિશ્ચય પામ્યો નાશ,
ઠીક થયું તે નિજકર્યું નડિયું, કાઢી પ્રભુએ કાશ. ૨૭
પણ મણિસરખા દેવાંશી નર, પાંડવ પામ્યા નાશ,
અરે અરે એ ખોટું બહુ થયું ! ઉપજે એથી ત્રાસ. ૨૮
કુરુકુળમાં નહિ નિપજે અલૌકિક, કુંવર હવે શુભ એવા,
અંધતણા છે અસુરસમાસુત, જે ઉપજ્યા દુખ દેવા. ૨૯
વીંટાઈ લાક્ષાગૃહને ત્યાં, આમ ઉચરતા લોકો;
પાંડવનાશ થયો જાણીને, કંઇક પાડતા પોકો. ૩૦

વલણ.

પોકો પાડે લોકો ઘણા, કરિને વિવિધ વિલાપ;
ધિક ધિક દુર્યોધન તને, આ શું કરાવ્યું પાપ રે ! ૩૧

કડવું ૩૧ મું.

પાંડવ વનપલાયન અને ભીમનો પ્રકોપ.

રાગ સામેરી.

લાક્ષાગૃહને ભોંયરેથી, કોઇ ન જાણે તેમ,
ભ્રાત પાંચે ભાગિયા, મા સહિત કુશળક્ષેમ. ૧
રાત્રિને ઉજાગરે શ્રમ, ઘણું ચાલ્યે તેહ,
માતાસહિત થાકી ગયા, અટકી પડ્યા તવ એહ. ૨
તવ ભીમભડ નિજભયંકર, દાખી પરાક્રમ પૂર,
માતા સહિત નિજ ભ્રાત લઇ, ચાલ્યો ઝપાટે શૂર. ૩
કાંધે કુંતીને ધરી, કેડે નકુળ સહદેવ,
હાથમાં અર્જુન યુધિષ્ઠિર, લઇ વહ્યો તતખેવ. ૪
વાયુવીર્યે વાયુ કરતાં, વેગ જણવી મોટ,
ગતિ કરિ જહ્નુવન મનરિતે, દઇ ત્યાંથિ મોટી દોટ. ૫
વેગ તેને વૃક્ષ પડતાં, ધરત્તી પગથી ધ્રૂજે;

જાણિ વાયુ જુવાન જગમાં, જોર જણુવી ઝૂઝે. ૬
ભીમ ભાગીરથિ તટે–આવ્યો પછી એ રીત;
વિદુરનો પ્રેરેલ નાવિક, મળ્યો ત્યાં ધરિ પ્રીત. ૭
સંકેત સમજાવી કહ્યો સૌ, પ્રથમનો નિર્ધાર;
નાવમાં બેસાડિ પાંડવ, કર્યા ગંગાપાર. ૮
વારણાવતમાં રાત્રિ વીતે, નગરના સૌ લોક,
પાંડવોને પેખવા–ઉલટ્યા કરંતા શોક. ૯
અગ્નિ ઠારી નિરખતાં, જાણ્યું બળ્યાં જણ સાત;
કુંતિ પુત્રોસહિત, તેમજ પુરોચન, થઇ વાત. ૧૦
ધૃતરાષ્ટ્રને ધિક્કારિ સૌ, કહેતા મુકી નિશ્વાસ,–
રે રે ભલા ભત્રિજ બળાવ્યા, દઈ વડો વિશ્વાસ. ૧૧
જાણુમાં નિજપુત્રકરણી, છતાં આવું કર્મ—
દુર્યોધનેજ કરાવિયું, આચરી અધિક અધર્મ. ૧૨
તોપણ ન તેને વારિયો, કરતાં અરે અન્યાય;
ભીષ્માદિકે કંઇ પણ કહ્યું ન, નથી રહ્યો એ સ્થળ ન્યાય!' ૧૩
અગ્નિ ટાઢો પાડતાં, લોકો બબડતા આમ;
શોધ-મિષ કરિ ભોંયરૂં, ખંનકે પુર્યું ધરિ હામ. ૧૪
પછિ પુરજનોએ પ્રેરિ જન, હસ્તિનાપુર તે વાર,
માઠી ખબર ધૃતરાષ્ટ્રને કહાવી ન કરંતાં વાર. ૧૫
તે સુણીને ધૃતરાષ્ટ્ર, મૂકી પોક ઢળિયો ઘણું;
દાખવ્યું દુઃખ ધરિ એમ, આજે પાંડુ પામ્યો મર્ણ. ૧૬
હસ્તિનાપુરમાં વાત પ્રસરી, હવો હાહાકાર;
ધૃતરાષ્ટ્રને ધિક્કારિ વિલપ્યાં, નગરનાં નરનાર. ૧૭
ઉત્તરક્રિયા પાંડવો કુંતી–કેરિ કરવા સાર,
આદેશ ધૃતરાષ્ટ્રે કર્યો, નિજ સગાને નિર્ધાર. ૧૮
ઉદકઅંજલિ આપિને ત્યાં, પાળિયો અતિ શોક;
હા યુધિષ્ઠિર! હા ભીમ અર્જુન! કહી પાડી પોક. ૧૯

---

૧૮. આદેશ–હુકમ, આજ્ઞા.

હા નકુલ ને સહદેવ કુંતી ! કહિ દિધું જળદાન;
વિદુરે ન શોક કર્યો ઘણો, જ્ઞાતા હતા ગુણવાન. ૨૦
કહું પાંડસુતની પેર હાવે, સુણ પરિક્ષિતતન,
ઊતરી ગંગા રાત્રિએ, પાંડવ પળ્યા મહાવન. ૨૧
તૃષિત થાકેલાં ઉંઘે ઘેરાયલાં મા ભ્રાત,-
જોઈ યુધિષ્ઠિર ભીમશું, ઊચર્યા દુખની વાત. ૨૨
હે ભ્રાત આ વન ગહન છે, ઝાડી દિસે છે દાટ,
નવ દિશા શુધ સમજાય, વસમી છે ઘણી વનવાટ. ૨૩
માટે અમોને પૂર્વપેઠ, ઉપાડિ લઇને ચાલ;
ચારે અમો ઢીલા થયા, મા બન્યાં માલોમાલ; ૨૪
વાયુ સૌમાં છે બળિષ્ટજ, તેમ તું અમમાંહ;
માટે અમોને સહાય થા, ઝાલી અમારી બાંહ. ૨૫
જ્યેષ્ઠભ્રાતની વાણિ સુણિ, ચઢ્યું ભીમને અતિ પાણી;
મા ભાઇઓ ઉપાડિ લઇ, ગતિ કરી બળ બહુ આણી. ૨૬
દક્ષિણ દિશાના વન વિષે, વાઝોડા પેરે વાધ્યો;
વન ક્ષુભિત એથી થઇ ગયું, બળવાન જાય ન બાંધ્યો. ૨૭
ઝાડ જડમૂળથિ પડ્યાં બહુ, પહાડ ધ્રૂજ્યા મોટ;
વેરાન વન થયું એટલું, ત્યાં ચઢ્યું ભીમનિ દોટ. ૨૮
ઉલ્લંઘિ પહાડ કેરાડ ઝાડી ગીચ કરિને પાર,
અલ્પ પાદપ પાણિને વન, આવિયો નિર્ધાર. ૨૯
સિંહાદિ શોર સુણ્યો ઘણો, ત્યાં થયો સંધ્યાકાળ;
કારમો વાયૂ વાઇ કર્યું અંધારૂં તવ તત્કાળ. ૩૦
એ સમય શ્રમ નિદ્રા તૃષાથી-વ્યાસ પુત્રો પાસ-
કુંતિયે પાણી માગ્યું પીવા, થઇ ઘણી નિઃશ્વાસ. ૩૧
માતાદશા અતિ દીન દેખી, ખિન્ન થઇ ભડ ભીમ;
નિર્જળ વનેથી વહી સત્વર, આવિયો શુભ સીમ. ૩૨

---

૨૭ બાધ્યો-અટકાવ્યો. ભીમ કોઇનો અટકાવ્યો અટકે એવો નહોતો; એ અર્થ. ૨૯ પાદપ-ઝાડ. પછી તે આછી ઝાડીવાળા વનમાં આવ્યો. ૩૨ સીમ-સીમાડો, સીમા, હદ. નિર્જળ વનમાંથી સારી હદમાં આવ્યો.

વડવૃક્ષ સુંદર જોઇ ત્યાં, ઊતારિને મા ભ્રાત,
પછિ પાણિ લેવાને પળ્યો, શાતા થવા નિજમાત. ૩૩
સારસતણા શબ્દો સુણી, તે સમીપ વાધ્યો વીર;
જઇ જળાશયમાં સ્નાન કરિ, શીતળ થયો પી નીર. ૩૪
પછિ પિછોડીમાં પાણિ લઇ, વળિયો ન કરતાં વાર;
વડ તળે તવ નિદ્રિત દિઠાં, મા ભ્રાતને નિર્ધાર. ૩૫
એ જોઇ ઓછું આવિયું અતિ, વૃકોદરને ઊર;
સળગિઓ અગ્નિ અંગમાં, શાતા ન પામ્યો શૂર. ૩૬
બોલિયો બળતો એમ પછિ તે, અહો ધિક્ વિધિ વંક;
મહારાજ સરખા ભ્રાત આ, દેખુંછ આ દૃગ રંક! ૩૭
વારણાવતમાં સુમનશય્યા, ન થઇ સુખ દેનારી;
તેમને આજે પૃથ્વિ આ થઇ, દૈવની બલિહારી! ૩૮
વસુદેવભગની પાંડુમહિષી, આ અમારી માત,
ધર્મ વાયૂ ઇંદ્રથી સુત પામિ, જે પ્રખ્યાત. ૩૯
તે આજ થાકીપાકિ, પૃથ્વીપર ઊંઘેછે હાલ;
આથિ વિપરિત છે કયી, માઠા દિવસની ચાલ! ૪૦
ધર્મરાય સમા યુધિષ્ઠિર, રે ઢળ્યાછે ધર્ણ;
ધિક્કાર આ જોઇ જીવવું તે, આથિ રૂડું મર્ણું! ૪૧
ઇંદ્રસરખો ધનંજય, ગોવાળપેરે ઘોરે;
કાળગતિ આ કષ્ટદાયી, કાળજું મુજ કોરે! ૪૨
અશ્વિનિકુમારસમા, નકુલ સહદેવ રૂપનિધાન,
પશુપેર પૃથ્વીપર પડ્યા—જોઈ ભુલુંછું ભાન! ૪૩
વાયૂસમો બળવાન હું, મા ભ્રાત દુખિયાં દેખું;
તરણાસમા અરિ અરે! પર્વતરૂપ હમણાં પેખું! ૪૪
વસમો સમો આથી કિયો, રે હોય આ સંસાર!
દુખ આથિ અધિકું છે કિયું, સુણતાં પડે ઉરશાર!! ૪૫
માઠા સગા દુખદાઇ, જે કુળ હોય નવ સંસાર;
તે એકલો હોવા છતાં, જીવે સુખે નિર્ધાર. ૪૬

વૃક્ષો રહિત કોઇ ગામમાં જ્યમ, હોય તરુ શુભ એક;
રક્ષાય તે બહુ જનથકી, મોઘું મનાઇ છેક. ૪૭
સંબંધિ શૂરા હોય ધર્મી, તો સુખે જીવાય;
જ્યમ ઝાડ ઝાડીમાં ટકે, એકલું ઉખડી જાય. ૪૮
રે રે અમારે નથી સારા, સગા સુખ દેનાર;
છે છળભર્યા તેણે ચહ્યું, કરવા કપટથી છાર. ૪૯
ભીમ મનશું આમ વદતો, હે જનમેજયરાય,
હોય સન્મુખ શત્રુ ત્યમ તે, ઊચર્યો મહાકાય. ૫૦
હે અંધસુત દુર્મતિ દુર્યોધન, દુષ્ટ દુખ દેનાર,
આ વિપતિવેળા આણિ તેં, તે નથી વીસરનાર! ૫૧
આપે આજ્ઞા આ યુધિષ્ઠિર, તો તને નિર્ધાર,-
સુત ભ્રાત શકુની કર્ણસહ, સંહારૂં ન કરતાં વાર. ૫૨
શું કરૂં આજ્ઞા દે નહીં, ધર્મજ્ઞ ધર્માવતાર;
દુષ્ટ ઉપર પણ દયા-આણે છ જે અવિધાર. ૫૩
આમન્યાની હેઠમાં હું-પજ્યોછું આ વાર;
નહિતો તને જમલોક-પહોંચાડત પલકમોઝાર. ૫૪
શું કરૂં સિંહ પડ્યો છ પંજર, વરૂ મરોડે અંગ;
શુભ દૈવ તારે અરે એવો આવિયો છે પ્રસંગ! ૫૫
હાથેળિ મસળી આમ વદતો, નાંખિને નિશ્વાસ,
જ્વાળા શમાવી હૃદય, બેઠો માત ભ્રાતનિ પાસ, ૫૬
ઊંઘતાં દેખી તેમને, ભીમે વિચાર્યું ઊર;
અનુમાન કરતાં નગર અહિંથી, છે નહીં બહુ દૂર. ૫૭
માટે સુખેથી છો ઉંઘે, નિશ્ચિંતતા ઉર આણી;
રક્ષણ કરિશ રહિ જાગતો, જાગેથિ પીશે પાણી. ૫૮

---

૪૯. છાર—રાખોડી. જે છે તેણે કપટથી અમોને બાળી ભસ્મ કરવા ચહ્યું. લાક્ષાગૃહમાં બાળવાનું કર્યું એ ધ્વનિ. ૫૩. અવિધાર-નક્કી. ૫૫. પ્રસંગ-જોગ. તારે સારે નશીબે એવો જોગ આવ્યો છે. મતલબ-હાલ તારા ઉપર દેવ પ્રસન્ન છે, તું ભાગ્યશાળી છે.

વલણ.

પાણી પીશે જાગ્યા પછી, પણ હું જાગું આ ઠામ;
નિશ્ચય એવો ભીમે કર્યો, કહે દ્વિજ ગણપતરામ રે. ૫૯

हिडिंबवध प्रकरण.

કડવું ૩૨ મું.

भीम अने हिडिंबानुं संभाषण.

રાગ દેશાખ.[1]

સૂતાં છ અવની ઉપર, મા ને ભ્રાત વડ નીચે યદા;
રક્ષણ કરે છે તેમનું, ભડ ભીમ જાગૃત રહિ તદા. ૧
એ સમય ક્રૂર મનુષ્યભક્ષક, મેઘસરખા વર્ણનો—
રાક્ષસ હિડિંબ પરાક્રમી, વડભ્રાત આવ્યો મર્ણનો ! ૨
શિર દાઢિ મુછના વાળ જેના લાલ મુખ વિકરાળ છે;
છે નેત્ર પિંગળ તેહનાં, કાયા કળાયે કાળ છે. ૩
મોટું ઉદર ને હોઠ છે, બે દાઢ નિસરી બહાર છે;
ભાલાસમી ભાસેછ તે, તન તોડવા તૈયાર છે. ૪
એવો ક્ષુધાએ યુક્ત રાક્ષસ, ભગનિ હીડિંબા લઈ—
આવિયો ભમતો તત્ર, બેઠો સાગવૃક્ષ ઉપર જઈ. ૫
ઊંચે રહી અવલોકતાં, વડતળે તવ દૃષ્ટી ગઈ;
સૂતેલ પાંડવ જોઇ, ભગનીને કહે રાજી થઈ. ૬
જો જો અહા ! હે બેન, આજે શુકનફળ સારૂં ફળ્યું;
માણસતણું શુભ માંસ, બહુ માસે અહો મુજને મળ્યું ! ૭
એથી અધિક રસ જીભમાં, છૂટેછ મુજને આ પળે;

---

૧ રાગ દેશાખ—હરિગીતછંદમાં પણ ગવાશે.

સળકે છ દાઢો આઠ, રંસના ઘૂંટડા ઉતરે ગળે! ૮
ખાઈશ માંસ હું ખાંતથી, રાજી થઈ શુભ રીતથી;
તાજું રુધિર હું તેમનું, પાઈશ તુજને પ્રીતથી. ૯
માટે ન કરતાં વાર, કર સંહાર ત્યાં જઇ તેમનો;
આહાર એ છે આપણો, છે ભાર તવ શો એમનો! ૧૦
એ માણુસોનો વાસ, અતિ ઉલ્લાસ આપે છે મને;
ઝટ નાશ કરિને લાવ, લઇએ લહાવ સાચું કહું તને. ૧૧
ભક્ષણ કરી મનભાવતું, આપણ અધિક ઉરં રાચિશું;
પછિ ગાનમાં ગુલતાન થઇ, વહિ તાનમાં અહિં નાચિશું. ૧૨
સુણિ વાત ભ્રાતનિ રાક્ષસી, જોયું પછી જઇને તહીં;
સૂતાંછ ત્યાં જણ પાંચ, બળિયો ભીમ બેઠો છે જહીં. ૧૩
ભાળી સુકોમળ અંગ ભીમનું, રાજી થઇ બહુ રાક્ષસી;
અતિ વહાલ ઉપન્યું અંગ, આકૃતિ ભવ્ય ભીતરમાં વસી. ૧૪
હોઠે દઈને આંગળી, મનશું વખાણ કરી વદી;
આહા! મનોહર પુરુષ આવો, નવ દિઠો આગળ કદી! ૧૫
જંઘા અને ભુજદંડ એના, ભારિ અતિ સુખકારિ છે;
છે છાતિ વારુ વિશાળ, કેસરિસ્કંધની બલિહારિ છે! ૧૬
જે કમળદળશાં નેત્ર, ભાળ ભલેરૂં મન મારૂં હરે;
છે લાલચોળ પ્રચંડ, સાચે કોડ એ પૂરા કરે! ૧૭
માટે ભલો ભર્ત્તા થવા મુજયોગ્ય એ દીસે ખરે!
તેથી નહીં સંહારું, ભ્રાતકહ્યું બલા મારી કરે!! ૧૮
કાંકે અધિક ભર્ત્તાથિ ભાઇ ન હોય જગમાં જાણવું;
સંહારમાં સુખ સ્વલ્પ છે, જીવાડ બહુ સુખ માણવું. ૧૯
વીચારિ આમ નિહાળિ, પુલકિતદેહ હીડિંબા બની;
ઉર ઊપન્યોજ મનોજ, ઉર્મી ભેટવા અતિ ઊપની. ૨૦
તેથી તરત નિજરૂપ પલટી, પદ્મિની સરખી થઈ;
આભરણથી શોભાવિ અંગ સુ, ભીમની પાસે ગઈ. ૨૧
ધારી ભલો શુભ ઢંગ, હસતે મુખ પછી તે ઊચરી;

કહો કોણ? આવ્યા ક્યાંથિ? આ વન ઉપર કેમ કૃપા કરી? ૨૨
આ દેવતા સરખા પુરુષ, અહિં કોણ સૂતાછે કહો?
ઘરડાં અહો આ દેવિ, કોણ સુતાં છ? શું ચિત્તમાં ચહો? ૨૩
નથિ જાણુતા શું અત્ર, રાક્ષસભય ઘણો છે મહામતિ!
રાક્ષસતણો રાજા અતી ક્રુર ભ્રાત છે મુજ દુર્મતી. ૨૪
છે નામ તેનું હિડિંબ તેણે, જોઇને તમને અહીં,
સંહારવા આહાર માટે, મોકલી મુજને સહી. ૨૫
પણ દેખિ તમને દેવસરખા, મોહ હું પામી ગઈ;
માઠી મતી મુજ નાઠિ, પતિ કરવાનિ વૃત્તિ છે થઈ. ૨૬
માની કહ્યું આ સાચું, કરશો સ્ત્રી મને જો તમતણી,
તો ભ્રાતથી નહિ ઘાત થાવા દઇશ, વાત શું કહું ઘણી! ૨૭
ઇચ્છા પ્રમાણે ગગનમાં ગતિ હું કરૂં છું જાણુશો;
પર્વત અને પુરમાં હુંસંગે મોજ બહુવિધ માણુશો. ૨૮
કહે ભીમ વળતી એમ, કરૂં હું કેમ એવું સુંદરી!
મા ભાઇઓ સૂતાં મુકી, નહિ આચરૂં અવળું જરી. ૨૯
રક્ષણ તજી રાક્ષસનું ભક્ષણ, માત ભ્રાત નહીં કરૂં;
તુજ કામનાએ કામવશ થઇ, એક ડગ પણ નહિ ભરૂં. ૩૦
આ સાંભળી ઉચરી હિડિંબા, શોચસંશય નવ કરો;
અનુસરિશ તમ ઇચ્છા પ્રમાણે, પીડ ફરની પરહરો. ૩૧
જાગ્રત કરો આ ભ્રાતને, હીડિંબભય ભાગીશ હું;
નિર્ભય સ્થળે લઇ જઇ પછી, મનગમતું સુખ માગીશ હું.૩૨
તવ ભીમ ઉચ્ચર્યો તારુણી, હું તુચ્છ એવું નહિ કરૂં;
તુજ ભ્રાતનો શો ભાર છે, લવ માત્ર નવ એથી ડરૂં. ૩૩
સુખમાં સુતેલાં નહિ જગાડું, હિડિંબભય ઉર આણિને;
ગંધર્વ રાક્ષસ યક્ષ, મૃતવત્ માન મુજને જાણિને. ૩૪
તુજને ગમે તો બેશ અહિં, વા પળ સુખે હે સુંદરી!
તુજ ભ્રાત મુજમન છે મગતરૂં, શોચ નવ કરતી જરી. ૩૫
ભય હોય તુજને ભ્રાતનો, વઢશે કહ્યું તે ના કર્યું,

તો મોકલી ઝટ જો પરાક્રમ, ભીમમાં જે છે ભર્યું. ૩૬

વલણ.

ભર્યું પરાક્રમ ભીમમાં, જો ભદ્રે ભલિ ભાત;
નર ભક્ષ તુજ ભ્રાતની, છે મુજ હાથે ઘાત રે. ૩૭

કડવું ૩૩ મું.

હિડિંબવધ.

રાગ ગોડી.

બેન ગયે બહુ વાર થઈ તવ, હિડિંબમન અકળાયું;
વહેમ વધ્યો ઉરમાં અતિશે, જવ કારણ કંઇ ન કળાયું. ૧
તેથી તરત તરૂથી હેઠે-ઉતરી સત્વર ચાલ્યો;
કાળભરેલે કુમતિ પ્રેરવે, કાળમાર્ગ ઝટ ઝાલ્યો. ૨
દેખિ આવતો તેહ હિડિંબા, કહે ભીમને આમઃ
એ આવે પાપી પેલો પ્રિય, કરો કહું તે કામ. ૩
ભ્રાત માતને હવે જગાડો-હઠ મૂકી, શઠ આવે;
લઈ સર્વને ઊડું નભમાં, પછિ ખળનું નહિ ફાવે. ૪
ભીમ કહે ભય'મા રાખિશ, ભીરૂ હે ભદ્રે ભોળી,
તુજ નજરે એ નરભક્ષકને, ચપરશી નાંખીશ ચોળી. ૫
યુદ્ધ વિષે રાક્ષસ કે કોઈ, ન ટકે મારી આગે;
ભલા ભલા દેખી મુજ ભુજને, ભય પામીને ભાગે. ૬
દેખ અંગ આ મારૂં નિહાળી, શી ઊણમ છે એમાં;
આ થકિ અધિકું શું દેખે છે, તુચ્છ સમો છે તેમાં. ૭
મહિષ સિંહ આગે આવે છે, તેમાં ડર શો રાખે;
વાયુસમો અતળીબળ હું છું, તો ભાગ્યું કયમ ભાખે ? ૮

---

૩૬ ભીમમાં—પોતાના નામથી અજ્ઞાન હિડિંબાને મહત્તા સાથે ભીમ પોતાના નામનું સૂચન કરેછે.

સાધારણ પુરુષો સરખો હું, મા સમજીશ હેશાણી!
ગંધર્વો યક્ષો ને નાગો, પણ જાણે છે પાણી. ૯
ભીમ અને હીડિંબા વાતો, કરતાં'તાં જે કાળે;
તે સુણતો હીડિંબ આવિયો, જે ભરિયો'તો જવાળે. ૧૦
પેખિ પલટિયું રૂપ બેનનું, શંકા ઉરમાં આણી,–
રક્ત નેત્ર કરિ કાઢી ડોળા, ઉચર્યો ગર્જિતવાણી. ૧૧
અરે અભાગિણી ભ્રાતભય તજી, આ નરને વર કીધો;
ધિક્ ધિક્ કુળમારગ મૂકીને, અવળો રસ્તો લીધો. ૧૨
અપ્રિય મારૂં તેં કીધું છે, આ નરમાં લોભાઈ;
ગણ્યો ભક્ષને ભર્ત્તા તે કયમ સહન કરૂં હું ભાઈ! ૧૩
સર્વે સાથે તુજને જો હું, પ્રથમ હવે સંહારૂં;
ભોગવ ભોગ ભલા ભર્ત્તાશું, ભંગ અંગ કરું તારૂં! ૧૪
એમ કહીને રક્ત નેત્ર કરિ, દંત પીસતો પોતે,
ભગનીને ભય દેતો હણવા, આવ્યો ઘેર્યો મોતે. ૧૫
એ જોઇ ભીમ વદ્યો હે બાહુક, બૂમો બહુ મા પાડ;
સૂતેલાં મા ભ્રાત પાહરાં, શબ્દ કરી ન જગાડ. ૧૬
શાને તુજ ભગનીને ભય દે, નથી વાંક જરિ એનો;
દેખિ રૂપ આ મારૂં કામે, ટેક તજાવ્યો તેનો! ૧૭
કામે કોને નથિ ભૂલાવ્યા, વાળી આડો આંક;
ઇંદ્ર ચંદ્ર અજ શિવ ડૂલાવ્યા, તો એનો શો વાંક? ૧૮
કર આવી ઘા મુજ ઉપર તું, પછી ગાભરો થાજે;
મૂકી મુજસરખો માથાનો, અબળાપર કાં ગાજે! ૧૯
અરે હું છતાં અબળાપર કર કરવા તું નથી યોગ્ય;
આવ યુદ્ધ કર મુજ સાથે તું, હું છું તારે યોગ્ય! ૨૦
ઉન્મત કરિ પગ નીચે કચરે, કમળપુષ્પને જેમ,
મુજ પગથી તુજ શિર હું કચરિશ, વાર ન કરતાં તેમ. ૨૧
સિંહ જેમ ગજને રોળે ત્યમ, રોળિશ તુજને પાપી;
તુજ ભગની જોશે તે સઘળું, જેને તેં સંતાપી! ૨૨

ગીધ કાગડાને સમળાનું, ભક્ષ કરિશ હું તુજને;
રાક્ષસરહિત કરિશ વન એથી, આશિષ મળશે મુજને. ૨૩
ભીમવચન સુણિ થઈ ભયાનક, હિડિંબ ઉચર્યો આમ,–
મરણ-શરણ થયલા હે માનવ, બકતો હવે વિરામ. ૨૪
અંત આવિયો છે તુજ પાસે, તંત ન કરતાં હાવે,
દાખ પરાક્રમ કહ્યા પ્રમાણે, તું આવ્યો છે દાવે! ૨૫
અભિમાને નિજમાં બળ માની, ફોકટ મા તું ફૂલ;
મુજ સાથે યુદ્ધસમાગમમાં, ભાગિશ તારી ભૂલ! ૨૬
કરિશ પાન તુજ રુધિરતણું, તુજ નાશ કરીને કોડે;
સૂતેલાંને પણ સંહારિશ, ભગનીને તે જોડે. ૨૭
હે જનમેજય એમ વદીને, કરી પહોળા કર ક્રૂર,
ભીમ સમિપ ભય દાખવિ દોડ્યો, જણુવી ઝાઝું શૂર. ૨૮
સિંહ હરિણને જ્યમ ખેંચે ત્યમ, ભિમે ન કરતાં વાર,
હિડિંબને કર ગ્રહિને ખેંચ્યો, આઠ ધનુષ એ વાર. ૨૯
એથી કષ્ટ થયું બહુ તેને, તેથિ ક્રોધ કરિ કારી,
છટકી વળગ્યો ભીમ છાતિયે, કરિ કારમિ કિકિયારી. ૩૦
તવ ભીમે ખેંચી પૂર્વ રિતે, કહ્યું તેને કરિ ક્રોધ,
પાડ બરાડા માંપાપી તું, જાણ્યો જબરો જોધ! ૩૧
તુજ શબ્દોથી સૂતેલાં મા ભ્રાત જાગશે મારાં,
માટે બળ દાખવ બોલ્યા વિણ, જણુવિ પરાક્રમ તારાં. ૩૨
પછી ભીમ ને હિડિંબનું ત્યાં, યુદ્ધ થયું અતિ ભારે;
ખેંચે વળગે પટકે ઝાલી, પાડુ મુષ્ટિપ્રહારે. ૩૩
મદોન્મત હાથી બે વઢતા, કરે વૃક્ષનો નાશ;
હિડિંબભીમતણા યુદ્ધે ત્યમ, વનમાં કર્યો વિનાશ. ૩૪
શબ્દ સાંભળીને તેઓના, પાંડવ કુંતી જાગ્યાં;
નિકટ હિડિંબા નજર પડે, વિસ્મિત થઇ જોવા લાગ્યાં. ૩૫
પછિ કુંતીએ પૂછ્યુ તેને, વારુ વર્ણની વામા!
કેમ અહીં આવી છે તે કહે, છે કેની શુભ કામા? ૩૬

તવ તેણે વૃત્તાંત સર્વ, ભાખ્યું તેઓની આગે;
જે સુણતાંમાં ભ્રાત ચાર, ધાયા અંતર અનુરાગે. ૩૭
અર્જુન બોલ્યો ભ્રાત ભીમ, ભય રંચ હવે નવ રાખો;
મૂકો એને શ્રમ નવ કરશો, હું નહિ રાખું આખો! ૩૮
ભીમ કહે મા થાવ અધીરા, શુદ્ધિ ગઈ છે એની;
ભોગ થયો છે મુજ ભુજનો એ, ત્યાગો ચિંતા તેની. ૩૯
અર્જુન કહે તવ વાર કરો મા, અંત હવે ઝટ આણો;
સંધ્યાસમય થવા આવ્યોછે, એ છે શાતનો રાણો! ૪૦
માટે જિવતો રાખી એને, શાને રમત રમાડો;
ભુજાબળે ભય હરવા સૌનું, સત્વર મરણ પમાડો. ૪૧
અનુજ કહ્યું સુણિ ભીમે અરિને, ઝાલી તરત ઉપાડ્યો;
ફેરવિ શત ફેરા શિર પાછળ, પૃથ્વીઉપર પછાડ્યો. ૪૨
તોપણ તેણે તોર તજ્યો નહિ, મુખમાં ધૂળ ભરાતાં;
ત્રાડ પાડિ સામો તડિયો ત્યાં, નેત્રો કરિને રાતાં. ૪૩
અર્જુન એવે કહે ભીમને, શ્રમિત થયા છો ભાઈ,
ખસો એક ક્ષણમાં સંહારૂં, રાક્ષસ એ દુઃખદાઈ. ૪૪
રાઇ ચઢાવી ભીમભાઇને, અર્જુને કહ્યિ આમ;
તેથી ક્રોધ કર્યો અતિ તેણે, ઠોકિ ભુજા તે ઠામ. ૪૫
ગરુડ સર્પને જ્યમ ઝડપી લે, ત્યમ રાક્ષસ ઝટ ઝાલ્યો;
ઘાણીમાં ઘાલે તે રીતે, નિજ છાતી વિચ ઘાલ્યો. ૪૬
ચપરશી ચોળી રોળિ ધૂળમાં, પાટુવડે પ્રહારી-
કેડહાડકું ભાંગી નાંખી, હિડિંબ નાંખ્યો મારી. ૪૭

વલણ.

મારી નાંખ્યો હીડિંબ પછિ, કહે અર્જુન તે ઠામ;
ચાલો બાંધવ અહિંથી હવે, છે નહિ છેટે ગામ રે. ૪૮

કડવું ૩૪ મું.

ઘટોત્કચની ઉત્પત્તિ.

રાગ ધનાશ્રી.

હિડિંબ માર્યો ભીમે તેથી, રાજી થયાં માભ્રાતજી;
પછિ તે સ્થળથી કર્યું પલાયન, ગુપ્ત રીતે બલિભ્રાતજી. ૧
થઈ હિડિંબા ત્યાંથી સાથે, તવ કહે તેને ભીમજી,–
રાક્ષસિ મરવા કયમ પગ માંડે, હું જાણું તુજ નીમજી! ૨
રાક્ષસિમાયા વૈર ન વિસરે, તુજ બાંધવ મેં માર્યોજી,
માટે તે મારગ જાવા શું, છે મનસૂબો ધાર્યોજી! ૩
યુધિષ્ઠિરે તવ કહ્યું ભીમને, બાંધવ એમ ન કરવુંજી;
રાક્ષસિ પણ અબળા જાતી છે, માટે ઉર ઓસરવુંજી. ૪
ભાઇ ભયાનક માર્યો એનો તો ભય શો છે એનોજી;
તમ આગળ એ છે હરિણીશી, ત્રાસ વ્યર્થ છે તેનોજી. ૫
ક્રોધયુક્ત તું હોયે તોપણ, કરિશ ન એનો ઘાતજી;
રક્ષણ કરવું પ્રાણિમાત્રનું, ધર્મ વડો છે ભ્રાતજી. ૬
એ સમયે યુધિષ્ઠિર કુંતી–સમિપ જોડિ બે પાણીજી,
માય પડી હીડિંબા તે સ્થળ, ઉચરી આરતવાણીજી. ૭
હે કુંતી છો આપ દયાળૂ, અીનાં દુખનાં જ્ઞાતાજી;
જાણોછો જે સ્વામિ વિના, નવ થાયે કોથી શાતાજી. ૮
પુત્ર તમારા ભીમસેનનું, રૂપ દેખિ હું રાચીજી;
લગની મારી લાગી એમાં, વાત કહું છું સાચીજી. ૯
કામણ શું કીધું તમ કુંવરે, માતા તે નવ જાણુંજી;
જોતાંમાં પડિ મોહજાળ હું, મન મારૂં લોભાણુંજી. ૧૦
સગાં સ્નેહિ ને ધર્મતણો, મેં ત્યાગ કરીને તેથીજી,
હે સતિ, પતિ કરિ મનથી વરિ છું, એ વરને હું એથીજી. ૧૧
એ વિણ પળ કળ ન પડે મુજને, એ જળની હું મીનજી–

---

૬ પાણી–હાથ.

થઈછું, માતા મુખ શું ઉચરૂં, દીસું દુર્બળ દીનજી. ૧૨
દિન ગાળ્યો દવ સરખો મેં મા, અળગી રહિ એનાથીજી;
શાંતીની સંગમનિય રાત્રી, સફળ થશે તેનાથીજી. ૧૩
માટે આપ અને મોટા ભાઇ, રઢિયાળાને કહિ કંઇજી,
આપો આજ્ઞા કરગરિ કહું છું, એ વિણુ હું જીવિશ નહિજી!૧૪
અભિવાંછીત અલૌકિક સ્થળમાં, લઇ જઇને એ લાલાજી,
ભોગવિ સુખ મનગમતું લાવિશ, છે તમને જે વહાલાજી. ૧૫
તમો સર્વને વિકટ માર્ગનું, દુખ નહિ દેઇશ થાવાજી;
પૃષ્ઠ ઉપર ધરિ કરિશ ગતી હું, વૃત્તિ હશે જ્યાં જાવાજી. ૧૬
યુધિષ્ઠિરે તવ કહ્યું હિડિંબા, કર તુજ ગમતું કામજી;
દિવસે ભોગવ ભોગ ભીમશું, જઈ મનગમતે ઠામજી. ૧૭
પણ દિન આથમતાં અમ પાસે, આણી અમને દેવોજી,
એમ હોય તો બાધ નથી કંઇ, એ નર સુખથી સેવોજી. ૧૮
હીડિંબાને ભીમે કહ્યું પછિ, સાંભળ તું નિર્ધારજી;
એક પુત્ર તુજને થાતાં સુધિ, કરિશ હું તારો સ્વિકારજી. ૧૯
માન્ય કહ્યું કરિ ભીમતણું પછિ, રાક્ષસિ ઉગતે વહાણેજી,—
ભીમસેનને સાથ લઈ ઉડિ, પરવરિ પંખિ પ્રમાણેજી. ૨૦
નાનાવિધનાં વન ઉપવનને, સુંદર પર્વતશૃંગજી,
સરવર શોભિત કમળ ભર્યાંમાં, ઉલંઘ્યો અધિક અનંગજી.૨૧
પુષ્પવાટિકા પરમ મનોહર, દૈવીસ્થળ અતિ દુર્લભજી,
સ્વર્ણરેતિની સુંદર નદિયો, વિલસી ત્યાં લઇ વલ્લભજી. ૨૨
હર્મ્ય અલૌકિકમાં પર્યંકે, મનગમતું સુખ માણ્યુંજી;
લતામંડપે સ્ફટિકશિલાપર, ભોગવિ સુખ બહુ જાણ્યુંજી. ૨૩
કોકકળામાં કસર ન રાખી, કેલિ કરી રંગરેલીજી;
શિવશક્તીનો વિહાર હરાવ્યો, કરિ આનંદઘનહેલીજી. ૨૪
અધરામૃત પાતી ને પીતી, લેતી સુખ આલિંગીજી;
નાજુક દેખાતી નર મનહર, પણ હતિ દૃઢ અતિ ધીંગીજી. ૨૫

૨૩ હર્મ્ય–હવેલી, મહેલ. પર્યંક–પલંગ.

કંઇક દિવસ વીત્યા એ રીતે, વિહાર કરતાં જ્યારેજી,
હીડિંબાએ પુત્ર પ્રસવિયો, પ્રૌઢ પરાક્રમિ ત્યારેજી. ૨૬
વજ્રસરીખા વક્ષસ્થળનો, ગંભીર ગોરે વાનેજી,
જન્મ થતાંમાં જોબન પામી, પ્રણમ્યો માતપિતાનેજી. ૨૭
શિર ઘટસરખું કેશવિનાનું, દેખિ હિડિંબા તેનુંજી,-
નામ ઘટોત્કચ પાડ્યું પ્રીતે, રૂપ પ્રમાણે એનુંજી. ૨૮
તેને લઇ પતિ સાથે હિડિંબા, પાંડવ પાસે આવીજી;
પ્રણમી રૂપ ધરી રાક્ષસિનું, સત્વર ત્યાંથિ સિધાવીજી. ૨૯
પછી ઘટોત્કચ પાય પડીને, ઉચર્યો જોડી પાણજી,—
માન્ય તમે સૌ છો મુજ વડિલો, કહુંછું સાચી વાણજી. ૩૦
કામ પડે કષ્ટ સમે મુજને, સ્મરજો રૂડી રીતજી;
અડિવેળાએ કામ આવિ હું, કરિશ તમારૂં હીતજી. ૩૧
એમ કહી ઉત્તર દિશામાં હીડિંબીસૂત સિધાવ્યોજી;
કરણ-સાંગ નિષ્ફળ કરનારો, ઇંદ્રે એ ઉપજાવ્યોજી. ૩૨

વલણ.

ઉપજાવ્યો ઇંદ્રે એહને, અર્જુનનું કરવા ઇષ્ટ;
નિષ્ફળ શકતી કરિ કરણની, અળેગું ઠેરવાને અરિષ્ટ રે. ૩૩

કડવું ૩૫ મું.

પાંડવોનો એકચક્રા નગરીમાં નિવાસ.

રાગ રામગ્રી.

વૈશંપાયન કહે સુણ રાયજી, કહું ભારતનો મહિમાયજી;
પાંડવો પછિ મૃગયા કરતાજી,ચાલ્યા આગળ નિજપગ ધરતાજી.૧

ઢાળ.

ધરતા સુધીરજ પાંડવો, પળતા પરમગુણપાત્ર;
જટા વલ્કલ અજિનધારી, હસ્ત તુંબી પાત્ર. ૨
વેશ ધરિ વિતરાગિનો, વન અનેક કરતાં પાર,-

માર્ગમાં પાંચાલ મત્સ્ય ત્રિગર્ત જોયા સાર. ૩
એવે દ્વૈપાયન મળ્યા, તેમને મારગ માંહ;
પ્રીતે પ્રણમ્યા પાંડવો, આણી અધિક ઉત્સાહ. ૪
કર જોડિ દાખી દીનતા, ઊભા રહ્યા સ્તુતિ ભાખિ;
વ્યાસ વળતી બોલિયા, અતિ પ્રેમ ઉરનો દાખિ. ૫
હે વત્સ, વિપતિ પડી તમોને વાંકવિણ નિર્ધાર;
તે જાણિ આણીને દયા, હું આવિયો આ વાર. ૬
ધૃતરાષ્ટ્રપુત્રોની અનીતી, જાણુંછું હું સર્વ;
દુખ નવ ધરો એ વાતમાં, ગળશેજ ખળના ગર્વ. ૭
નવ ખેદ કરશો દુઃખ તમને થશે સુખ દેનાર;
જયમ રાત્રિ પછિ દિન થાય, ત્યમ દુખ નહિ રહે નિર્ધાર. ૮
તમોને તે છો મને સરખાજ નિઃસંદેહ;
પણ દીન તમને દેખિને, ફિર ઊપજેછે સ્નેહ. ૯
તેથી ભલું કરવા તમારૂં, ચાહુંછું ચિત મધ્ય;
માટે નિકટ છે નગર તેમાં, સંચરો સહુ સદ્ય. ૧૦
ગુપ્ત રહેજો એ સ્થળે, હું આવું ત્યાંસુધિ સર્વ;
દુખના દિવસ આ વહિ જશે, પેખશો સુખનું પર્વ. ૧૧
હે કુંતિ કલેશ ન રાખશો, ચાખશો સુખ અતિ શ્રેષ્ઠ;
ભીમ અર્જુન બળથિ મહારાજા થશે સુત જયેષ્ઠ. ૧૨
પુત્ર પાંચે પરમ વૈભવ પામશે નહિ ન્યૂન;
મખ રાજસૂયાદિક કરી, શત્રુઓ કરશે શૂન્ય. ૧૩
કહિ એમ આશ્વાસન કરી, પુરિ એકચક્રામાંહિ,
પાંડવો કુંતી સહિત વ્યાસજિ આવિયા શુભ ચાહિ. ૧૪
ત્યાં એક બ્રાહ્મણ ઘરવિષે રાખી સહૂ મલિભાત,
એક માસનિ અવધ કરિ, પળિયા પરમ પ્રખ્યાત. ૧૫

વલણ.

પ્રખ્યાત પાંડુસુત ત્યહાં, વર્ત્તી વ્યાસ ઉપદેશ,
ભિક્ષા કરિ નિર્ગમતા દિવસ, ધરિ બ્રાહ્મણનો વેશ રે. ૧૬

---

૩ પાંચાલ, મત્સ્ય, ત્રિગર્ત એ નામના દેશ તેમણે પ્રવાસમાં જોયા.

બકવધ પ્રકરણ.

કડવું ૩૬ મું.

બ્રાહ્મણદુઃખનિવેદન.

રાગ સામેરી.

વિપ્રવેષે વિપ્રઘર, પાંડવ રહ્યા શુભ રીત;
નગરનાં નરનારિની, પામિયા પૂરણ પ્રીત. ૧
ભિક્ષાન્ન લાવી માતને, દેતા હુતા ધરિ પ્રીત;
વેત વારૂ કુંતિ તેનો, કરતિ શુભ આ રીતઃ ૨
ભિક્ષાન્નમાંથી અર્ધનું ભીમને ભાવે દેતી;
અર્ધમાં સૌને જમાડી, રાજિ ઉરમાં રહેતી. ૩
એક દિવસ ભિક્ષા માટ, નગરીમાં ગયા સુત ચાર,
ભીમ સાથે કુંતિ બ્રાહ્મણઘર હતી એ વાર. ૪
તે સમય બ્રાહ્મણઘર વિષે, સાંભળી અતિ કરુણાણુ,
આકુળ થઈ કુંતી વિષાદે, વદી સુતશું વાણુ. ૫
હે ભીમ, આ ભૂદેવઘરનું, ટાળ દુખ આ વાર;
છે એહનો આપણુ શિરે, હે ભ્રાત અતિ આભાર. ૬
કહે ભીમ શું દુખ છે, કરો તજવીજ તેની માત,
કહો પછી તે આવી મને, ઉર પામશો ન એશાત. ૭
ભીમ કુંતી વાત કરતાં હતાં આ રિત જ્યારે,
આક્રંદ હૈયાફાટ, ઘરમાંથી સુણ્યું અતિ ત્યારે. ૮
એથિ અધિરી થઈ ઘણી, કુંતી ધસી ધરિ પ્રીત;
વચ્છ સમિપે સુરભિ ગતિ કરિ જાય તેવી રીત. ૯
જઇ જોયું તો રડતો દિઠો, બ્રાહ્મણ સહિત પરિવાર;
કહે કુંતિ શું દુખ છે કહો, હે વિપ્ર આણીવાર. ૧૦
વળતી વદ્યો તે વિપ્ર, બાઈ, નથી દુખનો પાર;
આ અવનિમાં આપત્તિ મારીનો નથી ઉપચાર ! ૧૧

તેઃ શું કહું તે હે સતી, કરવા દુખી ઉર તાંરૂં;
ભાવી લખ્યું ભોગવવું મારે, કર્મફળ જે મારૂં, ૧૨
કહે કુંતિ હે દ્વિજ એ ખરૂં, પણ કરો કષ્ટ પ્રકાશ;
ઉરમાં અમૂઝાયા થકી, નવ થાય દુખનેઃ નાશ. ૧૩
'માગ્યા વિના પિરસે ન માતા,' માનજો મતિમંત,
યોગ્ય સ્થળ ઉચર્યા વિના, આવે ન દુખનો અંત. ૧૪
દુખનો ઉપાય નથી ગણી, નવ થવું છેક નિરાશ;
સિંહના દુખનો મુષકથી, થાયછે વખતે નાશ. ૧૫
વિપ્ર વળતી બોલિયો, સાંભળો દુખનો સાર;
આ નગરમાં રહેવાથિ, રે નવ સાંપડ્યો શુભ સાર! ૧૬
નિર્માલ્ય રાજા નીવડ્યો, નિર્વીર્ય કાયર છેક;
ત્રાસી અને નાશી ગયો, રાક્ષસભયે તજિ ટેક. ૧૭
બકરાક્ષસે સ્વાધિન કર્યું, આ નગર વળતી નેટ;
છે નગરજન તે દુષ્ટનાં, આશ્રય રહિત આખેટ. ૧૮
નિજ સ્વાર્થ માટે અન્યથી, રક્ષણ કરેછે એહ;
કર લેઇ જનથી કારમો, દુખદાઇ છે બહુ તેહ. ૧૯
બાર મણ ચોખા-ભાત, ને બે મહિષ માણુસ એક,
વારા પ્રમાણે ગામમાંથી, દેઇ સૌ તજિ ટેક. ૨૦
નિયમ પરમાણે ન આપી શકે કો કદિ તેહ,
તો નાશ ઘરનાં સૌ કરી, ખાયછે નિઃસંદેહ. ૨૧
આજ વારો મુજ ઘરે, આવ્યોછ દુખ દેનાર;
અન્ન પાડા આપવા, નથિ શક્તિ મારિ લગાર. ૨૨
અન્યોન્ય પ્રેમે ત્યાગ કોનો, થાય ના નિર્ધાર;
મુજસાથ મરવા ઘરતણાં, સૌ થાય છે તૈયાર. ૨૩
કર્મયોગે ધર્મસંકટ, મર્મ ભેદે મારૂં;
ઉપાય નથિ એનો કંઈ, આપત્તિ મુખ શું ઉચારૂં! ૨૪

---

૧૮. આખેટ-શિકાર. ૨૦ બારમણ ચોખાનો ભાત.

વલણ.

ઉચ્ચારૂં શું બાઇ હે, 'શ્વાસ ત્યાં લગી શોષ';
મરણશરણમાં દુઃખિને, છે પૂરો પરિતોષ રે. ૨૫

કડવું ૩૭ મું.

બ્રાહ્મણનું સાંત્વન અને કુંતીયુધિષ્ઠિરસંવાદ.

રાગ મેવાડો.

કુંતી કહે દ્વિજવર મા શોચો, ધીરજ મનમાં ધારોજી;
આપતણું દુખ હરવાને સુત, મોકલીશ હું મારોજી. ૧
એક સુતા સુત અને સતી સ્ત્રી, છે તમને દ્વિજ એકજી;
માટે રાક્ષસ પાસ જવાનો, વર્જો આપ વિવેકજી. ૨
જે મારે સુત પાંચ પરાક્રમિ, તેમાંથી સુત એકજી—
જશે ભક્ષ રાક્ષસનું લઇને, ખેદ કરો ન વિશેકજી. ૩
વળતી વિપ્ર વધો તે વેળા, એ શું બોલ્યાં બેનજી;
જિવવા અર્થે અનર્થ એવો, કરવો મને ઘટે ન જી. ૪
તમ સુત બ્રાહ્મણ વળિ અભ્યાગત, જે મારો કહેવાયજી,
તે મુજ જિવવા માટ મરાવું, એ કેવળ અન્યાયજી. ૫
ધર્મિષ્ટો બ્રાહ્મણ અર્થે, નિજ આત્મા ને પરિવારજી—
ત્યાગ કરેછે તો અવળું કયમ, આચરૂં હું આ વારજી. ૬
વર્ણમાત્રમાં વિપ્ર પૂજ્ય છે, પણ અભ્યાગત બાઇજી,—
પૂજ્ય પરમ સર્વત્ર ગણ્યો છે, શાસ્ત્રે નથી નવાઇજી. ૭
તો બ્રાહ્મણ અભ્યાગતને, મુજઅર્થે કેમ મરાવુંજી ?
અનિત્ય સુખ લોભે રે કયમ, અતિ નિંદિતકર્મ કરાવુંજી! ૮
કુટુંબ સહિત મરવું તે સારૂં, પણ બ્રાહ્મણવધ ભૂંડોજી;
કુંતી કહે દ્વિજ મુજમતથી પણ, એ મારગ છે રૂડોજી. ૯
સો સુત હોય મને તોપણ હું, અપ્રિય એક ન લેખુંજી;

પણ સુત મારો એક અનૂપમ, દિવ્ય પરાક્રમિ દેખુંજી. ૧૦
મંત્રસિદ્ધિવાળો પણ તે છે, જે દિલથી નવ ડરશેજી,
રાક્ષસને જોઇતું જમાડી, નિજનું રક્ષણ કરશેજી! ૧૧
બકરાક્ષસ કરતાં બહુ બળિયા, નાશ કર્યા છે એણેજી;
તાડસમાનાં હાડ કચરિને, તેલ કાઢ્યું છે તેણેજી. ૧૨
માટે આપ ગુરૂનું કારજ, કરશે એ નિર્ભ્રાંતજી;
વાત ન કરશો એ કો આગળ, થાઓ સુખેથી શાંતજી. ૧૩
કુંતિવચન સાંભળિ સ્ત્રી સાથે, હરખ્યો વિપ્ર અપારજી;
કહ્યું કુંતીનું સર્વ રિતેથી, કરિયું સદ્ય સ્વિકારજી. ૧૪
માતા ને ગુરુ વિપ્રે વળતી, કહ્યું ભીમને ભ્રાતજી,
કામ કરો કષ્ટ હરો સત્વર, જાણી જે આ વાતજી. ૧૫
વાત સ્વિકાર વૃકોદર તે, તૈયારી કરવા લાગ્યોજી;
ગુરુને ગુણ કરવાના રૂડા ઉદ્યોગે અનુરાગ્યોજી. ૧૬
એવામાં ભાઇઓ ભિક્ષા લઇ, આવ્યા ઘરમોઝારજી;
યુધિષ્ઠિરે કામ વિષે વળગ્યો, જોયો પવનકુમારજી. ૧૭
તેથી છાનું પૂછ્યું માને, ભીમભાઇ મા આજેજી,
તમઇચ્છાથી કે સ્વેચ્છાથી, વળગ્યા છે શા કાજેજી ? ૧૮
માંડી કહિ સૌ વાત કુંતિયે, ઉરને શુભ ઉદ્‌ગારેજી;
યુધિષ્ઠિરે નિઃશ્વાસ નાંખિ કહ્યું, સાહસ કર્યું મા ભારેજી! ૧૯
પરપુત્રાદિકમાટ પુત્ર નિજ, તજવો તે નથિ યોગ્યજી;
વેદ અને વ્યવહારમાર્ગ એ, અધિક ગણેછ અયોગ્યજી. ૨૦
જેનિ ભુજાબળના આશ્રયથી, ભયથી અમે મુકાયાજી,
લાક્ષાગૃહ હીડિંબ આદિથી, ઉગરી સૌની કાયાજી. ૨૧
રાજ્ય ફરી મેળવવાનો છે જેનાપર આધારજી,
જેના સાહસમાં સમજાયે, કૌરવનો સંહારજી. ૨૨
જેની હુંફે સુખમાં નિદ્રા, માત અમોને આવેજી,
જેની બીકે સો કૌરવને, ઊંઘ જરા પણ નાવેજી; ૨૩
તેને રાક્ષસપાસ પ્રેરવા, વાત તમોને ભાવીજી,

એથી સમજાયે છે મુજને, ભૂંડું આપણું ભાવીજી. ૨૪
કુંતી કહે મા શોચ ભ્રાત, તું ધીરજ મનમાં ધારજી;
ભય મા ધર ભ્રાતવિષે ભૂંડો, ઊંડો મર્મ વિચારજી. ૨૫
વિચારવિણ ડગ મેં નથિ દીધું, બ્રાહ્મણનું દુખ હરવાજી;
નથિ હું ભૂંડી માત માનજે, સુતને મોકલું મરવાજી. ૨૬
જો આ દ્વિજઘર આપણ છાનાં-રહ્યાં સુખે નિર્ધારજી,
એથી એનો આપણ શિરપર, થયો ઘણો ઉપકારજી. ૨૭
માટે પ્રત્યુપકાર વાળવા, અવસર આવ્યો જ્યારેજી,
તો તે તક અતિ દુર્લભ હે સુત, ત્યાગ કરૂં કયમ ત્યારેજી. ૨૮
ભીમતણું બળ હું જાણુંછું, અનુભવથી હે ભ્રાતજી,
જોયું છે તેં તેમ છતાં કયમ, આણે ઉરમાં ભ્રાંતજી. ૨૯
જન્મ સમે ખોળમાંથી એ, ખશી પડયો'તો જ્યારેજી,
છાટ પથરની પર એ પડતાં, ચૂર્ણ થઇ'તી ત્યારેજી. ૩૦
દશહજાર હસ્તીબળ એમાં, છે હે સુત નિર્ધારજી;
હિડિંબ અતળીબળ તુજ જોતાં, હણ્યો ન કરતાં વારજી. ૩૧
બળવાને નિર્બળનું રક્ષણ-કરવું ઉચિત દિસેછે જી;
ક્ષત્રી બ્રાહ્મણનું રક્ષણ કરિ, સ્વર્ગ વિષે સુખ લેછેજી. ૩૨
માટે બ્રાહ્મણનું દુખ હરવા, કરવા પ્રત્યુપકારજી,
નિશ્ચય પાકો કરિ મેં હે સુત, ભીમ કર્યો તૈયારજી. ૩૩

વલણ.

તૈયાર કર્યો છે ભીમને, લેવા લાખ આશીષ;
સુકૃત એ ઓછું છે નહીં, સારૂં કરશે જગદીશ રે. ૩૪

---

૨૪. ભાવી-ગમી. ભાવી-ભવિષ્ય.

કડવું ૩૮ મું

વકવધ.

રાગ આશાવરી.

કુંતી કહેવું સુણી યુધિષ્ઠિર, ઉચર્યા વળતી એવું,
માતા તમે કર્યું અતિ રૂડું, ઘટે આપણને જેવું. ૧
ભીમભાઇ નિશ્ચય રાક્ષસનો, કરશે સત્વર નાશ;
એના કૃત્યથકી નગરીનો, ટળશે સઘળો ત્રાસ. ૨
પણ એ વાત ન કરે વિપ્ર કોઆગળ એવું કહેજો;
ભોળાભાઇને પણ શીખામણ, એહ વિષેની દેજો. ૩
પછિ ભોજન લઇ ભીમ રાત્રિએ, પળ્યો પુરીની બહાર;
રાક્ષસના સ્થાનક પ્રત્યે જઇ, આ રિત કર્યો ઉચારઃ ૪
અરે નિશાચર! વનચર બક! અહિં આવ ન કરતાં વાર;
તાતું ભોજન તુજ માટે જો, આવ્યું થઇ તૈયાર! ૫
વ્યંગ્ય શબ્દ સાંભળિ ક્રોધ કરી, રાક્ષસ તે સ્થળ આવ્યો;
જોયું તો જમતો ભીમ દિઠો, ઉર આશંક ન લાવ્યો. ૬
કોડે કોળિયા મુખમાં ધરતાં, વધો વૃકોદર એવું,
આહા! સુંદર શાલ્યોદનના સ્વાદ વિષે શું કહેવું! ૭
નિજ અપમાન અને હાંસીથી, બક ઉચર્યો કરી રીશ,–
કોણ અલ્યા તું છે તુચ્છ સમો, તોડિશ તારૂં શીશ. ૮
મુજમાટે આણેલું ભોજન, નિર્ભય થઇ તું ખાય,
નિશ્ચય એથી જઇશ જમપુરે, જરા વાર નહિ જાય. ૯
બકનું બકવું કાન ન ધરતાં, નીચે મુખ એ વાર,
હસતાં હસતાં ખોંખારા કરિ, ખાતો પવનકુમાર. ૧૦
એથી ઉર ખીજીને રાક્ષસ, તાડન કરવા તડિયો,
ભીમપાસ ઊંચા કર કરિને, આવી પલકમાં અડિયો. ૧૧
તોપણ તેને નવ ગણકાર્યો, તવ રીશ કરી ભારી,
અતિ જોરે બે કરની થાપટ, ભિમવાંસામાં મારી. ૧૨

માખ ઉડાડ્યા સરખું લેખી, ભીમે ઊંચું ન ભાળ્યું;
મુંછે કર ધરિ ખોંખારા કરિ, રાક્ષસનું ઉર બાળ્યું. ૧૩
તેથી તપ્ત થઈ અતિ નિશિચર, કરવા શિક્ષા અરિને-
લેવા વૃક્ષ ગયો ગતિ કરિ, લઇ આવ્યો કરમાં ધરિને.૧૪
એવે ખાઈ પી પરવારી, ભીમ ઉભો ત્યાં હસતો,
જેહ સમિપ મોટું વૃક્ષ લઇ, રાક્ષસ આવ્યો ધસતો. ૧૫
અતિબળ કરિને વૃક્ષ ભીમપર, નાંખ્યું ન કરતાં વાર;
જમણે કરથી તે ઝાલી લઇ, ઝાપટ્યું પળમોઝાર. ૧૬
વૃક્ષોથી બે બળિયાનું ત્યાં, મચ્યું યુદ્ધ નિર્ધાર;
બેના લડવામાં વૃક્ષોનો, વળ્યો ઘણો સંહાર. ૧૭
વૃક્ષો ફેંકયાથી કંઇ ન વળ્યું, તવ ડર અતિ દર્શાવા,
રાક્ષસ કર બે ઝાલિ ભીમના, ઉચર્યો શબ્દો આ'વાઃ ૧૮
બકરાક્ષસ હું છું અતિ બળિયો, તે નથિ તારે લક્ષ;
અલ્યા મરણવશ તુચ્છ માનવી, તું છુ મારૂં ભક્ષ ! ૧૯
છટકાવી નિજ કર કુંતીસુત, અરિના કર બે ઝાલી,
ઉચર્યો હે બક પારધિકર ચઢિ, તજ પતરાજી ઠાલી. ૨૦
ખેંચાખેંચ કરે અન્યોન્ય, ન અળગા થાય કદાપી;
વળગે ઝીકે રૂંબે ઝાલી, રોષ વિષે અતિ વ્યાપી. ૨૧
બક સમજ્યો માથાનો માનવિ મળ્યો આજ આ મુજને,
તોપણ ટેક જણાવી વદતો, નહિ છોડું કદિ તુજને. ૨૨
ભીમ કહે તું તો છુટવાને, બહુ તરફડિયાં મારે,
પણ પાપી નહિ છોડું જીવતો, પહોચાડિશ જમદ્વારે. ૨૩
એમ કહી અમળાવી હેઠો નાંખી પૃથ્વિ પછાડ્યો;
વાંસાપર ઘૂંટણ મારી. બકરાક્ષસ મરણ પમાડ્યો. ૨૪
મરતાં શબ્દ સુણીને તેનો, નિશિચર બીજા નાઠા;
નિજ રાજા બકના દેખીને, હાલ થયેલા માઠા. ૨૫
ભીમે ભય દાખી તેઓને, આજ્ઞા એવી આપી,
માનવિની હિંસા મા કરશો, જિવવા ચહો કદાપી. ૨૬

નમસ્કાર નરગજના કરિ, સારૂં કહિ સર્વે સટકયા;
દેશતણી મર્યાદા છોડી, ત્યાંસુધી નવ અટકયા. ૨૭
ભીમે પછિ બકશબ ઢસડી, નગરીદરવાજે નાખ્યું;
ઘેર જઈ વડભ્રાત પાસ નિજ પૂર્ણ પરાક્રમ ભાખ્યું. ૨૮
પછિ પુરજન કંઇ ઊઠિ પ્રભાતે, શૌચાદિકને સારૂ—
નિસર્યા દરવાજાની બાહર, તો નિરખ્યું કંઇ ન્યારૂં! ૨૯
ભયથી પાસે પ્રથમ ગયા નહિ, પછિ ધિર હૈયે ધરિને,
પાસે જઇ અવલોકન કીધું ડગમતે મન ડરને. ૩૦
તો બકશબ નિશ્ચય તે ઠરિયું, મુંગામારનું ભરિયું;
કેડ પાંસળાં જૂદાં થયલું, મુખથી રુધિર નિસરિયું. ૩૧
વધાઇ. આ પુરમાં જઇને કહિ, જોયું'તુ ત્યાં જેણું;
ઉલટી નગરી જોવા ને, કહે બકને માર્યો કેણે! ૩૨
બક વિણમોતે મુઓ જોઇ સૌ વિસ્મય અતિશય પામ્યા;
કોણે માર્યો શી રીતે તે જાણ્યા વિણ ન વિરામ્યા. ૩૩
તેથી વારાવાળો બ્રાહ્મણ, સત્વર શોધી કાઢી,
પૂછ્યું રાક્ષસ માર્યો કોણે, વાત ન કરશો આડી. ૩૪
પાંડવ છાના રાખી વિપ્રે, કહ્યું સાંભળો સર્વ;
રાક્ષસ માર્યાનો હું મિથ્યા, નથી રાખતો ગર્વ. ૩૫
વારો મારો હતો તેથિ હું, રડતો'તો ધરિ તાપ;
એવે વિપ્ર અજાણ્યો આવી, ઉચર્યો મોટે માપ. ૩૬
શું દુખ છે' તે કહે ઝટ માંડી, રટ ઈશ્વરનું નામ;
કર્ત્તાહરતા શ્રીહરિ છે, પણ કરિશ હું તારૂં કામ. ૩૭
મેં પછિ મારૂં દુખ કહ્યું ત્યારે, વધો વિપ્ર હસિ એવું,-
ચિંતા રાક્ષસની ચિત ન ધરો, કરિશ હું જોઇએ તેવું. ૩૮
એમ કહી તે ભક્ષ લઈને, વનમાં સદ્ય સિધાવ્યો;
સાચે દુખ હરવા કો દેવ હશે આ પુરિમાં આવ્યો. ૩૯
સૌએ બકનું સાલ ટળ્યું ગણિ, આરાધ્યા કુળદેવ;
યજ્ઞાદિક કીધાં અતિ હર્ષે, તૃપ્ત કર્યા ભૂદેવ. ૪૦

વલણ.

ભૂદેવ ભણે આશિષ મુખે, તૃપ્ત થઈ તે વાર;
માર્યો બક જેણે તેહનો, થાજો જયજયકાર રે. ૪૧

ચૈત્રરથ પ્રકરણ.

કડવું ૩૯ મું.

એકચક્રાથી પાંડવોનું પાંચાલ પ્રયાણ.

રાગ સામેરી.

બક મારિ પીડા ટાળિ પુરની, પાંડુસુત દ્વિજઘેર–
રહ્યા'તા ઉપનિષદ ભણતા, પછી થઇ શી પેર. ૧
એક દિવસે વિપ્રઅતિથી, આવિયો દ્વિજદ્વાર,
રાખિ તેને નિજ ગૃહે, કીધો રૂડો સત્કાર. ૨
પછિ પાંડવો માતા સહિત, તે પાસ બેઠા આવી;
વિપ્રે વાત વિદેશની, તેમને તવ સંભળાવી. ૩
તીર્થોતણું વર્ણન કર્યું, જે કર્યાં'તાં ભલિભાત;
દેશો અનેકતણી ઘણી કહિ, પાંડુસુતને વાત, ૪
પાંચાલ દેશનિ માંડિ કહિ, ત્યાં વાત ધરિ અતિ પ્રીત;
દ્રૌપદીના સ્વયંવરની, કહિ કથા આ રીતઃ ૫
દ્રોણને હણવા દ્રુપદ, સુત દિવ્ય સંભવ માટ,–
યાજ્ઞિક બ્રાહ્મણ શોધતો, ઉર ધરી અતિ ઉચ્ચાટ. ૬
અતિ પ્રયાસે યાજઋષિ મળવાથિ થઇ મનમગ્ન,
આચાર્ય સ્થાપી તેમને, દ્રૂપદે કરિયો યજ્ઞ. ૭
શ્રૌતાગ્નિ યજ્ઞ કરાવિયો, યાજે ધરી અતિ ભાવ;
યજ્ઞકુંડથિ કુંવર કુંવરી–થયાં પ્રૌઢ પ્રભાવ. ૮
કવચકુંડળસહિત અસિશર–ધારિ અગ્નિસ્વરૂપ,
સિંહનાદ કરંત પ્રગટયો પુત્ર દિવ્ય અનૂપ. ૯

આકાશવાણી એ સમે, ગંભીર થઇ ત્યાં આમ:—
'આ પુત્ર હણશે દ્રોણને, રાખશે દ્રૂપદમામ'. ૧૦
અલૌકિક કન્યા હવી, વેદિમાંથી એ વાર;
જે રતી કરતાં પણ રુપાળી, જોઇ સૌ નિર્ધાર. ૧૧
વાસુકીસરખી વેણિ તેની, કમળસરખાં નેત્ર;
વપુ શ્યામસુંદર મુનીમનહર, કામકેરૂં ક્ષેત્ર. ૧૨
પ્રગટ એ થાતાં થઈ નભગિરા ત્યાં તે વાર;
નિમિત આ દેવીતણે, થાશે ઘણો સંહાર. ૧૩
ભાર એ કૌરવતણા મરણનો છે નિર્ધાર;
અવતરી કારણ રૂપ એ, ઊતારવા ભુભાર. ૧૪
કુંવર નામ ધૃષ્ટદ્યુમ્ન ધરિયું, કુંવરિ દ્રૌપદિ નામ;
દ્રુપદ હરખ્યો અતિ ઘણો, ફળ મળ્યું મન અભિરામ. ૧૫
દ્રુપદસુતને દ્રોણે નિજઘર, શિખવી વિદ્યા સાર;
પ્રવિણ અસ્ત્ર વિષે અતિ કીધો, કરવા પ્રત્યુપકાર. ૧૬
અર્ધું રાજ્ય દ્રુપદનું દ્રોણે, લીધું હતું તે માટે,
શત્રુસુત સ્નેહે ભણાવ્યો, સદ્ય માથા સાટે. ૧૭
દ્રૌપદી વરવાયોગ્ય થઇ છે, વારુ વર્ણુનિ વામ;
તેનો સ્વયંવર દ્રૂપદે, આદર્યો છે અભિરામ. ૧૮
દેશ દેશતણા નૃપો, ઋષિ રાય તે સ્થળ જાય;
કાંપિલ્ય ઇંદ્રપુરી સમું, શણગાર્યું દ્રૂપદરાય. ૧૯
બ્રાહ્મણમુખે સુણિ વાત, નિજ ગુરુઘાતની તે વીર—
વ્યથા મન પામ્યા ઘણી, જ્યમ હોય વાગ્યાં તીર. ૨૦
તે જોઇ કુંતીએ કહ્યું, અહિં થયા દિન બહુ ભ્રાત,
માટે બિજે સ્થળ જવું જોઇએ, માનિ મારી વાત. ૨૧
પૂર્વ પેઠે નવ મળે ભિક્ષાન્ન અહિં પરિપૂર્ણ;
પાંચાલ પ્રત્યે ચાલવું. ચિંતા કરીને ચૂર્ણ. ૨૨

---

૧૦ મામ—મમત્વ. (દ્રુપદનો દ્રોણને મારવાનો મમત.) ૧૧ રતિ—કામદેવની સ્ત્રી.

માતાકહ્યું માની કરી તૈયારિ પાંડુકુમાર;
અવધ પહોંચે વ્યાસ ત્યાં આવ્યા ન કરતાં વાર. ૨૩
ખબરઅંતર પૂછિ પ્રેમે, દઈ શિક્ષા સારી;
વ્યાસે વાત નવીન પછિ, સંભળાવિ બહુ સુખકારી. ૨૪
હે પાંડવો પૂર્વે તપોવનમાં અનૂપમ એક—
ઋષિપુત્રિ પરમપવિત્ર હતિ શુભ, વારુ વર્ણુ વિવેક. ૨૫
તેને ન પતિ મળવાથિ રહિ દુર્દૈવથીજ કુંવારી;
આદરી તપ અતિ ઉગ્ર એણે, પ્રાર્થિયા ત્રિપુરારી. ૨૬
પ્રસન થઇ પ્રત્યક્ષ દર્શન દઇ વદ્યા વિશ્વેશ,–
શું માગેછે મુખ બોલ કન્યા, તજી તારો કલેશ. ૨૭
પતિ માગુંછું, પતિ માગુંછુ, પતિ માગુંછું, અવિનાશ!
પતિમાટ મેં તપ માંડિયું, પતિ દેઈ પૂરો આશ. ૨૮
શિવ બોલિયા તે વાર, પતિ મળશે તને શુભ પાંચ;
તે સાંભળી અતિ કંપિ કન્યા, પામિ ઉરમાં આંચ. ૨૯
ઉચરી પછી વિનતી કરી, ઇચ્છું છું હુ પતિ એક;
મહાદેવ કહે તેં ઉચરતાં, દાખ્યો ન કેમ વિવેક? ૩૦
માટે પુનર્જન્મે થશે, પાંડવો તુજ ભર્ત્તાર;
માગ્યું તે મળશે માનજે, નથિ વચન વ્યર્થ થનાર. ૩૧
કહિ એમ અંતર્હિત થયા, અવિનાશિ ઉમયાકાંત;
કન્યા તે દ્રુપદઘેર જન્મી, જાણજો નિર્ભ્રાંત. ૩૨
તે સ્ત્રી થશે તમતણી, શિવવરદાનથી આ વાર;
માટે તમે પાંચાલ પહોંચો, દ્રુપદને દરબાર. ૩૩
મળશે તમોને દ્રૌપદી, સુખિ થશો સર્વ પ્રકાર;
છો તમે વાસવઅંશ, દ્રૌપદિ છે શચી અવિધાર. ૩૪

---

૩૪. શચી–ઇંદ્રાણી. પાંચ પાંડવો એ ઇંદ્રના છૂટા પડેલા અંશો (વહેચાઇ ગયેલાં તેજ)થી પૃથ્વીનો ભાર ઉતારવા જન્મ્યા હતા, તેમ દ્રૌપદી એ ઇંદ્રાણીનો અંશ હતી. આ કથા માર્કંડેય પુરાણમાં દ્રૌપદીને પાંચ પતિ કેમ, તેના સમાધાન રૂપે છે. પાંચ પાંડવ મળી એક ઇંદ્ર સમજવા.

વ્યાસ એમ કહી ગયા પછિ, હે' જનમેજયરાય,
એકચક્રાથ પાંડવો નીસર્યા પડિ દ્વિજપાય. ૩૫

વલણ.

પાય પડીને પાડ માની, વિપ્રનો પાંચે ભ્રાત;
માતા સાથે પાંચાલભણી, ચાલ્યા થઇ રળિયાત રે. ૩૬

કડવું ૩૦ મું.

ગંધર્વનો પરાભવ, અને ધૌમ્યને મળવું.

રાગ મારૂ.

એકચક્રાથિ પાંડુકુમાર, ચાલ્યા પાંચાલ થઇને તૈયાર;
સોમાશ્રય શિવસ્થાનક જાવા,' ગયા ઉત્તરદિશ સુખ થાવા. ૧
રાત્રિ દિવસનો માંડિ પ્રવાસ, જાતા વીર તજીને ત્રાસ;
અર્જુન રક્ષા તેઓની કરતો, ધીર વીર કોથી નવ ડરતો.' ૨
બળતાં લાકડાં કરમાં ઝાલી, નિશિ અંધારૂં હરતો ચાલી;
એ રીતે એક સાયંકાળ, ગંગાતટ પાર્થ આવ્યો ભુપાળ! ૩
તે સમે જળક્રીડા કામ, આવ્યો ગંધર્વ એક તે ઠાંમ;
શશિવદની સ્રિયો સાથ લાવી, ઉભો ત્યાં ભામાઓ મનભાવી. ૪
તેણે દેખિને પાંડુકુમાર, કરી ક્રોધથી ધનુષટંકાર,
ઉચર્યો અતિ ઉન્મત્ત આમ, તમે કેમ આવ્યા આ ઠામ? ૫
સંધ્યાસમય ક્રિડાનો આ મારો, તે સમે કેમ પગ અહિં ધાર્યો?
આશંકા ઉર લેશ ન ધારી, મર્યાદા લોપી તમે મારી. ૬
હું છું ગંધવ અંગારપર્ણ, માગિ લીધુ મુજથિ તમે મર્ણ;
રાખી કોઇ ન શકશે શરણ, મને સાંભળ્યો નથિ શું કરણ! ૭

તેના ધર્મમા ગયેલા તેજથી યુધિષ્ઠિર, વાયુમાં ગયેલા તેજથી ભીમસેન, પોતામાં રહેલા અર્ધા તેજથી અર્જુન, અને અશ્વિનીકુમારમાં રહેલા તેજથી નકુલ સહદેવ અવતર્યા હતા.

સખા હું છું કુબેરનો જાણો, ચિત્રરથ બીજું નામ પ્રમાણો;
વન છે આ મારૂં સર્વત્ર, મુજ ધાકે આવે ન કો અત્ર. ૮
તેમાં તક ન વિચારીને પેઠા, આવો પાસ ઉભા કયમ છેટા!
ગર્વવચન ગંધર્વનાં સુણી, ધનંજય ઝટ ઊઠચો ધૂણી. ૯
બોલ્યો ગર્જિને તે પછિ આમ, બક માં બહુ લઇ નિજ નામ;
ઢાંકયું રાખ પરાક્રમ તારૂં, ફળ ચાખિશ નહિતો નઠારૂં. ૧૦
આ ગંગા મોક્ષદા શુભ કહાવે, જેમાં સ્નાન કારણ સૌ આવે;
તેનો રોકવા ચાહ્ય તું ઘાટ, માટે તારો ઘડાશેજ ઘાટ! ૧૧
ધનંજયનાં વચન સુણી કર્ણ, ઊકળ્યો અતિ અંગારપર્ણ;
તેથી ધનુષમાં યોજીને બાણ, માર્યાં પાર્થનો લેવાને પ્રાણ. ૧૨
આવતાં તે નિવારી અર્જુન, બોલ્યો જો થયાં આ તુજ શૂન્ય!
ધનુર્ધારી આગે ભય તારો, ફીણ પેઠે છે નાશ થનારો. ૧૩
માયાવી તું છે તે હું જાણું, પણ તૃણસમ તુજને પ્રમાણું;
સાંધ જે ફાવે તે હવે અસ્ત્ર, એમ કહિને મુકચું આગ્નેયાસ્ત્ર. ૧૪
એથી ચિત્રરથનો રથ બળિયો, જેમાંથી તેહ ધરણી ઢળિયો;
તેના કેશ ગ્રહીને તરત, ખેંચી ચાલ્યો અર્જુન એક સરત. ૧૫
વ્યાઘ્ર હરિણને તાણે તે રીત, આણ્યો ભ્રાત કનેજ ત્વરીત;
યુધિષ્ઠિર પાસ ગંધર્વનારી, શરણ આવિને વિનતી ઉચ્ચારી. ૧૬
અહો ધર્મધુરંધરધીર, દિસો વિપતીસમયના સુવીર;
તમ ચરણે મસ્તક ધરી મારૂં, હાથ જોડી હું વિનતી ઉચારૂં. ૧૭
મારા સ્વામિને આપ મુકાવો, દયા અબળાની ઉરમાં લાવો;
મારૂં જીવતર ઝેર ન થાય, કરો તેમ તમે ધર્મરાય. ૧૮
અપરાધ ક્ષમા કરો આપ, આ સમે તમે છો માબાપ;
દયાળુ દેવસરખા જાણી, આવી શરણ હું પૂજ્ય પ્રમાણી. ૧૯
સુણી ગંધાર્વિનાં દીન વચન, થયું આર્દ્ર યુધિષ્ઠિરમન;
તેથી અર્જુનને કહ્યું ભ્રાત, નવ કરિશ ગંધર્વની ઘાત. ૨૦
જીતેલા જશરહિતને ભાઈ, હણવામાં ન હોય સરસાઈ;
માટે રાંક બનેલાને વીર, છોડો ઊતર્યું એનું નીર. ૨૧

વડ ભ્રાતની આજ્ઞા માની, છોડયો અંગારપર્ણ અભિમાની;
જા મૂકું છું ન કરતાં ફેર, તુજપર મોટાભાઇએ કરી મહેર. ૨૨
સુણી અર્જુનવચન થઇ છૂટો, અભિમાન તજ્યું પડી ભૂંઠો;
ઉચર્યો પછિ ગંધર્વરાજ, મેં ખોઇ મુજ હાથે લાજ ! ૨૩
જાણતો હતો વીર મહાન, તથાપિ તમશું કરિયું તોફાન;
તમે રથ મુજ બાળ્યો ઉદ્દામ, એથી દગ્ધરથ ધરીશ હું નામ.૨૪
મને મૃત્યુના મુખથી ઉગાર્યો, દાવ આવ્યો તથાપિ ન માર્યો;
માટે ચાક્ષુષી વિદ્યા મારી, આપિશ તમને ગણી ઉપકારી. ૨૫
ઇચ્છિત વસ્તુ ત્રિભુવનમાંથી, પડે દૃષ્ટે પડી હોય ત્યાંથી;
એવો છે એ વિદ્યામહિમાય, ગતિ ગગનવિષે એથી થાય. ૨૬
અશ્વ અનુપમ અજર શુભકેશી, દેવતાઇ અમારા દેશી;
મનવેગી મનગમતા સાર, સો સો આપિશ હું અવિધાર. ૨૭
કહેવું ગંધર્વનું સુણી વીર, ઉચર્યો ત્યાં ધનંજય ધીર;
કરી ઉપકાર બદલો લેવો, નથી ધર્મ અમારો એવો. ૨૮
ત્યારે ગંધર્વ કહે સુણો પાર્થ, કહું તેમ કરી સાધો સ્વાર્થ;
અગ્ન્યસ્ત્રની વિદ્યા તમારી–શીખવીને શીખો તમે મારી. ૨૯
વિદ્યા સાટે વાજી પણ લેશો, કરૂં વિનતી કંઈ નવ કહેશો;
કહ્યું અર્જુને વળતી આમ, એ વાતે નથી અડચણ નામ. ૩૦
વસ્તુ સાટે વસ્તુ લેતાં વીર, નથી બાધ કશો ધર ધીર;
પ્રીતિ એથી નિરંતર રહેશે, કૂડું કોઇ ન એમાં કહેશે. ૩૧
પછી અંગારપર્ણ ઉચરિયો, મને આજ કૃતારથ કરિયો;
માટે હીત ચહીને તમારૂં, શ્રેય વાત હું સ્પષ્ટ ઉચારૂં. ૩૨
કુરુવંશિનો મહિમા મહાન, સાંભળ્યો હતો જાજ્વલ્યમાન,
તેનો અનુભવ આજ આ દૃષ્ટ, સાચે મુજને થયો શુભ સ્પષ્ટ.૩૩
તમે પાળોછો બ્રહ્મચર્ય પ્રીતે, એથી તમને કોઇ નવ જીતે;
મને જીત્યો એથી તમે જાણો, પૂર્ણ તેજ બ્રહ્મચર્ય પ્રમાણો.૩૪

---

૩૦ વાજી–ઘોડો. વળી તમારી અગ્ન્યસ્ત્રવિધાના બદલામાં ઘોડાઓ પણ લેજો.

હવે કહું તે કરો તમે કામ, જેથી જય થશે ઠામેઠામ;
પુરોહિત બ્રાહ્મણ કરો આપ, જેથી વધશે પૂર્ણ પ્રતાપ. ૩૫
જેને હોય ભૂસુરની સહાય, જય તેનો સત્વર શુભ થાય;
ભૂત પ્રેત ગંધર્વ ને યક્ષ, નડે નવ બ્રાહ્મણને પક્ષ. ૩૬
ઉત્કોચકતીર્થમાં તપ-ધામ, ઋષિ ધૌમ્ય છે પરમ ઉદ્દામ;
દેવલઋષિના અનુજ છે આપ, જેનો જાણુંછું પૂર્ણ પ્રતાપ. ૩૭
પુરોહિત કરો તેમને પ્રીતે, જેથી વિઘ્નરહિત દિન વીતે;
થઈ પ્રસન્ન પાંડુકુમાર, કરી ગંધર્વવાત સ્વિકાર. ૩૮
અગ્ન્યસ્ત્ર વિદ્યા આપી એને, કહ્યુ પાર્થે પ્રીતે પછી તેને;
અશ્વાદિક ખપ પડવે લેશું, એમ કહિ સ્નેહ દાખ્યો તેશું. ૩૯
મળી ભેટી કરીને પ્રણામ, ભલું ભાખી પાંચે ગુણગ્રામ;
ગંગાતટથી છૂટા પછિ પડિયા, ઉત્કોચકતીર્થ પંથે ચડિયા. ૪૦
ઉત્કોચકમાં જઇ પાંડુકુમાર, ધૌમ્યને પ્રણમી વારવાર,—
પુરોહિત થવા વિનતી ઉચારી, ઋષિ ધૌમ્યે તે સઘ સ્વિકારી. ૪૧
ધર્મ આચરવા યજ્ઞ કરવા, મનોરથ મનના શુભ સરવા,
માર્ગ સમજાવ્યો ધૌમ્યે સુપેર, પાંડુપુત્રોપર કરીને મહેર. ૪૨
આપી આશિષ પૂજન પામી, જય રહેજો જગતમાં જામી;
જશ વિસ્તરજો વિઘ્ન ટળજો, મનવાંછિત તમને મળજો. ૪૩

વલણ.

મળજો મનવાંછિત કહી, દઇ આશિષ અવિધાર;
પાંડુસુત સાથે પછી, ધૌમ્ય થયા તૈયાર રે. ૪૪

स्वयंवर प्रकरण.

કડવું ૪૧ મું.

पांडवोनुं पांचालागमन..

રાગ રામગ્રી.

વૈશંપાયન કહે સુણ રાયજી, કહું દ્રૌપદિલગ્ન કથાયજી;
સ્વયંવરનું કરૂં વર્ણનજી, સુણુ એકાગ્ર થઈ રાજનજી. ૧

ઢાળ.

રાજન્ મન એકાગ્ર કરી સુણુ કથા, કોડ ધરી કહું;
દ્રૌપદીના સ્વયંરનું, વર્ણન વર્ણવવા ચહું. ૨
ધૌમ્યઋષિ લઈ માત સાથે, પાંડવો પછિ પ્રીતથી,
પાંચાલ જાવા નીસર્યા, મનગમતિ રૂડી રીતથી. ૩
માર્ગમાં ભૂદેવ મળિયા, તેમને જાતાં ઘણા;
તેમણે પૂછ્યું પ્રીતથી, નિજવેષ નિરખી તેતણા. ૪
ક્યાંથિ આવ્યા દેવ કહો, નદિનાવસંજોગે મળ્યા;
ભાસોછ શુભ ભૂદેવ, ગુંડી આ અમારીમાં ભળ્યા. ૫
એકચક્રાથી અમે માતા સહિત આવ્યા અહીં;
કરિ નમન વાત યુધિષ્ઠિરે, એ રીત દ્વિજ સૌને કહી. ૬
તવ વિપ્ર તે બોલ્યા પછી, ભલું થયું આવિ ભળ્યા અહીં;
ચાલો દ્રુપદને નગર, દ્રૌપદિનો સ્વયંવર છે તહીં. ૭
યજ્ઞમાંથી સંભવેલી, કમળનયની કારમી,
મુખવાસ મહેકે કમળનો, રહે વિષ્ણુઉરમાં એ રમી. ૮
કવચ કુંડળ ધનુષ શર સહ, ભ્રાત જેનો મહારથી,-
યજ્ઞકુંડથી નીપન્યો છે, વાત શી કહિયે કથી! ૯
જોઈશું તે ત્યાં જઈ, દ્રૂપદ-સુતા સુત આ સમે;
છે સ્વયંવર અતિ શ્રેષ્ઠ ત્યાં, ચાલો અમો સાથે તમે. ૧૦

ત્યાં આવશે બહુ દેશના, રાજા ઉદાર અતી ઘણા;
ભાવતું ભોજન આપનારા, માનવંત નહીં મણા. ૧૧
દાન દેશે તે ઘણું દ્વિજને, દરિદ્ર ન રહે તશું;
દ્રૂપદઉદારપણા વિષે, કહેવાનું બ્રાત નથી કશું! ૧૨
વૈતાલિકો, નટ, નર્તકો, સુત, માગધો ત્યાં આવશે;
બળવાન મલ્લ મળી ઘણા, જોનાર જનને ભાવશે. ૧૩
ખાનપાન સુદાનની રંગરેલ રેલાશે ત્યહાં;
ચાલો ચતુર દ્વિજ આજ, દ્રૌપદિનો સ્વયંવર છે જ્યહાં. ૧૪
છો તમે રૂપનિધાન તેથી, તર્ક અમ પહોંચે ખરો,
તમમાંથી દ્રૌપદિ એકને વરશે, ન સંશય કંઇ કરો. ૧૫
ત્યારે યુધિષ્ઠિર બોલિયા, હીતસ્વિ દ્વિજ અમને મળ્યા,
તેથી મળ્યું સૌ માનિયે, ત્રયતાપ તનમનના ટળ્યા. ૧૬
આપ સાથે આવવા નથિ ના અમારી જાણજો;
અમને તમારા સહોદર, હે વિપ્રવર પરમાણજો. ૧૭
વિપ્રગણ સાથે પછી, પાંચાલ પાંડવ આવિયા,
માર્ગમાં મુનિવ્યાસ મળિયા, તે ભલા મનભાવિયા. ૧૮
કાંપિલ્ય જોયું કોડથી; દીઠા સુદુર્ગ દ્રુપદતણો,
નિરખિને રાજનિકેત, હર્ષ ધર્યો સુ અંતરમાં ઘણો. ૧૯
પછિ પાંડવોએ નિજ નિવાસ કર્યો કુંભારગૃહે જઈ;
ભિક્ષુકીવૃત્તી આચરી, ત્યાં રહ્યા અણજાણ્યા થઈ. ૨૦

વલણ.

થઇ અણજાણ્યા ત્યાં રહ્યા, પાંડુસુત નિર્ધાર;
ઓળખિયા નહિ એમને, કોઇએ ત્યાં એ વાર રે. ૨૧

કડવું ૪૨ મું.

स्वयंवर मंडपमां द्रौपदीनुं आगमन.

રાગ રામગ્રી.

હતી દ્રૂપદઇચ્છા એવીજી, દ્રૌપદિ અર્જુનને દેવીજી;
તેથી શોધ કરાવી તેનીજી, પણ ભાળ ન લાધી એનીજી. ૧

ઢાળ.

એની ભાળ ન લાધિ ત્યારે, તેની પ્રાપ્તી માટ,—
દ્રૂપદે નિજનગરમાં, રચિયો સ્વયંવરઠાઠ. ૨
કોદંડ કોઇથિ વળે નહિ, તેવું કરાવી એક,—
મૂક્યું સ્વયંવરમંડપે, વર્ત્તવા પાર્થવિવેક. ૩
ભ્રમણ કરતા છિદ્રવાળાં, યંત્રકેરી પાર,
કૃત્રિમ મચ્છ મૂક્યું ઊંચે, વીંધાવવાને વિચાર. ૪
પછિ દેશદેશે પ્રેમથી, લખિયાં પ્રસિદ્ધીપત્ર;
આવવું ઇચ્છા હોય તેણે, દ્રુપદિઅર્થે અત્ર. ૫
અત્ર જે છે ધનુષ તેમાં, યોજિ જે કો બાણ,
મૂકેલ મુજ મચ્છ વીંધશે, ગ્રહશે તે દ્રૌપદિ પાણ. ૬
સૌ દેશમાં આ વાત પ્રસરી, એથિ સુણ ભૂપાળ,
દુર્યોધન આદિક આવિયા ત્યાં શલ્ય ને શિશુપાળ. ૭
જરાસંધ જયદ્રથ અને જલસંધ આદિ અનેક,
ભૂપતી ત્યાં ભેળા થયા, ભુદેવનો નહિ છેક. ૮
નગરની ઈશાનદિશમાં, દ્રૂપદે સુણ ભૂપ,
સ્વયંવરમંડપ રચાવ્યો હતો એક અનૂપ. ૯
તે મંડપ ફરતાં કોટ ખાઈ કરાવ્યાં'તાં સાર;
અશોકતોરણ દ્વારમાં, બાંધ્યાં હતા સુખકાર. ૧૦
ચારુ ચંદરવા ઘણા બાંધ્યા હતા તે મધ્ય,
નભ આણ્યું ભૂતળ ભાસતું, એથી જણાયે સદ્ય. ૧૧

અગરુ ચંદન ધૂપ મંડપમાં થતો ચોપાસ;
મળિયાગરવાસ પ્રસારિ'તી, બહેકી રહ્યો'તો બરાસ. ૧૨
ઠામ ઠામે પુષ્પતોરણુ બાંધિયાં'તાં બેશ;
જે નાસિકા ને નેત્રને આકર્ષતાંજ વિશેષ. ૧૩
મંડપની ચોપાસ હિમગિરિ શિખરસરખી સાર,
મણિજડિત હેમ અટારિયો શોભતી વિવિધ પ્રકાર. ૧૪
તે માંહિ શય્યા આસનો મૂકયાં હતાં સુખકાર;
સૂગંધના કલ્લોલ વહેતા, ત્યાંથિ અપરંપાર. ૧૫
એક યોજન સુધી પરિમળ, ત્યાંથિ વહેતો પૂર;
પ્રતિદિવસ દાન અનેક, દેવાતાં ત્યહાં ભરપૂર. ૧૬
કુંવરો સહિત ભૂપાલ, નિજ આસને બેસે આવી;
તે જોઇ દ્રૂપદઠાઠ કહે, નથિ નિરખિ રચના આ'વી! ૧૭
જોનાર જન બીજા કહે, અહો અલૌકિક કર્યું કામ;
ભૂદેવ ભાખે ઇંદ્રવૈભવ, ભાળિયે આ ઠામ ! ૧૮
ગિત ગાન તાન અને તમાશા મંડપે બહુ થાય;
વાદ્ય વાજે વિવિધ એથી, ભીડ ત્યાંહ ભરાય. ૧૯
આ પ્રમાણે પંદર દિવસ, ઉત્સવ થયો તે ઠામ;
સોળમે દિવસે શું થયું, સુણુ રાય હે ગુણધામ. ૨૦
સોળમે દિન દ્રૂપદસુતા, સજિ સોળ શુભ શણુંગાર,
વરમાળ ઝાલી હેમની, આવિ મંડપ મોઝાર. ૨૧
એ સમય નૃપ મહાવીર, ભારે ભાગ્યવાન સુધીર,—
બેઠા હતા આસને આવી, નિરખિ નિજમાં નીર. ૨૨
દેશી વિદેશી માનવો બેઠા હતા બહુ જ્યાંહ;
વિપ્ર ગણુમાં પાંડવો આવ્યા હતા વળિ ત્યાંહ. ૨૩
તે તક સુરંભા સારખી, અતિ દિવ્ય દેવિ સ્વરૂપ,
જળહળતિ જ્યોત ઉદ્યોત દ્રૌપદિ ઝળકિ રૂપ અનૂપ. ૨૪
અટારીથી ઊતરી મંડપે મોહિની રૂપ,—
દ્રુપદતનયા આવિ ઊભી, ભુપ થયા તદ્રૂપ. ૨૫

કુશાંડિસહ ગ્રહશાંતિ ગોરે કરીને તે વાર,-
આજ્ય હોમી અગ્નિમાં કર્યું સ્વસ્તિવાચન સાર. ૨૬
તે સમય દ્વિજને દાન દઇ, દુંદુભી બંધ કરાવી,
ધૃષ્ટદ્યુમ્ન દ્રૌપદીકર સહી, ઊભો સભામાં આવી. ૨૭
મેઘસરખા શબ્દથી, ઊચર્યો પછિ તે વીર;
હે રાય સઘળા સાંભળો, દીસોછ જે દૃઢ કીર. ૨૮
આ ધનુષમાં શર પાંચ સાંધી, જે કુલિન કળવાન,
ભ્રમણુ થાતા યંત્રથી, પાડશે મચ્છ-નિશાન; ૨૯
તે રૂપબળથી યુક્ત નરની, સ્ત્રી થશે મુજ બેન;
આ વાત સાચી માનજો, ચિતમાંહિ ધરિને ચેન. ૩૦

વલણ.

ચેન ધરીને ચતુર નૃપ, બળ નિજ દાખો અત્ર;
દ્રૌપદિને નિજ ભ્રાત પછિ, કહે નૃપ નામો તત્ર રે. ૩૧

કડવું ૪૩ મું.

મચ્છવેધમાં રાજાઓની નિષ્ફળતા.

રાગ સારંગ.

ધૃષ્ટદ્યુમ્ન કહે સુણો બેન, આ છે દુર્યોધન ને ચિત્રસેન;
દુઃશાસન વાયુવેગ ને વિંદ, સુબાહુ ઉગ્રાયુધ અનુવિંદ. ૧
થોડામાં મેં કહ્યા વીર આઠ, નીરખો શત ભ્રાતનો ઠાઠ;
કર્ણ શકુનિ છે જેઓનિ સાથે, અશ્વત્થામા છે સર્વને માથે. ૨
બૃહદ્બલ ભોજ ને મણિમાન, જુઓ જયત્સેન ને ચેકિતાન;
મહારથિ આ શલ્યને ભાળો, રૂકમાંગદ રૂકમરથને નિહાળો; ૩
શંખ ઉત્તર સાથ વિરાટ, વિરાજે છે જુઓ તે ઠાઠ;
સત્યધૃતિ સૂર્યધ્વજ રાય, ચંદ્રસેનની નિરખો કાય. ૪
ભગદત્ત ભુરીશ્રવા વીર, દૃઢધન્વા શિબી નૃપ ધીર;

તામ્રલિપ્ત સુદક્ષિણ સુષેણ, કૃષ્ણ બળદેવ નિરખો નેણ. ૫
પેખો પ્રદ્યુમ્ન ને અનિરૂદ્ધ, સાત્યકી ઉદ્ધવ કુળ શુદ્ધ;
ગદ અક્રૂર પૃથુ ને કંક, જુઓ યાદવસાથ નિઃશંક. ૬
ભગીરથ બૃહત્ક્ષત્ર જયદ્રથ, ચિત્રાંગદ શ્રુતાયુ બૃહદ્રથ;
વત્સરાજ વિલોકો પ્રીતે, જરાસંધને કોઇ ન જીતે. ૭
જુઓ ચેદીપતી શિશુપાળ, ભવ્ય ભાળો બિજા ભૂપાળ;
પરાક્રમ રૂપ ગુણના ભરિયા, દિસેછે જેહ ડહાપણદરિયા. ૮
આવ્યા છે શૂર ક્ષત્રીસમસ્ત, બેન ગ્રહવા તમારો હસ્ત;
માટે લક્ષ્ય વીંધે જે કો શૂર, તેને વરજો હરખ ધરી ઉર. ૯
આમ ઉચર્યો ધૃષ્ટદ્યુમ્ન જયારે, થયા તત્પર સૌ નૃપ ત્યારે;
રૂપ બળ રાજ્યમદમાં માતા, આકળા વરવા અતિ થાતા. ૧૦
અલંકારે શોભીત યુવાન, આણે રૂપ બળનું અભિમાન;
વૃદ્ધને મુખ મરડી ઉવેખે, ખસો કાકા ઉભા શા લેખે! ૧૧
તવ તે કહે બોલો વિચારી, તમે ગત શું સમજો અમારી!
પાડો પટિયાં ને કેશ સમારો, તોલ શો છે અત્ર તમારો! ૧૨
એક એકની ઈર્ષ્યા કરતા, ઉભા દ્રૌપદી વીંટીને ફરતા;
મદઝરતા હાથી જેવા મસ્ત, ગર્વઘેલા બન્યા ત્યાં સમસ્ત. ૧૩
કામબાણે વીંધાઇને વીર, વિસર્યા નિજ શુદ્ધિ શરીર;
દ્વેષ પરસ્પરનો અતિ કરતા, ઝેર આંખોમાં ઝાઝું ધરતા. ૧૪
તાત વરવા કંઇકના ચહાય, કુંવરોએ જોયું નવ જાય;
ચહે ચિત વરવા સુત ભોળા, ડોસા કાઢે તેઓપર ડોળા! ૧૫
અરે અનુભવ વિણના વીર, થઇશ ઊછાંછળો મા અધીર;
નામ કરવું છે અત્ર અમારે, ગજું નથિ તારૂં બાપ ઉચ્ચારે. ૧૬
બાપા સુણજો વિનતિ આ મારી, કાયા કાંપેછે હાવે તમારી;
માટે છે મારો એ ઉદ્દેશ, વૃદ્ધપણનો વગોવશો મા વેષ! ૧૭
તાત કુંવરને કહે તે ટાણે, આજકાલનો તું શું જાણે!
રહ્યા જુવાનિયા ઝખ મારી, ભીષ્મે હરિ કાશીરાજકુમારી. ૧૮
વાત વીરા તે તું શું જાણે, તારો જન્મે નહીં તે ટાણે;

ચઢે જુવાનિયા બહુ ચાળે, ગાડાં વૃદ્ધ વિના કો ન વાળે. ૧૯
કહે કોઇક તાતને એવું, તમને વર્ષ થયાં છે નેવું,
છતાં ઊભવું હતું અહિં આમ, મને લાવ્યાનું શું હતું કામ! ૨૦
કોઇ કહે નિજસંગીને ભાઈ, રહ્યા છો બહુ આપ ઉજાઈ,
પણ હું છતાં સરશે ન અર્થ, માટે મહેનત કરશો મા વ્યર્થ! ૨૧
તવ તે કહે બળ હું તારૂં—જાણુંછું, પણ જોજે તું મારૂં;
બકવાથી અરથ નવ સરશે, દ્રૌપદીને આ વર અહિં વરશે! ૨૨
ઊચર્યો એક તવ ત્યાં એમ, તમે પાણી વલોવો છો કેમ ?
ગુણ પોતાના મુખથી ન ગાશો, દેખી ધનુષને ઢીલા થાશો ! ૨૩
કૃષ્ણઇચ્છાથી યાદવ સર્વે, ત્યાગ કરિ બળરૂપનો ગર્વ,
બેસી આસને કૌતુક જોતા, ભલે છો બીજા નિજભાર ખોતા. ૨૪
એવામાં શ્રીકૃષ્ણે તેહ ટાણે, ભસ્મે ભારેલા અગ્નિ પ્રમાણે,
ગુપ્ત બેઠેલા પાંડવ પેખ્યા, જેમને કોઇએ નવ દેખ્યા. ૨૫
જેને માયા મીઠી મધ લાગે, તેને ભાસે ન બ્રહ્મ નિજ આગે;
જેની લગની દ્રૌપદિમાં લાગી, તે શું ઓળખે પાંડવ બડભાગી ? ૨૬
બળભદ્રને કૃષ્ણે ઓળખાવ્યા, તેથી તેમને મન બહુ ભાવ્યા;
દ્રૌપદી જોઇ પાંડુકુમાર, કામે વ્યથિત થયા તે વાર. ૨૭
એ સમે દેવગંધર્વવર્ગ, યક્ષ અપ્સરા છોડીને સ્વર્ગ,—
આવ્યાં વૈમાન ચઢિ અંતરીક્ષ, શોભા નિરખતાં ત્યાં રહિ ચક્ષ. ૨૮
પુષ્પવૃષ્ટિ ત્યાંથી વરસાવી, ઉર આનંદ અતિ દરશાવી;
દુંદુભી વેણુ શંખ વગાડયાં, મન આનંદ સૌનાં પમાડયાં. ૨૯
પછી દ્રૌપદિ મળવા સારૂ, પરાક્રમ દર્શાવવા સારૂં,
દુર્યોધન ઊઠયો ખુંખારી, ચાપ ન ચઢયું બેઠો ઝટ હારી. ૩૦
શાલ્વ શલ અશ્વત્થામા ક્રાથ, ઊઠયા પણ મરડાઇ ગયા હાથ;
સુનિથ વક્ત્ર કલિંગ વંગરાજ, બળ કરિ ખોઈ બેઠા લાજ. ૩૧
પાંડચ પૌંડ્રક યવન નરેશ, બિજા દેશપતી બહુ બેશ,
ઊઠયા પુત્ર પૌત્રાદિક સાથ, જોઇ ધનુષ બેઠા ધરી હાથ. ૩૨
ઝાઝું વરત્યા વિના મનમમતે, દ્રૌપદી વરવાતણિ સરતે,

ઉઠયા ઉન્મત કંઇક હોકારી, પડયા પૃથ્વિમાં બાપ પોકારી. ૩૩
પડયા મુકુટ ને માળાઓ તૂટી, જાણે લીધા વસ્તીવિચ લૂંટી;
તેવું કૌતુક થયું તે વાર, મંડપે થયો હાહાકાર. ૩૪
એ જોઇ શ્રેષ્ઠ ધનુષ ધરનાર, કર્ણ તર્ત થયો તૈયાર;
તેણે કાર્મુક લઇ સજ કીધું, બાણો ધરિ તેમાં ડગલું દીધું. ૩૫
સમજ્યા ત્યારે પાંડુકુમાર, કર્ણ મચ્છ વીંધશે નિરધાર;
કર્ણે તાકયું નિશાનને જ્યારે, હોકારી ઉચરી દ્રૌપદિ ત્યારે. ૩૬
કર્ણ લક્ષ્ય વીંધ્યું વ્યર્થ જાશે, સિંહ ભાગ શિયાળ ન ખાશે;
સૂતપુત્રને હું ન વરીશ, રીઝો કે કરો મુજપર રીશ. ૩૭
સાંભળી દ્રૌપદીનાં આ વેણ, સૂર્ય સામાં કરી નિજ નેણ,—
મૂકયું કર્ણે ધનુષ ઝટ હેઠે, બેઠો નિજ આસને જઇ છેટે. ૩૮
જરાસંધ પછી ઝટ ઊઠયો, ચાપ છટકયું પડયો બહુ ભૂંઠો;
પડયો પૃથ્વિમાં ઘૂંટણભેર, શરમાઈ ગયો નિજ ઘેર. ૩૯
શલ્ય શિશુપાળે સાહસ દાખ્યું, ભાગ્યા ઘૂંટણ એ ફળ ચાખ્યું;
આમ વિમુખ થયા રાજાન, લક્ષ્ય વિંધવાનું ટળ્યું અભિમાન. ૪૦

વલણ.

અભિમાન ટળ્યું, ન વળ્યું કંઈ, વર્ત્યો હાહાકાર;
કાર્મુક સજ કરવા પછી, પાર્થ થયો તૈયાર રે. ૪૧

કડવું ૪૪ મું.

અર્જુનથી થયેલો મચ્છવેધ.

રાગ રામગ્રી.

વિપ્રગણમાંથી ધનુષને ધરવાજી, ઊઠયો પાર્થ વિજય પછિ કરવાજી;
પુરંદરની પતાકાસરખીજી, કાંતિ સૌ જને જેની નરખીજી. ૧

---

૩૫ કાર્મુક—ધનુષ.

ઢાળ.

નરખી નર મહાવીર હરખી મંડળી દ્વિજની ઘણી;
મૃગચર્મ હાથવડે ઉડાડિ, કરી પ્રશંસા તે તણી. ૨
દ્વિજ કંઈક શોચ વિષે પડી, ઉચર્યા ન ઠિક એણે કર્યું;
બ્રાહ્મણનું નામ વગોવવા, સાહસ અરે આ આદર્યું! ૩
શિશુપાળ શલ્યાદિક મહાશુરવીરનું નિર અહિં ગયું;
ત્યાં આ ઉઠયો ઉડભંગ, ઢંગવનો ન ઠિક એ કંઈ થયું. ૪
ધનુષ્મત મહાવીર ક્ષત્રીવર્ગનું કંઇ ના વળ્યું,
તો વિપ્ર ઘેલે ઊઠતાં અહિં, કર્મ નિજ કયમ નહિ કળ્યું? ૫
આ અજ્ઞ વિદ્યારહિતથી, કદિ કામ સિધ જો નવ થયું,
તો જાણજો, દ્વિજ સર્વનું, રે નાક અહિં છેદાઇ ગયું! ૬
ઉપહાસ થાશે આપણું, યજમાન માન નહીં ગણે;
કરિ દ્વેષ ક્ષત્રી આપણો, ભૂંડૂં બહુ એથી ભણે. ૭
અટકચાળી અદકપાંસળિ, જાત ગણશે આપણી;
મહતા ન કો પણ માનશે, કયમ આ કરેછે તાપણી! ૮
મતિભ્રંશથી વા ગર્વથી, કે હર્ષઘેલો આ થઈ,
ઊજાય છે મચ્છ વીંધવા, કારમા કાર્મુક પાસ જઇ. ૯
તે માટ એને કહો, 'અરે દ્વિજ આવ્ય અત્ર 'ભલો થઈ;
નથિ આપણું એ કાર્ય, સાહસ કરિશ મા આગળ જઈ. ૧૦
તત્ર વિપ્ર બીજા બોલિયા, ચિંતા ન ચિતમાંહે ધરો;
છે વિપ્ર એ કોઇ કારમો, મચ્છવેધ કરનારો ખરો. ૧૧
ગતિ સિંહસરખી એનિ છે, કરિસુંઢ સરખા હસ્ત છે;
છે સાગના સોટાસમો, સર્વાંગ પૂર્ણ પ્રશસ્ત છે. ૧૨
વળિ અડગ હિમગિરિસારખો, જૂવાન જય ઇચ્છા ભર્યો,—
પેખાય પૂર્ણ પરાક્રમી, નરવીર એ નજરે નર્યો. ૧૩
અધિરા થઈ ઉરમાંહિ નિર્બળ અત્ર નવ એને ગણો,
ત્રણલોકમાં ભૂદેવથી, નવ થાય શું દ્વિજ તે ભણો! ૧૪

---

૧૨ પ્રશસ્ત—વખણાતો, પોખાતો.

ફળમૂળના ખીનાર દઢ વ્રતધારિ દુર્બળ હોય છે,
નિજ તેજથી તોપણ મહાબળવાન તે દ્વિજ હોય છે. ૧૫
માટે 'ન દ્વિજથી કંઇ બને,' એવું ન કહિયે ધારશો;
નક્ષત્રિ પૃથ્વી પરશુરામે કરિ'તિ આપ વિચારશો. ૧૬
ઉદધીનું આચમન એક અંજલિમાં અગસ્ત્ય કરી ગયા,
જાણોછ દૈવત દ્વિજનું તોપણ, કેમ સંશયિ છો થયા ? ૧૭
શર સાંધતાં કૂપથી ગિલ્લી કુંવર કાઢિ શકયા નહીં,
તે વૃદ્ધ દ્રોણે કાઢિ, શળિયો સાંધિને સત્વર સહી. ૧૮
વિપ્રો વિષે વાતો પરસ્પર આમ ત્યાં થાતી હતી;
તે સમય કાર્મુકપાસ અર્જુન ઉભો ગંભિર કરિ ગતી. ૧૯
પરદક્ષિણા તેણે કરી કોદંડની કોડેકરી,
પછિ સાહ્યું તે નિજ હાથ, હરિહર નામ ચિતમધ્યે સ્મરી. ૨૦
શર યોજિ તેમાં પાંચ, તાકી તર્ત ભેદ્યું નિશાનને,
આવી પડયું તે પૃથ્વિપર, અડયું હતું જે અસમાનને. ૨૧
તે જોઇ નભ ત્યમ મંડપે, જયકારસ્વર ગાજી રહ્યો;
થઇ પુષ્પવૃષ્ટી ગગનથી, શાબાશ સૈકોએ કહ્યો. ૨૨
નિજ જય થયો ગણિ વિપ્રગણ, નિજ અંગવસ્ત્ર ઉડાડિને,—
જયનાં નિશાન ધરી રહ્યા, જયનાદ સાદ સુ પાડિને. ૨૩
જેઓથિ ધનુષ ન ઊપડયું, તે ક્ષત્રિઉર દવ લાગિયા;
સુત માગધો સુંદર સ્વરે, ગુણગાન ગાવા લાગિયા. ૨૪
વાજિત્ર શુભ વાગી રહ્યાં, આનંદઅર્ણવ રેલિયો;
દ્રૂપદ પ્રસન્ન થયો ઘણો, ઉર ઉલટિ હર્ષનિ હેલિયો. ૨૫
અર્જુનપરાક્રમ પેખિ, પાંચાલી પ્રસન્ન થઈ અતી;
ઉદધી સમિપ જ્યમ ગંગ જાયે, તેનિ સઘ કરી ગતી. ૨૬
ગજગતી રતિસરખી ગઈ વરમાળ લઇ અર્જુન કને,
શોભવા લાગી સઘ, શિવશક્તી સમી સુજનો મને. ૨૭
કરિ શોર નૃપ કંઇ આકળા ત્યાં રંગમંડપમાં થયા;
નકુળ ને સહદેવ લઇ તવ યુધિષ્ઠિર ત્યાંથી ગયા. ૨૮

દ્રૂપંદે સમય વિચારિ, સેના સજ્જ નિજકેરી કરી;
ક્ષત્રિયો ખષ્ટ થયેલનો ભય ભારિ અંતરમાં ધરી. ૨૯

વલણ.

ધરિ ભય ક્ષત્રીવર્ગનો, દ્રૂપદ સેન સહીત,
અર્જુન પાસે આવિયો, પ્રોઢી ધરિને પ્રીત રે. ૩૦

કડવું ૪૫ મું.

द्रौपदी साथे भीम अर्जुननुं प्रत्यागमन.

રાગ મારૂ.

સભામંડપે જય વર્ત્તાવીરે, રાજા દ્રૂપદઉર અતિ ભાવીરે,
દ્રૌપદી લઇ ચાલ્યો જિષ્ણુરે, [1]જાણે કમળા લઈ જાય વિષ્ણુ
કન્યાએ જેને વરમાળ ઘાલીરે, તેનિ પાછળ તે પછિ ચાલીરે;
એવા વિપ્રને કન્યા દેવારે–ચહ્યું દ્રૂપદે લહાવો લેવારે. ૨
તેથી ભૂપો પરસ્પર ભાળીરે, બોલ્યા ક્રોધ કરી કંટાળીરે;
અરે દ્રૂપદ આ શું કરેછેરે! ધૂળ આપણી આંખે ધરેછેરે!! ૩
દિવ્ય કન્યા આ ક્ષત્રીને યોગ્યરે, દેછે વિપ્રને જે છે અયોગ્યરે;
માટે નિર્મૂળ કરવું એનુંરે, દુષ્ટ કર્મ દિસે છે તેનુંરે. ૪
જેમ વૃક્ષ વારૂ કોઈ વાવેરે, ફળ આવવાની તક આવ્યે રે,
નાશ વૃક્ષનો હોય જ્યમ કરતોરે, ત્યમ દ્રૂપદ અધમ આચરતોરે. ૫
દૂર દેશથી સૌને બોલાવીરે, કરિ સરભરા બહુ મનભાવીરે;
નાક કાપવાનું કરે કામરે, આ તે વાતતણું શું નામરે! ૬
અરે દેવમેળાવડા સરખોરે, ભૂપમેળાવડો આ નિરખ્યોરે;
તેમાંથી નિજસમ કો ન જોયોરે, જોગટો જોઈ મનમાં મોહ્યોરે. ૭
સ્વયંવર છે ક્ષત્રિને માટેરે, છતાં એ વહ્યો ઉલટી વાટેરે;
સ્વયંવરની કન્યા વિપ્ર વરશેરે, ત્યારે ક્ષત્રી પછી શું કરશેરે?! ૮

---

૧ જિષ્ણુ–અર્જુન.

ક્ષત્રીને ન ચહે જો એ કન્યારે, તો ન સહેવો એનો પણ અન્યા'રે;
નાંખી અગ્નિમાં એને જાવુંરે, થાવા દેવું ન ઉલટું આ'વુંરે. ૯
આ દ્વિજે અતિ અન્યાય કરિયોરે, ક્ષત્રિશિર પગ ધરિ પરવરિયોરે;
માટે એ છે શિક્ષાને યોગ્યરે, વિપ્ર છે તેથિ હણવો અયોગ્યરે. ૧૦
માટે અન્યાયનું મૂળ છેદોરે, રાજા દ્રૂપદને જઇ ભેદોરે;
એમ બોલતા કરિ કિકિયારીરે, આવ્યા દ્રુપદ સમિપ શર ધારીરે.૧૧
ત્યારે દ્રૂપદ ધીરજ વામીરે, ગયો વિપ્રોશરણ શિર નામીરે;
એટલે પાંડૂસુત બળિયારે, ભીમ અર્જુન તરત ઉછળિયારે. ૧૨
ભીમે ઝટ એક વૃક્ષ ઉપાડીરે, તેનાં ડાળ ને પાંખડાં પાડીરે,
દંડ તે ગ્રહી જમરાજરીતેરે, ઉભો ભોગ લેવા વિણ ભીતેરે. ૧૩
એ જોઇ અર્જુન વિસ્મય પામ્યોરે, હર્ષ વાધ્યો ને ઉરભય વામ્યોરે;
સ્વયંવરનું ધનુષ કરી સજ્જરે, શર સાંધી ઉભો થઇ ધજ્જરે. ૧૪
એ જોઇ ભ્રાતને શ્રીકૃષ્ણ ભાખેરે, જુઓ વીર આ બે બળ દાખેરે;
વૃક્ષ ઝાલ્યું છે તે ભીમ જાણોરે, ધર્યું ધનુષ તે પાર્થ પ્રમાણોરે.૧૫
ગુણ ગંભીર સુશિળ ને શાંતરે, ગયા અત્રથી જે મહાદાંતરે;
હતા તેહ યુધિષ્ઠિર દેવરે, સાથે વાધ્યા નકુળ સહદેવરે. ૧૬
ઉગર્યા લાક્ષાગૃહથિ જે જાણ્યારે, આજ ભ્રાત તે અત્ર પ્રમાણ્યારે;
હળધર એ સુણી ઉર હરખ્યારે, ફોઈપુત્રને પ્રીતે પરખ્યારે. ૧૭
વૈશંપાયન કહે જનમેજયરે, આવ્યા ભૂપ ચઢી કરવા ક્ષયરે;
ત્યારે બ્રાહ્મણ ઊઠ્યા હોકારીરે, જેષ્ટિકા પાટલા કર ધારીરે.૧૮
મૃગચર્મ ને વૃક્ષની ડાળીરે, વીંઝતા ઊભા ભૂપને ભાળીરે;
તુંબીપાત્ર ને શરવા ઉગામીરે, શૂર જણવ્યું ન રાખી ખામીરે.૧૯
દર્ભજૂડી ધરી નિજ હસ્તરે, ઉભા કંઇક બની મન મસ્તરે;
તરભાણું અને પંચપાત્રરે, ઉંચાં કીધાં ઋષી કૃશ ગાત્રરે. ૨૦
પાર્થને કહે વિપ્રો પ્રીતેરે, ભ્રાત અમને કોઇ નહિ જીતેરે;
માટે ભય નવ ધરશો ભાઈરે, રાજાઓને કરિશું રાઇરાઈરે! ૨૧
એક કહે આ દુર્વા મારારે, વરસાવિશ કરિ શરધારારે;
બિજો કહે આ શૂરવો મારોરે, ઇંદ્રવજ્રસમો તમો ધારોરે. ૨૨

ત્રિજો કહે આ મુજ તરભાણુંરે, છે વિષ્ણુના ચક્ર સમાણુંરે;
ચોથો કહે આ જોળિકા મારીરે, સાંઝ સરખી લેજો વિચારીરે.૨૩
પાંચમો કહે પાટલો મારોરે, મેરુસરખો ચલાવશે મારોરે;
કહે છઠ્ઠો આ મુજ મૃગચર્મરે, આભ તૂટ્યાસમું કરે કર્મરે. ૨૪
સાતમો કહે આ તરુશાખારે, રાખશે નહિં કોને આખારે;
આમ વિપ્રો પાર્થને ભાખેરે, બાત બીક રખે તું રાખેરે. ૨૫
ત્યારે અર્જુન હસિને ઉચર્યોરે, મને આજ કૃતાર્થ તમે કર્યોરે;
ઓથ આખિ છે વિપ્રો તમારીરે, પણ શક્તિ જુઓ તમે મારીરે. ૨૬
તમપરતાપે હે દ્વિજ આજરે, જાવા દઇશ ન આપણી લાજરે;
આમ અર્જુન ઉચર્યો જ્યારેરે, આપી આશિષ વિપ્રોએ ત્યારેરે.૨૭
પછિ જનમેજય, શું થાયરે, ઉચર્યા ત્યાં પરસ્પર રાયરે;
વિપ્ર યુદ્ધ કરવા જો ઉલટ્યેરે, ક્ષમા રાખવી તે તક ન ઘટેરે.૨૮
એમ કહિ દ્વિજસામા ધસિયારે, રણવીર જે યુદ્ધના રસિયારે;
કર્ણ અર્જુન સામો તડિયોરે, શલ્ય ભીમ સામો જઇ ભડિયોરે.૨૯
દુર્યોધન આદિ ભુપાળરે, લાગ્યા વિપ્રોશું લડવા તે કાળરે;
બાત દ્વિજનો નહીં જ્યમ થાયરે, તેમ લડવા લાગ્યા સૌ રાયરે.૩૦
કર્ણે અર્જુનને શર માર્યારે, આવતાં તે તેણે નિવાર્યારે;
પછી માર્યા કર્ણને તેણેરે, મોહ પામ્યો કર્ણ ઝટ જેણેરે. ૩૧
પામી ચેતન પછિ તે પરાણેરે, ધાયો અર્જુન સામે તે ટાણેરે;
તુમુલ યુદ્ધ થયું વીર બેનુંરે, વર્ત્તાય ન બહુ બળ કેનુંરે. ૩૨
એકએકને કહે વીર એવુંરે, 'જોયું બળ મારૂં કેમ છે કેવુંરે'!
દેખિ અર્જુન જબરો જોધરે, કર્યો કર્ણે તેપર ક્રોધરે. ૩૩
બાણ અર્જુનનાં કરિ નાશરે, ગાજ્યો તેહ જણાવી ત્રાસરે;
તેને અર્જુને લેશ ન લેખ્યોરે, આપિ ઉત્તર તર્ત ઉવેખ્યોરે. ૩૪
ત્યારે કર્ણે કહ્યું હે વિપ્રરે, સાચું કહે મને અહિં ક્ષિપ્રરે;
તારી અદ્ભુત શક્તિ હું દેખુંરે, ધનુર્વેદસમો તને લેખુંરે. ૩૫
છે શું ઈંદ્ર વા પરશુરામરે, કે છે વિષ્ણુ અહો બળધામરે;
બાહુબળ તારૂં આશ્ચર્યકારીરે, મને ભ્રમ ઉપજાવેછે ભારીરે. ૩૬

કેમકે ઇંદ્ર અર્જુન પાખેરે, દેહ લડવા ન મુજશું હાખેરે;
માટે ગુપ્ત ધરી દ્વિજ રૂપરે, કોણ આવ્યો છે કહે તું અનૂપરે. ૩૭
બોલ્યો અર્જુન તેણીવારરે, મને વિષ્ણુ ને ઇંદ્ર ન ધારરે;
જામદગ્ન્ય મને નવ જાણુરે, દ્વિજ હું છું પૂર્ણ પ્રમાણુરે. ૩૮
બ્રહ્માસ્ત્ર ઇંદ્રાસ્ત્ર હું જાણુંરે, પણ ઉર અભિમાન ન આણુંરે;
તોપણ આવ્યે તું કરવા યુદ્ધરે, બળ દાખવ ધરિ આયુધરે. ૩૯
પછિ પેખ પરાક્રમ મારૂંરે, જીતી તુજને હું જય વિસ્તારૂંરે;
સુણી પાર્થગિરા ગંભીરરે, કાંપ્યું કર્ણનું સઘ શરીરરે. ૪૦
બ્રહ્મતેજ ભૂદેવમાં હોયરે, તેને જીતી શકે નહિ કોયરે;
એવું ધારીને ધીરજ હારીરે, ભાગ્યો કર્ણ ધરી ભય ભારીરે. ૪૧
શલ્ય ભીમનું યુદ્ધ એ ટાણેરે, મચ્યું હતું મત્ત હસ્તિ પ્રમાણેરે;
ગરજી મારે પાટુ ને ગડદારે, તેના શબ્દે ફાટે કાનપડદારે. ૪૨
ખેંચે પાસે ને ફેંકે દૂરરે, વળગી ઝીકી જણાવે શૂરરે;
આંટિ પાડીને નાંખે હેઠારે, વીર તર્ત થઈ જાય બેઠારે. ૪૩
અંતે શલ્ય શિલા પરમાણેરે, દૂર ફેંકયો ભિમે તે ઠેકાણેરે;
તે જોઇ બ્રાહ્મણુ હસવા લાગ્યારે, 'ભલું થયું ગમ ભાઇના ભાગ્યારે!' ૪૪
કર્ણ શલ્ય પરાઙ્‌મુખ પેખીરે, અદ્ભુત શકિત બે દ્વિજની દેખીરે;
વિસ્મય પામી ભૂપોએ ભાખ્યુંરે, અલૌકિક બળ બે દ્વિજે દાખ્યુંરે. ૪૫
એ છે કોણ ને કયાંના છે વાસીરે, કરો નિશ્ચય તરત તપાસીરે;
કેમકે કર્ણને રોકે કોણુરે? વિના પાર્થ પરશુધર દ્રોણુરે. ૪૬
શલ્ય સામું કોણ બળ દાખેરે, ભીમ કે બળદેવજિ પાખેરે;
માટે મનનો મમત સૌ મેલોરે, ખોટો ખેલ હવે નવ ખેલોરે. ૪૭
હોય બ્રાહ્મણુ કદિ અપરાધીરે, પણ હણવો ન રીત છે અનાદિરે;
બોલ્યા ઉન્મત એમ ન થાશોરે, ક્ષત્રિકન્યા શું દ્વિજ લઇ જાશેરે. ૪૮
એમ કહિ ભીમ સામા ભડિયારે, જાણે દીપે પતંગો પડિયારે;
ભીમે વૃક્ષનો સોટો ધારીરે, કર્યા પૂરા કંઇક પ્રહારીરે. ૪૯
કોને હડફટમાંહિ ઉડાડયા રે, કોને કેશ ગ્રહીને પછાડયારે;
કોને ઝાલીને ઊંચે ઉછાળ્યારે, ત્રાસ વર્ત્તાવિ પાછા વાળ્યારે. ૫૦

પછિ કૃષ્ણ વધા ગુણધામરે, શીદ ભૂપો કરોછો આમરે;
દ્રૌપદી દ્વિજને ધર્મ રીતેરે--પ્રાપ્ત થઇ છે વિચારો તે ચિત્તરે. ૫૧
માટે ધર્મતણો જય થાશેરે, ઉલટું કરવાથી તો લય થાશેરે;
તેથી મમત તજી રાઢ મૂકોરે, આ હું બોધ દઉં છું ટૂંકોરે. ૫૨
સુણી શારંગપાણિની વાણીરે, હિત વાત તે પૂર્ણ પ્રમાણીરે,
ગયા નરપતિ આપ ઉતારેરે, જાવા લાગ્યા બિજા તે વારેરે. ૫૩
મચ્છવેધ જે વિપ્રે કરિયોરે, દ્રૌપદીએ તે વર વરિયોરે;
એ થયું અતિ ઉત્તમ કામરે, એમ ઉચર્યાં ત્યાં લોક તમામરે. ૫૪
મૃગચર્મ જટા ભસ્મ ધારીરે, ભીમ અર્જુન બે બ્રહ્મચારીરે;
પછિ દ્રૌપદિ લઇને ત્યાંથીરે, ચાલ્યા જુદ્ધ મચ્યું હતું જ્યાંથીરે. ૫૫
એ સમે શોભ્યા ત્યાં તે કેવારે, મેઘયુક્ત સૂર્ય શશિ જેવારે;
કુંતિ જોતી ઉતારે વાટરે, ના'વ્યા સુતનો કરિ ઉચ્ચાટરે. ૫૬

વલણ.

ઉચ્ચાટ કરી મા ભ્રાત બહુ, કરતાં ઉર ગભરાટ;
અર્જુન ભીમે આવિ ત્યાં, ઠોકયાં તરત કપાટ રે. ૫૭

કડવું ૪૬ મું.

ધૃષ્ટદ્યુમ્ને કરેલી પાંડવોની ચર્ચા.

રાગ મેવાડો.

રંગમંડપમાં જય વર્ત્તાવી, ભીમ અર્જુન ભલિ ભાતજી,
આવિ ઉતારે લાવિ દ્રૈપદી, ઉચર્યા થઇ રળિયાતજી. ૧
માતા ભિક્ષા લાવ્યા અનૂપમ, મન ગમતી સુખદાઈજી;
તવ કુંતી વદિ ઠીક થયું, ભોજન કરો પાંચે ભાઈજી. ૨
આમ કહી પછિ દ્રૌપદિ જોતાં, ઝાંખી થઈ તે વારજી;
કષ્ટ રૂપ આ વેણ કહ્યું શું, શોચતી એમ અપારજી. ૩

પછિ કર ઝાલી યાજ્ઞસેનિનો, આવિ યુધિષ્ઠિર પાસજી;
વાત બનેલી વગર વિચારનિ, કરિ કુંતિયે પ્રકાશજી. ૪
ભ્રાત, વચન મુજ થાય ન મિથ્યા, અધર્મ ભ્રમ નવ ભાસેજી,
તેમ કરો હે કુરુકુળદીપક, દ્રૌપદિ જેમ ઉલ્લાસેજી. ૫
માતવાત સુણિ મુહૂર્તવાર, વિચાર કરીને યુધિષ્ઠિરજી,—
ઉચર્યા મા મન શોચ ન ધરશો, થાઓ સુખેથિ તમે સ્થિરજી. ૬
એમ વદી અર્જુનશું બોલ્યા, દ્રૌપદિ ભ્રાત તેં જીતીજી,
માટે અગ્નિ સાક્ષિ રાખી વર, એ છે નિર્મળ નીતીજી. ૭
પાર્થે કહ્યું પરણામ કરી તવ, અધર્મ એથી થાયજી;
જ્યેષ્ઠ ભ્રાત પરણ્યા પહેલાં, ન્હાનાથી કદિ ન વરાયજી. ૮
પ્રથમ લગ્ન આપનું ઘટે છે, ભીમનું વળતી ભ્રાતજી;
તે પછિ મારૂં હોય, નકુળ સહદેવનિ વળતી વાતજી. ૯
ધર્મ સનાતન એ છે ભ્રાતા, ઉર આશંક ન આણોજી;
આજ્ઞાંકિત આ કન્યા સુદ્ધાં, અમે તમારા જાણોજી. ૧૦
માટે ધર્મ રહે યશ વાધે, દ્રૂપદ થાય પ્રસન્નજી,—
ત્યમ કરવાને યોગ્ય તમે છો, નરેંદ્ર નિર્મળ મંનજી. ૧૧
પ્રીતિયુક્ત પાર્થતણાં વચનો, સાંભળિ પાંડવો પ્રીતેજી,—
દ્રૌપદિ સન્મુખ લાંગ્યા જોવા, રસિકજનોની રીતેજી. ૧૨
જોઇ તેમને રસિક કૃપાળા, દ્રૌપદિ ઉર અતિ હરખીજી;
અતનૂ ઉર પ્રગટ્યો પળમાંહે, ફરિ ગઇ તનની સુરખીજી. ૧૩
જાણી ઉર-ઇચ્છા સર્વેની, વ્યાસવચન સંભારીજી,—
વધ્યા યુધિષ્ઠિર દ્રૌપદિ થાશે, પાંચેની સ્રી પ્યારીજી. ૧૪
વચન સાંભળી વડિલ ભ્રાતનાં, ભ્રાત થયા રળિયાતજી;
ક્યમ કે સૌઉરમાં વરવાની, અતિ રુચતી હતિ વાતજી. ૧૫
પ્રસન્ન થઇ પાંચે પછિ પ્રીતે, બેઠા હતા ત્યાં જ્યારેજી,
વૃષ્ણિકુળમાં શ્રેષ્ઠ કૃષ્ણબળદેવ પધાર્યા ત્યારેજી. ૧૬
આવિ યુધિષ્ઠિર પાસ ભેટિ પ્રણમીને કહ્યાં નિજ નામજી;

---

૧૩ અતનુ–કામ.

મામાના સુત જાણી ઉરમાં, હરખ્યા ભ્રાત તમામજી. ૧૭
ભેટયા ભાવે યોગ્ય રિતે સૌ, દાખ્યો પ્રેમ ઉદ્દામજી;
કુંતીને પછિ કૃષ્ણ હળધરે, કીધા દંડપ્રણામજી. ૧૮
કુશળવાર્ત્તા પૂછી પ્રેમે, વદ્યા યુધિષ્ઠિર એમજી,-
વાસુદેવ અહો ગુપ્ત અમોને, તમે ઓળખ્યા કેમજી ? ૧૯
કૃષ્ણ કહે હે યુધિષ્ઠિર અગ્ની, ગુપ્ત છતાં વરતાયજી;
પાંડવ વિણ સ્વયંવરમાં પરાક્રમ, કોનાથિ આ'વું થાયજી ! ૨૦
લાક્ષાગૃહના દાહથકી-મૂકાયા હે મતિમાનજી;
દુર્યોધનનું દુષ્ટ કૃત્ય થયું અફળ હે ભ્રાત નિદાનજી. ૨૧
એ સૌ ઠીક થયું એમ જાણો, મત એવું છે મારૂંજી;
ઇચ્છિત પ્રાપ્ત થશે ભલિભાતે, ભાવિ પ્રબળ છે તમારૂંજી. ૨૨
મળિ ભેટી ભલું મનવી ત્યાંથી, કૃષ્ણ અને બળદેવજી,—
કોઇ ન જાણે તેમ ગયા નિજ શિબિરે પછી તતખેવજી. ૨૩
અર્જુન ભીમ લઈ દ્રૌપદિને, આવ્યા હતા ઉતારેજી;
ધૃષ્ટદ્યુમ્ન છાનો પાછળ આવ્યો'તો ત્યાં તે વારેજી. ૨૪
કુંભાર-ઘર ફરતા માણુસ છાના રાખી રહિ છાનોજી,—
ચર્ચા જોતો'તો ભલિભાતે, વર છે કોણુ ને કયાંનોજી. ૨૫
એવે સાયંકાળનિ ભિક્ષા લાવી ચારે ભ્રાતજી,—
આપિ યુધિષ્ઠિરને બેઠા તવ, ઉચર્યા કુંતીમાતજી. ૨૬
હે કલ્યાણી દ્રૂપદપુત્રી, આણ્યું જે આ અન્નજી,—
તેમાંથી તુજ ભાગનું લઈ પછિ, કર દ્વિજ આદિ પ્રસન્નજી. ૨૭
પછિ અવશેષ રહે તેમાંથી, અર્ધું ભીમને આપોજી;
અર્ધું રહે તે પાંચે ભાગે, સરખું અમને આપોજી. ૨૮
સાસુ કહ્યું સાંભળિ સુંદરિયે, પ્રસન્ન થઇને પ્રીતેજી,—
કહ્યા પ્રમાણે કરતાં ભોજન કર્યું સૌએ શુભ રીતેજી. ૨૯
શયન સમય થાતાં સહદેવે, કરિ દર્ભની પથારીજી;
મૃગચર્મો તેપર પાથરિને, સૂતા સૌ સુખકારીજી. ૩૦
દક્ષિણદિશ મસ્તક રાખીને, સૂતા ચતુરસુજાણજી;

માથા ભણિ માતા સૂતાં, પગ ભણિ દ્રૌપદિ ગુણખાણુજી. ૩૧
સૂતાં સૂતાં શસ્ત્ર અસ્ત્રની, પાંડવ વાતો કરતાજી;
વીરરસે વીનોદ માનતાં, દેવથકી નહિ ડરતાજી. ૩૨
આ ચર્ચા જોઇ તાત પાસ, પળિયો ધૃષ્ટદ્યુમ્ન ત્યાંથીજી;
દ્રુપદે પૂછ્યું ભાઇ અસૂરો આવિયો અહિં તું કયાંથીજી ? ૩૩
દ્રૌપદિ કયાં ગઇ કોણ લઇ ગયો, છે તેની શી જ્ઞાતિજી ?
ભાખ ભ્રાત તે વાર કર્યાં વિણ, જણાવિ તેની જાતિજી. ૩૪
મુજ શિરપર પગ મૂકિ અરે, લઇ ગયો શૂદ્ર કો એનેજી !
કે શું વિલોમજાતિ મળ્યો, કાળું કરવા મુજ તેનેજી !! ૩૫
દ્રૌપદિ જેણે ગ્રહણ કરી તે, છે ક્ષત્રી કે વિપ્રજી,
અથવા અર્જુન ઇચ્છિત છે શું, કહે મને તે ક્ષિપ્રજી. ૩૬
આહા ! અર્જુનને પ્રાપ્ત થઇ હોય, તુજ ભગની જો ભાઈજી,
તો મુજ પુણ્યમાં ન્યૂન ન માનું ગણું જિવિત ફળદાઈજી. ૩૭
પાંડૂપુત્રો જિવતા છે એવી, ઉડતી જાણિ છે વાતજી;
માટે પાર્થે કર્યું શું પરાક્રમ, મુજગમતું કહે ભ્રાતજી! ૩૮

વલણ.

ભ્રાત વાત કહે સત્ય તું, શી કરિ આવ્યો શોધ;
દ્રૌપદિ અર્જુનને મળી, કે છે કાંઇ વિરોધ રે ! ૩૯

अथ विवाहप्रकरण.

કડવું ૪૭ મું.

द्रुपदे करेली पांडवोनी परीक्षा.

રાગ રામગ્રી.

ધૃષ્ટદ્યુમ્ન કહે સુણો તાતજી, જોઇ ચર્ચા મેં જે ભલિભાતજી;
તેથી નિશ્ચય થાય છે મારોજી, મનોરથ સિદ્ધ થાશે તમારોજી. ૧

ઢાળ.

તમારો સિદ્ધ થશે મનોરથ, થાઓ હૃદે રળિયાત;
કહિ એમ નિશિચર્યાંનિ સઘળી, માંડિ કહિ ત્યાં વાત. ૨
તવ દ્રુપદ હરખી અતિ ઘણો, કહે પુરોહિતને આપ,
પૂછો જઈ દ્વિજ તેમને, 'છો પાંડુસુત શું આપ?' ૩
પછિ પુરોહિત જઇ પાંડવોશું, ઊચર્યો તવ આમઃ
મચ્છવેધ કીધો આ નરે, તમમાંથિ ધરિ ઉર હામ; ૪
એથિ હરખી દ્રુપદનૃપ, ઇચ્છે ઓળખવા આપ,
માટે જાતી કુળ તમારૂં કહો, અહો નિષ્પાપ ! ૫
પાંડુનૃપશું પરમ મૈત્રી હતિ દ્રુપદને સાર,
તેથિ દ્રૌપદિ દેવા પાર્થને, હતો રાયવિચાર. ૬
માટે નિજ કન્યાનિ પ્રાપ્તી પાર્થને કદિ થાય,
યશ પુણ્ય ઇચ્છિત થયું નિજ, એમ ગણે દ્રુપદરાય. ૭
અર્ઘપાદ્યે પુજન દ્વિજનું, ભીમ પાસ કરાવી,
પછિ યુધિષ્ઠિર પુરોહિતશું, વદ્યા વાણી આ'વીઃ ૮
ધર્મવિદ ધીમંત દ્રુપદતણિ પ્રતિજ્ઞા પેર,
આ પુરુષ દ્રૌપદિ પામિયો, એમાં નથી કંઈ ફેર. ૯
તે વખ્તત જાતી ગોત્ર કુળ, કયમ પૂછિયાં નહિ રાય?
મોકલી મનમાન્યાશું કન્યા, હવે કયમ ગભરાય ! ૧૦
નૃપગણુવિષે કરિને પરાક્રમ, લક્ષ્યવેધી આપ,
મુજ ભ્રાત દ્રૌપદિ પામિયો, દર્શાવિ પ્રૌઢ પ્રતાપ. ૧૧
માટે નથી સંતાપ કરવા યોગ્ય દ્રુપદનરેશ;
ઇચ્છિત થયું છે તેમનું, તેમજ અમારૂં બેશ. ૧૨
અકુલીન અલ્પ પરાક્રમી નર અસમાં અજ્ઞાન,
હે પુરોહિત, દ્રુપદપ્રતિજ્ઞા પાળિ ન શકે મહાન. ૧૩
માટે પ્રતિજ્ઞા પાળિ જેણે, દાખિ દૈવતસાર,
તેનું કર્યું મિથ્યા કદાપી, કોથિ નથિજ થનાર. ૧૪

યુધિષ્ઠિર આ રીત ઉચ્ચર્યા, એટલામાં રાય,
દૂત નૃપ પાંચાલ પ્રેર્યો, આવિયો પછિ ત્યાંય. ૧૫
દૂતે કહ્યું પાંચાલ ભૂપે, ભારિ રચિને ઠાઠ,
ભોજન તૈયાર કરાવ્યું છે, વીવાહનું તમ માટ. ૧૬
માટે પધારો તત્ર અંજર કર્યા વિના સૌ સાથે;
રથ મોકલ્યા છે સ્વર્ણના, મનમોદથી મહિનાથે. ૧૭
સાંભળી આ'વું પુરોહિતને કરી સઘ વિદાય,
પાંડવો પ્રેમે રથ વિરાજ્યા, હર્ષ મન નવ માય. ૧૮
કુંતી દ્રૌપદિ બિજા રથમાં બેસાડી ગુણગ્રામ;
ખેડાવિયા રથ ખાંતથી, પછિ દ્રુપદનૃપને ધામ. ૧૯
પૂરોહિતે જઈ દ્રુપદને કહ્યાં યુધિષ્ઠીર-વચંન;
તે સુણિ ઓળખવા પાંડુસુતને, માન્યું મહિપતિમંન. ૨૦
પુષ્પો ફૂળો હળ બળદ ધાન્યો, કારિગરનાં રાચ,
દર્ભ શરવા ગૌમુખી શુભ ભસ્મ ગોળા સાચ; ૨૧
ઘોડા, રથો અસિ ધનુષશર, ભૂશુંડિ શક્તી પ્રાસ,
જૂદા જુદા સ્થળમાં રખાવ્યાં, નૃપે નિજ આવાસ. ૨૨
પછિ પાંડવો નૃપદ્વાર પાસે આવિયા જે વાર,
કુંતિ કૃષ્ણા સહિત અંતઃપુર ગયાં એ વાર. ૨૩
ત્યાં દ્રુપદરાજાની સ્ત્રિયોએ આપ્યું બહુ સન્માન;
પાંડવો દ્રૂપદ ઘર વિષે પળિયા પછી રાજાન! ૨૪
મૃગચર્મરૂપી વસ્ત્ર જેણે કર્યા છે પરિધાન;
ગતિ સિંહસરખી જેમની છે, શોભતા વપુવાન. ૨૫
ભારે ભુજંગસમી ભુજાના ભાળિ પાંચે ભ્રાત,
દ્રૂપદ સંબંધી મંત્રિયોસહ થયો અતિ રળિયાત. ૨૬
નિઃશંક થઇ પછિ પાંડવો, આસને બેઠા આવી;
નૃપન્દાસદાસી સરભરા કરતાં દિઠાં મનભાવી. ૨૭
ત્યાં શ્રેષ્ઠ ભોજન સ્વર્ણપાત્રોમાં પિરસિયું પ્રીતે;
તે જમ્યા શુભ જુગતેથી, પાંચે ભ્રાત રાજસરીતે. ૨૮

પછિ વિવિધ સંગ્રહ દ્રુપદ નૃપનો મૂકિ મહાઅતિમાન,
આગાર આયુધના વિષે, ગતિ કરિ ગયા ગુણવાન. ૨૯
તે જોઇ દ્રૂપદ સુત અને મંત્રિયોસહ અનુરાગ્યો;
નિશ્ચય થયો નૃપકુંવરનો, મનભેદ સૌનો ભાગ્યો. ૩૦

વલણ.

ભાગ્યો ભેદ સંશય ટળ્યો, કરતાં પરીક્ષા ભૂલિભાત;
છે છત્રપતી સુત જાણિયું, નથિ કો બીજી જાત રે. ૩૧

કડવું ૪૮ મું.

द्रुपद युधिष्ठिरनुं संभाषण.

રાગગોડી.

વૈશંપાન ઉચર્યા વળતી, જનમેજયની આગે;
દ્રૌપદિનું વીવાહુપર્વ, પ્રિય શ્રોતાને શુભ લાગે. ૧
સન્માન્યા સારી રીતે, પાંડવને દ્રુપદ નરેશે;
બ્રાહ્મણુનો સત્કાર કરે ત્યમ કરિને વારૂ વેષે. ૨
પછી ધર્મને પૂછ્યું પ્રીતે, વિપ્રવેષ ધરનારા,
છો કુણ આપ કહો તે સાચું, છે તમને સમ મારા. ૩
છો બ્રાહ્મણ ક્ષત્રીય વૈશ્ય કે શૂદ્ર કહો નિષ્પાપ,
દ્રૌપદિઅર્થે અહો દેવતા શું આવ્યા છો આપ ! ૪
ઓળખિયે શી રીત આપને, વિસ્મય અમને લાગે;
ધર્મજ્ઞે સાચું વદવું જોઇએ રાજાની આગે. ૫
માટે ભાગો ભેદ તમતણો, હે સજ્જન સુખદાઈ !
સત્ય વાત જાણ્યા પછિથી હું કરિશ વિવાહસજાઈ. ૬
યુધિષ્ઠિરે તવ કહ્યું દ્રુપદને, ભૂપતિ થાઓ પ્રસન્ન;
ખેદ તજો નૃપ થયું છે ખાસું, માને જયમ તમમંન. ૭
છિયે અમે ક્ષત્રિયો પાંડુસુત, વડો યુધિષ્ઠિર હું છું;

ભીમસેન અર્જુન આ બે છે, નરપતિ સત્ય કહું છું. ૮
નૃપગણુમાંથી જીતી દ્રૌપદી, તે બે એ છે પરખો;
નકુલ અને સહદેવ, કુંતિ દ્રાપદિ પાસે છે નરખો. ૯
હવે તમે છો વડિલ અમારા આશ્રયરૂપ નરેશ;
ગમતું આપનું કરો સુખેથી, સંશય ન કરો લેશ. ૧૦
ધર્મવચન સુણિ દ્રૂપદઉરમાં,હર્ષ ન માયો રાય,
સ્તબ્ધ થયો હૂમો ચઢિયો અતિ, વદને કંઇ ન વદાય. ૧૧
રોકિ હર્ષ ચિતસ્વસ્થ કરી પછિ, પૂછ્યું ધર્મને ભૂપે,–
કહો માંડી વૃત્તાંત તમારૂં, કયમ આવ્યા આ રૂપે? ૧૨
યુધિષ્ઠિરે વૃત્તાંત કહ્યું સૌ, કેમ તજ્યો નિજરાષ્ટ્ર;
તે સુણિ ઉર ઉકળ્યો અતિ દ્રૂપદ, ધિક્કારી ધૃતરાષ્ટ્ર. ૧૩
પછી સાંત્વના કરી ધર્મની, ધીરજ દઇને સારી;
રાજ્ય અપાવા કરી પ્રતિજ્ઞા, ભૂપે પણ લઇ ભારી. ૧૪
પાંચ ભ્રાતને દ્રૈપદિ સાથે વસવા માટ નિકેત,—
અતિ ઉત્તમ આપ્યું પછિ રાયે, ઉરમાં આણી હેત. ૧૫
રહ્યા પાંડુસુત જઇને તેમાં, વળતી દ્રૂપદરાયે,
સુતસહ વૃત્તિ જણાવિ ધર્મને, ઉરના શુભ ઉભરાયે. ૧૬
કરશે મુજ પુત્રીનું પાણીગ્રહણ પાર્થ વિણુ ભીતે;
માટ સજાઇ કરો મહાબાહૂ વિવાહની કુળરીતે. ૧૭
યુધિષ્ઠિરે તવ આપ્યો ઉત્તર, હજી કુંવારો હું છું;
ભૂપ કહે પરણો તવ પોતે, તમને કન્યા દઉં છું. ૧૮
ધર્મ કહે તવ દ્રૈપદિ થાશે અમો પાંચની નારી,
કયમકે એમ થવા માતાની, છે આજ્ઞા સુખકારી. ૧૯
છિયે કુંવારા અમો પાંચ, નિશ્ચય તે માટ અમારો,—
ફેરવવા નથિ સમર્થ કહિયે, ધીમત ઉરમાં ધારો. ૨૦
ધર્મકહેવું સુણિને દ્રૂપદ, વળતી ઉચર્યો એમ,–
એક સ્ત્રીના અનેક પતિયો, હોઈ શકે કહો કેમ! ૨૧

---

૧૩. રાષ્ટ્ર—દેશ.

એક પુરુષની અનેક નારી દીઠી છે મતિમાન,
એક નારિના અનેક પુરુષો, નથી સાંભળ્યા કાન. ૨૨
ધર્મધારિ હે સુજ્ઞ યુધિષ્ઠિર, લોક વેદથી અવળો—
માર્ગ ગ્રહણ કરવા કયમ મતિ થઇ ? જે નથિ રસ્તો સવળો. ૨૩
યુધિષ્ઠિરે તવ કહ્યું હે ભૂપતિ, ધર્મ સૂક્ષ્મ છે એવો,
જેની ગતિ નવ જાણી શકિયે, પાર ન લાધે તેવો. ૨૪
માટે પૂર્વ રિતી પરમાણે, દ્રૌપદિશું અનુસરિશું;
ચિંતા ચિત્ત વિષે નવ ધરશો, યોગ્ય ક્રમે આચરિશું. ૨૫
મિથ્યા ભાષણ મુજ વાણી નથિ કોઇ દિવસ પણ કરતી;
તેમ મતી મુજ અધર્મમારગ, સ્વપ્ન વિષે નથિ સરતી. ૨૬
વળી અમારાં માતુશ્રીએ કહ્યું છે કરવા એમ;
જે પરમાણે કરવા સૌનો છે પરિપૂરણ પ્રેમ. ૨૭
સાંભળિ એવું દ્રૂપદ ઉચર્યો, હે જનમેજય એમ,-
તમો કુંતિ ને મુજ સુત કહેશો, કરિશું કાલે તેમ. ૨૮

વલણ.

તેમ કરીશું જાણજો કહેશો સૌ જે રીત;
જેથિ યુધિષ્ઠિર, આપણું થાયે જગમાં હીત રે. ૨૯

કડવું ૪૯ મું.

પાંડવોનું દ્રૌપદી સાથે પાણિગ્રહણ.

રાગ ધનાશ્રી.

દ્રુપદ ધર્મ કુંતી ને દ્રુપદસુત, કરતાં હતાં વિચારજી;
દૈવેચ્છાથી દ્વૈપાયન ત્યાં આવ્યા તેણી વારજી. ૧
સર્વ પાંડવો અને દ્રૂપદે ઊભા થઇ એ વારજી;
નમન કરી આસન આપીને, કીધો શુભ સત્કારજી. ૨

કુશળ વારતા પૂછી વ્યાસે, વળતી સૌની વારૂજી;
ઉત્તર આપીને સૌ તેનો સુખ દુખ મુખ ઉચ્ચાર્યુંજી. ૩
પછી દ્રૂપદે નિજ કન્યાના વિવાહની કહિ વાતજી;
ન્યાય આપવા કીધો આર્જવ, કરજોડી ભલિભાતજી. ૪
વ્યાસે કહ્યું કે પ્રથમ સર્વ પોતાનો મત ઉચ્ચારોજી;
સાંભળિ તે પછિ હે શુભ્ રાજા, મત આપિશ હું મારોજી. ૫
વળતી દ્રૂપદ ઉચર્યો વિનય કરિ, હે મુનિ મનમાં ધારોજી;
એક સ્ત્રીના અનેક પતિ કદિ હોય ન, મત છે મારોજી. ૬
વેદ અને વ્યવહાર વિરૂદ્ધ, અધર્મતણી એ રીતિજી,
અંગીકાર કદી ન કરીશ હું, જે છે પૂર્ણ અનીતિજી. ૭
ધૃષ્ટદ્યુમ્ન વદ્યો વળતી, મુનિ શ્રેષ્ઠ શું મુખ ઉચ્ચારૂંજી ?
કનિષ્ટભ્રાતસ્ત્રી જ્યેષ્ઠ ભોગવે, એથિ અધિક શું નઠારૂંજી! ૮
પાંચપતીસ્ત્રી મુજભગની, કયમ હોઈ શકે મહાભાગજી?
પશુ પક્ષીમાં પણ હે જ્ઞાતા, જોયું નથી કો જાગજી. ૯
ધર્મ ખધા તવ મિથ્યા ભાપણુ, હું નથિ કદિયે કરતોજી;
મત છે મારો દ્રૌપદિ વરવા, પ્રાચિન રિત અનુસરતોજી. ૧૦
ગૌતમવંશનિ જટિલા કન્યા, સાત પતી પરણી'તીજી;
વાર્ક્ષી પ્રચેતા દશને વરી'તી, જે છે પ્રાચિન રીતીજી. ૧૧
મહાજનો વડિલોનાં વચનને, ધર્મ ગણે છે જ્ઞાતાજી;
જે વડિલોમાં પણ મુનિપુંગવ, શ્રેષ્ઠ કહી છે માતાજી. ૧૨
માટે અમારી માએ કહ્યું છે, પાંચે મળિ ભોગવવાજી,-
ભિક્ષા પદાર્થનિ પેઠે દ્રૈપદિ, જુગતેથી જોગવવાજી. ૧૩
માત કહ્યા પરમાણે કરવું, માનુંછું એમાં ધર્મજી;
પૂજ્ય મહાત્મા, માત કહ્યાથી કરિશ ન ઉલટું કર્મજી. ૧૪
કુંતિ વદિ પછિ હે કૃપાનિધે, કહેછે યુધિષ્ઠિર જેમજી,
તેમજ ઇચ્છા છે મારી પણ, કરો ઘટે પછિ તેમજી. ૧૫
વચન વ્યર્થ મુજ થવાતણો ભય રહેછે મુજને ભારીજી;
એ ભયથી હું મુક્ત કેમ કરિ હોઇશ હે સુખકારીજી. ૧૬

વ્યાસે કહ્યું તવ હે કલ્યાણી, ઉર નવ ધરશો ભીતિજી;
ઇચ્છા તમારિ પ્રમાણે એવી પૂર્વતણી છે રીતિજી. ૧૭
પછી દ્રુપદને કહ્યું હે રાજા, કહું તે સમજો મર્મજી;
યુધિષ્ઠિરે કહ્યું તે પરમાણે, એ છે પ્રાચિન ધર્મજી. ૧૮
એમ કહી કર ઝાલી તેનો, લઇ જઇને એકાંતજી,-
દ્રૌપદિકેરા પૂર્વ જન્મનું, સંભળાવ્યું વૃત્તાંતજી. ૧૯
પાંચ ઇંદ્ર જાણ્યા પાંડવ, પૌલોમી નિજ કન્યાયજી;
દિવ્ય ચક્ષુ દઇ દેખાડ્યું સૌ, પડિયો દ્રૂપદ પાયજી. ૨૦
કરજોડી પછિ ઉચર્યો દ્રૂપદ, ભય મુજમનનો ભાગ્યોજી;
પાંડવ દ્રૌપદિ પૂર્વચરિત સુણિ, હું અંતર અનુરાગ્યોજી. ૨૧
શિવવરદાન પ્રમાણે પાંચની, સ્ત્રિ થશે મુજ કન્યાયજી;
માટે તેમ કરીશ હું નિશ્ચય, એમાં નથિ અન્યાયજી. ૨૨
પાણિગ્રહણ મુજ કન્યા કેરૂં, મલે વિધી પરમાણેજી,
પાંડવ પાંચ કરો ભલિભાતે, ઇચ્છુંછું આ ટાણેજી. ૨૩
વ્યાસે કહ્યું યુધિષ્ઠિરને કે, આજ દિવસ છે સારોજી;
યોગ ચંદ્રનો છે અતિ ઉત્તમ, બહુ સંતતિ દેનારોજી. ૨૪
માટે તમે પ્રથમ દ્રૌપદિનું પાણિગ્રહણ કરો પ્રીતેજી;
ભ્રાત તમારા યોગ્ય અનુક્રમે પછિ વરશે કુળરીતેજી. ૨૫
પુત્ર સહિત પછિ દ્રૂપદરાયે કરી વિવાહ તૈયારીજી;
સ્નાન કરાવીને શણગારી આણી આપકુમારીજી. ૨૬
મંડપમાં મંત્રી સંબંધી, અને પ્રતિષ્ઠિત જનજી,-
આમંત્રી બેસાડ્યા હતા, જે જોઇ ચિત થાય પ્રસન્નજી. ૨૭
તારાતણા ઉદયેથી શોભે, આકાશ સુંદર જેમજી,
નરરત્નો મળવાથી મંડપ શોભી રહ્યો'તો તેમજી. ૨૮
એ સમયે કુંડલ કિરીટ ઉત્તમ વસ્ત્રોથી ઓપિતજી,
ધૌમ્ય પુરોહિત સાથે પાંડવ આવ્યા મંડપ શોભિતજી. ૨૯
ધૌમ્યે પછિ વિધિપૂર્વક ધર્મને પાંચાલિશું પરણાવ્યાજી;

---

૨૦ પૌલોમી—ઇંદ્રાણી.

દ્રૂપદઆજ્ઞા લઈને યુધિષ્ઠિર, વળતી ત્યાંથિ સિધાવ્યાજી. ૩૦
ભીમ પાર્થ માદ્રીસુત ક્રમથી, પરણ્યા પછિથી પ્રીતેજી;
નારદે આવીને વિવાહ આ વખાણ્યો બહુ બહુ રીતેજી. ૩૧
દ્રુપદે પાંડૂપુત્ર પ્રત્યેકને, કરિ પેરામણિ જેહજી,
હે જનમેજય, અતિ સંક્ષેપે કહું હું તુજને તેહજી. ૩૨
સુવર્ણમાળા લગામ ધરેલા, ચાર ચાર તુરિવાળાજી,
સો સો રથ સુવર્ણ ને દાંતના આપ્યા અતિ રૂપાળાજી. ૩૩
સુવર્ણમાળાવાળા મેગળ મદઝરતા ગિરિ જેવાજી—
ઐરાવતશા આપ્યા સો સો, આશ્ચર્ય પમાડે એવાજી. ૩૪
સુંદર વસ્ત્રઅલંકારોથી, શોભતી સો સો દાસીજી—
દેવાંગનાશી આપી દ્રુપદે, જોઈ ઉર રહે ઉલ્લાસીજી. ૩૫
પુષ્કળ દ્રવ્ય અને પટભૂષણ, આપ્યાં વળિ તે સાથજી;
'તમસરખું નથિ આપિ શક્યો હું' વદ્યો નૃપ જોડી હાથજી. ૩૬
પછી પાંડવો એ પરમાણે, પામિ સમૃદ્ધી સારજી,
દ્રૂપદરાજાના પુર પ્રત્યે કરવા લાગ્યા વિહારજી. ૩૭
દ્રૂપદને તેમના સમાગમથી, દેવથી ભય નવ થાતોજી;
સબળા સંબંધી મળવાથી, મહિપતિ મન હરખાતોજી. ૩૮
પછી દ્રુપદની સ્ત્રિયે કુંતીની પાસે જઈને પ્રીતેજી,—
નિજ નામો કહિને નય દાખી, પાય પડી કુળરીતેજી. ૩૯
એ સમયે પાંચાલિવિવાહનાં મંગળ ચિન્હોવાળીજી,—
સાસૂને પડિ પાય ઉભી કરજોડી નીચું નિહાળીજી. ૪૦
તવ તેનાં રૂપ લક્ષણ શ્રેષ્ઠને, કુંતી પ્રેમે નરખીજી,
આશિર્વાદ દિધો ઉત્સાહે, અંતરમાં અતિ હરખીજી. ૪૧
ઈંદ્ર સાથ ઈંદ્રાણિ, અગ્નિસહસ્વાહા, શશીસહ રોહિણીજી,
નળ સાથે દમયંતિ, કુબેરનિ સાથે ભદ્રા સોહિણીજી; ૪૨
રવિ સાથે રંનાદે, વસિષ્ઠનિ સાથે અરુંધતિ જેવીજી,
નારાયણ સાથે લક્ષ્મી, પતિઓસહ શોભ તું તેવીજી. ૪૩

---

૩૩ તુરી-ઘોડા. દાંતના-હાથીદાંતના. ૩૪ મેગળ-હાથી. ૩૯ નય-નમ્રતા.

શૂરવીર દીર્ઘાયુષ પુત્રો, પામજે તું કલ્યાણીજી!
વિધવિધ વૈભવ ભોગવજે શુભ ભાગ્યવતી થઇ શાણીજી. ૪૪
અતિથી બાળક વૃદ્ધ વડીલની યથાયોગ્ય સેવામાંજી—
દિન તારા જાજો શુભ રીતે, લહાવ ભલા લેવામાંજી. ૪૫
કુરુજાંગલનો રાજ્યાભિષેક યુધિષ્ઠિરને થાય જ્યારેજી,
તે સાથે અભિષેક ભલો તુજને થાજો વહુ ત્યારેજી. ૪૬
આ રીતે આશિષ બહુ આપી, કુંતિયેં ઉર ઉભરાતેજી;
કૃષ્ણે પાંડવોને મન માન્યું, મોસાળું કર્યું ભલિભાતેજી. ૪૭
વૈડૂર્યમણિઓ હીરા રત્નો અનુપમ પટ આભૂષણજી,
અશ્વો હાથી દાસિ વાહનો આપ્યાં, જેમાં નહિ દૂષણજી. ૪૮
અગણિત હેમ મોહોરો આપી, ઉરના અતિ ઉત્સાહેજી;
કરવા પ્રસન્ન શ્રીકૃષ્ણ યુધિષ્ઠિરે સર્વ ગ્રહણ કર્યું ત્યાંહેજી. ૪૯

વલણ.

ત્યાંહે યુધિષ્ઠિર કૃષ્ણને, કરવા શુભ પરિતોષ;
ગ્રહણ કર્યું સૌ આપ્યું તે, ઉપસ્કર ને ધનકોશ રે. ૫૦

विदुरागमन राज्यालंभ प्रकरण.

કડવું ૫૦ મું.

पिता पासे दुर्योधननुं कथन.

રાગ રામગ્રી.

સુણ પરિક્ષિતસુત પાવનજી, કરિ એકાગ્ર નિર્મળ મનજી;
પાંડુસુત પરણ્યા ભલિભાતજી, વિસ્તરી તે સઘળી વાતજી. ૧

ઢાળ.

વાત તે નિજ સેવકોથી, જાણિ સૌ રાજાન,
આશ્ચર્ય અતિશય પામિયા, થયા કૌરવો અતિ ગ્લાન. ૨

ગ્લાન-ઝાંખા.

ધનુષ ધરિને લક્ષ્ય વેધ્યું, કર્યો કર્ણને કલાંત,
તે ધનંજય જાણિયે સૌ ભુપતિએ નિર્ભ્રાંત. ૩
મદ્રેશનો મદ હર્યો તે, ભડભીમ જાણ્યો રાય,
લાક્ષાગૃહથી ઊગર્યાની સુણી સર્વ કથાય. ૪
પુરોચનના દુષ્ટ કર્મથિ, પરજળ્યા બહુ રાય;
નિંદા કરી ધૃતરાષ્ટ્ર ભીષ્મનિ થયા સર્વ વિદાય. ૫
દ્રૌપદી પારથ વર્યો તે જાણિ દુર્યોધન,
નિજ સાથ સહ પાછો વળ્યો, અતિ દગ્ધ થઈ નિજ મંન. ૬
તવ લજ્જિત મુખવાળો અનુજ એનો ઉચરિયો એમઃ–
છે પ્રબળ દૈવજ, ફોક છે પુરુષાર્થ કરિયે કેમ! ૭
નિજ યત્નને ધિક્કારતા, દુખધારતા તે આમ;
હસ્તિનાપુરમાં આવિયા, ધીકયા બળ્યા નિજધામ. ૮
દ્રૌપદી પાંડવ વરી, વીલેમુખ કૌરવ આવ્યા;
વાત તે જાણી વિદુર, ધૃતરાષ્ટ્ર પાસ સિધાવ્યા. ૯
પ્રસન્નમુખથી વિદુર ઉચર્યા, વધાઈ ભાઈ ઉચ્ચારૂં;
કુરુવંશ વૃદ્ધી પામિયો, એ થયું નૃપ બહુ સારૂં. ૧૦
નિજ પુત્ર દુર્યોધન વરી પાંચાલિ સમજ્યો રાય;
તેથી વદ્યો "બહુ સારૂં થયું!" અતિહર્ષે મન નવ માય. ૧૧
પછિ સેવકોને આપિ આજ્ઞા, થાઓ ઝટ તૈયાર;
દ્રૌપદી માટે જાઓ લઈ, અતિ શ્રેષ્ઠ શુભ શણગાર. ૧૨
અતિ ધામધૂમથિ લાવો અહિં, દ્રૌપદી દુર્યોધન;
આનંદવર્ત્તે ભવનમાં, ચિત્ત થાય મારૂં પ્રસન્ન. ૧૩
તવ વિદુર ઉચર્યા, પાંડુ સુત રાખવા કુળની લાજ,
સ્વયંવરમાં પદીને વર્યા છે મહારાજ! ૧૪
ધૃતરાષ્ટ્ર તવ કહે કે વિદુર, પાંડવો પ્રત્યે પ્રીત,—
પાંડુ કરતાં અધિક છે મુજ, ચહુંછું તેમનું હીત. ૧૫

---

૩ કલાંત–કાયર, થકિત. ૪ રાય–જનમેજય. ૭ અનુજ–ન્હાનો ભાઈ, દુઃશાસન.

બહુ મિત્રવાળા બળનિધી, સંબંધિ શ્રેષ્ઠ સુજાણ,
તેમને મળિયા જાણિને, હરખેછ અતિ મુજ પ્રાણ! ૧૬
દ્રુપદસરખા આપણા સંબંધિરૂપે મિત્ર,—
આહા! થયા તે સાંભળી, પ્રગટેછ પ્રીત પવિત્ર. ૧૭
ધૃતરાષ્ટ્રવદવું સાંભળી, ઉચર્યા વિદુર પછિ આમઃ
નૃપ, બુદ્ધિ આવી આપની રહેજો સદા ઉદ્દામ. ૧૮
કહિ એમ નિજઘર તે ગયા, પછિ કર્ણ દુર્યોધંન,
ધૃતરાષ્ટ્ર પાસે આવિ ઉચર્યા, હૃદયદાહ-વચંન. ૧૯
રે આપ શું કરવા ચહોછો, તે કહો અહિં સ્પષ્ટ!
સુતવૃદ્ધિ ઇચ્છો ઘડિકમાં, પાંડવો કરિને નષ્ટ; ૨૦
વળિ ઘડિકમાં શુભ શ્રેય ઇચ્છો તેમનો હે તાત,
વિદુર પાસે પ્રશંસા કરિ તેમની ભલિભાત. ૨૧
નિષ્પાપ, આવું કરવું ન ઘટે આપને ગુણવાન!
તરવાર બે ક્યમ માય તાતજિ, હોય એકજ મ્યાન. ૨૨
રે શત્રુબળને તોડવાનો કરવો સદ્ય ઉપાય;
શિર ઊંચું જરિયે જેથી તેનું તાત કદિ નવ થાય. ૨૩
પાંડવો કદિયે પીડિ ન શકે, નવ કરે કદિ નાશ,
સુત સૈન્ય સંબંધીને સ્વપ્ને દે ન કદિયે ત્રાસ; ૨૪
હે તાત! તેવું કરવું જોઈએ, આપણે આ વાર;
પાણિ પહેલી પાળ ચણવી, ઉચિત છે નિર્ધાર. ૨૫
ધૃતરાષ્ટ્ર તવ વાણી વદ્યા, ઇચ્છુંછું હું પણ એમ;
પણ વિદુર પાસે વાત એ, સુત કહિ શકું હું કેમ! ૨૬
માટે વખાણ કરૂંછું પાંડવનાં વિદુરની પાસ,
અભિપ્રાય મારો ગુપ્ત રહેવા, આણવા વિશ્વાસ. ૨૭
હે કર્ણ દુર્યોધન તમે કરવું ઉચિત જે હોય,
તે કહો શંકા ત્યાગિને, ધોખો ન ધરશો કોય. ૨૮
દુર્યોધન તવ ઉચર્યો, કહું તેમ કરવું કામ;

વિશ્વાસુ વાડવ આપણા, મોકલો પાંડવધામ. ૨૯
જે છતા ન પડી છળ કરી, માદ્રિસુત સાથ વિરોધ—
કુંતિસુતનો ત્યાં કરાવે, કરી બહુ બહુ બોધ. ૩૦
અથવા દ્રુપદને પુત્ર મંત્રીસહિત દઇ બહુ ધંન,
લોભાવિ પાંડૂ સુતથિ તેમનું ઊંચું કરિયે મંન. ૩૧
વળિ દૂત છાના પ્રેરિને ઊડાવિયે ત્યાં વાત,
હસ્તિનાપુરમાં પાંડુસુતની ગુપ્ત રહિ છે ઘાત. ૩૨
એથી દ્રુપદ નહિ મોકલે તેમને અત્ર જરૂર;
પાંડવો દ્રૂપદનગર વસવા, ઉચિત ચહાશે ઊર. ૩૩
દ્રૌપદી ને પાંડવોમાં પૂર્ણ પ્રગટે આગ્ય,-
કરિયે પ્રપંચસુ એહવો, ઊઘડે આપણું ભાગ્ય. ૩૪
છે સરળ એ ઊપાય સર્વોત્તમ ઘણો સુખદાય;
દ્રૌપદી દુર્યોધન મળ્યે, સદ્દભાગ્ય આપ મનાય ! ૩૫
અથવા અગોચર માણસોથી ભીમ સદ્ય મરાય,
તો પાંડવો પાંખોવિનાના પક્ષિસરખા થાય. ૩૬
જેથી કદી તે નહિ કરે આ રાજ્ય લેવા વાત;
છે અજેય અર્જુન ભીમથી યુદ્ધમાં સમજો તાત ! ૩૭
કદિ એમ કરતાં આવશે તે આંહિ ધરિને મામ,
તો કપટયુક્તીથી ચપટ કરિશું ધરીને હામ. ૩૮
અથવા અતી અલબેલિ અંબુજનયની નાજુક નાર-
પ્રત્યેક પાસે મોકલી, લોભાવિશું નિર્ધાર; ૩૯
જેથી દ્રુપદતનયાશું સૌને થશે ઝટ અણુરાગ;
પછિ નાશ કરવા તેમનો, સાધશું સારો દાવ. ૪૦
હે કર્ણ ! આ ઉપાય સઘળા મેં કહ્યા આ વાર,
તેમાંથિ રૂચે તે કરો, સત્વર ન કરતાં વાર. ૪૧

---

૨૯ વાડવ—બ્રાહ્મણ. ૩૬ અગોચર—ગુપ્ત. ૩૭ અજેય—જીતાય નહિ એવો. (ભીમની સહાયથીજ યુદ્ધમાં અર્જુન અજેય છે, આમ દુર્યોધન માનતો હતો.)

વિશ્વાસવાળા પાંડવો નૃપ દ્રુપદમાં નવ થાય,
ત્યાં સુધીમાં જાણજો, છે હાથ સર્વ ઉપાય. ૪૨
હે તાત ! દંડનિતીની રીતી મેં કહી અવિધાર;
હે કર્ણ ! એ પર સંઘ તારો આપ અત્ર વિચાર. ૪૩

વલણ.

વિચાર આપ હે સખા મારા, મિત્ર તારાને અહીં;
વિશ્વાસ તારો છે મને, છે છાનું તુજથી કંઇ નહીં.

કડવું ૫૧ મું.

भीष्म द्रोण कर्ण अने विदुरनां भाषण.

રાગ વેરાડી.

કર્ણ કહે કે હે દુર્યોધન, કુરુકુળવર્ધક વીર !
વિચાર વારૂ નથિ પ્રિય તારા, થામાં અધિક અધીર. ૧
કપટઉપાયો કરિ ચૂકયો તું, પાંડુપુત્રપર ઝાઝા,
આંચ ન એથી આવિ એમને, દીઠા દૃષ્ટે સાજા. ૨
પક્ષ વગરના પાસ હતા, શિશુવયમાં તે અહિં જયારે,
નાશ થયો નહિ તમથિ તેમનો, શું કરશો અત્યારે ? ૩
પિતા પિતામહ રાજ્યાકાંક્ષી, અદૃષ્ટના બળવાન,
આપણથી દુખિ કહિ ન થઇ શકે, માનો પ્રિય મતિમાન. ૪
એક સ્રીમાં સંપ રાખિને, વિવેકથી જે વર્ત્તે,
ભેદ ભ્રાત તેઓમાં ન પડે, અગણિત ઉપાય કરતે. ૫
દરિદ્રતામાં દોષ ન દેખી, દિલ દઇ પરણી પ્રીતે;
તે કયમ ત્યાગ કરે તેઓનો, આજ હવે કો રીતે. ૬
બહુ પતિ બાળાને પ્રિય લાગે, સ્વાભાવિક છે એમ,
તો મનમોહન પાંચ મળ્યાને, ત્યાગે દ્રૌપદિ કેમ ? ૭
દ્રૂપદ ધનનો નથી લાલચૂ, ધૃષ્ટધુમ્ન પણ એવો,
પાંડવ આગળ ત્રિલોકસંપતિ તુચ્છ ગણે મન તેવો. ૮

માટે મત મારો છે એવો, શત્રુનાશ કો રીતે—
થશે નહીં છળ કપટ કાર્યથી, આપ વિચારો ચિત્તે. ૯
ઉપાય હજિ છે હાથ આપણે, અજમાવો તે હાલ;
જેથી સત્વર જીત પામિશું, ટળશે અરિનું સાલ. ૧૦
મૂળ પાંડુસુતનાં નથિ જામ્યાં, છે તે હજિ વિણપક્ષ;
દ્રુપદપક્ષ આપણુ આગે ગણજો પંગૂ કે દક્ષ. ૧૧
માટે દ્રૂપદ સજ્જ થયો નથિ, કૃષ્ણ કટક નથિ લાવ્યો,
ત્યાં સુધિમાં જય કરો ઝડપથી, ફળવા મનોર્થ ભાવ્યો. ૧૨
જીતિ દ્રૂપદને બાંધિ પાંડવો આણો અહિં આ વારે;
તક આવી ઉત્તમ અણમોલી, મળશે નહિ કદિ કયારે. ૧૩
કરી પરાક્રમ અરિને તોડી રાજ્ય લેવું તે શ્રેષ્ઠ;
સામ દાન ભેદે મેળવવું, તે હું ગણુંછું નેષ્ટ. ૧૪
કર્ણવચનની કરી પ્રશંસા, ઉચર્યા નૃપ પછિ એમ:
ભીષ્મ દ્રોણ વિદુરનો મત લઇ કરિયે કહો સૌ તેમ. ૧૫
પછિ ધૃતરાષ્ટ્રે તેડિ મંત્રિઓ, પૂછ્યો મત બહુ પ્રીતે;
ભીષ્મે મત આપ્યો પ્રથમે, સુણ જનમેજય આ રીતે:- ૧૬
દ્રોહ પાંડવો સાથ કર્યાની વાત મને નથિ ગમતી;
ઉભયપક્ષ છે સરખા મારે, હું નથિ મિથ્યામમતી. ૧૭
સરખો દાવો છે બન્નેનો, રાજ્ય ઉપર હે રાય!
આખું કોળું શાક કર્યાથી, સ્વાદે કદિ ન જમાય. ૧૮
પિતા પિતામહતણા રાજ્યના, ખરા વારસો તે છે;
આપો તેટલું લઇ સંતોષે રહે એવા શુભ જે છે. ૧૯
માટે વિપરીત વિચાર ત્યાગી, સ્નેહસહિત હે રાય!
અર્ધું રાજ્ય પાંડવને આપો, વધવા નિજ મહિમાય. ૨૦
હે દુર્યોધન! જેવી ઇચ્છા તને રાજ્યની હોય,
કહે પાંડવોને કયમ તેવી, રે ભાઈ નવ હોય? ૨૧
મળે તેમને રાજ્ય નહીં તો, તને પણ મળે કેમ?
હક છે પહેલો ખરો તેમનો, વિચાર ત્યાગી વહેમ. ૨૨

કીર્તી ને કલ્યાણ આશ તું પ્રાત રાખતો હોય,
(તો) અર્ધું રાજ્ય પાંડવને આપી, કુરુકુળનો જય જોય. ૨૩
કીર્તી બળ છે ખરૂં મનુષ્યનું, જીવન તે છે જાણ;
કીર્તી વિણ કાયા શબ સરખી, કીર્તિ સુજનનો પ્રાણ. ૨૪
લાક્ષાગૃહમાં બળ્યા પાંડવો, સાંભળ્યું જવ મેં કાન,
તે દિનથી શબની આ સૃષ્ટી, દેખું છું વેરાન! ૨૫
વળી ત્યારથી સૌ મનુષ્યો, પૂરોચન કરતાં તારો—
દોષ અધિક માને છે દુખિ થઇ, આપી ગાળ હજારો. ૨૬
આપિ પુરોચન નિજ પાપે, યમલોક ગયો અપયશ લઇ;
કુંતિ પાંડવો જીવે છે, યશ લે હાવે ઝટ સજ થઈ. ૨૭
કલંક કાળું ધોઇ અને હિત કરવા જો નિજ ધારે,
તો પાંડૂસુતને કુરુનંદન, દે આદર આ વારે. ૨૮
ધર્મમાર્ગ પગ ધરી મારૂં મન પ્રસન્ન કરવા ચહાય,
તો તેઓને અર્ધરાજ્ય દઇ, ઓલવ થાતી લા'ય. ૨૯
ભાષણ ભીષ્મનું પૂર્ણ થતાં, ગુરુ દ્રોણ ઉચરિયા એમ,-
અભિપ્રાય મારો હે નૃપ છે, ભીષ્મે ભાખ્યું તેમ. ૩૦
ધર્મ અર્થ યશ વાધે એવો, મત આપું હું મારો;
મંત્રમાટ આમંત્રેલાનો, એજ ધર્મ છે ધારો. ૩૧
ભીષ્મ કહ્યા પરમાણે રાજા, આણી અંતર પ્રીત,
અર્ધરાજ્ય પાંડવને આપો, ચાલિ સનાતન રીત. ૩૨
હે નૃપ, પ્રિય વચનો વદનારો, દક્ષપુરુષ કો હાલ,
રત્ન ઘણાં ભૂષણ વિધવિધનાં દઇ પ્રેરો પાંચાલ. ૩૩
તે દ્રૂપદ પાસે જઇને કહે, પ્રિય વચનો આ રીતઃ
ધૃતરાષ્ટ્રે મહારાજા મુજને પ્રેર્યો આણી પ્રીત. ૩૪
દુર્યોધન ધૃતરાષ્ટ્રે કહ્યું છે, થયો ગણી ઉત્કર્ષ,
આપ સાથ સંબંધ થયાથી, થયો છે મોટો હર્ષ. ૩૫
એમ કહી પ્રિયવચનો કેરો વરસાવી વરસાદ,

---

૩૧ મંત્ર-સલાહ, અભિપ્રાય.

આપ અને દુર્યોધનનું પ્રિયપણું દાખે અવિવાદ. ૩૬.
વળી પાંડવોકેરિ મિષ્ટ વદિ કરે સાંત્વના ઝાઝી,
જેર વેર જેથી ઉતરી જઈ, થાયે તે ઝટ રાજી. ૩૭
પછી આપ કહેવા પરમાણે, અલંકાર અતિ હરખે—
દ્રૌપદિને એવા દેવા જે, વિસ્મય થઇ સૌ નરખે. ૩૮
દ્રુપદતણા પુત્રોને તેમજ માત સહિત પાંડવને,
એ પછિ રત્નો વિવિધ દઈ બોલવવો ઉરના દવને. ૩૯
તે પછિ પાંડૂપુત્ર હસ્તિનાપુર મોકલવા કહેવું,
રાજ્યધાનિ નિજ મૂકિ તેમણે ઉચિત નથી અહિં રહેવું. ૪૦
આપે આજ્ઞા દ્રુપદ પછી, દુઃશાસન વિકર્ણ વીર,
સેનસહિત સામૈયું કરવા મોકલવા ધરિ ધીર. ૪૧
પાંડૂપુત્રો આવે અહિં તવ, આદર દઇ તેઓને,
તાતગાદિનો ભાગ આપિ રાજી કરવા એઓને. ૪૨
અભિપ્રાય છે મારો એવો, ભીષ્મ કહ્યા પરમાણે;
દ્રોણવચન સુણિ કર્ણ કોપ.કરી ઉચર્યો પછિ તે ટાણે. ૪૩
હે નૃપ ! કાર્યસિદ્ધિ કરવાને આણિ અધિક વિશ્વાસ—
દ્રવ્ય માન દો છો એવા બે કરાવનાર વિનાશ, ૪૪
જુઓ ભીષ્મ ને દ્રોણ સ્નેહની મૂર્ત્તી આ પ્રત્યક્ષ!
જેનાં ફળ છાયાનું સુખ લે, કાપે તે શુભ વૃક્ષ !! ૪૫
હિત દાખે મુખથી ડાહ્યા થઇ, દ્રોહ ભર્યો છે હૈયે,
મંત્ર તેમનો લેવાથી નૃપ, જડામૂળથી જઇએ. ૪૬
શત્રુ પાંડવોતણો શ્રેય એ ઇચ્છેછે મહારાજ !
તો એઓના મતથી ચાલે કદી ન સુધરે કાજ. ૪૭
આપઅદૃષ્ટ વિષે કદિ લખિયું હશે રાજ્ય હે રાય !
તો બહુનાં મત લ્યો વા નવ લ્યો પણ મિથ્યા નહિ થાય. ૪૮
પણ પેખીને દીપ લઈને કૂપ પડચાના જેવું,
ભીષ્મ દ્રોણતણો મત લેવો, હે નૃપ તે છે એવું. ૪૯
કર્ણવચન સુણિ દ્રોણ ઊચર્યા, બક્તો મિથ્યા બેશ;

અરે કર્ણ ! પાંડુપુત્રોપર છે તુજને બહુ દ્વેષ. ૫૦
તેથી આમ બકે છે તે હું જાણુંછું નિર્વાણ;
તુજ મનસૂબે ચાલેથી, નૃપ લેશે નહિ કશિ લહાણ. ૫૧
મુજ કહેવા પરમાણે આ ધૃતરાષ્ટ્ર કદી નહિ ચાલે,
તો કૌરવનો નાશ અરે અહિં થાશે સ્વલ્પજ કાળે. ૫૨
વિદુર વધા હે નપ, કલ્યાણનું સ્વરુપ ભીષ્મ ને દ્રોણ—
છે આ રાજ્યવિષે શ્રેયસ્કર, એથિ અધિક છે કોણ ? ૫૩
વયોવૃદ્ધ બુદ્ધિ ને જ્ઞાનમાં એથિ અધિક નથિ કોય;
વચન તેમનાં તણી ઉપેક્ષા કરતાં વિપરિત હોય. ૫૪
તમો પાંડવો ઉપર ભાવ છે સરખો શુભ તેઓનો;
મત ઉત્તમ એ માટ સ્વિકારો શુભ થાવા એઓનો. ૫૫
ધર્મસત્યમાં રામ અને ગય વિના તુલ્ય એઓની—
નથી કોઇપણ માનો નિશ્ચય, કહું શિ વાત તેઓની ! ૫૬
અકલ્યાણનાં વાક્ય તેમણે કહ્યાં નથિ કદિ તમને,
ભૂંડું તેમનું ભણનારો વશ થાશે સત્વર જમને ! ૫૭
માટ પાંડવોપર પ્રીતી, નિજપુત્રો જેવી રાખો;
કર્ણકહ્યા પરમાણે ચાલે અનર્થ થાશે આખો. ૫૮
પાર્થ જીતવા નથિ પુરંદર સમર્થ હે મતિમાન !
ભીમ અસીમ બળે ભરિયો, ઊતારે યમનું માન. ૫૯
નકુળ અને સહદેવ જીતવા જગમાં નથિ કો જાણો;
ધૈર્ય ક્ષમા સત્ય પરાક્રમથી, ધર્મ અજેય પ્રમાણો. ૬૦
વળી તેમને પ્રબળ પક્ષ છે, દ્રુપદ કૃષ્ણનો ભારે;
જે પક્ષે શ્રીકૃષ્ણ હોય તે જગમાં જય વિસ્તારે. ૬૧
ખરી વાત આ ભીષ્મ દ્રોણ નથિ કહેતા નૃપ તમઆગે,
રખે અસૂયા પ્રગટી આપને માઠું મનમાં લાગે. ૬૨
કર્મ પુરોચનનાથિ આપનો અપયશ છે અતિ વાધ્યો;

---

૫૬ ગય—ગય નામનો રાજા. ૫૯ પુરંદર—ઇંદ્ર. ૬૦ અસીમ—હદ વગરનું. ભીમના બળનો પાર નથી, એ અર્થ. ૬૨ અસૂયા—અદેખાઇ, નિંદા.

નિવૃત્ત તે કરશો હે નૃપ આ અમૂલ્ય અવસર સાધો. ૬૩
પાંડુપુત્ર જિવતા છે સાંભળી આ પુરના સૌ લોક,
દર્શન ઇચ્છે છે શુભ તેમનું, ત્યાગિ પૂર્વનો શોક. ૬૪
પૂર્ણ તે કરો આશ પ્રજાની, હે નૃપ શુભ મતિમાન!
ભીષ્મ દ્રોણવચન છે જાણો ગુણકારી, ગુણવાન. ૬૫
દુર્યોધન દુઃશાસન શકુની કર્ણવચન નવ કાન—
ધરશો, હે ધીમાન! વંશીની વૃદ્ધિ ચહો વિદ્વાન. ૬૬
કયમકે હિતવચનો મેં પૂર્વે કહ્યાં છે હે ભૂપાળ!
દુર્યોધન કળિરૂપ કુરૂકુળનો છે નિશ્ચય કાળ. ૬૭

વલણ.

કાળ જાણો ભૂપાળ એ, એમાં આળ અપાર છે;
તેની બુદ્ધીએ ચાલતાં, કુરુકુળનો સંહાર છે. ૬૮

કડવું પર મું.

ઇંદ્રપ્રસ્થ વસાવી તેમાં પાંડવોનો નિવાસ.

રાગ મેવાડો.

ધૃતરાષ્ટ્ર-

વિદ્વાન ભીષ્મ ભગવાન શ્રીદ્રોણે તથા તમે હે ભ્રાતજી,
માન્ય પરમ હિતની અતિ ઉત્તમ કહિ મુજને શુભ વાતજી. ૧
કુંતિતણા શુરવીર પુત્ર છે ધર્મપુત્ર શુભ મારાજી;
તેથી આપિશ અર્ધરાજ્ય હું, ન કરિશ નેત્રથિ ન્યારાજી. ૨
માટે તમે પાંચાલ જઈ, સત્કાર કરી એઓનેજી,—
માતા તથા દ્રૌપદિ સાથે તેડી લાવો તેઓનેજી; ૩
નષ્ટ પુરોચન નષ્ટ થયો તે ઠીક થયું કહું સ્પષ્ટજી;
માત સહિત પાંડવ ઉગર્યા, વર્યા દ્રૌપદિ થયું ઉત્કૃષ્ટજી. ૪

ભાગ્યવાન ભત્રીજા મળ્યા સુણિ બળતો હતો દિનરાતજી,
તે જિવતા સુણિ શાંતિ થઈ ઘણી, માનો નિશ્ચય ભ્રાતજી. ૫
માટે તેડી લાવો તેમને, ઉરમાં દાખી હરખુંજી;
આ પૃથ્વીમાં પ્રિય મારે નથિ પાંડૂપુત્રો સરખુંજી. ૬
નૃપઆજ્ઞાથી વિદુર પછી રાજી થઇ થયા તૈયારજી;
પટ આભૂષણ રત્ન ઘણાં લઇ વાહ્યા ન કરતાં વારજી. ૭
જઇ કાંપિલ્ય વિષે દ્રૂપદને ભેટ્યા સ્નેહ સહીતજી;
દ્રુપદે વિદુર સત્કાર કર્યો શુભ રાજવળાની રીતજી. ૮
ક્ષેમકુશળતા પરસ્પરે પછિ પૂછિ કરી પ્રણામજી;
પાંડવ કૃષ્ણ દેખી ત્યાં પ્રીતે ભેટ્યા વિદુર ગુણગ્રામજી. ૯
ભલું મનવ્યું બહુભાત મિષ્ટ વદિ પૂછી કૂશળક્ષેમજી;
પાંડવોએ સત્કાર કર્યો તવ પૂરણ દાખી પ્રેમજી. ૧૦
પછિ ધૃતરાષ્ટ્ર કહ્યા પરમાણે વિદુરે વિવેક રાખીજી,
પટભૂષણ રત્નોનિ પ્રસાદી આપી સ્નેહ સુ દાખીજી. ૧૧
દ્રોપદિ કુંતી અને પાંડવો, પુત્ર દ્રૂપદના પ્રેમેજી—
રાજી કર્યા સૌ રીઝ આપિને, રાયે કહે લે નેમેજી. ૧૨
વિદુરે પછિ ત્યાં ભૂપ દ્રુપદને પાંડવ કૃષ્ણ સમક્ષજી—
કહ્યું હે નૃપ, નિજ પુત્ર પ્રધાનો સહિત સુણો સા દક્ષજી. ૧૩
મહારાજા ધૃતરાષ્ટ્રે પુત્રો અને પ્રધાનો સહિતજી,
આપ સર્વનું કુશળ પૂછ્યું છે, પૂરણ આણી પ્રીતજી. ૧૪
આપ સમા સંબંધિ થયાથી થયા છે તે બહુ રાજીજી;
ભીષ્મ દ્રોણે ઇચ્છિ કુશળ, જણવી છે પ્રસન્નતા ઝાઝીજી. ૧૫
કૌરવ સર્વ અને ધૃતરાષ્ટ્રને રાજ્ય મળ્યાથિ વિશેષજી,
આપ સંબંધથિ હર્ષ વધ્યો છે, વર્ણું શું દ્રુપદનરેશજી ! ૧૬
માટે તમે પાંડવોને આજ્ઞા આપો ચહિ ઉત્કર્ષજી;
રાજ્યધાનિ નિજ છોડે તેમને, વીત્યાં છે બહુ હર્ષજી. ૧૭
માટે નિજપુર જોવા ઇચ્છા હશે ઘણી એઓનેજી;
કૌરવ આતુરતા ભરિયા છે, મળવાને તેઓનેજી. ૧૮

કુરુવંશનિ સન્નારિ સકળ પૂછેછે વારેવારેજી,
કલ્યાણી કમળાક્ષી દ્રાપદિ આવશે અહિંયાં કયારેજી? ૧૯
માટે દ્રૌપદિ સહિત પાંડવો મોકલો હે મહિપાળજી!
વિનતી મારી માન્ય કરો, કહું કરજોડી આ કાળજી. ૨૦
દ્રુપદ વધો વિદ્વાન વિદુર, છો બુદ્ધિમાન હિતકારીજી;
પાંડવપર છે પ્રીત પૂર્વથી અચલ આપ એકધારીજી. ૨૧
જેમ તમે કહોછો તે રીતેં આ સંબંધથિ અમનેજી,—
અપાર હર્ષ થયો છે જાણો, બહુ શું કહું હું તમનેજી! ૨૨
પાંડવોએ નિજપુર જવું યોગ્ય છે, પણ હું કહું કયમ 'જાઓ'જી?
રૂચે તેમને અને કૃષ્ણ કહે, તો ત્યમ સુખથી થાઓજી. ૨૩
વધો યુધિષ્ઠિર હે નૃપ, સેવક સહિત અમે સૌ ભ્રાતજી,
આપ આધીન છિયે નિશ્ચય, કહો ત્યમ કરિયે બલિભાતજી. ૨૪
પછિ શ્રીકૃષ્ણે આપ્યું મત, જાવા પાંડવને નિજપુરજી;
આપી આજ્ઞા દ્રુપદે ત્યારે પાંડવને દૃઢ કરિ ઉરજી. ૨૫
દ્રૂપદઆજ્ઞા પામિ પાંડવો, શ્રીકૃષ્ણ વિદુર સહીતજી,
કુંતી દ્રૌપદિ સાથે નિજપુર વાધ્યા ઇચ્છી નિજહિતજી. ૨૬
આવ્યા પુરપાસે ધૃતરાષ્ટ્રે જાણ્યા તેઓ જયારેજી,
વિકર્ણ દ્રોણ કૃપ ચિત્રસેન સામૈયે મોકલ્યા ત્યારેજી. ૨૭
સર્વે કૌરવો ધામધૂમથી પાંડવપુરમાં લાવ્યાજી;
પ્રજા સકળને પાંડૂ જેવા ઉરમાં તે અતિ ભાવ્યાજી. ૨૮
પ્રજાજનો હિતકારી તેમના ઉચરતા મુખથી એમજી,—
પાંડૂ વનથી પ્રિય કરવાને આવ્યા જાણે ધરિ પ્રેમજી, ૨૯
તેમ યુધિષ્ઠિર જોઇ નિઃસંશય લાગે અમને એવુંજી,
પિતા પુત્રમાં ફેર નથી કંઇ, સુખ છે હાવે લેવુંજી. ૩૦
દાન યજ્ઞ તપ કર્યાં હોય જો અમે ધરિને ભાવજી,
તો પાંડવો સો શરદઋતૂ અહિં વસજો લઇ શુભ લા'વજી. ૩૧
આશિર્વાદ પ્રજાના સુણતા પાંચે તે બળધામજી;
જઇ ધૃતરાષ્ટ્ર ભીષ્મની પાસે કીધા દંડપ્રણામજી. ૩૨

પૂછી કુશળતા સૌની સારી, ભેટી ભાવ ધરીનેજી;
કાકે કહ્યાથી પછિ નિજ ઘરમાં વસિયા ઠીક કરીનેજી. ૩૩
દિન થોડા વીત્યા પછિથી ધૃતરાષ્ટ્રે ભીષ્મે મળિનેજી,
બોલાવ્યા તેમને નિજ પાસે, કળવા કુટુંબથિ કળિનેજી. ૩૪
તવ ધૃતરાષ્ટ્રે કહ્યું ધર્મને, યુધિષ્ઠિર ભ્રાત સહીતજી,
વચન સાંભળો મારાં સ્નેહે, છે તેમાં તમ હીતજી. ૩૫
કલેશ કદી નવ થાય ફરી કૌરવથી માટે ભ્રાતજી,
ઇંદ્રપ્રસ્થમાં વસો જઈ ત્યાગી શંકા હે તાતજી! ૩૬
અર્જુન રક્ષણ કરશે સર્વનું, બાધ કોઈ નવ કરશેજી;
અર્ધરાજ્ય આપુંછું સ્નેહે સર્વ મનોરથ સરશેજી. ૩૭
કાકાકહ્યું સુણિ પાય પડી, પામીને અર્ધું પાટજી,
ઇંદ્રપ્રસ્થ શ્રીકૃષ્ણ સહિત ગયા પાંડવ કરિ શુભ ઠાઠજી. ૩૮
અમરાપુરિશું ઇંદ્રપ્રસ્થને કરાવિયું પછિ કોડેજી;
ફરતી ખાઇ કરી સાગરશી, દેવ દુર્ગ નવ તોડેજી. ૩૯
ભવન ગગનશું વાત કરંતા હોય કરાવ્યાં તેવાંજી;
ચોક નોક ચૌટાંનો ચારૂ, ચિત્ત હરખાવે એવાંજી. ૪૦
શ્વેત અભ્રશું શ્વેત ચંદ્રશું શ્વેત નગર આ એવુંજી;
દીપતું દિવ્ય નાગપુરિ નામે ભોગાવતિના જેવુંજી. ૪૧
રક્ષણ તેનું કરનારા આયુધધારી હતા એવાજી,
યમને પણ અટકાવી રાખે, કહો એ કહિયે કેવાજી! ૪૨
દુર્ગ ઉપર નળિકાઓ શતઘ્ની ઓપી રહિ'તી એવીજી,
પુરરક્ષણ માટે અતિ પ્રેમે બેઠિ હોય બહુ દેવીજી. ૪૩
રાજગૃહ વિ ત્ વીંટેલા અભ્રસમું હતું સુંદરજી;
વસવા તેમાં વરુણ અગ્નિ યમ અને ચહેજ પુરંદરજી. ૪૪
રાજમહેલ ફરતો ઉદ્યાન હતો નંદનવન સરખોજી;
અથવા ચૈત્રરથ જાણી એને કુબેરનું ઘર પરખોજી. ૪૫
વસિયા પાંડવ ઇંદ્રપ્રસ્થમાં ત્યારથિ હે કુળભાણજી!
વાડવ વેદ ભણેલા, ક્ષત્રી બહુ ભાષાના જાણજી; ૪૬

વૈશ્યો વ્યાપારી અતિ મોટા, કારીગર શૂદ્રાદીજી—
આવી વસિયા નિજહિત ચહિ ત્યાં, ઇચ્છી નિજ આબાદીજી. ૪૭
પ્રજારૂપી જળનો સાગર, પુર-ઇંદ્રપ્રસ્થ પછિ ભાસ્યુંજી;
શુકલપક્ષના ચંદ્ર રિતે દિન જાતાં પૂર્ણ પ્રકાસ્યુંજી. ૪૮
પુર બાહુર બહુ બાગ હતા હીમાલયના ઉપવનશાજી;
જે જોતાં તૃપ્તી નવ થાયે ભાસે નંદનવનશાજી. ૪૯
અશોક આંબા આમલિ અરણી, અરિઠિ અગથિયા એમાંજી,
સોપારી સંત્રી સેગટા ને સરગવાનાં તરુ તેમાંજી. ૫૦
તાડ તમાલ અને ત્રિફળાતરુ, સાગ સીસમ ને સાદડજી,
બીલી બોરડિ બોરસળી બીજોરી મહુડા ને વડજી. ૫૧
કેળ કરેણુ કેતકી કાયફળ, કણ્ઝી કુપુરનાં વૃક્ષજી,
લીંબુડિ લોધ્ર લીંમડા આદી-ઉગિ ઉછર્યાં'તાં લક્ષજી. ૫૨
પલાશ પીંપર અને પીંપળા, પારિજાતક પણ તેમાંજી,
બકૂલ બટમોગરા ને ચંપા બહેકી રહ્યા'તા એમાંજી. ૫૩
ગુલાબ ગુલદાવદિ ગુલછડી, જુઇ જાઈ જોતાં જ્યાંહજી,
જામફળી જાયફળ જાંબુડા, ફણસ ફળ્યાં'તાં ત્યાંહજી. ૫૪
અખોડ અંજિર એલચિ કાજૂ, તેજાના તરુ તાજાંજી,
નારંગી પપનસ કમરખ, ફળ-ઝાડ ફળ્યાં'તાં ઝાઝાંજી. ૫૫
રામફળી સીતાફળિ મગફળિ, ફળિ હતિ પારવિનાનીજી;
દાડમડી દ્રાક્ષલતા ફાલસિ ફળી હતી મનમાનીજી. ૫૬
સુગંધસાગર બાગ બન્યા'તા, ઇંદ્રપ્રસ્થના એવાજી,
વિહાર જેમાં કરવા ઇચ્છે, ઇંદ્રાદિક શુભ દેવાજી. ૫૭
ચકવા ચકવી પોપટ મેના, મોર કોયલ ને તેતરજી,
હંસ કારંડવ બુલબુલસ્વરથી બાગ બન્યા ગાયનઘરજી. ૫૮
આરસના અરિસાસરખાં ગૃહ, ને કૃત્રિમગિરિ રમવાજી—
કરાવિયાં'તાં ત્યાં અતિ કોડે, તાપ ત્રિવિધના શમવાજી. ૫૯
સ્ફટિકપાળનાં ન્હાનાં સર શુભ નભસરખાં ત્યાં લાગેજી;
જે ઊપર વિશ્રામ કરંતાં થાક ભૂખ ઝટ ભાગેજી. ૬૦

પૂરણ પુણ્યે ઇંદ્રપ્રસ્થમાં પામે મનુષ્ય નિવાસજી,
એવા પુરમાં રાજ્યધાનિ કરિ, વસિયા પાંડવ વાસજી. ૬૧
વસાવિ પાંડવ ઇંદ્રપ્રસ્થમાં શ્રીકૃષ્ણે શુભ રીતેજી,
આજ્ઞા માગી રામ સહિત ગયા દ્વારામતિ સ્થિરચિત્તેજી. ૬૨

વલણ.

ચિત સ્થિર કરિ બે ભ્રાત તે, હલધર ને યદુવીર—
ગયા દ્વારિકા ત્યાં થકી, કરિ પાંડવ ત્યાં સ્થીર રે. ૬૩

કડવું ૫૩ મું.

द्रौपदी संबंधमां पांडवोनो नियम.

રાગ મારૂ.

ઇંદ્રપ્રસ્થમાં પાંડવો પ્રીતે, રાજ્ય કરતા હતા શુભ રીતે;
યુધિષ્ઠિરનૃપનીતિ નરેશ, હતિ રામસમી બહુ બેશ. ૧
સુરવૈભવ માણુતા લોક, સ્વપ્નમાં નહિ જેમને શોક;
સંપ જંગ!નું ઉત્તમ સ્થાન-ઇંદ્રપ્રસ્થ હતું, મતિમાન! ૨
દ્રૌપદીસહ પાંચે ભ્રાત, સુખ ભોગવતા ભલિભાત;
એમ રીતે યુધિષ્ઠિરરાય, પ્રજાપાલન કરતા સદાય. ૩
ભીમસેનાદિ પાંચ સુભ્રાત, રાજ્યસ્તંભ હતા સાક્ષાત;
નિજ નિયમેલું કાર્ય સુરીતે, ચારે કરતા ચહી વિણુભીતે. ૪
એવામાં દિન એક અણુધાર્યા, મુનિ નારદ ત્યાંહિ પધાર્યા;
તેમને જોઇ હર્ષથી રાયે, આપ્યું આસન નિજ પડિ પાયે. ૫
વિધિપૂર્વક પ્રેમ સુ આણી, પૂજ્યા નારદ પૂજ્ય સુ જાણી;

---

૬૨ રામ-બળદેવજી. સ્થિરચિત્તે-પાંડવને હવે કશી હરકત નથી, તેમને કોઇનું ભય નથી ઇત્યાદિ વાતની ખાતરી કરી પોતાનું ડગમગતું મન મટાડી શ્રીકૃષ્ણ અને બળદેવ દ્વારામતી ગયા.

તવ નારદે થઇને પ્રસન્ન, આપિ આશિષ હર્ષિતમંન. ૬
બેસાડયા ધર્મને ધન્ય કહિને, પૂછયું કુશળ કલત્રનું ચહિને;
યુધિષ્ઠીરે પાંચાલિને ત્યારે, કે'વરાવ્યું અંતર ઉદગારે. ૭
આવ્યા છે અહિં નારદમુન્ય, ઉદય થાવાથિ આપણું પુણ્ય;
માટે દર્શન તેમનું કરવા—આવો મોદે મનોરથ સરવા. ૮
સાંભળી એવું સ્નાન કરીને, અંગે ભૂષણ યોગ્ય ધરીને,
આવિ પાંચાલિ ત્યાં તતખેવ, હતા જ્યાં પાંડવસહ ઋષિદેવ. ૯
તેમને કરિને નમસ્કાર, ઉભી કરજોડિને તેણિ વાર;
આપિ ઋષિએ આશિષ તવ તેને, અંતઃપુર જાવા કહ્યું પછિ એને.૧૦
ગઈ દ્રૌપદિ પછિ વિણ ભ્રાંત, નારદ ઉચર્યા પાંડવશું એકાંત;
ભાઇઓ સાંભળો વાત આ મારી, કહું તે ઉર લેજો વિચારી. ૧૧
પાંચ ભ્રાત વચ્ચે એક નારી, તમને છે જે અતિસુખકારી;
પણ ભેદ થવાનું એ ભાઈ, મૂળ છે અંતે અતિ દુઃખદાઈ. ૧૨
માટે એવો કરો કંઇ ઉપાય, ભેદ તમમાં પડે ન કદાય;
કેમકે બહુની એક નારી, દ્વેષસ્થાન છે હિત હરનારી. ૧૩
હિરણ્યકશિપુવંશમોઝાર, પૂર્વે સુંદ ઉપસુંદ ઝુંઝાર,—
ભ્રાત બે હતા અતિ બળવાન, ત્રણલોક પ્રસિદ્ધ મહાન. ૧૪
જીવ એક ને જૂજવા દેહ, દૂધજળસ્નેહ નિઃસંદેહ;
જીત્યા ત્રણ લોક તેમણે સંપે, દેવ ઋષિ નામ સાંભળિ કંપે.૧૫
પણ તેમને તિલોત્તમા માટ, ભેદ પડિને વળી ગયો દાટ;
માટે હે સુજ્ઞ પાંડુકુમાર, કરો હિત થવા પૂર્ણવિચાર. ૧૬
સુણિ નારદવચન તે દક્ષ, કર્યો નિયમ તેઓની સમક્ષ;
પાંચ ભ્રાતમાંથી કદિ કોય, દ્રૌપદીસહ એકાંત હોય, ૧૭
તવ બીજાએ ત્યાં નવ જાવું, પણ લીધું પાંચેએ આવું;
આ નિયમ ભંગ જેનાથી થાય, બાર વર્ષ તે વનમાં જાય. ૧૮

વલણ.

જાયે વન બ્રહ્મચર્ય ધરિ, છોડીને ઘરબાર;
પ્રતિજ્ઞા સુણી પ્રસન્ન થઇ, ગયા પછિ બ્રહ્મકુમારરે. ૧૯

अर्जुनवनवास प्रकरण.

કડવું ૫૪ મું.

इंद्रप्रस्थथी अर्जुननुं वनगमनृ.

રાગ રામગ્રી.

વૈશંપાયન ઉચર્યા વાણીજી, સુણ જનમેજય સ્નેહ આણીજી;
નિયમ પરમાણે પાંડવ પાંચજી, વર્ત્તતા નવ આવતિ આંચજી.૧

ઢાળ.

આંચ નવ આવે કદાપી, નિયમમાં દૃઢ વર્ત્તતાં;
શસ્ત્રબળથી વશ કર્યા બહુ રાય દિન થોડા જતાં. ૨
માનવોમાં સિંહસરખા પાંડવોએ દ્રૌપદી,
સ્નેહથી વશ કરી પૂરણ, અળગિ નવ થાયે કદી. ૩
પાંડવો પાંચાલિમાં, પાંચાલિ પાંડવમાં સદા,
આનંદ અતિશય પામતાં, નવ ભેદ પડતો નૃપ કદા. ૪
ધર્મરીતે વર્ત્તતાં ઈર્ષ્યા રહિત ઉછરંગમાં,—
દિન ગાળતા પાંચે પ્રિયાસહ, નવનવા સુખરંગમાં. ૫
આમ મન અભિરામ સુખમાં, દિવસ નૃપ ઝાઝા ગયા;
એક દિવસ એવે વિપ્ર વ્યાકુળ આવિયો પ્રગટે દયા. ૬
તે રાજ્યગૃહ સામો ઉભો રહિ આર્તસ્વરથી ઊચર્યા–
હે પાંડવો તમ રાજયમાં, રે ગજબ ચોરોએ કર્યા! ૭
ગાયોરૂપી ધન મારૂં નિર્લજ ચોર ચોરી લઇ ગયા;
રે ધાઓ હો ધીમંત, ઉરમાં હોય રૈયતની દયા!! ૮
હુતદ્રવ્ય શાંત સુવિપ્રનું, જ્યમ વાયસો ચાંચે ભરે,
કેસરી-શૂન્યગુફા વિષે શીયાળિયા ક્રીડા કરે. ૯
તે રીત હે નરવ્યાઘ્ર, જનપદ આપનામાં થાય છે;
દ્વિજનું અરે ગોધન ખળો ખાસી રિતે લઇ જાય છે! ૧૦

---

૧૦ જનપદ—દેશ.

હે પાંડવો નૃપભાગ છઠ્ઠો લે પ્રજાના પાસથી,
તો ધર્મ છે તેનો પ્રજાને મુક્ત કરવી ત્રાસથી. ૧૧
માટે તમે ગોધન ગયેલું, મારૂં આણી આપશો,
માગુંછું કરગરિ કુરૂકુળ નૃપ, કષ્ટ આવ્યું કાપશો. ૧૨
આર્તશબ્દો વિપ્રના સુણિ, અર્જુને પાસે જઈ—
કહ્યું અભય થાઓ આપ, પામો તાપ મા વ્યાકુળ થઈ. ૧૩
કહિ એમ અસ્ત્રો નિજતણાં લેવા ધનંજય ઝટ ગયો;
પણ અસ્ત્ર મૂકેલે ગૃહે નવ પેસતાં અટકી રહ્યો. ૧૪
કેમકે તેમાં યુધિષ્ઠિર દ્રૌપદીસહ બેઠા હતા;
તો નિયમ ત્યાગી અર્જુને ત્યાં શી રીતે થાવું છતા. ૧૫
આક્રંદ વાડવનું સુણી અતિ આર્દ્રઉર અર્જુન થયો;
દ્વિજ ગૌનું રક્ષણ મુખ્ય ગણિ આજ્ઞા લઈ ઘરમાં ગયો. ૧૬
લઇ ધનુષ બાણો ત્યાંથિ, રથચઢિ વિપ્ર નિજ સાથે લઈ,—
વાધ્યો ન કરતાં વાર, ચોરો મારિયા સત્વર જઈ. ૧૭
ચોરો હણી ગૌ આપિ દ્વિજને, પાર્થ પાછો આવિયો;
કર્યું કાર્ય શુભ ભૂદેવનું, ભાઈઓ સકળ મનભાવિયો. ૧૮
પછિ હાથ જોડી યુધિષ્ઠિરને અર્જુને કહ્યું આમ ત્યાં:
આવ્યો હું આદર છાંડિ, આપ હતા પ્રિયાની પાસ જ્યાં; ૧૯
માટે જઈશ વન નિયમ પરમાણે, દિયો આજ્ઞા મને;
સુણિ પાર્થવચનો યુધિષ્ઠિર ઉચર્યા દુખી થઈને મને. ૨૦
દ્વિજનું ભલું કરવા ભલે તું ભ્રાત ઘરમાં આવિયો;
અપ્રિય ન એમાં માન્યું મેં કંઇ, પણ ભલો તું ભાવિયો. ૨૧
વડભ્રાત સ્ત્રીસહ હોય ત્યાં, ન્હાનો સુખેથી જઇ શકે,
એમાં જરાપણ દોષ કાઢિ શકાય નવ કોઈ થકે. ૨૨
માટે જવા વન મન કરો મા, આણિ શંકા અધર્મની;
છે સૂક્ષ્મ ગતિ અતિ અકળ અર્જુન, આ ધરામાં ધર્મની! ૨૩
અર્જુન વદ્યો તવ ભ્રાત હું કહિ સત્ય પણ છોડીશ નહિ;
સત્યેથી આયુધ પ્રાપ્તિ આ થઇ છે મને જાણો સહી. ૨૪

માટે જઇશ વન જરૂર હું, આજ્ઞા મને આપો તમે;
કરગરી કહુંછું ભ્રાત, રહેવાનો નથી અહિંયાં કયમે. ૨૫
દીક્ષા લઈ વનવાસ દ્વાદશ વર્ષની તે મહામતિ,–
આજ્ઞા યુધિષ્ઠિરની લઈ, તત્પર થયો સુણ મહિપતિ. ૨૬

વલણ.

મહિપતિ અર્જુન વન જવા લાગ્યો જેહી વાર,
તવ તે સહ બહુ બ્રાહ્મણો, જવા થયા તૈયાર રે. ૨૭.

કડવું ૫૫ મું.

अनेक तीर्थो करी अर्जुननुं द्वारिकागमन.

રાગ ધનાશ્રી.

કુરુકુળ યશવર્ધક મહાબાહૂ, પાર્થે કર્યું પ્રયાણજી;
વાડવ બહુ તે સાથે ચાલ્યા, ચાર વેદના જાણજી. ૧
જેમાંના કંઇ વેદ અને ઉપનિષદના હતા જ્ઞાતાજી;
અધ્યાત્મજ્ઞાનતણું ચિંતન કરનારા હતા સુખદાતાજી. ૨
ભિક્ષાવૃત્તી કંઇ કરનારા, ભક્ત પરમ ભૂધરનાજી;
પુરાણ જાણ હતા કંઇ સારા, ગુણ ગાયે હરિહરનાજી. ૩
પરમહંસ સંન્યાસિ અને બ્રહ્મચારી પણ હતા તેમાંજી;
વાયુગણુસહ ઇંદ્ર શોભે ત્યમ, અર્જુન શોભ્યો એમાંજી; ૪
પંથવિષે રમણીય વિચિત્ર વનો સર નદિયો નરખીજી;
અનેક તીર્થ જનપદ મૂકી, ગયા ગંગાદ્વારે હરખીજી. ૫
ત્યાં વિશ્રામ કરી પાર્થે, વિપ્રોસહ વહાલ ધરીનેજી,
અગ્નિહોત્રકર્મો કરવા માંડયા મન શુદ્ધ કરીનેજી. ૬
એક દિવસ અર્જુન ગંગામાં સ્નાન કરી પરવાર્યોજી;
કરિ તર્પણ પિતૃનું આશ્રમે જવા મનસૂબો ધાર્યોજી. ૭
એવે કૌરવ્ય નાગરાજની કન્યા ઉલૂપી નામેજી,

નિજપતિ કરવા પાર્થ ખેંચિ ગઇ જળમાં લાલ સુધામેજી. ૮
ત્યાં આહૂતિઓ આપિ અગ્નિને, પાર્થે પછિ પરવારીજી,—
હસતો હોય ત્યમ ઉચર્યો, મુજને કયમ અહિં લાવિ કુમારીજી. ૯
ઉચરી ઉલૂપી તવ હે સુખકર, દીઠા તમને દૃષ્ટજી,
ત્યારથી અતનૂ હે મહાબાહો, પડિયો મારી પૃષ્ઠજી. ૧૦
તેથી વિહ્વળ થઇ ગઇ હું અતિ, શોધ્યું તમારૂં શરણુજી;
સહાય કરો આલિંગન દઇ દૃઢ, નહિંતો પામિશ મરણુજી. ૧૧
ઊગરવાને અનંગઅનળથી, ઘન મનમાન્યા આણ્યાજી;
આનંદહેલિ કરો ઉરમાં લઇ, પ્રેમી પૂમાણ્યાજી. ૧૨
અર્જુન ઉચર્યો હે વરતનુ હું, બ્રહ્મચર્ય કયમ ભાગુંજી?
ભોગ છોડિ, લઇ જોગ નીસર્યો, વેષ કેમ તે ત્યાગુંજી? ૧૩
ઉલૂપી તવ બોલી હે અર્જુન, તમ વિતિની હું છું જાણુજી;
પણ ઇચ્છા નહિ પૂર્ણ કરો તો, ટળશે મારો પ્રાણુજી. ૧૪
દ્રૌપદિઅર્થે બ્રહ્મચર્ય ધરિ, માનો એમાં ધર્મજી,
પણ સે પાળ્યે અત્ર પાંડુસુત, થાશે અધિક અધર્મજી. ૧૫
માટે ધર્મ અધર્મતણો વીવેક રાખિને વરતોજી;
બ્રહ્મચર્યના ધર્મથકી, પ્રાણદાન ધર્મ નથિ નરતોજી. ૧૬
વનમાં રહિ પુરુષાર્થ સાધતાં, અધર્મ નવ જરિ થાયજી;
ઋતુએ સંગ કરનાર પુરુષ બ્રહ્મચારિ સદા કહેવાયજી. ૧૭
માટે હું ઋતુ શુદ્ધ થયેલી કેરૂં સેવન કીજેજી,
કામે હણાતી કામિનિને પ્રભુ, આદર દઇ સુખ દીજેજી. ૧૮
વચન ઉલૂપીનાં સુણિ અર્જુન, ધર્મ ગણી શુભ તેમાંજી,—
રાત્રી એક રહ્યો તે સંગે, સુખ ઉપજાવી એમાંજી. ૧૯
દિન બીજે સૂર્યોદયમાં, ઉલૂપીસહ ગંગાદ્વારેજી,—
આવ્યો અર્જુન સુણ જનમેજય, વર શુભ પામ્યો ત્યારેજી. ૨૦
જળમાં અજયપણું સર્વત્ર થશે હે પાર્થ તમારૂંજી;
જળચર સ્વાધીન થશે નિઃસંશય, દઉં વરદાન હું મારૂંજી. ૨૧
એમ કહી ઉલૂપી નિજ સ્થાનક પરવરિ પછિ પળમાંહેજી;

પાર્થે તે સંબંધી વાર્ત્તા કહિ વિપ્રોને ત્યાંહેજી. ૨૨
પછિ અર્જુન હીમાલય પ્રત્યે, ભૂદેવોસહ ચાલ્યોજી;
અગસ્ત્યવડ આપવઋષિપર્વત, નેહે નેત્ર નિહાળ્યોજી. ૨૩
ભૃગુઋષિના તુંગનાથ તીર્થમાં, નાહી દિધાં બહુ દાનજી;
હિરણ્યબિંદુમાં સ્નાન કરિ, જોયાં પવિત્ર સ્થળ ગુણવાનજી. ૨૪
પછિ પૂર્વદિશાનો પથ ઝાલ્યો, જોયાં તીર્થ અનેકજી;
સ્નાન કર્યું નૈમીશારણ્યે, રહિ નિજને શુભ નેકજી. ૨૫
નંદા ગંગા ગહ્નકિ કૌશિકી, ગયાતીર્થે કર્યું સ્નાનજી;
આશ્રમ ઋષિના જોઇ અનેક, દિધાં ત્યાં બહુ ગૌદાનજી. ૨૬
અંગ વંગ દેશોનાં તીર્થો, અને આશ્રમો સર્વેજી,—
હતાં ત્યાં જઇ દાન કર્યાં બહુ, પાર્થે પ્રિતે નિર્ગર્વેજી. ૨૭
પછિ સૌ સાથે કલિંગદેશની પાસે અર્જુન આવ્યોજી;
વિકટમાર્ગ પર્વતનો વિપ્રો બહુને તે નવ ફાવ્યોજી. ૨૮
તેથી ઘણા ત્યાંથી પાછા વળ્યા, અર્જુનઆજ્ઞા લઇનેજી;
બાકી રહ્યા તે સાથે ધનંજય, ચાલ્યો ત્યાંથિ સજ થઇનેજી. ૨૯
સમુદ્રતટપર પછી પ્રવાસ કર્યો પાર્થે બહુ પ્રીતેજી;
મહેંદ્ર પર્વત મૂકી મણીપુર આવ્યો દિન કંઇ વીત્યેજી. ૩૦
તે પુરના ચિત્રાંગદ રાયની ચિત્રાંગદા કુમારીજી—
ફરતી નગર વિષે નીહાળી, પાર્થે કામકટારીજી. ૩૧
તેથી મોહ થયો બહુ તેને, ચિતમાં ચટકી લાગીજી;
નૃપ પાસે જઇ નિજકુળ કહિ, કન્યા નિજમાટે માગીજી. ૩૨
રાયે કહ્યું તવ હે અર્જુન, છે કન્યા મારે એહજી,—
વારસ રાજ્યતણી એકજ, નથિ સંતતિ બીજી દેહજી. ૩૩
માટે પુત્ર એક આપવો એનો, મુજને ગાદી વારસજી,
એમ હોય તો વરો સુખેથી, હે ભારત નરપારસજી! ૩૪
ચિત્રાંગદ કહેવા પરમાણે, પાર્થે કરી પ્રમાણજી,
ચિત્રાંગદા વર્યો મહાબાહૂ, હે ભારતકુળભાણજી. ૩૫
પછિ ત્રણ વર્ષ રહ્યો અર્જુન, મણિપુરમાં મન ઉત્સાહેજી;

નિજથી સુત બભ્રૂવાહન હુવો ચિત્રાંગદાને ત્યાંહેજી. ૩૬
તવ નૃપઆજ્ઞા લઇને અર્જુન, દક્ષિણપંથે પળિયોજી;
નારિતીર્થ નિર્ભય કરિ પાંચે, ફરિ મહિલાને મળિયોજી. ૩૭
સાંત્વન કરિ ચતુરાનું ઉચર્યો, સુતનું પાલન કરજોજી;
હે વરતનુ, મન વશ રાખી અહિં તાતગૃહે સ્થિર ઠરજોજી. ૩૮
ઇંદ્રપ્રસ્થમાં રાજસૂય મખ કરશે યુધિષ્ઠિર જ્યારેજી,
પિતા તમારા સાથ પુત્ર લઇ તમો આવજો ત્યારેજી. ૩૯
ત્યાં ભેટિશ તમને હું ભાવે, ન્યૂન ન સુખની રહેશેજી;
સાસૂ જ્યેષ્ઠ દિયરને મળજો, વિયોગદુખ ઝટ વહેશેજી. ૪૦
આમ કામનીને દઇ ધારણ, પાર્થ શ્વસુરને મળિયોજી;
દઇ વારસ તેને ભલું મનવી, ગોકર્ણ તીર્થે પળિયોજી. ૪૧
પશ્ચિમસાગરતટનાં તીર્થો, પછિ તેણે સૌ કીધાંજી;
આવી અંતે પ્રભાસતીર્થે, દાન દ્વિજોને દીધાંજી. ૪૨
પાર્થ પ્રભાસ વિષે આવ્યાની ખબર જાણિ શ્રીકૃષ્ણજી,
મળવા ત્યાં આવ્યા માયાતાત, મોહ ધરીને સતૃષ્ણજી. ૪૩
મળિ ભેટી પૂછીને કુશળ, પછિ પૂછ્યું યાત્રાકારણજી;
પાર્થે માંડિ કહ્યું વૃત્તાંત, દિધી તવ કૃષ્ણે ધારણજી. ૪૪
પછિ શ્રીકૃષ્ણ લઇ અર્જુનને, આવ્યા રૈવતક ગિરિએજી;
સુખસામગ્રી ત્યાં તૈયાર રખાવિ હતી શ્રીહરિએજી. ૪૪
ત્યાં ભોજન કીધું પાર્થે શ્રીકૃષ્ણ સહિત સુખ પામીજી;
નાચ તમાશા જોયા ખાસા, જુગતી રહિ બહુ જામીજી. ૪૬

---

૩૭ નારીતીર્થ—અગસ્ત્ય, સૌભદ્ર, પૌલોમ, કારંધ, અને ભારદ્વાજે કરેલાં પાંચ તીર્થો. જેમાં કોઇ તપસ્વીના શાપથી વર્ગા, સૌરમેયી, સમીચી, બુદ્બુદા અને લતા નામની પાંચ અપ્સરાઓ ગ્રાહ થઇ રહેલી હતી; જે તે તીર્થોમાં સ્નાન કરનારને જળમાં ખેંચી જતી હતી. આથી તે તીર્થો તપસ્વિઓએ વર્જ્ય કર્યાં હતાં. શાપના અનુગ્રહમાં કોઈ ઉત્તમ પુરુષથી અપ્સરાઓનો ઉદ્ધાર થશે, ને ત્યારથી તે તીર્થો "નારીતીર્થ" નામે પ્રસિદ્ધ થઈ ઘણાં પવિત્ર ગણાશે એમ હતું. અર્જુને તે તીર્થોના જળમાં પ્રવેશી ગ્રાહ થયેલી અપ્સરાઓનો ઉદ્ધાર કર્યો.

સુખશય્યાઓ માંહિ શયન નરનારાયણે પછિ કીધુંજી;
ત્યાં તીર્થો વર્ણન કરિ પાર્થે, હરિનું ચિત્ત હરિ લીધુંજી. ૪૭
પછિ નિદ્રાવશ પાર્થ થયો, પ્રાતઃકાળે જે જાગ્યોજી;
પરિજન-ગાયન વિણાનાદ સુણિ, અંતરમાં અનુરાગ્યોજી. ૪૮
નિત્યકર્મથી પરવારી પછિ, બેશિ સ્વર્ણરથ માંહેજી,—
કૃષ્ણ સહિત આવ્યો અર્જુન દ્વારામતિ અતિ ઉત્સાહેજી. ૪૯
અર્જુન આવવું જાણી યાદવ-કુળની અલૌકિક નારીજી,—
રાજ્યમાર્ગ આગળ અટારિયે, ઊભિ'તિ રૂપ સમારીજી. ૫૦
પુરિની શોભા ન હતિ અધૂરી, પણ પુરિ કરિ એ દિનજી;
પ્રજા સર્વ યાદવ અતિ હર્ષે જણુંવ્યું હતું શુભ ચિન્હજી. ૫૧
મળિ ભેટસો સર્વેને ધનંજય, રહ્યો પછિ કૃષ્ણભવંનજી;
રત્નજડિત જે કલ્પવૃક્ષ રુપ હતું અનુપમ રાજંનજી. ૫૨

વલણ.

રાજંન મંન તૃપ્તી કરે, હરે ત્રિવિધના તાપ;
એવા કૃષ્ણભવન વિષે, રહ્યો અર્જુન ત્યાં આપ રે. ૫૩

सुभद्राहरण प्रकरण.

કડવું ૫૬ મું.

सुभद्राहरण अने तेनो अर्जुन साथे विवाह.

રાગ રામગ્રી.

રહ્યો પાર્થ શ્રીકૃષ્ણભવનજી, તેને વીત્યા ત્યહાં બહુ દિનજી;
એવે ગિરિ રૈવતકપર ભૂપજી, થયો યાદવ-ઉત્સવ અનૂપજી. ૧

ઢાળ.

અનૂપ ઉત્સવ હવો દિન બહુ, યાદવોનો એ સ્થળે;
દાન એવાં દિધાં દ્વિજને, દારિદ્ર દશા પેઢી પળે. ૨
શિબિર રત્ને શોભિતા ચોપાસ ત્યાં ચોઢયા હતા;
તે પાસ સુરતરુસમાં વૃક્ષો અને હતિ લાખો લતા. ૩

કૈલાસગિરિ કરતાં અધિક ગિરિનાર એથી શોભતો;
વાજિત્ર વિધવિધ વાગતાં, સ્વર સંગિતોનો શુભ થતો. ૪
નૃત્ય નાનાવિધ થતાં ત્યાં, મોદ મન આપે અશાં;
શુભ સ્મર્ણ આપે સ્વર્ગનું, ત્રિપુરારિમન ડોલે તશાં. ૫
યાદવકુમારો અલંકારો ધારિ રથ ચઢિ રાજતાં;
લોકો બિજા લલના સુહિત મનમોજથી માર્ગે જતાં. ૬
રેવતી સહુ બળદેવ ફરતા ત્યાં હતા મોદે અતિ;—
નૃપ ઉગ્રસેન હજાર સ્રી ગંધર્વસહ, હે મહામતિ. ૭
પટભૂષણો પુષ્પો ધરી પ્રદ્યુમ્ન સાંબ સુશોભતા,—
વીહાર કરતા વિવિધ, જોવા નભ વિષે સુર થોભતા. ૮
અક્રૂર સારણ ગદ વિદૂરથ નિશઠ સત્યક સાત્યકી;
હાર્દિક્ય મહારવ પૃથૂ વિપૃથૂ જિતાય નવ કોઈથકી. ૯
એવા દેવાસમા યાદવ, સ્રિયોસહુ ગિરનારને—
આપતા શોભા અધિક ત્યાં કરિ વિવિધ વારુ વિહારને. ૧૦
રૈવતક ગિરિએ એ રિતે, ઉત્સવ ભલો થાતો હતો;
જે જોઈ નભથી દેવગણુ અતિ દિંગ દિલમાંહે થતો. ૧૧
એ સમય અર્જુન કૃષ્ણુ સાથે ગિરિ વિષે ફરવા ગયો;
તવ ચમત્કાર હે ચતુર, ચતુરાઇ ચુકાવે એવો થયો. ૧૨
સખિયો સહિત સોહામણી, મૃગલોચની ગજગામની—
આવી સુભદ્રા ફરતિ ત્યાં, જ્યમ દમકિ અતનૂદામની. ૧૩
એથિ અર્જુન ક્ષોભ પામી, તદાકાર તદા થયો;
વનવાસિ સંન્યાસી સમો, વામા-વિમોહજળે વહ્યો. ૧૪
શ્રીકૃષ્ણુ તવ તેને કહે, મન મારિ વન ફરનારની—
આ શી અવસ્થા ઉલટી, પણ શુભ જોગનું ધરનારની ! ૧૫
આ બગનિ મારી છે સુભદ્રા તેશું લગ્ન કર્યા તણી-
ઇચ્છા તમારી હોય તો, નથિ વાત એમાં કંઇ ઘણી. ૧૬

---

૧૩ દમકી-ઝબકી, એકદમ પ્રકાશી. અતનુદામની-કામદેવની વી-
જળી (દામની-વીજળી.)

અર્જુન કહે ઉપકાર મોટો માનું એમ તમે કરો-(તો),
પ્રાપ્તી કયી રિત થાય તમ ભગનીતણી તે ઊચરો. ૧૭
શ્રીકૃષ્ણ કહે કે સ્વયંવરમાં સુભદ્રા કોને વરે,
આગળથિ તે ન કથાય નિશ્ચય ઠીક નહિ એમાં ઠરે. ૧૮
માટે પરાક્રમથી હરણ તેનું તમે કદિ જો કરો,
તો અર્થ સીધે તમતણો, છે ધર્મ ક્ષત્રીનો ખરો. ૧૯
નિશ્ચય કરી એ રીત બેએ, ચાર ચંચળ પાઠવી,
આજ્ઞા મગાવી યુધિષ્ઠિરની, જે તરત ત્યાંથી હવી. ૨૦
પછિ એક દિન ભલિ વિધ સુભદ્રા રૈવતકમાં રાજતી,
ધરિ વિવિધ ભૂષણ દેવ પુજવા જાણિ અર્જૂને જતી. ૨૧
તે તકતણો લઇ લાભ મૃગયા-મિષથિ કૃષ્ણરથે ચઢી,
સજિ શસ્ત્ર અસ્ત્રો પાર્થ વાટ્યો, સુભદ્રા નજરે પડી. ૨૨
દેવ પૂજી દાન દઇ આશિર્વચન દ્વિજનાં લઈ,
દ્વારિકા જાતી ઝાલિ દોટ દઈ ઝડપ પાસે જઇ. ૨૩
બેસાડિ રથમાં બળાત્કારથિ, ઈંદ્રપ્રસ્થ ભણી જવા;
ખેડિયો રથ આસી રીતે, નિજધાર્યું નિર્વિઘ્ને થવા. ૨૪
વસુદેવકન્યા સુભદ્રાનું હરણ થયું તે જોઇને,
યાદવતણી સેના વિષે શુર વ્યાપ્યું ત્યાં સૌકોઇને. ૨૫
તેથી તરત દ્વારામતી સૌ કોલાહલ કરતા ગયા;
આવી સુધર્માસભામાં ઉચર્યા અધીરા જે થયા. ૨૬
રે લાજ લૂંટી આપણી અર્જુને સૂભદ્રા હરી;
નૃપ, સાંખવું તે કેમ ધૂળ ઉઘાડિ આંખોમાં ભરી! ૨૭
સેનાધિપોના શબ્દ આ'વા સભાપાળે સાંભળી,
વગડાવ્યું ઢોલ સુવર્ણનું, નિજ મૂછ કરથી આમળી. ૨૮
પડો યુધનો સાંભળી પુરમાંથિ શુર ભોજન તજી,—
આવી સુધર્મામાં અડચા, શસ્ત્રો ભલાં સત્વર સજી. ૨૯
દેવતાસરખો સમાજ સુ મુખ્ય કરિ ત્રણ કુળતણો—
ત્યાં થયો શુર યાદવતણો, રસ જામિયો જોતાં ઘણો. ૩૦

તવ સભાપતિ ઉચર્યા, સુભદ્રાહરણ અર્જુને કર્યું;
રે એ અતી અપમાન સિંહોનું શૃગાલે છે કર્યું ! ૩૧
માટે તમે નવ વાર કરતાં, બાંધિ આણો એહને;
યદુકુળે આળ કર્યાતણી હું કરિશ શિક્ષા તેહને. ૩૨
ઉગ્રસેનતણાં વચન સુણિ, ઉગ્ર સૌ યાદવ થયા;
કરતા કોલાહલ રથ તથા આયૂધ સજ કરવા ગયા. ૩૩
વકરાયલા વ્યાઘ્રોસમા, છંછેડિયા સર્પોસમા,
સજ થયા સર્વે શૂર, તિલભર ન રાખે મઘવાતમા. ૩૪
ક્ષુભિત મહાસાગરતણા જળસમા યાદવ જોઈને,
બળદેવ બળ કરિ બોલિયા, સ્થિર રાખવા સૌકોઈને. ૩૫
હે યાદવો, આ શું કરો છો ! કૃષ્ણ તો વદતા નથી;
જાણ્યા વિના મત તેમનું, છે ગર્જવું મિથ્યા મથી. ૩૬
બળદેવહિતવચનો સુણીને શાંત સૌ યાદવ થયા;
બહુ સારૂં કહિ શ્રીકૃષ્ણમત લેવા સભામધ્યે ગયા. ૩૭
પછિ કૃષ્ણશું બળરામ ઉચર્યા, વાત વિપરિત થઇ સહી;
તોપણ તમે શું જોઇ રહ્યા છો, ભ્રાત મૌન ધરી રહી. ૩૮
અપરાધ અર્જુનનો અરે, ઓછો છે શું અચ્યુત કહો !
તેણે લિધી કુળલાજ, તોપણ શી રીતે સાંખી રહ્યા ! ૩૯
સત્કાર તમ લીધે કર્યો એનો અમે આદર દઈ;
તો સુભદ્રાનું હરણ કર્યું, મુજ શિર અરે નિજપગ દઈ ! ૪૦
માટે અરે અપમાન એ લવલેશ હું સાંખીશ નહિ !
કુરુકુળનું મૂળ ઊખેડિ નાંખિશ, હળવડે જાણો સહી ! ૪૧
મેઘગર્જન સમું વદવું, સાંભળી હલધરતણું;
વૃષ્ણિ અંધક ભોજકુળ યાદવ પછી ગર્જ્યા ઘણું. ૪૨
તવ કૃષ્ણ ઉચર્યા, યાદવો ! શાને મમત મિથ્યા કરો ?
અર્જુને યદુકુળ યોગ્ય કર્યું છે, ધ્યાનમાં કહું તે ધરો. ૪૩
જાણેછ અર્જુન યાદવો ધનલોભિ નિશ્ચય છે નહીં,
કે તે લઈ દેશે નિજકન્યા, સ્વાર્થબુદ્ધીથી સહી. ૪૪

સ્વયંવરમાં સુભદ્રા નિજને વરે કે ના વરે;
દાન કન્યાનું વિગર્હિત ક્ષત્રીને માટે ખરે. ૪૫
આ સર્વ વાતતણો વિવેક વિચારી પાર્થે યાદવો,
ક્ષત્રીયધર્મે અનુસરી કર્યું કાર્ય, માર્ગ નથી નવો. ૪૬
શાંતનૂવંશી કુંતિસુત અતિ શૂર અર્જુનશું અહો !
સંબંધ કરવા કોણ ન ચહે, ભ્રાત હલધર તે કહો ? ૪૭
સર્વ લોકે શિવ વિના, રૂદ્રાદિસહ મઘવા લઈ,
નથિ જીતવાને સમર્થ કો અર્જૂનને જાણો સહી. ૪૮
માટે ધરીને હર્ષ ચહિ ઉત્કર્ષ આણો એહને;
કરિ સાંત્વના કન્યા દિયો, નવ તર્જતાં કહિ તેહને. ૪૯
શ્રીકૃષ્ણઉક્ત પછિ માન્ય કરિને પાર્થ પુરિમાં આણિને—
પરણાવિયો તે સુભદ્રા સહ, અજિત જોદ્ધો જાણિને. ૫૦
યાદવોથી સત્કાર પામી, પાર્થ ત્યાં સુખથી રહ્યો;
વર્ષ એક વિત્યા પછી પુષ્કર વિષે પ્રીતે ગયો. ૫૧
વર્ષ દ્વાદશમાં ઉણા દિવસો ત્યહાં પૂરા કરી,
ઇદ્રપ્રસ્થે નવોઢાસહ આવ્યો તે નરહરી. ૫૨
ભેટી મળી મા ભ્રાતને, દ્વિજ પૂજિ દાન દીધું ઘણું;
જઇ દ્રૌપદી પાસે મનાવી કર્યું સાંત્વન તેં તણું. ૫૩
સુભદ્રાએ સાસુને પ્રણમી ઘણી આશિષ લઈ,
નય દાખિ મન મેળવિ લિધું, દ્રૂપદસુતા પાસે જઈ. ૫૪
અર્જુન સુભદ્રા ઇંદ્રપ્રસ્થે પહોંચિયાં સૂખે કરી,
તે જાણિ પૂરત પૂરવા તૈયારિ શ્રીકૃષ્ણે કરી. ૫૫
વડભ્રાત સહ યાદવ છપનકોટી મહીંના મુખ્ય લઈ,
શ્રીકૃષ્ણ આવ્યા ઇંદ્રપ્રસ્થે, મગ્ન મનમાંહે થઈ. ૫૬
સામૈયું તેમનું સારિ રીતે, નૃપ યુધિષ્ઠીરે કર્યું;
પહેરામણિનું દ્રવ્ય કૃષ્ણે પાંડુસુત આગળ ધર્યું. ૫૭
સુવર્ણરથ અશ્વો સહિત આપ્યા હજાર સુભ્યાઈરે;
દશ સહસ્ર આપી ધેનુ દુઝતી જનની મન વિસ્મય કરે. ૫૮

ચંદ્રકિરણ સમા સહસ્ર સુઅશ્વ શ્વેત સોહામણા,
ઉચ્ચૈઃશ્રવાશા આપિયા, મનવેગિ જેમાં નહિ મણા. ૫૯
ખચ્ચરો ખેચરપતિતણી ગતિની કરે સ્પર્દ્ધા અશાં—
આપ્યાં સહસ્ર સુઆદરે, કહિયે વખાણ અહો કશાં! ૬૦
રત્નોદર્શનવની દાસી, દેવકન્યા સારખી—
આપી પ્રવીણ હજાર, કામે કુશળ કૃષ્ણે પારખી. ૬૧
બાહ્લિક દેશે ઊછરેલા લક્ષ અશ્વો આપિયા,
મદઝર હજાર મતંગ માવતસહ દિધા અણુમાપિઆ. ૬૨
અગ્નિકાંતિસમું સુંદર ઐંશિ મણ દઇ હેમને,
મોતી હિરા માણેક બહુ દીધાં જણાવી પ્રેમને. ૬૩
તવ યુધિષ્ઠિર તે ગ્રહણ કરિને, યાદવોને પ્રેમથી—
આપવા લાગ્યા વિવિધ રત્નો, નિજતણા શુભ નેમથી. ૬૪
સત્કાર પામી યાદવો ત્યાં દિવસ બહુ સુખમાં રહ્યા;
બળદેવજીને કરી અગ્રણી, દ્વારિકા તેઓ ગયા. ૬૫

વલણ.

ગયા દ્વારિકા યાદવો, હળધર સાથે હે રાય,
રહ્યા પાંડવો પાસ હરિ, અકળ ન કોથિ કળાય રે. ૬૬

खांडववनदाह प्रकरण.

કડવું ૫૭ મું.

ब्राह्मणरूपे अग्निदुःखनिवेदन.

રાગ રામગ્રી.

સુણ જનમેજય જયશાળીજી, કથા ભારતની જશવાળીજી;
ઇંદ્રપ્રસ્થમાં પાંડવો પાસેજી, રહ્યા શ્રીકૃષ્ણ ઉર ઉલ્લાસેજી. ૧

ઢાળ.

હુલાસ ઉરમાં આણિને શ્રીકૃષ્ણ પાર્થ સહીત—
જાતા હતા યમુનાતટે, મૃગયા રમવાને નિત્ય. ૨
એવે નિજ ભગની સુભદ્રાએ મહા બળવાન,
જયંતસરખો જણ્યો સુત, શુરવીર જાજ્વલ્યમાન. ૩
બાળપણથી અભય ક્રોધી ભાળિ લોકે તેહ,
અભિમન્યુ નામ ધર્યું શુભ તેનું આણિ ઉરમાં સ્નેહ. ૪
જન્મ તેનો થતાં હે નૃપ, અયુત ગાયો રાયે—
દ્રવ્ય પુષ્કળ સહિત આપી, ઉરના શુભ ઉભરાયે. ૫
ચંદ્ર પ્રિય છે પ્રજા સૌને અભિમન્યૂ એ રીત,
કૃષ્ણને પ્રિય બહુ હતો, શિશુ વયથી જાણ ખચીત. ૬
તેથિ પાલણ પોષણ તેનું, કૃષ્ણ કરતા પોતે;
એથિ શુદશશિસમો વૃદ્ધી પામિયો તે જોતે. ૭
અર્જુને અભિમન્યુને અસ્રો વિષે હે રાય,
પ્રવિણ નિજ સરખો કર્યો, ઇંદ્રાદિકે ન જિતાય. ૮
પાંડવોથી દ્રૌપદીને હવા સુત શુભ પાંચ,—
શર પાંચસરખા અરિદમણ, આવે ન અરિની આંચ. ૯
ધર્મથી પ્રતિવિંધ્ય, ભીમથી હવો સુત શ્રુતસોમ,
પાર્થથી શ્રુતકીર્તિ, નકુળથી શતાનક મહાજોગ. ૧૦
સહદેવથી શ્રુતસેન જન્મ્યો દ્રૌપદીને રાય,
વર્ષ અક્કેક આંતરે, પાંચે હવા મહાકાય. ૧૧
જન્મથી ઉપવિત સુધીના સર્વ શુભ સંસ્કાર,—
ધૌમ્યમુનિએ તેમના કીધા, શ્રુતી અનુસાર. ૧૨
પાળિને બ્રહ્મચર્ય પછિ ભણિ વેદ પાંચે ભ્રાત,
અસ્રવિદ્યા શીખિયા અર્જુનથિ તે ભલિભાત. ૧૩
ઇંદ્રપ્રસ્થ વિષે વસેલા પાંડવોએ ભૂપ,
આજ્ઞા લઈ ધૃતરાષ્ટ્ર ભીષ્મનિ હણ્યા બહુ અરિભૂપ. ૧૪

---

૫ અયુત-દશ હજાર.

તેથી યુધિષ્ઠિર રાજ્યમાં પામી પ્રજા બહુ સૂખ;
ધન ધાન્ય ધર્મનિ વૃદ્ધિ થઇ, ક્ષિણુ થયાં જનનાં દુઃખ. ૧૫
વેદોથિ જ્યમ વિસ્તાર પામેલો દિપે શુભ યજ્ઞ;
ભ્રાત ચારથિ યુધિષ્ઠિર શોભતા ત્યમ હે પ્રજ્ઞ ! ૧૬
એક દિવસ અર્જુન ઊચર્યો શ્રીકૃષ્ણશું નૃપ આમઃ
આ ગ્રીષ્મમાં હે કૃષ્ણ, હમણા થાય છે બહુ ઘામ. ૧૭
માટે જઈ યમુનાતટે સ્નેહિયો સહ ઘનશ્યામ,
ચાલો ક્રિડા કરિ આવિશું, સાંજે અહીં સુખધામ. ૧૮
શ્રીકૃષ્ણ તવ ઉચર્યા રુચી મારીછ પણ પ્રિય એમ;
આજ્ઞા યુધિષ્ઠિરની લઈ ચાલો કરો ઝટ તેમ. ૧૯
પછિ ધર્મની આજ્ઞા લઈ શ્રીકૃષ્ણ ને અર્જૂન,
સ્નેહિયોસહ ગંગાતટે આવ્યા, ન હતિ જ્યાં ન્યૂન. ૨૦
વીહારસ્થળ શુભ વિવિધ રિતનાં મહા મનોહર રમ્ય,
તાપ તનમનના હરે એવાં હતાંજ અગમ્ય. ૨૧
પંચેન્દ્રીની તૃપ્તી કરે, ચિત ઠરે તે શુભ ઠામ,
વીહાર એ સ્થળ આદર્યો, અર્જૂન ને ઘનશ્યામ. ૨૨
ત્યાં મહા મનોહર માનની, મનવૃત્તિને અનુસાર,—
જળ સ્થળ વિષે વીહાર કરિ ઉપજાવતી સુખસાર. ૨૩
નાચતી કંઇ નક્ષત્રસરખી, મારતી મોહબાણ;
ગાતી સુગાયન કંઇક, નિજવશ નાંખવા નર પ્રાણ. ૨૪
હર્ષથી કંઇ ગાજતી, લાજતી નવ કો લેશ;
દોડતાં સખિની પુઠે છૂટયા હતા કંઇ કેશ. ૨૫
વારુણી પી કંઇ તારુણી કરતી વિચિત્રજ ચેન;
પાસ સખિયો આવિ કહેતી, "કહે કયમ છે બેન"?! ૨૬
કંઇક સખિયો સામસામે બેશિ કરતી ગૂજ,—
ઇચ્છા પ્રમાણે વર્ત્તવા જે માંહિ જેવી સૂઝ. ૨૭
વીણા મૃદંગ વાગી રહ્યાં'તાં, થતો મુદનો મેહ;
ક્રીડાભવન-વન એથિ અતિ શોભતાં નિઃસંદેહ. ૨૮

આ રીત હર્ષ અપાર વરતી રહ્યો'તો ત્યાં સાર,
તવ કૃષ્ણ અર્જુન બિજે સ્થળ બેઠા જઈ તે વાર. ૨૯
એકાંત અનુપમ સ્થાનમાં બેશી મહા બળવાન,
વારૂ વિહારનિ ગોષ્ટિ નિજ કરતા હુતા કળવાન. ૩૦
એવે પ્રૌઢ પ્રચંડ તપ્તસુવર્ણ કાંતીવાન—
વિપ્ર નિલ પિત વર્ણનો આવિયો સૂર્યસમાન. ૩૧
પાસ આવ્યો જોઇ તેને આપવાને માન,
આસનથિ અર્જુન કૃષ્ણ ઊભા થયા શુભમતિમાન. ૩૨
તવ વિપ્ર ઉચર્યો હે યશસ્વી પાર્થ ને યદુવીર !
ભોજન ઘણું કરનાર બ્રાહ્મણ હું થયોછું અધીર. ૩૩
તે આપવા છો સમર્થ આપજ, માટ ભિક્ષા માગું;
તૃપ્તી કરો એક વાર એવી, ભૂખ મારી ભાગું. ૩૪
શ્રીકૃષ્ણ અર્જુન ઊચર્યા તત્ર, અહો શુભ ભૂદેવ,
કયા અન્નથિ તૃપ્તિ આપનિ થાય કહો તતખેવ. ૩૫
તવ તે વદ્યો હું વિપ્ર નથિ, પણ અગ્નિ છું સાક્ષાત;
નથિ ભૂખ તેથી અન્નની, સાંભળો કહું તે વાત. ૩૬
પૂર્વે પ્રસિદ્ધ નૃસિંહસરખા શ્વેતકી નૃપ સારે,—
યજ્ઞ દ્વાદશ વર્ષ કીધો અખંડિત ઘૃત-ધારે, ૩૭
તેનું અજીર્ણ થયું મને, છું તેથિ પડિયો મંદ;
હુતદ્રવ્ય કોનું ગ્રહણ કરવાનો ન થાયે છંદ. ૩૮
કાંતી વિનાની ઝાંખિ કાયા થઇ ગઈ મુજ નેટ;
દુખ આ વિરંચીને નિવેદન કર્યું મેં જઇ ઠેઠ. ૩૯
બ્રહ્માજિયે તવ કહ્યું મુજને, ખેદ તારો ખાળ;
સ્થાન દૈત્યોનું ખાંડવવન, જઇ જરૂર તું બાળ. ૪૦
તેમાં વસે છે અપાર પ્રાણી, તેમનો લે ભોગ;
વિવિધ માંસઅશનથિ તારો જશે ઝટ આ રોગ. ૪૧

---

૩૮ છંદ—પ્રીતિ, મરજી. અગ્નિએ કહ્યું કે, અજીર્ણ થવાથી કોઈનું હુતદ્રવ્ય (હોમવાના પદાર્થ) ગ્રહણ કરવાની પ્રીતિ મને થતી નથી.

બ્રહ્માતણું કહેવું સુણી બાળવા ખાંડવવન,—
હું આવિયો ઉત્સાહ ધરિ, હે પાર્થ મધુસૂદન! ૪૨
પવનની અતિ પ્રેરણાથી કરી ક્રોધ અપાર,
મેં બાળવા વન માંડિયું, વળતી ન કરતાં વાર. ૪૩
પણ અરે આ વન વિષે ઇંદ્રનો મિત્ર અભીત—
નાગ તક્ષક નામનો રહે છે પરિવાર સહીત. ૪૪
તેથિ રક્ષા તેહની મઘવા કરે છે અત્ર;
તક્ષક લિધે આ વનજિવો રક્ષાય છે સર્વત્ર. ૪૫
મેં બાળવા વન માંડિયું, તવ પ્રાણિ વનનાં સર્વ—
ઠારવા મુજને લાગિયાં, કરિ ક્રોધ ને અતિ ગર્વ. ૪૬
હાથી હજારો સુંઢમાં ભરિ પાણિ વારંવાર,
છાંટવા મુજને લાગિયા, જ્યમ જલદ દે જળધાર. ૪૭
ફણીધર મોટી ફણાના, ક્રોધ કરિ અતિ કારી,
મંદ મુજને પાડવા વરસાવ્યું ફેણથી વારી. ૪૮
બીજાં હજારો પશૂ પક્ષી અને દૈત્ય મહાન,
ધૂળ પથરા વારિ તરુશાખાથિ હે ગુણવાન! ૪૯
નીવારવા લાગ્યા મને, એવે ઇંદ્રે વર્ષાદ—
વર્ષાવિ મંદ કર્યો મને, કયાં કરૂં દુખનો સાદ! ૫૦
વન બાળવા મેં સાત વાર કર્યો પ્રયત્ન સુવીર,
નિષ્ફળ કર્યો તે માંહિ ઇંદ્રે, ધરૂં હવે નવ ધીર. ૫૧
માટે ધરિ આશ્રય તમારો વનરૂપી અન માગું;
અસ્ત્ર ધરિ અડચણ હરો, બાળિ વન ગ્લાની ત્યાગું. ૫૨

વલણ.

ત્યાગું ગ્લાની વન બાળિને, પામી હું પૂર્વ સ્વરૂપ,
અરુચી ભાગું એવું કરો, અસ્ત્ર પ્રવીણ અનૂપ રે. ૫૩

---

૪૭ જલદ—વર્ષાદ.

કડવું ૫૮ મું.

खांडववनदाहथी अश्वसेनपलायन.

રાગ વેરાડી.

અગ્નિતણું વૃત્તાંત સુણી, અર્જુન ઉચર્યો હે ભૂપ,
શ્રેષ્ઠ દિવ્ય અસ્ત્રો મુજ પાસે, છે હે અગ્નિ અનૂપ. ૧
તેથિ ઘણા ઇંદ્રોશું યુધ કરવાને હું છું સમર્થ,
પણ મુજ ભુજબળયોગ્ય ધનુષ નથિ, સાહસ કરૂં કયમ વ્યર્થ. ૨
અક્ષય બાણો યુદ્ધ વિષે બહુ જરુર જોઇએ મારે;
પવનવેગિ અશ્વો સાથે રથ અભંગ નથિ આ વારે. ૩
આયુધ આ શ્રીકૃષ્ણયોગ્ય નથિ, કે જેથી તે હમણા—
નાગ પિંશાચતણો નાશ કરે, જેમાં દીસે ન મણા. ૪
માટે હે પાવક, પુરુષાર્થે કરી કાર્ય કરવાને—
સાધન યુધનાં ઘો ધનુષાદિ ઉપદ્રવ સૌ હરવાને. ૫
અર્જુન કહેવું સુણિને અનળે ધરી વરુણનું ધ્યાન,
આમંત્રી નિજ પાસે તેડી, કર્યું ઘણું સન્માન. ૬
પછિ ઉચર્યો હે વરુણ, આપને ધનુષ ચક્ર રથ ભાથા—
આપ્યાં છે ચંદ્રે તે આપો, કરવા મુજને શાતા. ૭
કયમકે, ગાંડિવધનુષે અર્જુન, ત્યમ ચક્રે ઘનશ્યામ,
મહત્કાર્ય મહિતળમાં કરશે, જગવિ જગત્માં નામ. ૮
તે સાંભળિ વારૂ કહિ વરુણે, દિવ્ય ધનુષ એ વારે,
આપ્યું અખુટ બે ભાથા સાથે, નવ ખૂટે શર કયારે. ૯
શ્વેત વર્ણના વાયુવેગિ હય જોડેલો રથ ભૂપ,
ધ્વજા વિષે હનુમાનચિન્હનો દીધો દિવ્ય અનૂપ. ૧૦
પામી સાધન નિજ ગમતાં પછિ પાર્થ થઈ પુલકીત,
અંગે કવચ ધરી રથ ચઢિયો, કરવા હુતભુક હીત. ૧૧
વળી કૃષ્ણને આપિ અગ્નિ એ, ચક્ર સુદર્શન નામે,

---

૬ અનળે-અગ્નિએ. ૧૧ હુતભુક-અગ્નિ.

ઉચર્યો હે અચ્યુત, આ ચક્રે વિજય થશે સૌ ઠામે. ૧૨
માનવ દાનવ અને દેવતા, આ ચક્રે જીતાશે;
પિશાચ રાક્ષસ ને નાગોનો નાશ એવડે થાશે. ૧૩
પછિ વરુણે કૌમોદકિ નામે દૈત્યનાશ કરનારી—
ગદા કૃષ્ણને આપી ભારે, ભાવ ધરી ઉરભારી. ૧૪
સાહિત્યો પામી યુધનાં, નરનારાયણ આ રીતે,
ઉચર્યા હે હુતભુક, ખાંડવવન દહો હવે વિણભીતે. ૧૫
એ રીત મધુસૂદન અર્જુનનાં, અભયવચન સુણિ રાય,
દહવા વન માંડ્યું કૃશાનુએ, કરિ તેજોમય કાય. ૧૬
એથી ખાંડવવનનાં પ્રાણી થઇ ભયભીત તમામ;
કંપી ઊઠ્યાં કરિ કોલાહલ, ઠરિ ન શક્યાં નિજઠામ. ૧૭
એ સમયે બળતા વનનું ત્યાં સ્વરૂપ શોભતું એવું,
સૂર્યકિરણથી સ્વરુપ મેરુનું હે નૃપ શોભે જેવું. ૧૮
ચારકોરથી વીંટ્યું અગ્નિએ, વન જનમેજય રાય,
પ્રલયકાળશી જ્વાળ કાઢિ, ફફડાવી ધૂમ્રધ્વજાય. ૧૯
એ સમયે ખાંડવવનની બે બાજૂ દઇ રથ ઘેરો,
પાર્થ કૃષ્ણ સઘળેથિ નાશ કરતા વનપ્રાણી કેરો. ૨૦
ઉડતાં પક્ષી નજર પડતાં, ત્યાં સત્વર જઇ તેઓ,
શર મારી નાંખતા અગ્નિમાં, આકુળ કરિને એઓ. ૨૧
ઊગરવા અવકાશ કોઇને તે નવ દેતા જરિયે,
ખાંડવવન પ્રાણી દુખવર્ણન હે નૃપ કયિ રિત કરિયે. ૨૨
બળવા વન લાગ્યું બહુ વેગથિ, ભડકા ઊઠ્યા ભારે;
પ્રાણિ હજારો કરી શોર અતિ, કુદવા લાગ્યાં ત્યારે. ૨૩
ભસ્મ કંઇ થયાં, અર્ધ કંઇ બળ્યાં, ફૂટી કંઇની આંખો;
પકવ આરિયા પેઠ કંઇ થયાં, બળી કંઇકની પાંખો. ૨૪
કંઇક સંતતીને સંતાડે, કંઇ છાતીવિચ ધરતાં,
કંઇક પિતા માતાને ભેટે, સ્નેહે ત્યાગ ન કરતાં. ૨૫

---

૧૬ કૃશાનુએ—અગ્નિએ.

પશુ પક્ષી ભાગી નવ શકતાં, દવમાં ત્યાં બળિ મરતાં;
જળાશયો ઉકળ્યાથિ જળચરો પ્રાણ વિનાનાં તરતાં. ૨૬
બળતા ખાંડવવન જીવોના અતી ભયંકર શબ્દ,
સમુદ્ર મંથન સમયસમા સંભળાતા થઇએ સ્તબ્ધ. ૨૭
અતિ પ્રદીપ્ત અગ્નિના એ તર્કે તણખા જઇ આકાશ,
ગભરામણ ઉપજાવિ ગગનમાં, દેવોમાં દઇ ત્રાસ. ૨૮
ભય પામી દેવતા સકળ જઇ નિજ નૃપ મઘવા પાસે—
ઉચર્યા નાશસમય આ આવ્યો, કહો પ્રભો કયમ થાશે! ૨૯
આ અગ્ની બાળે સૌ પ્રાણી, પ્રલયકાળની પેરે,
આંચ એનિ આ સ્વર્ગ વિષે, ગભરાવી અમને ઘેરે. ૩૦
સુરવચનો સુણિ સુરપતિ સત્વર ખાંડવવનની વા'રે,—
દેવોસહ મેઘગણો સાથે આવ્યો ત્યાં તે વારે. ૩૧
મેઘગણોને તે વન ઉપર વૃષ્ટી પુષ્કળ કરવા—
આજ્ઞા મઘવાએ આપી ઝટ બળતું વન ઊગરવા. ૩૨
રથધરિ સરખી ધારાઓએ વરશ્યા મેઘ અમાપે,
પણ તે ધારાઓ સૂકઇ ગઇ, અદ્ધર અગ્નીતાપે. ૩૩
એથી પાર વિનાનો કોપ્યો, વૃત્રનાશ કરનારો;
મોટા મેઘોને આજ્ઞા દઇ, ચલવ્યો જળનો મારો. ૩૪
તેથી પાવકજ્વાળા સાથે, મળતાં જળની ધારા,
ધૂમ્ર વીજળીયુક્ત ભયંકર વન ભાસ્યું નૃપ સારા. ૩૫
પછી અર્જુને ઉત્તમ અસ્રો વર્ષાવી એ વારે;
ઇદ્રતણા વર્ષાદ વારિને તરત નિવાર્યું ત્યારે. ૩૬
આચ્છાદિત ખાંડવવન કીધું, ઘણાં બાણથી રાય,
જેથી તેમાંનું કો પ્રાણી વન મૂકી નવ જાય. ૩૭
આ સમયે નાગપતી તક્ષક ગયો હતો કુરુક્ષેત્રે,
સુતસહ સ્રી તેની આ વનમાં જળ ભરતી હતિ નેત્રે. ૩૮

---

૩૪ વૃત્રનાશ કરનારો-ઇદ્ર. ઇંદ્રે વૃત્રાસુરને માર્યો હતો માટે એ વૃ. ત્રારિ પણ કહેવાય છે. વૃત્ર નામે દૈત્ય હતો.

અશ્વસેન તક્ષકપુત્રે અગ્નિથી ઉગરવા માટે,
પ્રયત્ન પ્રૌઢ કર્યો પણ તેથી વળ્યું નહીં કો વાટે. ૩૯
જ્યાં જ્યાંથી જાવા મથિયો ત્યાં અર્જુનનાં શર આવે,—
ગભરાયો ગર્વ મુકી વળિયો, આવ્યો દુખને દાવે. ૪૦
તવ તેની માતા ત્યાં તેને ઉગરવાને માટે,
મસ્તક ભણિથી ગળિ જઇને ભાગી વનથી ગભરાટે. ૪૧
અર્જુને તવ માર્યા તેને બાણુ ઘણાં પણ તેથી,—
બળિ નવ રહેતાં પુત્ર બચાવા ભાગી અગ્નીભેથી. ૪૨
પાર્થે તવ અતિ તીક્ષ્ણ બાણુ મારી નાગણુને મારી;
મેઘ વાયુ પ્રેરી ઇંદ્રે તક્ષકસુતકાય ઉગારી. ૪૩
તેથી તે નાઠો ત્યાંથી અર્જુનને અસ્થિર જાણી,
કપટયુક્તિ મઘવાની પાર્થે પૂરણ તેહ પ્રમાણી. ૪૪

વલણ.

પ્રમાણિ કપટ મઘવાતણું, અર્જુન કોપ્યો અવિધાર;
દારુણ યુધ વળતી આદર્યું, ઇંદ્ર સમિપ એ વાર રે. ૪૫

કડવું ૫૯ મું.

દેવો સાથે અર્જુન કૃષ્ણનું યુદ્ધ અને મયમિલાપ.

રાગ રામગ્રી.

કોપી કુંતીસુતે તે વારજી, બાણો મારીને અપરંપારજી;
ઢાંકી નાંખ્યું સરવ આકાશજી, વર્ત્તાવ્યો ખાંડવવન ત્રાસજી. ૧

ઢાળ.

ત્રાસ વન વર્ત્તાવિયો, પવનાસ્ત્ર વળતી પ્રેરિને,
મઘવાતણા મેઘો નિવારી વાદળાં સૌ વેરિને. ૨
એથિ પ્રાણી દેહતણુબાધાયુક્ત પાવક તે સમે,
વન બાળવા બહુ લાગિયો, જ્વાળા નહીં જેની શમે. ૩

હે રાય એ સમયે ગરુડ નાગો પિશાચો રાક્ષસો,
ગંધર્વ યક્ષો દાનવો આવિયા કોપી લક્ષ સો. ૪
તેમણે અર્જુન કૃષ્ણ સામું યુદ્ધ મોટું આદર્યું;
વધ કરી તે સૌ કૃષ્ણ પાર્થે પેટ પાવકનું ભર્યું. ૫
તે સમય ઐરાવત ચઢી ત્યાં ઇંદ્ર ઝટપટ આવિયો;
આયૂધ કર ધરિ વજ્રનું, દળ દેવનું બહુ લાવિયો. ૬
મારીશ હમણા કૃષ્ણ અર્જુન માનજો દેવો તમે;
કહિ એમ પવિ ને શસ્ત્ર સત્વર ફેંકવા લાગ્યો ક્રમે. ૭
તે જોઇ બીજા દેવતાએ શસ્ત્ર સજ કીધાં તદા;
યમદંડ યમરાજે ગ્રહ્યો, ધારી કુબેરે ત્યાં ગદા. ૮
પાશ વજ્ર ધર્યાં વરુણ, શક્તી ષડાનન કર ગ્રહી,
ધાતા ધનુષ, ત્વષ્ટા ત્રિશુળ, અર્યમા પરિઘ ધર્યું સહી. ૯
અશ્વિનીકુમારોએ ઓષધિર્યો, જયે મુશલ ગ્રહ્યું કરે,
શક્તિ અંશે, મિત્રદેવે ચક્ર ધર્યું હણવા ખરે. ૧૦
ત્યાં પુષા ભગ રવિ આઠ વસુ, અગિયાર રૂદ્રો એ પળે,
ઓગણપચાશે વાયુ વિશ્વેદેવા ખાળ્યા નવ ખળે. ૧૧
તુમુલયુધ આયુધ વિવિધ ધરી દેવતાઓએ તદા,
શ્રીકૃષ્ણ પાર્થશું આદર્યું, સાંભળ્યું નવ પૂર્વે કદા. ૧૨
એ સમય યુધમાં વિવિધ અદ્ભુત જગતપ્રલય સમાં નર્યાં—
ચિન્હો જણાવા લાગિયાં, હે ભૂપ ભારે ભયભર્યાં. ૧૩
તે જોઇ ત્યમ દેવો સહિત કોપેલ મઘવા દેખિને,
નવ ત્રાસ ધરતાં કૃષ્ણ અર્જુન ઉભા સર્વે ઉવેખિને. ૧૪
દૃઢ રહી બન્ને સુભટ આળ ઉવેખિ સુર સર્વેતણાં,
વજ્રશાં શર વરસાવિયાં, વાગિયાં ઘટમાં તે ઘણાં. ૧૫
નિષ્ફળ કરી સૌ શસ્ત્ર દેવોનાં, ધનંજયશ્રીહરી—
અતિ ત્રાસ દીધો તેમને, નવ જોયું કો પાછા ફરી. ૧૬
ભય ભરી અંતરમાં ઘણો સૌ ઇંદ્ર પાસે આવિયા;
કરિને પરાક્રમ પૂર્ણ ભાગ્યા તૂર્ણ કો નવ ફાવિયા. ૧૭

એ જોઇ નભ ઊભેલ મુનિયો કૃષ્ણુપાર્થપરાક્રમે,
આશ્ચર્ય અતિશય પામિયા, ગુણુ જેમના ગુણિને ગમે. ૧૮
સંગ્રામમાં પ્રથમે પરાક્રમ બેનું પૂર્ણુ દિઠું હતું,
તોપણુ ફરી મઘવા ફર્યો, નિર જોઇ નિજકેરૂં જતું. ૧૯
અર્જુનપરાક્રમ પેખવા ઉરમાંહિ પોતે આદરી,
વાસવે વૃષ્ટી પત્થરોની પાર્થના ઊપર કરી. ૨૦
અત્યંત તવ કોપી ધનંજય વૃષ્ટિ તે નિષ્ફળ કરી,
વર્ષાદ બહુ પથરાતણો ત્યાં કર્યો તવ ઇંદ્રે ફરી. ૨૧
બાણોથિ તે પથરાતણા ચૂરા કર્યા પાર્થે વળી;
કોપિયો મઘવા ક્રૂર થઇ કળ વિપળ જેને ના વળી. ૨૨
તેથિ વૃક્ષો સહિત મંદ્રાચળશિખર કરમાં ધરી,
નાંખિયું અર્જુન ઉપર બળ અતિ કારમું એણે કરી. ૨૩
અર્જુને તવ બાણે કરી કડકા હજારો તે કરી,
નિષ્ફળ કર્યું પળ એકમાં, દૃઢતા ઘણી ઉરમાં ધરી. ૨૪
વેરાઇ કડકા શિખરના પડતા જણાયા એહવા,
શશિ સૂર્ય ગ્રહ નભમાંથિ ખરતા દેખિયે નૃપ જેહવા. ૨૫
શિખરતણી નભથી શિલાઓ વનવિષે પડવાથકી,
દાનવો રાક્ષસ નાગ વ્યાઘ્રો નાશ બહુ પામ્યા નકી. ૨૬
વન બાળતા પાવક તથા પક્ષિયોના મોટા સ્વરે,
નભ ગાજતું જગપ્રલયકાળશું, દેવ પણુ એથી ડરે. ૨૭
તે સમય શ્રીકૃષ્ણે ત્યહાં તે પ્રાણિયો સંહારવા,—
મૂકયું સુદર્શન ચક્ર પાવક પેટ પૂરણુ ઠારવા. ૨૮
તેથિ ક્ષુદ્ર નિશાચરો દૈત્યો અને પ્રાણી બહૂ,
પામી પિડા છેદાઇ પડિયા અગ્નિમાં નૃપ શું કહુ! ૨૯
હે ભરતભૂષણુ ભૂપ ત્યાં ચિદ્રૂપ કાળ કરાળ થઈ--
ફરતા હતા વનપ્રાણિ હણુવા, દર્પ નિજનો બહુ દઈ. ૩૦
મૂકતા જેપર ચક્ર તેનો ચટ કરી સંહારને,
હાથમાં આવી પ્રાપ્ત થાતું ચક્રતે મોરારને. ૩૧
એ સમય સર્વ જિવોતણા આત્મારૂપી ભગવાનનું,—

ભાસ્યું સ્વરૂપ અતી ભયંકર સર્વનાશ નિદાનનું. ૩૨
પછિ કૃષ્ણ પાર્થ જિત્યાનિ અગ્નિ હોલવ્યાની આશને—
તજિ દૈત્ય દેવો ત્યાંથિ વળિયા થઈ પૂર્ણ નિરાશને. ૩૩
અદ્ભુત પરાક્રમ કૃષ્ણ પાર્થનું પેખિ હર્ષ ઉરે ધરી,
વાસવે વારંવાર તે એની પ્રશંસા ત્યાં કરી. ૩૪
આકાશવાણી એ સમે ઇંદ્રને નૃપ એવી થઈ,
હે ઇંદ્ર, સાહસ કરિશ મા સત્વર હવે આગળ જઈ. ૩૫
તુજ મિત્ર તક્ષક અહિં નથી, તે છે ગયો કુરુક્ષેત્રમાં;
માટે ન મન વ્યાકુળ થઇશ, નરમાશ ધર શુભ નેત્રમાં. ૩૬
આ કૃષ્ણ અર્જુન કોઇથી જીતાય એવા છે નહીં;
સાક્ષાત તે નર અને નારાયણ સ્વરૂપજ છે અહીં. ૩૭
માટે મમત મનનો તજી સુરસાથ સંચર સ્વર્ગમાં;
મા માન માનવ એહ બે, એવા નથી અપવર્ગમાં. ૩૮
સુણિ નભગિરા ગંભીર વાસવ સુર સહિત પાછો ફર્યો;
તે જોઈ અર્જુનવાસુદેવે સિંહનાદ તદા કર્યો. ૩૯
ભડભડ પછી વન લાગિયું, સડસડ ઘણા શબ્દો થઈ;
ભડકા ઉઠયા અતિ ભારી, દવ લાગ્યો ઘણો પ્રસરી જઈ. ૪૦
દવ પાર જાવા કોઈ પ્રાણિ સમર્થ નવ થાતું જરી;
કો જાતું જોતાં પાર્થશરથી પ્રાણ ઝટ લેતો હરી. ૪૧
દેવ પિતૃસ્થાનકે સંતાપ એ તક થઇ રહ્યો,
ભય ભૂત પ્રાણીમાત્રસ્વરનો જાય નવ જીભે કહ્યો. ૪૨
હાથી મૃગો સિંહો રુદન કરતા હતા લાંબે સ્વરે;
તે સુણી જાન્હવિ ઉદધિમચ્છ અતિ ત્રાસ ધરતા'તા ઉરે. ૪૩
વિદ્યાધરો રાક્ષસો વનના કૃષ્ણ અર્જુનને અહો !
જોવા ન હામ ધરી શકયા, કયમ થાય સામા તે કહો. ૪૪
દાનવો રાક્ષસ નાગ તે વનમાં મળી રહેતા હતા;
કારમે ચક્રે નાશ કરિને, કૃષ્ણ દવમાં હોમતા. ૪૫

---

૩૮ અપવર્ગ—સ્વર્ગ.

બહુ પ્રાણિયોની માંસ શોણિતયુક્ત ચરબીએ કરી,
અગ્નિ થયો ત્યાં તૃપ્ત, કાંતી થઈ કાંચનશી નરી. ૪૬
તક્ષકતણા ઘરમાંથિ મયદાનવ તદા ભાગી જતો—
જોયો ત્યહાં જગદીશ્વરે જે ગુપ્ત હજુ સુધી હતો. ૪૭
અગ્નિએ તેને ભક્ષવા પ્રાર્થ્યા પુરૂષપુરાણિને;
તવ સુદર્શન ઝટ ફેરવ્યું ઉત્સાહ હરિએ આણિને. ૪૮
એ જોઇ મય અર્જુન સમિપ દોડીજઈ ઝટ ઊચર્યો,
" હે કુંતિસુત રક્ષણ કરો મમ," આર્તસ્વર એવો કર્યો. ૪૯
ભયભર્યાં વચનો સુણી મયનાં, અભય પાર્થે તે કર્યો;
ભય ધરિશ મા હે ભ્રાત, કહિ એમ ત્રાસ મયકેરો હર્યો. ૫૦
અર્જુનવચનને પાળવા, ગોપાળ ચક્ર નિવારિયું;
અગ્નિએ પણ મય બાળવા મન વશ કરીને વારિયું. ૫૧
આ પ્રમાણે પંદર દિવસ પાવકે વન પરજાળિયું;
અરુચી અજીર્ણ અશક્તિ દુખ નિજ દેહનું તવ ટાળિયું. ૫૨
પછિ દેવસમુહેસહિત સ્વર્ગથિ ઇંદ્ર હેઠે ઉતરી,—
ઊચર્યો અર્જુનકૃષ્ણકેરી પ્રશંસા પોતે કરી. ૫૩
હે અકળ મહાબાહો તમે અદ્ભૂત કર્મ કર્યું અહીં,
દેવાદિકે પણ એવું કદિયે થાય નવ જાણું સહી. ૫૪
માટે પ્રસન્ન થયોછું તમપર, આપવા વર આ સમે;
માગો સુઇચ્છિત હોય તે, દુર્લભ ન ગણશો કંઇ તમે. ૫૫
પાર્થે કહ્યું તવ અસ્ત્ર આપો આપનાં મઘવા મને;
ઇચ્છા ન બીજી છે કંઈ વર માગવા મારે મને. ૫૬
ઈંદ્રે કહ્યું મહાદેવ જવ અતિ તુષ્ટ તુજ ઊપર થશે,
આપીશ ત્યારે અસ્ત્ર મુજ, તુજ માગ્યું વ્યર્થ નહીં જશે. ૫૭
ક્યારે પ્રસન્ન થશે ત્રિપુરઅરિ તે સમય જાણુંછ હું;
કહ્યું માધવે પછિ, પાર્થપ્રેમે અધિક સુખ માણુંછ હું. ૫૮
માટે નિરંતર પ્રીતિ પાર્થશું રહે માગું એહવું,
મઘવા "તથાસ્તૂ" ઊચર્યો, સુણિ કૃષ્ણકેરૂં કેહવું. ૫૯
વરદાન દઇ બે વીરને, અગ્નીતણી આજ્ઞા લઈ,

પછિ ઇંદ્ર સ્વર્ગ વિષે સિધાવ્યો, મગ્ન મનમાંહિ થઈ. ૬૦
પાવક પ્રસન્ન થઈ ઘણો આરોગ્ય પામી ઊચર્યો,
હે કૃષ્ણ અર્જુન, તૃપ્ત કરિને રોગરહિત મને કર્યો. ૬૧
એથી પરાક્રમિ પૂર્ણ જાણ્યા આપને મેં આ સમે;
ભલું થાઓ હે ભડ આપનું, જાઓ હવે જ્યાં મનગમે. ૬૨
કહ્યું એ રિતે અગ્નિએ તવ, કરિને પ્રશંસા જયમ ઘટે;
શ્રીકૃષ્ણ પારથ અને મય બેઠા જઈ યમુનાતટે. ૬૩
શ્રોતા કહું તે સાંભળો, છે સાર શો વનદહનનો,
કરૂં સ્પષ્ટ તે બે બોલમાં, નથિ એ વિષય બહુ ગહનનો. ૬૪
ખાંડવવને રાક્ષસો દૈત્યો અને હિંસક પ્રાણિયો,--
રહેતાં હતાં રંજાડનારાં અંત તેનો આણિયો. ૬૫
એથી જગતહિતકારણે વન બાળિયું તે જાણજો;
પાવક નિમિત પુરુષાર્થ કરિયો પૂર્ણ તેહ પ્રમાણજો. ૬૬
દેવઋણ શ્રીકૃષ્ણપાર્થે અગ્નિ પોખી વાળિયું,
માનવતણું ઋણ અભય કરિ સૌ નિજ શિરેથી ટાળિયું. ૬૭
એથિ વન બાળ્યાતણો નવ દોષ ગણશો તેમનો;
અંતર વિચાર કરી સમજજો હેતુ રૂડો એમનો. ૬૮

વલણ.

એમનો હેતૂ રાજ્યમાં, સુખશાંતી કરવા કામ--
હતો, સમજો શ્રોતા તમે, કહે ભટ ગણપતરામ રે. ૬૯

इतिश्री अहमदाबादनिवासी रैकज्ञातीय विप्र राजाराम सूनु भट्ट गणपतराम विरचिते लघुभारते आदिपर्व समाप्तम्.॥१॥

आदिपर्वसमाप्त.

॥श्रीजगदीशश्वरो विजयते॥

लघुभा त

सभापर्व.

सभाक्रिया प्रकरण.

કડવું ૧ લું.

सभास्थाननिर्णय अने श्रीकृष्णनुं द्वारिकागमन:

રાગ કેદારો.

મંગળમૂર્તી ધ્યાન ધરીને, સચ્ચિદઘન મનમાંહિ સ્મરીને,
કહું કથા ભારતની ભાવથી રે. ૧

ઢાળ.

ભાવથી હું ભાવ ધરીને, ભજી શ્રી ભગવાન,
સભાપર્વનિ કહું કથા, જોકે હું છું અજ્ઞાન. ૨
વૈશંપાયન બોલિયા તું સુણ જનમેજયરાય,
ખાંડવવન દહ્યું અગ્નિએ, કહું એ પછીનિ કથાય. ૩
કૃષ્ણ અર્જુન કૃષ્ણાતટપર મય સહિત ધરિ મોદ,
બેઠા જઈ બહુ હર્ષથી, કરતા વિચિત્ર વિનોદ. ૪
એ સમય મય હાથ જોડી પાર્થ સન્મુખ રાય,
અતિ વિનય દાખી ઊચર્યો પડિ પાંડુસુતને પાય. ૫
હે કુંતિસુત ! શ્રીકૃષ્ણચક્રથિ દવાનળથી તેમ,
રક્ષણ કરી આપે મને ઊગારિયો ધરિ પ્રેમ. ૬
બદલો સુ તેનો વાળવા ચહું ચિતવિષે મહારાજ !
ઉપકાર સ્મરતાં આપનો, આવેછ ઉરમાં લાજ. ૭

૪ કૃષ્ણા—યમુના.

તોપણ મહાબાહો કંઇક કરવા ચહું હિત આપ;
આદેશ દ્યો પ્રિય શું કરૂં ? ઉપકાર આપ અમાપ. ૮
અર્જુન વદ્યો, મય સર્વ પ્રિય મારૂં કર્યું તેં માન;
કયમકે શુભેચ્છા તારી મુજપર માનું છું. હું મહાન. ૯
માટે ન મન સંકોચ ધરતાં જા સુખેથી ભ્રાત,
સતત સ્નેહ સુ રાખજે, ઉર નવ ધરીશ અશાત. ૧૦
ઉચ્ચર્યો મયદાનવ તદા, મહાશય ! કહો છો યોગ્ય;
યોગ્ય પુરૂષો યોગ્ય નિજ કહે છે, ગણું ન અયોગ્ય. ૧૧
તોપણ કંઇક ઇચ્છિત તમારૂં, ચહું કરવા વીર !
શિલ્પિ છું અસુરો તણો, નથિ અન્ય મુજમાં નીર. ૧૨
પછિ પાર્થ ઉચર્યો હે પ્રવિણ શિલ્પી સરવથી શ્રેષ્ઠ,
ઉપકાર કરિ કંઇ માગવું તે હું ગણુંછું નેષ્ટ. ૧૩
માટે કહી શ્રીકૃષ્ણને કર લે કહે તે એશ;
ફેર મા મન માનતો, હું તેમનામાં લેશ. ૧૪
મયે તવ શ્રીકૃષ્ણને પૂછયું ધરી ઉર પ્રેમ;
મહારાજ કહો અર્જુનતણું ગમતું કરૂં શું કેમ ? ૧૫
વીચાર વાર જરા કર્યા પછિ કૃષ્ણ ઉચર્યા આમ:
હે મય તું અર્જુનપ્રસન્નાર્થે કર કહું તે કામ. ૧૬
રાજા યુધિષ્ઠિરયોગ્ય રચ એવી સભા આલોક,
જેવી ન કોથી થઇ શકે, જોઈ હલાવે ડોક. ૧૭
જેમાં અસુર મનુષ્યાદિની કારીગરી સર્વત્ર,
દિવ્ય એવી દેખિયે, ભાસે ત્રિભૂવન અત્ર. ૧૮
શ્રીકૃષ્ણવચનો સાંભળી મય થયો મન પુલકીત;
વૈમાન સરખી સભા કરવા કહ્યું હરખી ચિત્ત. ૧૯
પછિ કૃષ્ણ, અર્જુન મય સહિત આવ્યા યુધિષ્ઠિર પાસ;
આપિ ઓળખ એની, વાર્ત્તા કરી સર્વ પ્રકાશ. ૨૦
હે રાય, તવ ધર્મે કર્યો મયતણો શુભ સત્કાર;

---

૮ આદેશ—આજ્ઞા.

આદર દઈ શાખી ગૃહે, દાખવ્યો સ્નેહ અપાર. ૨૧
પછિ શુભ દિને સ્નાનાદિ મંગળ કરિ જમાડી વિપ્ર,—
આત મુહૂર્ત સભાતણું કર્યું, ક્ષેમ મુહૂર્તે ક્ષિપ્ર. ૨૨
સર્વ ઋતુ ગુણયુક્ત શોભિત મનોરંજક સાર—
સભા કરવા માપિ પૃથ્વી, હે નૃપ તેણી વાર. ૨૩
ચોખૂંટ કર દશસહસ્ર દોરી ગૂકિને નિર્ધાર,
સભા રચવા ચહ્યું ચિંતમાં મયે ઉમગિ અપાર. ૨૪
આરંભ કામ સભાતણો શુભ થયા પછિ હે રાય!
શ્રીકૃષ્ણ આજ્ઞા માગિ સૌની થયા ત્યાંથિ વિદાય. ૨૫
સંબંધિ સૌને સ્નેહ જણવી, દઈ ધારણ ધીર,—
દ્વારમતી માધવ ગયા, રથ બેસિ શ્યામ શરીર. ૨૬

વલણ.

શરિર ધર્યું અવિનાશિ હરિ, ભક્તજનોને કામ;
સચ્ચિદઘન આપે એક છે, વ્યાપક ઠામેઠામરે. ૨૭

કડવું ૨ જું.

સભાગૃહસમાપ્તિ અને તેનું વાસ્તુ.

રાગ ધનાશ્રી.

વૈશંપાયન વાણિ વધા સુણ હે જનમેજય રાયજી;
સભાસ્થાન નિશ્ચય પછિની હું કહું કોડે સુકથાયજી. ૧
અરિમર્દન અર્જુન શું મય પછિ ઉચર્યો જોડી પાણીજી,
આપો આજ્ઞા મુજને હમણા જાવા ગાંડિવપાણીજી. ૨
આવિશ પાછો અત્ર ત્વરાથી, રહેજો શુભ વિશ્વાસેજી;
સભાકામસાહિત્ય ઘટિત શુભ અત્ર નથી મુજ પાસેજી. ૩
ગિરિ કૈલાસનિ ઉત્તરમાં ગિરિ મૈનાક છે સુમનોહરજી;
પૂર્વે દૈત્યોએ ત્યાં યજ્ઞો કર્યા હતા હે ધનુર્ધરજી. ૪

ત્યારે વિચિત્ર રંગોનો મણિમય કર્યો હતો મેં ગારોજી;
જે વૃષપર્વા-સભા કરવાને કર્યો હતો બહુ સારોજી. ૫
શેષ રહેલો ગારો સારો તે રાખ્યો'તો ત્યાંહેજી;
બિંદૂસરપર દૈત્યરાજ વૃષપર્વાના ઘરમાંહેજી. ૬
તે ત્યાં હશે તો લાવી અહિં હું, સભા કરિશ અતિ સુંદરજી;
જગજન વિસ્મય પામે જેથી, કરે પ્રશંસા પુરંદરજી. ૭
વળિ ત્યાં રત્નજડિત અતિ સુંદર, શત્રુ નાશ કરનારીજી,—
લાખ ગદા સરખી છે વજનમાં ગદા ભયાનક ભારીજી. ૮
તે લાવિશ ભીમસેન સારૂ હું, વદું છું સાચું વાયકજી;
ગાંડિવ યોગ્ય તમારે છે ત્યમ ગદા ભીમને લાયકજી. ૯
વરુણતણો દેવદત્ત શંખ શુભ આણિશ આપને સારૂં;
કામ સાધિ આવિશ અહિં કોડે, વચન ન વ્યર્થ ઉચારૂંજી.૧૦
એમ કહી આજ્ઞા માગી મય તરતજ ત્યાંથી ચાલ્યોજી;
ઇશાન દિશ કૈલાસે પહોંચી, ઉત્તરપથ ઝટ ઝાલ્યોજી. ૧૧
સુવર્ણ શિખરોવાળા સુંદર, મણિમય ગિરિ મૈનાકેજી,
ગયો પછી બિંદૂસર છે ત્યાં, હે નૃપ એક તડાકેજી. ૧૨
જ્યાં ભગિરથ નૃપ ભાગીરથી ગંગાના દર્શન કામેજી,—
તપ્યો હતો બહુ કાળ સુધી, હે ભારત તે શુભ ઠામેજી.૧૩
ઇંદ્રે શોભા ત્યાંની અદ્ભુત કરી હતી મનભાવીજી;
મણીજડિત મખસ્તંભો અને કાંચન મહેલો નિર્માવીજી. ૧૪
સિદ્ધિ સ્વર્ગના રાજ્યતણી સો યજ્ઞ કરીને ત્યાંહેજી,—
મેળવિ હતિ મઘવાએ હે નૃપ, શિવ છે સનાતન ત્યાંહેજી.૧૫
નર નારાયણ શિવ બ્રહ્મા યમ હજાર યુગને અંતેજી,
યજ્ઞ કરે છે અતિ ઉત્સાહે, ખચીત ત્યાં મન ખંતેજી. ૧૬
મયે પછી એ સ્થળથી લઇ શુભ શંખ ગદા હે ભૂપજી;
વૃષપર્વાનિ સભાથી લીધું, રંગ સાહિત્ય અનૂપજી. ૧૭
નિજ સેવકો શિર તે ઉપડાવી, ઇંદ્રપ્રસ્થમાં લાવ્યોજી;
વચન પાળિ વહેલો આવ્યો જોઇ, અર્જુનને મન ભાવ્યોજી.૧૮
દેવદત્ત અર્જુનને દીધો, ઉરમાં ઊલટ આણીજી;

જેના શબ્દે હે જનમેજય, કંપિ ઉઠે સૌ પ્રાણીજી. ૧૯
ગદા ભીમને આપી ભાવે, યમને ડર દે એવીજી;
સભા પછી કરવા માંડી શુભ, હોય ન જગમાં જેવીજી. ૨૦
ત્રિલોકમાં સુપ્રસિદ્ધ મનોહર, મણિમય ભીંતોવાળીજી;
તેજે શ્રેષ્ઠ દિવ્ય દીપ્તીકર, ભૂતપતી રહે ભાળીજી. ૨૧
સુવર્ણ વૃક્ષોવાળી સુંદર, પાપ શ્રમ હરનારીજી,
મણિ માણુક રત્નોથિં મઢેલી સભા કરી સુખકારીજી. ૨૨
જે જોતાં નવરસ ચિત મધ્યે મનુષ્યને ઝટ જામેજી;
વિલોકતાં વિધવિધ શુભ રચના, મન તૃપ્તી નવ પામેજી. ૨૩
ચિત્રો ચારૂ ચૌદે બ્રહ્માંડનાં ભીંતોપર શુભ ભાસેજી;
ભ્રમ ઉપજાવે તે મનમાં બહુ, સાચાં સ્પષ્ટ પ્રકાશેજી. ૨૪
પર્વત નદિયો સરવર સુંદર ને વન ગાઢાં જોતાંજી,
સાચું નવ સમજાએ હે નૃપ, પૂરણ ચિત્ત પરોતાંજી. ૨૫
સૂર્ય ચંદ્ર તારાની રચના, પણ ત્યાં પૂરણ પરખોજી;
રાત્રિ દિવસ ઋતુખટ ત્રણસંધ્યા, સ્પષ્ટ સુ નજરે નરખોજી. ૨૬
દશહજાર કર લાંબી પહોળી, ગગનસ્પર્શ કરનારીજી,—
મયે સભા એવી શુભ કીધી, બહુ જેની બલિહારીજી. ૨૭
સભાતણા રક્ષણ માટે અંતરિક્ષ ગતી કરનારાજી,
રાક્ષસ આઠ હજાર સુ રાખ્યા, વિવિધ વેષ ધરનારાજી. ૨૮
સભા વિષે નિર્મળ જળવાળી કરી તલાવડિ એવીજી,
સ્થળની ભ્રાંતી થાયે જેમાં, જોઈ ન સ્વપ્ને જેવીજી. ૨૯
ઇંદ્રનીલમણિ પત્રોસહ મણિદાંડિયે કનકનાં કમળેજી,
શોભિ રહી'તી સુંદર તે, એવી ત્રિભુવનમાં ન મળેજી. ૩૦
કનકકાચબા મચ્છ કારંડવ તરતાં હતાં શુભ જેમાંજી;
સમિરથી જળબિંદુઓ કમળે શોભતાં મુક્તા શાં તેમાંજી. ૩૧
સ્ફટિકપગથિયાં સુંદર જેનાં, નીલમણીનો કિનારોજી,
નિર્મળ જળ પરિપૂર્ણથિ જળશું એક થયો તો આરોજી. ૩૨

---

૩૧ કારંડવ–બતક.

જળનો રંગ કિનારાનો રંગ ભિન્ન ન હે નૃપ ભાસેજી;
કાચપૃથ્વિ જેવી તે તલાવડિ જોતાં ઉર ઉલ્લાસેજી. ૩૩
કમળતણાં પુષ્પોથિ તલાવડિ છાઇ રહી'તી એવીજી,
કાચભૂમિપર કમળ ચીતર્યાં હોય જણાતી તેવીજી. ૩૪
જળઠામે સ્થળ ભાસે ત્યમ સ્થળઠામે જળ દેખાયજી;
ઉઘાડાં દ્વાર દિધેલાં દિસે, ભીડેલે શિર ભટકાયજી. ૩૫
વિચિત્ર આવિ સભા કરિને વળિ તેની ચારે પાસેજી,
બાગ રચ્યા ન્હાનાં સર સાથે, જેથી ઉર ઉલ્લાસેજી. ૩૬
ચૌદ માસ ઉપર દિન થોડે, સભા કરી નિર્માણજી—
મયે યુધિષ્ઠિરને તે નિવેદન કરિ હે ભારતભાણજી. ૩૭
યુધિષ્ઠિરે પછિ વાસ્તૂ તેનું કર્યું વિધી પરમાણેજી;
દાન માન મિષ્ટાન્નથિ વાડવ તૃપ્ત કરી તે ટાણેજી. ૩૮
આશિર્વાદતણો વર્ષાદ વરસતે ભાઇઓ સંગેજી,
ધર્મે પગ ધરિયો તે સભામાં, સ્મરિ હરિને સુઉમંગેજી. ૩૯
શોભા એહ સમયની સુંદર, વિચિત્ર રચનાવાળીજી,
ભૂપતિઓ ઋષિઓએ હે નૃપ ભાવ ધરીને ભાળીજી. ૪૦

વલણ.

ભાળી રચના મનભાવતી સભા વિષે તે ઠામ;
"હદવાળી મય તેં!" ઊચર્યાં, નૃપ મુનિ આદિ તમામ રે. ૪૧

કડવું ૩ જું.

नारदे युधिष्ठिरने पूछेली राज्यनीति.

રાગ રામગ્રી.

વૈશંપાયન વદિયા વચંનજી, સુણો જનમેજય રાજંનજી;
તે સભામાં પછી એક દિનજી, બેઠા'તા પાંડુસુત પાવંનજી૧.

ઢાળ.

પાવન પાંચે પાંડવો, મહાજન અને ગંધર્વ,
સભામાં બેઠા હતા, પેખાતું પ્રોઢું પર્વ. ૨
એવે સૌ શાસ્ત્રો વિશારદ નારદ આવ્યા તત્ર;
ઉભા થઈ સૌ ઊચર્યા, મુનિ ભલે પધાર્યા અત્ર. ૩
ભ્રાત સહ નૃપ યુધિષ્ઠિર ત્યાં પડ્યા નારદ પાય;
"જય તમારો થાઓ" આશિષ ઊચર્યા મુનિરાય. ૪
આપિ આસન કરી પૂજા દેઇને શુભદાન,—
સંતોષિયા ધર્મે મુનીશ્વર, કરી શુભ સન્માન. ૫
પછિ પ્રશ્ન પૂછ્યા નારદે ત્યાં, યુધિષ્ઠિરને આમઃ.
રાજ્યનિતિ શુભ શીખવાના, સુણો નૃપ ગુણગ્રામ. ૬
હે યુધષ્ઠિર, શુભ દાન યજ્ઞ કુટુંબપોષણ યોગ્ય—
ધન છે શું આપનિ પાસ ? ચિત રહે છે શું તમ આરોગ્ય? ૭
ધર્મ અર્થ ને કામ ત્રણ પુરુષાર્થ હે નરવીર !
સેવન કરોછો શી રિતે ધરિને સુ ધારણધીર ? ૮
બ્રાહ્મણ પુરોહિતને પ્રજાશું પૂર્વજોની રીત,
ધર્મ અર્થ વિષે સુવર્ત્તન કરોછો શું ખચીત ? ૯
વિદ્વાન વ્યસન રહીત, હિત ચહાનાર આપનું રાય,
મંત્રિયો કુળ ઉત્તમતણા શુભ છે શું આપસભાય? ૧૦
ઉત્તમ અમાત્યો અધિપના જયતણું છે સુનિશાન;
તેવા તણો મત લઇ ઘટિત શું કરોછો ? મતિમાન! ૧૧
રાત્રિએ દેશસુધારણાનો કરિ વિચાર નૃપાળ,
પદ્મનાભ સ્મરી અને પોઢોછ શું વિણુ આળ ? ૧૨
રાત્રિએ અતિ નિદ્રાવશ તો નથિ થતા ? હે શુરવીર !
પાછલી રાત્રે પ્રભુ સ્મરી જાગોછ શું ? રણધીર ! ૧૩
આગલે દિન મંત્રિયો સાથે કર્યો હોય જે મંત્ર,
પાછલી રાત્રે તે શું ચિતમાં તપાસોછો તંત્ર ? ૧૪

વાત આપવિચારની ગુણવાન હે ગંભીર !
પુરમાં પ્રસરતી તો નથી, જ્યમ તૂટિ પાળનું નીર ? ૧૫
ઊપજ ખરચ સેના ખજાને બળાબળ નરનાથ,
ગણના વિષે રાખોછ શું, આમળું હોય જ્યમ હાથ ? ૧૬
અલ્પ શ્રમ ને ફળ અધિક કરવા તરત તે કામ,
ઉદ્યોગ આપ કરોછ શું ? ધીમંત હે ગુણધામ ! ૧૭
દ્રવ્યલોભે ધર્મની હાની કરે જન દુષ્ટ;
વિતરાગિ ઉલટું એથિ કરવામાં રહે સંતુષ્ટ. ૧૮
પણ કામિજન તો વિષયલોભે ખુએ ધન ને ધર્મ;
શું તેમ તો કરતા નથી ? હે પાંડુનંદન ધર્મ ! ૧૯
નિર્ભય સભય નવ રાખવા, નિજ કારભારી સર્વ;
એ નીતિથી વર્ત્તોછ શું ? હે નમ્ર નૃપ નિર્ગર્વ ! ૨૦
શાસ્ત્રજ્ઞ નીતીવાન-સંમતિથી કરી શુભ ન્યાય,—
પાલન પ્રજાનું કરોછો શું ? હે કુરૂકુળરાય ! ૨૧
યોજના રાખી છે શું ? અરિને જાણવા સૌ સંચ;
યોજના આપનિ શત્રુઓ જાણી શકે નવ રંચ. ૨૨
શત્રુવશ-ઊપાય ચાર સમય પ્રમાણે વીર,
નિજ ધ્યાનમાં રાખોછ શું ? નીતીપ્રવિણ દૃઢધીર ! ૨૩
મૂરખ હજારોમાંથિ પંડિત એક પણ ગુણવાન—
શોધી શું કાઢોછો ? કહો, હે સુજ્ઞ નીતીમાન ! ૨૪
મૂરખ હજારો રાખવા કરતાં, સુપંડિત એક—
રાખવો યોગ્ય ગણોછ શું ? સમજી નિતીનો નેક. ૨૫
પંડિતો વૈદ્યો જોષિયોને કરી શુભ સત્કાર,—
રાખોછ શું નિજ રાજ્યમાં ? હે કુરૂકુળશણગાર ! ૨૬
પ્રજાને પીડે નહીં મંત્રિયો કોપણ રીત,
નિરીક્ષા એ વાતની રાખોછ શું નૃપ નિત્ય ? ૨૭
ધન ધાન્ય જળ આયૂધ યંત્રો શિલ્પિયો ને શૂર,—
પ્રત્યેક દુર્ગો એથિ નૃપ રાખોછ શું ભરપૂર ? ૨૮

હે નૃપ તમારે માટ રણમાં તજે પ્રિય નિજપ્રાણ,
સેનાધિપો સૈનિકો એવા છે શું ગુણના જાણ ? ૨૯
ઘોછો પગાર ચઢેચઢયો શું સૈનિકોને રાય,
વિલંબતો કરતા નથી એમાં નરેશ કદાચ ? ૩૦
વેતન ઉપર નવ નજર કરતાં શુભ કર્યાનું સાર—
તુષ્ટિદાન દિયોછ કે નહિ, બનિ અધિક ઉદાર? ૩૧
યુધમાં તમારે માટ જેણે તજ્યા હોય નિજ પ્રાણ,
તેનું કુટુંબ પોષોછ કે નહિ? હે નરેશ સુજાણ! ૩૨
ઘાયલ થયેલાનું તથા તેની સ્ત્રિયોનું સાર,
પાલન કરો છો કે નહીં? શુભ રાજ્યનિતિ અનુસાર. ૩૩
શરણે પડેલા અબળ વા જીતેલ શત્રુ કોય,
તેમની રક્ષા પુત્રપેરે આપથી શું હોય? ૩૪
અગ્નિ સર્પ નિશાચરો રોગાદિ ભયથી રાય,
રક્ષણ તમારા દેશનું શુભ કરોછો શું સદાય? ૩૫
માતા પિતામાં હોય નવ શંકા પ્રજાને કાંઈ;
ત્યમ ભયરૂપી શંકા પ્રજાને તો નથી તમમાંહી ? ૩૬
પરદારસેવન મદ્ય દ્યુત મૃગયાદિ વ્યસનોમાંહી,
આસકિત તો નથિ રાખતા, અંતર તજી કહો આંહી ? ૩૭
ખાવા પિવાની સુંઘવાની સ્પર્શવાની વસ્ત,
રાખોછ કે નહિ વિચક્ષણ વિશ્વાસુ સેવકહસ્ત ? ૩૮
જ્ઞાતિઓ ગુરુઓ વૃદ્ધ ને આશ્રિતજનોનો આપ,
સત્કાર સાર કરોછ શું? જ્યમ હોય જેનું માપ. ૩૯
અનાશ્રિત ને અપંગનું પાલન પિતાની પેર,—
કરોછો શું? કુરૂનંદન, કરી મોટી મહેર. ૪૦
વર્ષાદ વિણ ધાન્યાદિ થાવા નદી ને'ર તળાવ,
સંપૂર્ણ છે કે નહીં? જનપદ આપનામાં રાવ! ૪૧
કૃષિકારને ઉપકાર કરિ ધાન્યાદિ હે ધીમંત!
નિજ દેશમાં ઉપજાવવા મસ, ચહોછો શું ચંત? ૪૨

ખોદાવવા ધાત્વાદિ ખાણો, રાખોછો શું ખંત ?
મહતા તમારી શ્રેષ્ઠજન માનેછ શું ? મતિમંત ! ૪૩

વલણ.

મતિમંત નારદ ઉચર્યા તેનો સંક્ષેપે સાર,
પ્રાકૃતમાં ગણપત ઊચર્યો, છે સંસ્કૃતમાં વિસ્તાર રે. ૪૪

કડવું ૪ થું.

नारदे कहेलो पांडुराजानो संदेशो.

રાગ વૈસટક ચોપાઈ.

વૈશંપાયન કહે સુણ રાય, નારદને નૃપ લાગ્યા પાય;
ઉચર્યા પછિ તે બે કરજોડ, આપકથનમાં નથિ કંઇ ખોડ. ૧
રાજ્યનિતી મુજને મુનિ કહી, કસર દિસે તેમાં કંઇ નહીં;
વર્ત્તિશ હું પ્રભુ તે અનુસાર, આપવચનમાં ન કરિશ વાર. ૨
મહાનુભાવ પૂર્વે નૃપ જેહ–થયા પૂર્ણ દેવાંશીદેહ;
તેઓ આપકહ્યા અનુસાર, વર્ત્યા હતા જગતમોઝાર. ૩
પગલે તેઓને ઋષિરાય, પ્રીત ધરી માંડુંછું પાય;
પણ તુલના તેઓની નકી, હે મુનિ નવ થાયે મુજથકી. ૪
આપે વચનો કહિ ગુણકાર, કીધો મુજબુદ્ધી વિસ્તાર;
તો પ્રયત્ન પળવા શુભ ધર્મ–કરિશ હું એમ ઉચરિયા ધર્મ. ૫
પછિ તે સભાતણા સૌ ભાગ, ધર્મે ઉરમાં ધરિ અનુરાગ,
નારદને દેખાડ્યા ફરી, તે જોઇ તે બેઠા સ્થિર ઠરી. ૬
તત્ર ધર્મે આણી ઉદ્ગાર, નારદને પૂછ્યું તે વાર;
હે મુનિ ! અનુભવ આપ અમાપ, જાણ પ્રવીણ ઘણા છો આપ. ૭
મનવેગે ત્રિભુવનમાં તમે, સતત ફરો છો જ્યાં મનગમે;
સર્વ લોકમાં હે સુખકાર, આપ ગતી દીસે અવિધાર. ૮
તો પૂછું છુ આણી પ્રેમ, ઘો ઉત્તર ઘટતો હોય જેમ;

ા સરખી ઉત્તમ એ થકી, કોઈ સભા જોઇ છે શું નકી? ૯
ારદ તવ ઉચર્યા તે વાર, સુણુ જનમેજય તેનો સાર;
નૃપ આપસભાસમ અહીં, સભા નદીઠી સાંભળી કહીં. ૧૦
ણુ એ કરતાં શ્રેષ્ઠ સુજાણુ, સભા થયેલી શુભ નિર્માણુ,
ર કુબેર વરુણુ યમતણી—દીઠી છે મેં મોટી ઘણી. ૧૧
હ્મસભા સૌ કરતાં શ્રેષ્ઠ, દિવ્ય દિસે એથી સૌ હેઠ;
માં સૌ શાસ્ત્રો ધરિ દેહે, શોભે છે નૃપ નિઃસંદેહ. ૧૨
દ્રસભામાં સુર ગાંધર્વ, નૃપ હરિશ્ચંદ્ર અને સિદ્ધ સર્વ;
ધ્યદેવ સુરમુનિ ગ્રહ સાર—શોભેછે શુભ અપરંપાર. ૧૩
મસભામાં નૃપસમુદાય, છે ત્યાં પાંડૂ આપ પિતાય;
હ્મઋષી રાજઋષી સિદ્ધ, સેવે છે યમને નવનિદ્ધ. ૧૪
રુણસભામાંહે મહાભાગ, છે નદિયો ઉદધી ને નાગ;
ર પામેલા અસુર અનેક, છે ત્યાં સુખ ભોગવતા છેક. ૧૫
નદસભામાં કિન્નર યક્ષ, છે ગુહ્યક ગંધર્વો લક્ષ;
ર્વત પ્રૌઢા ને અપ્સરા, શોભે છે ત્યાં હર ને હરા. ૧૬
રદભાષણુ સાંભળી રાય, ઉચર્યા હે જનમેજયરાય!
ાંભળી આપકથા ઋષિવર્ય, પામ્યો હું સાનંદાશ્ચર્ય. ૧૭
મસભામાંહે મુનિ તમેં, નૃપ પાંડૂ દીઠા જે સમે,
મણે તવ શું તમને કહ્યું તે, સાંભળવાને હું ચહું. ૧૮
ારદ ઉચર્યા તેણીવાર, સાંભળો કહું તે નૃપ ઉદાર;
ુણ્યલોકમાં જાતો મને—જાણિ પાંડુ ઉચર્યા મૃદુમને. ૧૯
હેજો યુધિષ્ઠિરને ઋષિરાય, રાજસૂયમખનો મહિમાય;
જસૂયમખ કરવા વડે, ઉત્તમ સ્વર્ગ વિભવ સાંપડે. ૨૦
રિશ્ચંદ્ર તેને સુપ્રભાવ, લેછે સ્વર્ગસભાનો લહાવ;
ાટે તે મખ કરજો તમો, કહેજો યુધિષ્ઠિરને કહું અમો. ૨૧
ાર્યવાન ભાઇઓ વિખ્યાત, છે વશ તારે દિનને રાત;
ાથે રાજસૂય તુજથી થશે, બાધ કોણ્નિ થાશે નહિ કશે. ૨૨
ાના ફળથી મુજને સદા, સ્વર્ગવિભવ મળશે મનમુદા;

તાત તમારે કહ્યું છે આમ, માટે કરજો તે શુભ કામ. ૨૩
પિતૃ સહિત સુખ સ્વર્ગનું ચહો, તો આ કહ્યું તે લક્ષ્યે લહો;
રાજસૂય સહેલો નૃપ નથી, વિઘ્નભર્યો છે કહું શું કથી ! ૨૪
અજેય નૃપ જીતી યશ લઈ, તે કરવાનો છે દૃઢ થઈ;
ક્ષયનો ભય છે તેમાં બહૂ, હે નૃપ શું વિસ્તારી કહું ! ૨૫
વિચાર કરિ લાંબો દૃઢધીર, કાર્ય કરો શુભએ કુરુવીર;
જઇશું હવે દ્વારામતિ અમો, સફળ થજો સુખદાયક તમો. ૨૬

વલણ.

તમો વૃદ્ધિ પામી સદા, કરજો સારાં કામ;
એમ કહી નારદ ગયા, કહે દ્વિજ ગણપતરામ રે. ૨૭

राजसूय प्रकरण.

કડવું ૫ મું.

जरासंघ पासे श्रीकृष्ण भीम अर्जुननुं आगमन.

રાગ ધનાશ્રી.

વૈશંપાયન ઉચર્યા વાણીજી, સુણુ જનમેજય સ્નેહ આણીજી;
આણિ નારદવચન વિશ્વાસજી, મૂકયો ધર્મે પછી નિઃશ્વાસજી. ૧

ઢાળ.

નિઃશ્વાસ ધર્મે મૂકિયો, રાજસુય કયિ પેરે થશે;
રેરે થયો ’નવ તે કદી તો, પિતાકહ્યું નિષ્ફળ જશે ! ૨
સ્વર્ગસુખ હરિશ્ચંદ્ર માણેછે, અહો ! જે મખવડે,
અભિલાષ પિતુનો તેહ, પુરું શી પેર આવિ તડોવડે. ૩
આવા વિચારોથી યુધિષ્ઠિર, અહોનિશ વીમાસતા;
મંત્રી સભાસદ તેડિ મત લઇ, દૃઢ પછી પોતે થતા. ૪
દાતા દયાળૂ યુધિષ્ઠિર કહેતા પ્રધાનોને તહીં,

નિર્ગર્વ દેજો દાન ભિક્ષુકને સદા સ્નેહે સહી. ૫
આથી યુધિષ્ઠિરરાજ્યમાં છે શ્રેષ્ઠ ધર્મ સહૂથકી,
સંભળાતું નૃપ સર્વત્ર, દુખ નવ દીસતું કો સ્થળ નકી. ૬
નિજ તાતસરખા ધર્મને ગણતી પ્રજા પ્રીતે કરી,
અરિભાવ એઓને વિષે કોનો જણાતો નવ જરી. ૭
સત્કાર ધર્મવડે થતો, પાલન થતું ભીમે કરી,
અર્જુન અભય કરતો પ્રજા, નિર્મૂળ અરિઓને કરી. ૮
નીતી નકુળ શીખાવતા સુવિવેકની સૌને ગમે,
સહદેવ સૌને ધર્મનો ઉપદેશ કરતા એ સમે. ૯
તેથી પ્રજા ભય કલેશ રહિત થઈ મહાસુખ માણતી;
અભિલાષ સર્વ સફળ કરી, આલોક સાર્થક જાણતી. ૧૦
વિદ્યા કળા વ્યાપાર ધન ને ધર્મની વૃદ્ધી થઈ;
આધી ઉપાધી વ્યાધિ ભાગ્યા લક્ષ દુખ સાથે લઈ. ૧૧
એ સમય ઇચ્છા પ્રબળ ધર્મનિ રાજસુય કરવા થઈ;
મંત્રિયો ભાઇઓ તેડિ મત પૂછ્યું ઘણો આદર દઈ. ૧૨
ઉચર્યા તદા તે સર્વ છો નૃપ યોગ્ય સર્વ રિતે તમો,—
રાજસુયમખ કરવા અસંશય, મોદથી કહિયે અમો. ૧૩
એ યજ્ઞ કરવાનો સમય આ છે યથેચ્છ ખરેખરો;
મત આપ્યું વ્યાસે ધૌમ્યસહ ધોખો ન મનમાંહે ધરો. ૧૪
ધર્મે પછી વીચારિ ઉર, શ્રીકૃષ્ણમત લેવા ચહ્યું;
છે બુદ્ધિમાન મહાન માધવ તેમને જોઇયે કહ્યું. ૧૫
છે અકળ પુરૂષોત્તમ અપાર ઉદાર જ્ઞાતા સર્વના;
જે ભક્તના ભયહારિ, હારિ સદૈવ અસુરો ગર્વના. ૧૬
શ્રીકૃષ્ણનો સુપ્રભાવ સર્વ રિતે યુધિષ્ઠિર મન સ્મરી,—
તેડાવિયા દ્વારામતીથી તેમને વેગે કરી. ૧૭
પછિ પૂછિયું એકાંતમાં શ્રીકૃષ્ણને ધર્મે ત્યહાં,
બેઠા હતા અવકાશથી આસન ઉપર આપે જ્યહાં. ૧૮
હે કૃષ્ણ ઇચ્છા મા'રિ છે રાજસુયયજ્ઞ કર્યાતણી;

પણ માત્ર ઇચ્છાથી ન તે કદિ થાય જાણો છો ગુણી. ૧૯
જે સર્વગુણસંપન્ન હોયે, માન્ય સૌ જેને કરે,
રાજસુય તેથી થાય, ચકવે આણ જે નૃપની ફરે. ૨૦
સ્નેહી સગા ને મંત્રિયોએ કહ્યું મખ કરવા મને,
પણ એ વિષે તમને પુછી ચહુછું ઉચિત કરવા મને. ૨૧
કેમકે સ્નેહી કંઇક સ્નેહથિ દોષ લક્ષે ના લહે;
કંઇ સ્વાર્થ માટે તેમ, વળિ કંઇ સારૂં નિજ લાગે કહે. ૨૨
છે આમ કામ તમામનું, મત આપવા સુજને અહીં,
માટે ઉદાર અપાર શુભ મત આપનું આપો સહી. ૨૩
શ્રીકૃષ્ણ વળતી ઉચર્યા, મહારાજ સર્વ ગુણે કરી—
રાજસુય કરવા યોગ્ય છો, નથિ ફેર એ માંહે જરી. ૨૪
પણ એ વિષે તમને કહું તે ધ્યાનમાં પોતે ધરો;
પછિ કાર્ય એ કરવાતણો, ઉદ્યોગ હે નૃપ આદરો. ૨૫
પૂર્વે પ્રતાપી ભાર્ગવે નક્ષત્રિ આ કીધી મહી,
તેમાંથિ બાકી જે રહ્યા ક્ષત્રીય આ અવની મહીં, ૨૬
નિશ્ચય કર્યો'તો તેમણે જે જીતશે અમને અહીં,
તે સર્વ નૃપનો નૃપ થશે સામ્રાજ્ય પામીને સહી. ૨૭
આ વાત પૃથ્વીને વિષે, અદ્યાપિ ચાલે છે અહીં;
હે ભરતકુળમાં શ્રેષ્ઠ છાનું આપથી તે છે નહીં. ૨૮
સામ્રાજ્યને પદ પુરુરવાની પેઢિ શત અહિંયાં થઈ,
પણ પદવિ તે મહારાજ, આજ મગધનરેંદ્રપદે ગઈ. ૨૯
છે ચક્રવર્તી ભૂપ હમણા જરાસંધ મહાબળી;
જીત્યાછ તેણે ભૂપ બહુ જે રહેછ તે સાથે મળી. ૩૦
શિશુપાળ છે સેનાપતી, અતિ ક્રૂર કપટી તેહનો,
ભગદત્ત ભીષ્મક ભોજ આશ્રય ધરિ રહ્યા છે એહનો. ૩૧
કરજોડિ કર દેતા થયા છે ભૂપ બહુ મગધેશને,
કંઈ ત્રાસ તેનાથી છળી છોડી ગયા છે દેશને. ૩૨

---

૨૬ ભાર્ગવ-પરશુરામ. ૨૯ મગધનરેંદ્ર—મગધદેશનો રાજા જરાસંધ.

જામાતૃ એનો કંસ મામો માહરો મેં મારિયો,
તે સમયથી બહુ દ્વેષ એણે યાદવોશું ધારિયો. ૩૩
મથુરા તજી દ્વારામતી વસવું પડયું અમને અરે !
તે જાણજો કુરુવીર સાચે જરાસંધતણે ડરે. ૩૪
માટે જરાસંધ જીવતે રાજસુય કરવા ભૂપતી,
કહિયે સમર્થ તમો નૃથી, શું કહું ઘણું હે મહામતી! ૩૫
બળિ આપવા શિવને નૃપોનો છે પ્રતિજ્ઞા તે તણી;
જીતી કર્યા છે કેદ તે કારણ ઘણા ધરણીધણી. ૩૬
માટે સુઇચ્છા રાજસુયની હ્રદયમાંહે જો ધરો,
છોડાવવા નૃપ, મારવા મગધેંદ્ર યત્ન તમે કરો. ૩૭
સેના લઈ સંગ્રામ કરતાં, તેહ સાથે નહિ વળે,
માટે કહું ત્યમ કામ કરવું જોઇયે સત્વર કળે. ૩૮
હું ભીમ ને અર્જુન જરાસંધ પાસ જઇને એકલા,
તે સાથ યુધ કરવાતણી યુક્તીથકી કરિશું કળા. ૩૯
મુજમાં નિતી, બળ ભીમમાં, અર્જુન વિષે જય છે રહ્યો;
ત્રણ અગ્નિથી જ્યમ યજ્ઞ થાયે, તેમ જય કરિશું કહ્યો. ૪૦
એકાંતમાં એ પાસ જઇ યુધ માગિશું એની કને;
ગર્વિષ્ટ ભીમશું ભીડશે, સંશય ન એમાં છે મને. ૪૧
જો એમ થયું તો કાળ જ્યમ જગલોક લય જોતાં કરે,
ત્યમ ભીમથી અભિમાનિ એ, મહારાજ ત્યાં નહિ ઊગરે. ૪૨
માટે તમે મુજમનતણો આશય ગ્રહણ કરતાજ હો,
તો ભીમ અર્જુન આપવા મુજને અધીરા ના રહો. ૪૩
વિશ્વાસ મુજમાં હોય તો, સંશય ન મનમાંહે ધરો;
આપવા અર્જુન ભીમ બે નવ ઢીલ મહારાજા કરો. ૪૪
શ્રીકૃષ્ણવચનો સાંભળી, પછિ ધર્મ ઉચ્ચર્યા ભૂપતી !
આશ્રય તમારો છે અમોને સર્વથા હે મહામતી ! ૪૫
છો નાથ આપ અમોતણા, વિશ્વાસ છે દૃઢ આપનો;
ગોવિંદ! મહિમા જાણુંછું હું આપ વીર્ય અમાપનો.૪૬

જેવું કહોછો નાથ તેવું આપ્ત અમને થાયછે;"
આશ્રય તમારાથી અમારાં વિઘ્ન ભય ઝટ જાયછે. ૪૭
માટે તમારો આશ્રયી હું માનુંછું નિશ્ચય હવે,
મગધેશનાશ થયો ગયો ભય કામ સર્વ થયું સવે. ૪૮
રૂચે તમોને તેમ સાવધ રહિ કરો સત્વર હરી,
જ્યાં આપ ત્યાં જય હોય છે, સંશય નથી એમાં જરી. ૪૯
આજ્ઞા યુધિષ્ઠિરની થતાં, સંન્યાસિવેષ ધરી ત્રણે,
પછિ ઈંદ્રપ્રસ્થથિ નીસર્યા, દત્તાત્રિસરખા સૌ ગણે. ૫૦
ગિરિવ્રજ જરાસંધનિ પુરીમાં આવિયા તે ટેકથી;
તોડી સુદુર્ગનિ ભીંત પેઠા નગરમાં નિજ નેકથી. ૫૧
તે સમય અપશકુનો ઘણા થાતા મંહિપને પ્રોહિતે—
દેખાડિયા સ્વારી વિષે ચટપટિ થઇ નૃપને ચિતે. ૫૨
અપશકુનની શાંતી થવા ઉપવાસ હોમ કર્યાતણી,—
વૃત્તી થઈ મગધેશની, મમ સ્વસ્થ કરવા નૃપમણી ! ૫૩
સંન્યાસિયો ત્રણ દેવસરખા કૃષ્ણ અર્જુન ભીમ ત્યાં,
ગલિ કૂંચિ મૂકી ચાલિયા, શુભ રાજમાર્ગ હતોજ જ્યાં. ૫૪
માળી કનેથી ત્યાંથિ બળ કરિ પુષ્પમાળાઓ લઈ,—
ધારણ કરી અવધૂત ચાલ્યા, દર્પ પોતાનો દઈ. ૫૫
ગાયોતણું રેઠાણ સિંહો શોધના જાએ જથા,
મગધેશગૃહને ગોતતા ત્રણ નરહરી ચાલ્યા તથા. ૫૬
તે સમય અદ્‌ભુત આકૃતી અવલોકિને તેઓ તણી,
પુરની પ્રજા અત્યંત વિસ્મય પામતી, કુરુકુળમણી ! ૫૭
ત્રણ દ્વાર મોટાં ચોકિનાં મૂકી પછી વેગે ગ્રહ્યા;
નિર્ભય નિરંકુશ વીર ત્રણ, જઇ નૃપ સમિપ ઊભા રહ્યા. ૫૮

વલણ.

રહ્યા ઉભા અતિ ભવ્ય તે, સભા વિષે ગુણગ્રામ;
આસનથી નૃપ ઊઠિને પ્રીતે કર્યો પ્રણામ રે. ૫૯

---

૫૫ દર્પ-ગર્વ, તાપ. આ ઠેકાણે તાપ એવો અર્થ કરવો. ૫૬ નરહરી-નરરૂપી હરિ (સિંહો).

કડવું ૬ ઠું.

જરાસંધનો વધ.

રાગ વેરાડી.

કૃષ્ણ ભીમ અર્જુન જે દિવસે, આવ્યા નૃપની પાસ,
તે દિન અપશકુનોનિ શાંતિનો તેને હતો ઉપવાસ. ૧
તોપણ આદર આપી ઉચર્યો, ભલે પધાર્યા આપ;
હું સરખી સેવા કહો સ્વામી, પવિત્ર નર નિષ્પાપ. ૨
ભીમ પાર્થ ઉચર્યા નહિ કંઈ તવ, કૃષ્ણ ઉચરિયા એમ,
અર્દ્ધરાત્રિ વીત્યા પછિ એને, વદવાનો છે નેમ. ૩
શ્રીકૃષ્ણે એમ કહ્યું ત્યારે, જરાસંધ ભલુ ભાખી,
મૂકિ તેમને યજ્ઞગૃહે ગયો નિજગૃહ વિનય સુ દાખી. ૪
સંન્યાસી વા વિપ્ર અર્ધરાત્રિયે કદાપી આવે,
જરાસંધનો નિયમ હતો, મળવું તેઓને ભાવે. ૫
તેથી અર્ધી રાત જતાં નિઃસંશય તે મહાવીર—
આવ્યો ત્યાં તેઓની પાસે, ધર્મધુરંધર ધીર. ૬
તવ તેઓએ કહ્યું કુશળ છો ? નરેંદ્ર નીતી જાણ !
મગધતણા મહારાજ તમારૂં સદા થાઓ કલ્યાણ. ૭
એમ કહી નૃપ સન્મુખ જોતા ઊભા તેઓ એમ;
શ્વાપદ સામે સિંહો તાકી જુએ તલપવા જેમ. ૮
તવ તેઓને કહ્યું બેસવા, મગધેશે તે વારે;
પછિ તે બેઠા, નૃપ પણ બેઠો, સંશય ધરિને ભારે. ૯
હે જનમેજય ઉચર્યો તે પછિ, નિંદિ તેમને એમ,
સંન્યાસી વ્રતધારિ કપટિયો, આવ્યા છો અહિં કેમ ! ૧૦
બગલો વેષ ધરે સુહંસનો, હંસ નહીં કહેવાશે;
ભંગવાં ધરિ ચંદન ચોપડવે, બ્રાહ્મણ કેમ થવાશે ? ૧૧
વેષ ધર્યો છે વિપ્રતણો પણ, પણછ ધનુષની કેરાં—

ચિન્હ નથી છાનાં રહેતાં, આચ્છાદન કરે અનેરાં. ૧૨
વેષધારિ કપટી મેં વર્ત્યા છે તમને નિર્ધાર;
છો ક્ષત્રી પણ કેમ થયા છો વિપ્ર અહીં આ વાર? ૧૩
કપટ તજી કહો સત્ય કોણ છો? ઘાલી જબરી હામ,
દરવાજો મૂકી ગઢ ભેદી, આવ્યા નિર્ભય આમ. ૧૪
મારો ભય નવ ધારી, ધારી માળિ લૂંટિ ફુલમાળા;
વાટપાડુ વિતરાગિ બન્યાએ ન હોય દ્વિજના ચાળા! ૧૫
કારણ કે તેઓમાં બળ બહુ હોય બોલવા કેરૂં;
પણ ચેષ્ટા સૌ જોઇ તમારી, ભાસે મને અનેરૂં! ૧૬
વળિ પૂજા મારી ન ગ્રહણ કરી, એ સંશય છે મોટો;
શા કામે આવ્યા છો અહિંયાં, ધરી વેષ આ ખોટો! ૧૭
જરાસંધ આ રીત વધા પછિ, ઉચર્યા પુરુષપુરાણ;
હે નૃપ સંન્યાસીરૂપ બ્રાહ્મણ સાચા અમને જાણ. ૧૮
કયમકે સંન્યાસીમાં બ્રાહ્મણ, ક્ષત્રી વૈશ્યો હોય;
નિયમ પાળવે વધતા ઓછા હોય કદાપી કોય. ૧૯
લક્ષ્મી સ્થિર થાવા ક્ષત્રીએ, પુષ્પમાલિકા ધરવી;
દ્વાર તજી શત્રૂગૃહમાં ગતિ વિજય થવાને કરવી. ૨૦
કાર્યસિદ્ધિ માટે આ રીતે, શત્રૂગૃહ જઇ રાય,
પૂજાગ્રહણ કહે કયમ તેની અમથી કદી કરાય? ૨૧
જરાસંધ ઉચર્યો તવ, મેં નથિ વેર તમોશું કરિયું;
એમ છતાં ઉન્મત થઇને કયમ અઘટિત અહિં આચરિયું? ૨૨
કયારે વૈર કર્યું તમ સાથે, તે નથિ જરિ સાંભરતું;
છતાં શત્રુ કહો કયમ મુજને, બોલી મુખથી નરતું. ૨૩
સત્પુરુષોએ સત્ય બોલવું, છે એવી જે રીતી;
તે તોડી કયમ ખેદ પામવા, આચરિ આજ અનીતી. ૨૪
નિરપરાધિને અપરાધી ગણિ, વૈર તેશું જે રાખે,
પરમ પિડા પામી તે નિશ્ચે, સ્વાદ મરણનો ચાખે. ૨૫

૧૨ અનેરાં—જુદી રીતનાં. ૧૬ અનેરૂં—જુદી રીતનું, વિચિત્ર.

શ્રેષ્ઠ ધર્મ ક્ષત્રીયતણો અપરાધ રહિત હું આપ,—
વર્ત્તુંછું તે છતાં ભ્રમિત થઇ, કેમ મુકોછો માપ! ૨૬
કૃષ્ણ કહે તવ હે મહાબાહો, સાંભળ મારી વાત;
નિજ કુળવૃદ્ધી કરનારો છે કોઇક પુરુષ પ્રખ્યાત. ૨૭
જે કોથી ન થયેલું કરવા ઇચ્છેછે શુભ કાર્ય;
તેની આજ્ઞાથી યુધ કરવા અમો આવિયા આર્ય! ૨૮
ભોગ આપવા ભૈરવને, બહુ નૃપ કારાગૃહ નાંખી,—
નિરપરાધિ શી રીત બનોછો, ડહાપણ પૂરૂં દાખી! ૨૯
બળિષ્ટ નૃપ નિર્બળ નૃપને, કો કાળે નવ સંહારે;
દુર્બળને કારાગૃહ પૂરી, તું મખ કરવા ધારે. ૩૦
માટે તેં અપરાધ કર્યો છે, અરે! અમારો ભારે;
દુર્બળનું રક્ષણ કરવાનો નિયમ સદા છે અમારે. ૩૧
હું છું કૃષ્ણ સદા અરિ તારો, પાંડુપુત્ર આ બે છે;
આપો યુધ વા છોડો નૃપ સૌ, માગવું અહિંયાં એ છે. ૩૨
કૃષ્ણવચન સુણિ જરાસંધ કહે, જુધ હું તમશું જોડું,
પણ પરાક્રમે જીતેલા નૃપ, કદાપિ હું નહિ છોડું. ૩૩
સેના સાથે યુધ કરવાની હોય વૃત્તિતો તેમ,
અથવા હું એકલા સાથ યુધ કરો ગમે જો એમ. ૩૪
એમ કહી સહદેવ પુત્ર નિજ, રાજ્યાસનપર સ્થાપી,
સજ્જ થયો અતિ શૂર, વીરરસ રહ્યો અંગમાં વ્યાપી. ૩૫
તવ યદુનંદન કૃષ્ણ ઊચર્યા, હે નૃપ કરિ મન તોલ,
અમોમાંથિ યુધ કોની સાથે કરવું છે તે બોલ. ૩૬
બોલ કૃષ્ણના સુણિને બળિયો બોલ્યો ગર્વ વધારી;
ભીમ સાથ હું ભરિશ બાથ, એ નજર વશ્યો છે મારી! ૩૭
સ્વસ્તીવાચન કરાવિ કાડે, દિગ્ગજશા બે બળિયા,—
ઉતર્યા યુધ કરવા ભુજ ઠોકી, જોવા જન બહુ મળિયા. ૩૮
પ્રથમ હાથ મેળવી પરસ્પર, હલાવિને બહુ જોરે,
નમસ્કાર કરિ સ્કંધ ઠોકિયા, ટેડા રહિને તોરે. ૩૯

પછિ કતરાળા આવી તેએ, વળગ્યા બહુવિધ બાથે;
આંટી પગની પાડી ઝડે કુદસેલે ઝટ હાથે. ૪૦
જૂડ પેઠ વળગે નવ છૂટે, કર અગલોમાં ઘાલી;
આંટી પાડે નાગપાશથી, હે પંજામાં પડતાળી. ૪૧
કેડમાંથિ પકડે બહુ જકડે, ને નાંખે ઝટ હેઠે;
પાટૂ મુષ્ટિ પ્રહાર ગજબના એક બિજાના વેઠે. ૪૨
કપાળ સાથે કપાળ કોધે, પાડા પેઠ પછાડે;
અવાજ તેના હે જનમેજય, બહુ આશ્ચર્ય પમાડે. ૪૩
કેશ ગ્રહીને એક બિજાના આણે એવા દાવે,
વૃષભ નાથિયા હોય નહીંશું, એવા નજરે આવે ! ૪૪
ત્રાડે એક બિજાને પાડે, ઊંચા કરી પછાડે;
માંડયું મલ્લયુધ્ધ મરણ ખેલશું, આવે નવ કો આડે. ૪૫
કાર્તિક શુદ પડવેથિ તેરશ સુધી રાતદિન આમ,
થાક પાકવર્જિત સુધ મચિયું, હે નૃપ તેણે ઠામ. ૪૬
જરાસંધ ચઉદશની રાતે થાકયો જોઈ મુરારી—
વદ્યા વૃકોદર સામું જોઇ ત્યાં, ભલપણ જણવી ભારી. ૪૭
ભીમભ્રાત થાકેલા અરિને, દુખ દેવું નથિ યોગ્ય;
એમ કરેથી હે બાંધવ એ, રહે ન કદી આરોગ્ય. ૪૮
માટે મમતા આણી એપર, રિબાવતાં નવ એને,—
શાંત કરો સારી રીતે, દુખ રહે ન દેહમાં તેને ! ૪૯
વ્યંગ્યવચન વનમાળીનાં સુણિ વૃકોદરે તે વાર,
જરાસંધને ઝાલિ ઉપાડયો, સમજી સઘળો સાર. ૫૦
સો ફેરા શિર ઉપર ફેરવી પૃથ્વી ઉપર પછાડયો;
કેડયોપર ઘૂંટણુ મસ દાબી, ત્રાસ આપવા ત્રાડયો. ૫૧
દુખની ચીસ જરાસંધે ત્યાં અતી કારમી પાડી;
એના શબ્દ ભયંકરથી નભ નાંખ્યું જાણે ફાડી. ૫૨
ગિરિવ્રજમાં ગભરાટ ઉઠયો બહુ, જગતપ્રલયના જેવો;
ગર્ભિણિયોના ગર્ભ ગળ્યા, જન અચેત થાએ એવો. ૫૩

ભીમે પછિ જરાસંધનો એક પગ પગ નીચે રાખ્યો,
બીજો પગ કરથી ઝાલીને, ચટ લઇ ચીરી નાંખ્યો. ૫૪
પછિ તે બે ફાડિયાં મેળવી રાજદ્વારનિ પાસે—
નાંખ્યો એવો ભીમે તેને સૂતેલો જ્યમ ભાસે. ૫૫
વળતી કૃષ્ણે જરાસંધનો, રથ જોડી રૂપાળો,
ભીમ પાર્થ તેમાં બેસાડી, ખેડ્યો તે ખપવાળો. ૫૬
એ રથમાં બેશીને ઈંદ્રે, દાખવિ પૂર્ણ પ્રતાપ,—
હણ્યા હતા નવ્વાણું અસુરો, અજીત વીર્યે અમાપ. ૫૭
તે ઈંદ્રે આપ્યો તો વસુને, વસુએ પછિ તે પ્રીતે—
આપ્યો હતો બ્રહદ્રથને, રથ અત્ર હતો એ રીતે. ૫૮
બેશી તેમાં મહાબાહુ ત્રણ, બંધીશાળે આવ્યા;
છોડવ્યા નૃપ બંધિવાન સૌ, ભૂપતિઓમન ભાવ્યા. ૫૯
પછિ ત્યાંથી પુર બહાર બળિયા હર્ષ ધરીને આવ્યા;
નગરલોક સત્કારકારણે, ભેટ' ભલેરી લાવ્યા. ૬૦
બંધનથી છૂટેલા નૃપ સૌ પૂજન કરિને પ્રોતે—
ઉચર્યા પ્રભુ ઉપકાર આપનો વાળીશું શી રીતે !? ૬૧
જરાસંધરૂપી ભયસરમાં કલેશ કાદવે કળિયા—
કાઢ્યા અમને કૃપા કરીને, હે મહાબાહો બળિયા. ૬૨
ભીમ પાર્થ બળયુક્ત નરહરી, હે માધવ ઘનશ્યામ !
કર્યું પરાક્રમ અમોકારણે, ન થાય કોથી નામ. ૬૩
તેનો બદલો કંઇક વાળવા, આજ્ઞા આપો અમને;
કર જોડી શ્રીકૃષ્ણ અમો સૌ, કરગરિ કહિયે તમને. ૬૪
શિરસાટાનું હશે તોય તે કામ અમો સૌ કરશું;
તન ધન તેમાં ત્યાગ થવાનો, ધોંખો જરા ન ધરશું. ૬૫
કૃષ્ણે કહ્યું તવ રાયયુધિષ્ઠિર, રાજસૂયમખ કરવા,—
અભિલાષા રાખે છે પોતે, ચક્રવર્તી-પદ ધરવા. ૬૬
સહાયતા દેજો સૌ તેમાં, અંતર પ્રીતી આણી;
એ રીતે રાજાઓ પ્રત્યે, શ્રીહરિ ઉચર્યા વાણી. ૬૭

---

૫૮ બ્રહદ્રથ—જરાસંધનો પિતા.

જરાસંધના સુત સહદેવે આવીને તે ઠામ,--
ભેટ ધરી વિધવિધ રત્નોની, કીધો દંડપ્રણામ. ૬૮
અભય કરી સ્થિર સ્થાપી તેને કંસ કેશિના કાળ,
ઇંદ્રપ્રસ્થમાં આવ્યા પોતે, સહિત સર્વ મહિપાળ. ૬૯
કહ્યું વૃત્તાંત યુધિષ્ઠિરને સૌ, જયનું દ્રવ્ય જણાવી;
પ્રસન્ન થઇ પૂજ્યા ધર્મે હરિ, ઉર ઊમળકો લાવી. ૭૦
ભીમ પાર્થને ભેટ્યા હર્ષે, સન્માન્યા સૌ રાય;
માગી આજ્ઞા મહિપ ધર્મની, વળતી થયા વિદાય. ૭૧
શ્રીકૃષ્ણે પછિ અતિ મમતાથી, અંતરમાં અનુરાગી,
જવા દ્વારકા સગાં સર્વની આજ્ઞા ત્યાંથી માગી. ૭૨

વલણ.

માગી આજ્ઞા મન તૃપ્ત કરિ, સૌનાં શ્રીભગવાન;
ગયા દ્વારકા ગુણનિધી, કેશવ કૃપાનિધાન રે. ૭૩

કડવું ૭ મું.

राजसूय माटे पांडवोनो दिग्विजय.

રાગ સામેરી.

જરાસંધનો વધ થયા પછિ યુધિષ્ઠિર મહારાજ,
દિગ્વિજય કરવાને ચહ્યું, રાજસુય કરવા કાજ. ૧
સ્વસ્તિવાચન પછિ કરાવી, ભ્રાત ચારે વીર,
દિગ્વિજય કરવા મોકલ્યા, સેનાસહિત રણધીર. ૨
પાર્થ ઉત્તરને વિષે કરવા પરાક્રમ પૂર્ણ,
ગયો અતિ ઉત્સાહથી, શુભ ટેક ધરિને તૂર્ણ. ૩
પ્રથમ દેશ કુલિંદના નૃપ વશ કરી તે વીર,
પછિ કાલકુટ આનર્ત્તના નૃપ જીતિયા ધરિ ધીર. ૪
પ્રતિવિંધ્ય શાકલદ્વીપના નૃપ અનમિ રણઝુઝાર,

અર્જુને યુધ કરિ જીતિયા, વળતી ન કરતાં વાર. ૫
તેમને લઇ પ્રાગ્જ્યોતિષપુર પ્રત્યે ગયો બળવાન;
જ્યાં રાજ્ય કરતો હતો શુભ ભગદત્ત ભૂપ મહાન. ૬
અર્જુને તેશું આઠ દિન યુધ કર્યું ભારે ભૂપ,
તવ હરખિ તે નૃપ ઊચર્યો, છે ધન્ય વીર અનૂપ! ૭
કુરુવંશને આનંદના દેનાર વિજયી વીર,
હું પ્રસન અતિશય જ઼ું થયો, શુભ નિરખી તારૂં નીર. ૮
વાસવતણા અંશથી ઉપજેલા વડા જયશાળી,
જોયું પરાક્રમ તારૂં મેં અહિં, હદ અહો તેં વાળી! ૯
હું છું સખા મઘવાતણો, હે પાંડુસુત અર્જૂન,
યુધમાં બળે કરિ કો રિતે તેથી નથી હું ન્યૂન. ૧૦
તોપણ અહો આ યુદ્ધમાં ટકિ નવ શકું તુજ સાંથ;
વાસવથિ વધિયો વીર તું, મેં વર્ત્તિયા તુજ હાથ! ૧૧
પ્રિય શું કરૂં તારૂં હું તે વદ, પાંડુનંદન પાર્થ,
જે કહિશ તે કરવા ચહિશ, નિર્ગર્વ હું નિઃસ્વાર્થ. ૧૨
ભગદત્તભાષણ સાંભળી, ઊચર્યો અર્જુન વાણ;
શુભ સર્વ ધર્મ સુજાણ છે નૃપ યુધિષ્ઠિર નિર્વાણ. ૧૩
જે સત્યના વદનાર છે, યજ્ઞો ભલા કરનાર;
હું ચક્રવર્ત્તી તેમને કરવા ચહુંછું સાર. ૧૪
માટે તમે કર તેમનો આપો મને આ વાર;
શ્રેષ્ઠત્વ હે નૃપ તેમનું શુભ કરી સદ્ય સ્વિકાર. ૧૫
છો મિત્ર મારા તાતના પોતે રૂડા રાજંન;
તેથી તમોને મનથિ હું કરવા ચહુંછું પ્રસન્ન. ૧૬
માટે રૂચે તે ખંડણી આપો રૂડા ગુણવાન,
કહેતો નથી આટલી આપો, આણિ ઉર અભિમાન. ૧૭
ઊચર્યો નૃપ ભગદત્ત તવ, હે કુંતિસુત અર્જૂન,
છે તું મને ત્યમ યુધિષ્ઠિર છે, નથી તેમાં ન્યૂન. ૧૮
માટે કરિશ તુજ કહ્યા પરમાણે ધરી અનુરાગ;

પ્રિય શું કરૂં એથી અધિક, હે પાર્થ મુખથી માગ. ૧૯
પાર્થે કહ્યું કર આપશો, આદર સહિત જો આજ,
તો સર્વ પ્રિય કીધું અમારૂં માનિશું મહારાજ. ૨૦
કહિ એમ ત્યાંથી કર લઈ ઉત્તરદિશામાં આપ,
આગળ વધ્યો સેનાસહિત, દાખવા પૂર્ણ પ્રતાપ. ૨૧
અંતગિરિ ઉપગિરિ બહિર્ગિરિ પર્વતોના રાય—
જીત્યા પછી જઇ અર્જુને, કર દઇ પંડ્યા સૌ પાય. ૨૨
સત્કાર કરિ પછિ તેમનો, નૃપ કર્યા સર્વ પ્રસન્ન;
જે ભળ્યા અર્જુન સૈન્યમાં, અતિ હર્ષ ધરિને મંન. ૨૩
જય કરી ધનજનનો વધારો કરી ગાંડિવપાણી—
જઇ ઉલુક દેશે બૃહંતનું ઊતાર્યું યુધ કરિ પાણી. ૨૪
તેથિ તેણે રત્ન બહુ દઇ આણ ધર્મનિ માની;
જો કે અસલથી અતળિબળ એ હતો બહુ અભિમાની. ૨૫
નિજ મિત્ર ઉલુક સહીત તે પછિ ગયો અર્જુન સાથ;
સુણિ પાર્થ કીર્તી મહિપ બહુ આવિયા જોડી હાથ. ૨૬
કાશ્મીર બાલ્હિક આદિ જનપદ જીતિયો જયશાળી;
કાંબોજ લોહ ઋષિક જિતી હદ અર્જુને નૃપ વાળી. ૨૭
ઉત્તરકુરુ સુધિ અર્જુને જયઘોષડંકો દીધો;
ગંધર્વ ગુહ્યક કિન્નરો વશ કરી કર બહુ લીધો. ૨૮
પૂર્વમાં ભીમે પ્રથમ પંચાલનૃપ વશ કીધા;
કર તેમની પાસેથિ લઇ નિજ સહાયમાં તે લીધા. ૨૯
ગંડક વિદેહ જિતી પછી આગળ વધ્યો રણશૂર;
આવી દશાર્ણ વિષે પરાક્રમ દાખિયું ભરપૂર. ૩૦
નૃપ સુધર્માની સાથ ત્યાં મલયુદ્ધ માંડી સાર,—
વશ કરી, જાણી વીર લીધો સાથ દઇ અધિકાર. ૩૧
પછિ પુલિંદપુર નૃપ જીતિને ચેદી ગયો બળવાન;
શિશુપાળ સામો આવિને કીધું ઘણું સન્માન. ૩૨

---

૨૭ ઋષિક–રૂશિયા. (!)

કર ત્યાંથિ લઇ કોસલ જઈ, જીત્યો બૃહદ્બલરાય;
આવી અયોધ્યાને વિષે જય કર્યો ઝટ મહાકાય. ૩૩
ભલ્લાટ શુક્તીમંત પહાડી દેશ પછિ વશ કીધ;
વળિ કાશિનૃપ સૂબાહુસહ જીતી ઘણો જશ લીધ. ૩૪
પછિ શર્મકો વર્મકો વશ કરિ જનકને પણ જીત્યા;
શક બર્બરોને જીતવામાં બહુ દિવસ નવ વીત્યા. ૩૫
ઇંદ્રપર્વતના કિરાતો કર્યા કલાંત સુધીર;
પછિ મગધના નૃપ સર્વનું ઊતાર્યું હે નૃપ નીર. ૩૬
ગિરિવ્રજ વિષે જઇ સાંત્વના સહદેવની કરિ સાર;
કરનો નિયમ કરિ આપિ તે સાથે લિધો એ વાર. ૩૭
પછિ કર્ણને વશ કરી જીત્યા કંઇક પહાડી રાય;
મોદાગિરી નૃપને હણ્યો, જે કોથિ નવ જીતાય. ૩૮
પુંડ્રક કુશિક ને વંગના નૃપ વશ કર્યા મહાવીર;
લૌહિત્યના મહામ્લેચ્છ રાજા જીતિયા રણધીર. ૩૯
તેમણે વિદ્રૂમાદિ મણિ મોતી સુવર્ણ અપાર—
આપિયાં કરમાં ભીમને, કરજોડિ કરિ સત્કાર. ૪૦
સહદેવે દક્ષિણ દેશના જીતિયા નરપતિ સર્વ;
અનમી અજિત અભિમાનિના યુધમાં ઉતાર્યા ગર્વ. ૪૧
શુરસેન મત્સ્યતણા નૃપો જીતી કર્યા વશ વીર;
નૃપ દંતવક્ત્ર જીતી લઈ કર, કર્યો પદપર સ્થીર. ૪૨
ભિલ્લો તણી પૃથ્વી અને ગોશૃંગપર્વત જીતી,—
વશ કર્યો શ્રેણીમાન નૃપને, વાર નવ બહુ વીતી. ૪૩
નરરાષ્ટ્ર કુંતીભોજને વીતાડિને વશ કીધા;
પર અપર લોકો જીતિ કર નાનાપ્રકારે લીધા. ૪૪
અનુવિંદ વિંદ જિતી ઘણાં રત્નો લઈ સહદેવ,—
જીતી ઘણા નૃપ જુદ્ધમાં, સ્વીકારિ સૌની સેવ. ૪૫
પછિ જઈ કિષ્કિંધા વિષે વગડાવિયું રણતૂર;
કપિ મૈંદ દ્વિવિદ ચઢ્યા રણે સંગ્રામ કરવા શૂર. ૪૬

---

૪૦ કરમાં—કરના પેટામાં, ૪૨ પદ—ગાદી. ગાદીપર કાયમ કર્યો.

દિન સાત તેશું યુધ કર્યું, દાખી પરાક્રમ ગાઢ;
વાનર વ્યથા નવ પામિયા, રણમાં પડાવી રાઢ. ૪૭
પછિ યુદ્ધથી સંતુષ્ટ થઇ કપિવર વદ્યા વિખ્યાત;
ધીમત્ યુધિષ્ઠિરની અમે સાંભળી છે શુભ ખ્યાત. ૪૮
માટે સુમખ સારૂ અમો આપિયેં ભેટ સહર્ષ,
તે જાઓ લઇ નિર્વિઘ્ન, વધજો આપનો ઉત્કર્ષ. ૪૯
કહિ એમ રત્નો આપિયાં, અતિ તુષ્ટ થઇ તતખેવ;
તે ગ્રહણ કરિ માહિષ્મતીપુરિ આવિયો સહદેવ. ૫૦
ત્યાં નીલ નૃપશું યુધ્ધ કર્યું અતિ નાશવાન મહાન;
તે યુદ્ધમાં સહદેવ ભૂલ્યો નિજ શરિરનું ભાન. ૫૧
કાંકે હુતો અગ્ની સહાયે નીલને તે વાર;
તેથીજ સહદેવસૈન્યમાં વર્ત્તિયો હાહાકાર. ૫૨
નૃપ નીલની પુત્રિને પાવક પરણિયો’તો રાય,
માટે શ્વશુરની આ સમય કીધી હતી શુભ સહાય. ૫૩
તેથી સ્તુતી કરિ તેની સહદેવે કહ્યું પછિ આમઃ
હે અગ્નિ વિઘ્ન કરો ન યજ્ઞે ધર્મને સુખધામ. ૫૪
કહિ એમ સેના આગળે પાથરી દર્ભાસંન,—
બેઠો અડગ થઇ આપ, તવ અટકયોજ હૂતાશંન. ૫૫
પછિ પાવકે બહુ પ્રસન થઇ નીલને કહિ એ વાર,
સહદેવની પૂજા કરાવી, કરાવ્યો સત્કાર. ૫૬
પ્રતિવર્ષનો કર ઠિક ઠરાવી, સ્વિકારી સૌ સેવ;
દક્ષિણ દિશે આગળ વધ્યો, સેનાસહિત સહદેવ. ૫૭
ત્રૈપુર અને પૌરવાધિપને વશ કરી મતિમાન,
સૂરાષ્ટ્રનૃપને વશ કરી ઊતારિયું અભિમાન. ૫૮
ભોજકટમાં રાય ભીષ્મક પાસથી હે રાય,
કર મગાવ્યો, આવ્યો તરત તે વર્ણવ્યો નવ જાય. ૫૯
પછિ તિમિંગિલ કેરલતણા નૃપ વશ કર્યા ઝૂઝાર;
દ્રવિડો કલિંગો અંધ્રકો જીત્યા ન કરતાં વાર. ૬૦

મોકલી દૂતો વિભિષણુની પાસ ત્યાંથી સાર
કર મગાવ્યો, તે મોકલ્યો તેમણે અતિ શ્રીકાર. ૬૧
પશ્ચિમ દિશામાં નકુલ જય કરતો વધ્યો એ વાર;
રોહિતગિરી રહેનાર ક્ષત્રિયને પમાડ્યા હાર. ૬૨
શૈરિષિક મરુ મહેત્થદેશો જીતિ રૂપનિશ્વાન,
આક્રોશ રાજઋષી હરાવીને મુકાવ્યું માન. ૬૩
દશાર્ણ માલવ પંચકર્પટ ને ત્રિગર્ત્ત સુદેશ,—
જીતી ઝપાટે આપવા કર કર્યો નિજ આદેશ. ૬૪
પુષ્કરતણા વનવાસી જીતી વધ્યો આગળ વીર;
પંચનદ ને અમરગિરિ આધિન કર્યા દૃઢધીર. ૬૫
દ્વારકામાં કૃષ્ણ પાસે દૂત પ્રેર્યા સાર;
આજ્ઞા નકુળની માન્ય કરિ કૃષ્ણે કરી સત્કાર. ૬૬
મદ્રમાં પુટભેદનપુરમાં માતુલ મનને ભાવી,
મેળવ્યાં રત્નો અતિ ઘણાં, વાર્ત્તા સુખદ સંભળાવી. ૬૭
દિગ્વિજય કરિ એ રીત ચારે ભ્રાત પુરમાં આવ્યા;
હય હાથિ હીરા હેમ રત્નો અનર્ગળ ધન લાવ્યા. ૬૮
એથી પ્રસન્ન થયા ઘણા ત્યાં, યુધિષ્ઠિર ભૂપાળ;
આનંદઘન વરશી રહ્યો, જન સર્વમાં એ કાળ. ૬૯

વલણ.

કાળ એ આનંદનો સુખ વર્ણ્યો નવ જાય;
સહુસ દિવાળી સારખો, જોતાં તરત જણાય રે. ૭૦

---

૬૭ મદ્રમાં—મદ્ર દેશમાં. માતુલ—મામો. સહદેવનો મામો શલ્ય રાજા. વાર્ત્તા—રાજસૂય કરવાની વાત. મામાને પ્રેમથી મળીને રાજસૂય યજ્ઞ કરવાની સુખદાયક વાત સંભળાવી.

કડવું ૮ મું.

યુધિષ્ઠિરે લીધેલી યજ્ઞદીક્ષા.

રાગ દેશાખ.

દિગ્વિજય પછિ ધર્મને ધામ, ધામધૂમ વધી અભિરામ;
કર જળરૂપી નદિયો અપાર, ભળી કોશ સમુદ્રમોઝાર. ૧
પ્રતિદિન એથી દ્રવ્ય નરેશ, વધ્યું ધર્મભંડારે વિશેષ;
મહાસાગરજળ જો મપાય, પાર ધર્મના ધનનો પમાય. ૨
ધન ધાન્ય સામગ્રી સુરીત, પેખી પાર વિના ધરી પ્રીત,
રાજસૂયની કરવા તૈયારી, ધારણા પછી ધર્મે ત્યાં ધારી. ૩
અનુમોદન એ શુભ વાતે, આપ્યું સ્નેહીઓએ ભલિભાતે;
એવે યાદવસહ હરિ આવ્યા, ભેટ દ્રવ્ય વિવિધ બહુ લાવ્યા. ૪
અધુરૂં કરી પૂર્ણ મુરારી, ભર્યો ભંડાર ધર્મનો ભારી;
મનોરથ સિદ્ધ કરવા કૃપાળ, આવ્યા ધર્મે માન્યુ મહિપાળ! ૫
પધરાવી સભામાં રમેશ, આપ્યો આદર હર્ષથી એશ;
ઉચર્યા યુધિષ્ઠિર પછિ એમ, પ્રભુ છો સહુ કૂશળક્ષેમ ? ૬
આપપરતાપે પૃથ્વિ આ બાધી, વશ થઇ છે મને જઇ ઉપાધી,
મારા કોશમાં ધન મનમાન્યું–થયું છે, નથિ આપથી છાનું. ૭
માટે વિધિપૂર્વક એ ધંન, ખર્ચવાનું છે મારે મંન;
વિપ્ર અગ્નિના ખપમાં એ આવે, એમ થાય તો મને બહુ ભાવે. ૮
તેથી આપ ને ભ્રાત સહીત, યજ્ઞ કરવા ચહુંછું હું ચિત;
માટે યજ્ઞ આજ્ઞા દેવા યોગ્ય–આપ છો, નથિ કહેતો અયોગ્ય. ૯
દીક્ષા લઈ આપ યજ્ઞ આચરશો, તો મને પાપ રહિતજ કરશો;
વા મને દેશો આજ્ઞા ઉદાર, તો પામીશ હું યજ્ઞનો પાર. ૧૦
સુણી ધર્મવિનતિ યદુવીર, ઉચર્યા પછિ પરમ સુધીર;
રાજસુયમખ માટે હે ભૂપ, અધિકારી છો આપ અનૂપ. ૧૧
માટે દીક્ષા લઈ કરો યજ્ઞ, સોંપ્યું કામ કરિશ હું હે પ્રજ્ઞ !
ધર્મે કહ્યું તવ હે ઘનશ્યામ, આપસાહાય્યે થાશે સુકામ. ૧૨

એમ કહિ દાખી પૂર્ણ વિવેક, હર્ષ આણી હૃદયમાં વિશેક,
યજ્ઞ સામગ્રિ અતિ ઉલ્લાસે, કરાવી સહદેવની પાસે. ૧૩
સહદેવે તે તૈયાર કીધી, જોઇતી વસ્તુ આણીને દીધી;
વિપ્રો માટે ઉચિત રસ અન્ન, કરાવ્યાં થાય જયમ તે પ્રસન્ન.૧૪
પછી વ્યાસે ભૂદેવો મહાન, વેદમૂર્ત્તિ બોલાવ્યા વિદ્વાન;
વ્યાસ બ્રહ્મા થયા યજ્ઞમાંહે, આંગિરસ થયા સામગ ત્યાંહે. ૧૫
યાજ્ઞવલ્કય અધ્વર્યુ થયા ત્યાં, ધૌમ્ય પૈલ સુહોતા હવા જયાં;
પુત્ર શિષ્યો તે ઋષિઓના સારા, હવા હોમ ત્યહાં કરનારા. ૧૬
પછી તે મુનિઓએ હે રાય, સ્વસ્તિવાચન કરિને ત્યાંય,
કરી સંકલ્પોના સુઉચ્ચાર, યજ્ઞભુમિ પૂજન કર્યું સાર. ૧૭
શિલ્પિયોએ સ્ત્રિયોને સારૂ, શાળાઓ ત્યાં વિધિધ રચી વારૂ;
ભુદેવોને કુટુંબ સહ રહેવા, રચ્યાં ગૃહ સુખ સંપૂર્ણ દેવા. ૧૮
પછિ નૃપ આજ્ઞાથી સહદેવે, દૂત પ્રેરી દેશોદેશ તેવે,
વિપ્ર રાજા ક્ષત્રી વૈશ્ય શૂદ્ર-તેડ્યા, જેમાં કો ન હતા ક્ષુદ્ર. ૧૯
નિજ પુરની પ્રજાને પ્રીતે, આમંત્રણ કર્યું રૂડી રીતે;
ઇંદ્રપ્રસ્થમાં એણી વાર, વાધ્યો આનંદ અપરંપાર. ૨૦
યજ્ઞદીક્ષા લઈ પછિ ધર્મ, પ્રેમ આણી અંતરમાં પર્મ,—
ભ્રાત સહિત મહા ગુણવાન, આવ્યા જયાં હતું યજ્ઞનું સ્થાન.૨૧
દેશોદેશના દ્વિજ અને રાય, તેનો ત્યાં મળ્યો'તો સમુદાય;
તેમાં સાક્ષાત્ ધર્મ સ્વરૂપ, શોભતા હતા આ ધર્મ ભૂપ. ૨૨
દેશોદેશથી કુટુંબ સહીત, આવ્યા'તા વિપ્ર ત્યાં ધરી પ્રીત;.
તેઓ મિષ્ટાન્નથી થઈ તૃપ્ત, ટાઢા થાતા ક્ષુધાએ જે તપ્ત. ૨૩
પછિ આનંદમાં અતિ આવી, શ્લોક ભણતા સુરાગ ઉલાવી;
નટો નર્તકો નેહે નિહાળી, પાડતા અતિ હર્ષથિ તાળી. ૨૪
દાન લેતા દાતા દક્ષ પાસે, હાથ ધરિને અતિશે ઉલ્લાસે;
જમણવારોમાં હારોહાર, બેસી કરતા મિષ્ટાન્નશું માર ! ૨૫
આગ્રહ થાતો ઘણો એહ વાર, હોડ જીતતા જમણ ઝૂઝાર !
કોલાહલ ત્યાં આનંદનો થાતો, મોદ ભૂદેવમન નવ માતો. ૨૬

પ્રતિદિન આમ વિપ્રોને પોષી, થાતા ધર્મ પરમ સંતોષી;
આપતા અઢળક અતિ દાન, ગાયો શય્યા કનક દઇ માન. ૨૭
યજ્ઞકામ આરંભીને આમ, સગા સ્નેહી બોલાવવા કામ,
હસ્તિનાપુર નકુળ મોકલિયો, મોદ ધરિને જે સર્વને મળિયો.૨૮
કર્યું આમંત્રણ હર્ષ સુ આણી, વિનતી કરી જોડિ બે પાણી;
તેથિ ધૃતરાષ્ટ્ર ભીષ્માદિ મંન, થયાં પૂર્ણ રિતેથી પ્રસન્ન. ૨૯

વલણ.

પ્રસન્ન થઇ લઇ રત્ન બહુ, રાજસમાજ સુરીત,—
હસ્તીનાપુરથી આવિયો–ઇંદ્રપ્રસ્થ ધરિ પ્રીત રે. ૩૦

કડવું ૯ મું.

राजसूयनी समाप्ति अने श्रीकृष्णपूजन.

રાગ રામગ્રી.

યુધિષ્ઠિરનો રાજસૂય જાણીજી, ઉર આનંદ ઉત્સાહ આણીજી,
ભેટ દઇ દાખવાને વિવેકજી, આવ્યા'તા નૃપ ત્યાંહિ અનેકજી.૧

ઢાળ.

અનેક નૃપ ચારે દિશાથી આવિયા'તા તત્ર;
સંક્ષેપમાં અતિ સારમાં સંભળાવુંછું તે અત્ર. ૨
ધૃતરાષ્ટ્ર, ભીષ્મ વિદુર સુતો શત સહિત આણિ ઉમંગ—
આવ્યા હતા બાલ્હીક શકુની કર્ણ લઇ નિજ સંગ. ૩
શલ શલ્ય જયદ્રથ સોમદત્ત, ભુરિ ભુરિશ્રવા પણ સાથ—
લાવ્યા હતા દ્રોણાદિને, મન મોદથી મહિનાથ. ૪
પાંચાલનૃપ પુત્રે સહિત, ત્યમ શાલ્વ ને ભગદત્ત—
આવ્યા હતા ઉત્સાહથી, જે હતા યુદ્ધઉન્મત્ત. ૫
પુત્રે સહિત શિશુપાળ, કુંતીભોજ મહા રણશૂર—
આવ્યા હતા બહુ હર્ષથી, અતિભાવ ધરિ ભરપૂર. ૬

વૈરાટનૃપ બે પુત્રસહ, ને બૃહદ્બલ બળધામ,
બળદેવજી યાદવોસહ આવ્યા હતા ધરિ મામ. ૭
ગૌરવાહન બાલ્હિકો, બળવાન પર્વતરાય—
આવ્યા હતા મનમોદથી મ્લેચ્છો ઘણા મહાકાય. ૮
વંગ, અંધ્રક, કલિંગ, કુંતલ, દ્રવિડ ગાલવરાય,
કાશ્મીર, સિંહલ આદિ નૃપનો મળ્યો'તો સમુદાય. ૯
સત્કાર નૃપ સર્વેતણો ધર્મે કર્યો ભલિભાત;
ઉત્તમ ઉતારા આપિયા, ઉર થાય જોઇ રળિયાત. ૧૦
ખાનપાન સુસ્થાનની ગોઠવણિ પરુણા સારૂ—
કીધી હતી ત્યાં કલ્પતરુશી, વાત શી વિસ્તારૂં! ૧૧
આવી યુધિષ્ઠિર પિતામહ દ્રોણાદિ પાસે રાય,
વિજ્ઞપ્તિ કરિને ઊચર્યા, પડિ પૂજ્યજનને પાય. ૧૨
હે શુભેચ્છુ સૌ આજ અનુગ્રહ કરો મુજપર સાર;
જે મારૂં છે તે જાણિ આપનું, કરો કાર્ય શ્રિકાર. ૧૩
કહિ એમ ધર્મે ગુરુ સગાને યથાયોગ્ય સુકામ—
સોંપ્યાં ઘણા આદર સહિત ઉત્સાહથી નૃપ આમ. ૧૪
ભક્ષ્ય ભોજ્યાદી પદાર્થ કરાવવાનું કામ—
દુઃશાસનને સોંપિયું, ધીમંત નૃપ ગુણગ્રામ. ૧૫
ભૂદેવનો સત્કાર કરવા અશ્વત્થામા જેમ,
સંજય નૃપોસરભરા કરવા રાખિયો ત્યાં તેમ. ૧૬
રત્નો સુવર્ણ સુવસ્ત્રની, રાખવા શુભ સંભાળ,
ત્યમ દાન દેવા કૃપાચાર્યને નીમિયા મહિપાળ. ૧૭
જેને ઉચિત જેવું ઘટયું ત્યમ સોંપિયું શુભ કામ;
ત્યાં ભીષ્મ દ્રોણે સર્વ કાર્યનિ ગ્રહી હાથ લગામ. ૧૮
ધૃતરાષ્ટ્ર બાલ્હિક સોમદત્ત જયદ્રથ ત્યહાં હે રાય,
ધણિરણી જેવા થઇ પડયા'તા, મોદ મન નવ માય. ૧૯
અધિકાર આપ્યો'તો વિદુરને ખર્ચવાને ધન;
ભેટ આવતિ યુધિષ્ઠિરની, લેતો દુર્યોધન. ૨૦

વિપ્રો પ્રસન કરવા શ્રીકૃષ્ણે, દાખિ નિજઇચ્છાય,
ગ્રહણ કર્યું'તું કામ ત્યાં પ્રક્ષાલવા દ્વિજપાય. ૨૧
ત્યાં યુધિષ્ઠિર તેની સભા જોવાનિ ઇચ્છા રાખી,—
આવ્યા હતા રાજા ઘણા, લોકો બિજા અભિલાખી. ૨૨
તેમાંથિ કોપણ સહસ્ર શિક્કાથી ન ઓછી ભેટ—
લાવ્યા હતા પુલ નહીં પણ પુલપાંખડી ગણિ નેટ. ૨૩
યુધિષ્ઠિરને પ્રસન્ન કરવા ભેટ દેવા માંહિ,—
સ્પર્ધા નૃપો કરતા ઘણી, રહે કસર કંઇપણ નાહિ. ૨૪
મહાત્મા યુધિષ્ઠિરનો સુમખ જોવા ધરી મનમહેર,
બેસી વિમાને શોભતા યમ ઇંદ્ર વરુણ કુબેર. ૨૫
ત્યાં તે વિમાનશું શિખર જેનાં સ્પર્શ કરતાં રાય,
ભૂદેવ ભૂપતિ ભરેલી શોભતી યજ્ઞસભાય. ૨૬
એવી સમૃદ્ધી એ વરુણ સ્પર્ધાતણા કરનાર,
રાજા યુધિષ્ઠિરે ષડગ્નીએ કરી તે વાર, ૨૭
બહુ દક્ષિણાવાળો કર્યો રાજસુયયજ્ઞ નરેશ,
દેવતા બ્રાહ્મણ ભૂપ સૌ પામિયા તૃપ્તિ અશેષ. ૨૮
પછિ રાજસુયમખ અંગમાં સોમયાગ કરવા દિન,
ત્યાં યજ્ઞ અંતર્વેદિમાં નૃપસહ મળ્યા મુનિજન. ૨૯
એ ક્ષેમય શોભા ત્યાંનિ હે નૃપ, વર્ણવી નવ જાય,
સાક્ષાત્ બ્રહ્મસભાસમી વિશ્વમાં એ વખણાય. ૩૦
ત્યાં યજ્ઞકાર્યથિ નિવૃત્તી મળતાં ભુદેવો ભૂપ,
સંવાદ કરતા પરસ્પર શાસ્ત્રાર્થના સુખરૂપ. ૩૧
કો પૂર્વપક્ષી થઇ નિજમત સ્થાપતા નિર્ધાર,
તવ તેમનું મત ઉત્તરપક્ષી છેદતા અવિધાર. ૩૨
ખંડન મંડન પરસ્પરમત કરી વારંવાર,
વિપ્રો વિનોદ સુપામતા, દાખવી ઉરઉદ્ગાર. ૩૩
કંઇ તાણિ તોડિ શબ્દના કરતા અનેરા અર્થ;
કો અર્થને ઉલટાવિ ઓટમ માણુતા ત્યાં વ્યર્થ. ૩૪

કો યથાર્થ અર્થ જણાવનારા હતા દ્વિજ વિદ્વાન;
કો ભાષ્ય જાણુ સુશ્રેષ્ઠ ભૂદેવો હતા ત્યાં મહાન. ૩૫
કો ધર્મઅર્થ વિષે કુશળ, કો વ્રત વિષે સ્થિર મંન,
કો અનેક ગોષ્ટી જ્ઞાનનીમાં હતા શુભ સંપન્ન. ૩૬
યજ્ઞસ્થાન મહાન વિપ્રોના વિનોદે રાય,
બ્રહ્મભવનશું શોભતું, આનંદ જ્યાં નવ માય. ૩૭
ભીષ્મે કહ્યું ત્યાં યુધિષ્ઠિરને, હે ભરતકુળ શ્રેષ્ઠ,
પૂજન કરો પરૂણાનું ઘટતું, નથી અહિં કો નેષ્ટ. ૩૮
ગુરુ વિપ્ર સંન્યાસી સુહૃદ્ સંબંધિ ને નરનાથ,
છે છ જણ એ અધિકારિ અર્ઘતણા વિદિત છે વાત. ૩૯
એ સર્વ લાંબે સમય આવેલા છે આપણુ ઘેર,
માટે હવે પૂજન કરો પ્રત્યેકનું શુભ પેર. ૪૦
વળિ સર્વમાં જે શ્રેષ્ઠ હોયે પ્રથમ પૂજો તેહ;
અનુક્રમ પ્રમાણે ચાલવા ઉર ધરો મા સંદેહ. ૪૧
તવ ધર્મ ઉચર્યા હે પિતામહ જ્ઞાનવાન મહાન,
અહિં પ્રથમ કેને પૂજવા તે વદો હે વિદ્વાન. ૪૨
તવ ભીષ્મ નિશ્ચય કરી ઉચર્યા હે કુરૂકુળ ભૂપ,
શ્રીકૃષ્ણ છે શુભ અર્ઘ દેવાયોગ્ય પ્રથમ અનૂપ. ૪૩
માટે પ્રથમ પૂજન કરો તેમનું કુરુકુળ ચંદ્ર,
ભાસે છે ભાસ્કરરૂપ એ, આ નૃપગ્રહોને વૃંદ. ૪૪
સાંભળી આજ્ઞા ભીષ્મની શ્રીકૃષ્ણપૂજન કામ,
સહદેવ વિધિવત અર્ઘ ઉત્તમ લાવિયા તે ઠામ. ૪૫
પછિ અર્ઘ આપી કરી પૂજા શાસ્ત્રરીતે સાર,
તે માધવે અતિ મોદથી કરિ સર્વથા સ્વીકાર. ૪૬
પૂજન પ્રથમ શ્રીકૃષ્ણનું શિશુપાળ એણી વાર,
નવ સહન કરિ શકવાથિ મુખથી ઓકિયો અંગાર. ૪૭

---

૩૯ સુહૃદ્—મિત્ર.

વલણ.

અંગાર ઓકવા લાગિયો, કૃષ્ણદૂષણનાં આપ;
અભિમાન રોગ બહુ ઊભર્યો, પૂર્ણ ભરાવા પાપ રે. ૪૮

શિશુપાળવધ પ્રકરણ.

કડવું ૧૦ મું.

શ્રીકૃષ્ણપૂજનથી શિશુપાળનો ક્રોધ.

રાગ વેરાડી.

આવિ યુધિષ્ઠિર પાસ ઊચર્યો ચેદીનૃપ શિશુપાળ,—
હે નૃપ, મહિપતિઓમેળામાં કેમ કર્યું આ આળ ! ૧
ભૂપતિઓ ભારે અહિં બેઠા દેખી, પેખી ધર્મ,
પૂજન કરિ આ કૃષ્ણતણું, કયમ કીધું અઘટિત કર્મ ! ૨
સિંહો આગળ શૃગાલ પૂજન રે શું છે નૃપ યોગ્ય !
ભૂપસમાજે કૃષ્ણતણું પૂજન છે તેમ અયોગ્ય. ૩
અરે યુધિષ્ઠિર ધર્મ નામ ધરિ, ધર્મ ન સમજ્યા લેશ,
ભીષ્મે મતિ ઊંધી આપી ચોળાવી મુખપર મેશ ! ૪
અરે પાંડવો છો અજ્ઞાની, સૂક્ષ્મ ધર્મ નવ જાણો;
સ્મૃતિનો માર્ગ ન જાણે ભીષ્મ આ, તે છે તમમાં શાણો ! ૫
કૃષ્ણ પૂજવાથી હે રાજા, સત્પુરુષોમાં આપ—
નિંદાશો સર્વત્ર તમે અતિ, નહિ રહે રૂડું માપ. ૬
ભીષ્મતણું તમ કરતાં પણ નૃપ, અધિક થશે અપમાન;
વૃદ્ધાવસ્થામાં ગત ગયલો, ગણશે સૌ અજ્ઞાન. ૭
રાજ્ય વિનાનો કૃષ્ણ કદાપી રાજા પેઠે રાય,
રાજસમાજે અહિં પેઠે કો સ્થળ પણ નહિ પૂજાય. ૮
વૃદ્ધ ગણી પૂજ્યો હોય એને, તોપણ કર્યું અઘટીત;

છે વસુદેવ છતાં એ પૂજ્યો ધિક્ એ વિપરીત રીત ! ૯
સગો ગણી પૂજ્યો હોય તો છે દ્રૂપદ ઉત્તમ એથી;
ગુરુ માની પૂજ્યો હોય તો છે દ્રોણુ શ્રેષ્ઠ અતિ તેથી. ૧૦
જ્ઞાની બ્રાહ્મણરૂપ માનિ પૂજ્યો હોય એને પ્રીતે,
તો આ વ્યાસજિ વૃદ્ધ છતાં, એ યોગ્ય નથી કો રીતે. ૧૧
મૃત્યૂ જેને વશ છે એવા શંતનુપુત્ર મહાન,
અત્ર છતાં કયમ પૂજ્યો એને, હે નૃપ ભૂલી ભાન. ૧૨
ભરતવંશ આચાર્યે અરે આ કૃપાચાર્યને મૂકી,
પૂજ્યો કયમ પાખંડી હે નૃપ, વિવેક નેક સુ ચૂકી. ૧૩
શાસ્ત્ર વિશારદ અશ્વત્થામા, નૃપમણિ દુર્યોધન,
કિન્નરઅધિપતિ દ્રુમ મૂકી કયમ પૂજ્યો પ્રાકૃતજન. ૧૪
પરશુરામનો શિષ્ય પરાક્રમિ, વિજયી કર્ણ સુવીર,
ભીષ્મક શલ્ય મુકી કયમ પૂજ્યો, રે નૃપ ! આ આહીર ! ૧૫
હે ભારત આ કૃષ્ણુ નથી આચાર્ય, વિપ્ર કે રાય,
તો તેનું પૂજન કયિ રીતે, આપથિ અત્ર કરાય ? ૧૬
પ્રસન્ન કેવળ કરવા એને કરવું હતું જો આમ,
તો લગાડવા માઠું નૃપ સૌ તેડ્યા અહિં શે કામ ? ૧૭
હે કુંતીસુત, અમો સર્વ કર દઇયે છિયે તમોને,
તે નથિ દેતા ભય કે લોભે, વા સમજાવ્યે અમોને. ૧૮
પણ ધર્માત્મા જાણી તમને દઈયે છિયે જ વારૂ,
ચક્રવર્તિ થાવાની ઇચ્છા સફળ કરાવા સારૂ. ૧૯
તોય તમે અમને ન ગણીને, અરે આપને સૂઝ્યો,
જેમાં પુજવા યોગ્ય ચિન્હ નથિ, તે અહિં પહેલો પૂજ્યો. ૨૦
એથિ અધિક અપમાન નૃપોનું હોય કિયું હે રાય,
રત્નખાણુથી ગ્રહ્યો કોયલો, કારણુ શું કહેવાય ? ૨૧
કહી એટલું શિશૂપાળ ત્યાં ઉચર્યો સ્વર અતિ ઊંચે;
કટુવચનો કહેવા લાગ્યો જયમ, કૃષ્ણુ કાળજે ખૂંચે. ૨૨
હે રાજાઓ યુધિષ્ઠિરે અહિં કર્યું અઘટિત તે જોયું !

ધર્મભ્રષ્ટ આ કૃષ્ણ પજિને, ધર્માત્માપણું ધોયું!! ૨૩
વૃષ્ણીકુળકજ્જલ એ કૃષ્ણે માર્યો પૂર્વે કંસ,
કપટેથી નૃપ જરાસંધનો કરાવિયો વિધ્વંસ. ૨૪
તેને પૂજી યુધિષ્ઠિરે અહિં દુર્બળપણું દર્શાવ્યું;
ભેદ જણાયો સૈન્યતણો સૌ, અગ્ર ગયેડું આવ્યું! ૨૫
પછી કૃષ્ણને કહ્યું શિશુપાળે, કારભારિ હે કૃષ્ણ!
આપ ઉત્તર સીધો મુજને હું પૂછું તુજને પ્રશ્ન. ૨૬
આ કુંતી પુત્રો ભય પામ્યા કે દીન થયા અત્ર,
અથવા તપસ્વી રૂપ થયા'તા, સુધારવા નિજ સત્ર. ૨૭
તો તેઓ પાસે શુભ પૂજ્યનિ પૂજા કયમ ન કરાવી?
ગ્રહણ કરી તે તેં કપટી કયમ, હુંપદ ઉરમાં લાવી? ૨૮
એકાંતે હુતદ્રવ્ય શેષ જ્યમ શ્વાન ખાઇ ખુશિ થાય,
તેમ તને નહિ યોગ્ય ગ્રહણ કરિ, ફોકટ તું ફૂલાય. ૨૯
પણ તુજ પૂજનથી મહિપોનું નથી થયું અપમાન;
છે પાંડવ તારા આશ્રયિ તે જાણે છે મતિમાન. ૩૦
એથી સ્વાર્થી દોષં ન દેખે એ છે સઘળું સ્પષ્ટ;
અંધ કથિરને કનક માનિ લે, કોઇ ન માને કષ્ટ. ૩૧
પણ હે કૃષ્ણ, નપુંસકશુ ન સરે સ્ત્રી અભિનય અર્થ,
ત્યમ રાજ્ય વિના રાજા પેઠ પુજાવું તે છે વ્યર્થ. ૩૨
પછિ શિશુપાળે સર્વ સભાને કહ્યું હે નૃપ ત્યાં આમ,—
ભીષ્મ યુધિષ્ઠિર કૃષ્ણ આજ સરખા જોયા આ ઠામ. ૩૩
માટે અહિં બેસવું ઉચિત નથી, વિવેક રહિત સભામાં;
ઘુવડતણું કોટર શોભે ન પ્રભાકર તણી પ્રભામાં! ૩૪
એમ કહી આસનથી ઊઠી કેટલાક નૃપ સહિત—
ચાલ્યો ચેદીપતિ અતિ કોપી, અટકો ધરિને ચિત્ત. ૩૫

---

૨૭ સત્ર-યજ્ઞ ૩૨ અભિનય-હાવભાવ. ૩૪ કોટર-બાકું, ઝાડનું પોલ જેમાં ઘુવડ પક્ષી રહે છે તે. પ્રભાકર-સૂર્ય. પ્રભા-પ્રકાશ.

વલણ.

ચિત્ત વિષે ચટકો ધરી, ચાલ્યો જવ શિશુપાળ,
સાંત્વન કરવા તવ તેહનું લાગ્યા ધર્મભૂપાળ રે. ૩૬

કડવું ૧૧ મું.

પૂજ્યોત્ત્મ પૂજનકર્મની સમાપ્તિ.

રાગ દેશાખ.

યુધિષ્ઠિર ઊચર્યા રે, શાને ક્રોધ કરો શિશુપાળ,
કટુ મુખ મા વદો રે, આપી અનિષ્ટ આવાં આળ. ૧
અયોગ્ય બોલવું રે, એ છે અધર્મ મોટો વીર,
જાણુ પ્રવીણ છે રે, ધર્મતણા આ ભીષ્મ સુધીર. ૨
પ્રવિણપણું એમનું રે, ધર્મ વિષેનું અતિ ઉત્કૃષ્ટ—
છે સૌથી ઘણું રે, તે સમજે છે નૃપ સૌ સ્પષ્ટ. ૩
વિવેક તેથી ગ્રહી રે, કરો મા વૃથા વૃદ્ધઅપમાન;
તત્વથિ કૃષ્ણને રે, જાણે છે આ ભીષ્મ મહાન. ૪
વૃદ્ધ તમથી ઘણા રે, નૃપ આ જુઓ ભલેરા ભ્રાત,
સેવન કૃષ્ણનું રે, ગ્રહન કરે છે સૌ ભલિભાત. ૫
તમે પણ તે રિતે રે, સહન કરો ઉર આણી સ્નેહ;
અકળ શ્રીકૃષ્ણ છે રે, કારણરૂપ આ માનવદેહ. ૬
વધા પછિ ભીષ્મ ત્યાં રે, ઉપદેશો મા એને વ્યર્થ;
અંધ કર આરસી રે, દેવાથી નસરે નૃપ અર્થ. ૭
સર્વ જગ પૂજ્યનું રે, પૂજન જે ન સ્વિકારે રાય,
ધીમત તેહને રે, સમજાવ્યાથી કહો શું થાય? ૮
યુધ કરનારમાં રે, જે ક્ષત્રીય જિતી સૌ રાય—
વશ વર્ત્તાવતાં રે, ગુરુ સૌનો તે વિશ્વ ગણાય. ૯
મહ માધવે હરી રે, જીત્યા છે ક્ષત્રીય અનેક;
અત્ર સભા વિષે રે, વિણ જીતેલો જોઉં ન એક. ૧૦

કૃષ્ણુ તેથી કરી રે, આપણુને હે નરપતિ અત્ર—
પૂજ્ય ન જાણુશો રે, પણુ છે પૂજ્ય સદા સર્વત્ર. ૧૧
ક્ષય એમના વિષે રે, સર્વ જગતનો હે નૃપ થાય,
વૃદ્ધ મોટા થકી રે, માટે એ પ્રથમે પૂજાય. ૧૨
જ્ઞાની ગુણી થકી રે, જાણ્યો છે મોટો મહિમાય;
મહામુનિઓ ઘણા રે, ગુણુ જેના અહોરાત્રી ગાય. ૧૩
બુદ્ધિ બળ તેજમાં રે, નથિ તેમનાથકી કો અધીક,
સુત દમઘોષના રે, ધર ધીંગા એ ધણિની બીક. ૧૪
સ્વાર્થ સંબંધથી રે, પૂજન કૃષ્ણતણું શિશુપાળ,
નથિ કીધું અમે રે, ઉચર્યો મદથી મિથ્યા આળ. ૧૫
જાણિ જશ તેમના રે, પૂજ્યા છે એ પરમ ઉદાર;
ગુણુ જાણ્યા વિના રે, ઉચર્યો છે તું વ્યર્થ ઉચ્ચાર. ૧૬
માઠિ મતિ કૃષ્ણુમાં રે, મા હો તારી કહુંછું આજ;
મદ મૂકી હવે રે, લવતાં કૃષ્ણુ સમિપ કંઇ લાજ! ૧૭
સુણો સૌ સ્નેહથી રે, અત્ર મળેલા સર્વે ભૂપ;
આ શ્રીકૃષ્ણુ છે રે, ગુરુ બ્રાહ્મણુ સંન્યાસીરૂપ. ૧૮
વળિ બ્રહ્મચારિને રે, છે એ રાયતણા પણુ રાય,
પૂજન તેમનું રે, તો અહિં કેમ ન પ્રથમ કરાય? ૧૯
અખિલ આ વિશ્વમાં રે, અધિક નથી એઓથી કોય;
ઉવેખે એમને રે, હૈયાફૂટો જે કો હોય. ૨૦
ઉચિત કીધું અમે રે, તે જો સહન ન એથી થાય,
તો શિશુપાળ આ રે, ગમતું છો પછિ નિજનું ગાય. ૨૧
વદ્યો સહદેવ ત્યાં રે, હે મહિપો મેં આણી વાર,
શૂર સમક્ષમાં રે, પૂજ્યા છે આ દેવમોરાર. ૨૨
પૂજન તેમનું રે, સહન થયું નવ જેથી હોય,
પગ તેને શિરે રે, મૂકયો છે મેં ટેકથિ તોય. ૨૩
વાંધો એહમાં રે, લેશે જે કોઈ તલભાર,

નાશ હું તેહનો રે, કરિશ કૃપાણુથકી આ વાર. ૨૪
રાજસમાજમાં રે, માદ્રીસુત ઉચર્યો નૃપ આમ,
પણ નૃપ સુજ્ઞથી રે, ઉચર્યો નવ કો પણ ત્યાં નામ. ૨૫
પુષ્પવૃષ્ટી થઈ રે, ત્યાં સહદેવ ઉપર તે વાર;
ગગન વિષે થયા રે, "સાધૂ સાધૂ" શુભ ઉચ્ચાર. ૨૬
નારદ ઉચર્યો રે, તવ ત્યાં સ્પષ્ટ રિતે હે ભૂપ,
આ શ્રીકૃષ્ણ છે રે, અંતરયામી અકળ સ્વરૂપ. ૨૭
પૂજન તેમનું રે, જે કોઈ ન કરે ધરિ દેહ,
જીવતાં તે મુઓ રે, જાણો નૃપ સૌ નિઃસંદેહ. ૨૮
ભાષણ તેહશું રે, કરવું ઉચિત નથી નિર્ધાર;
પ્રેતશું પ્રીત શી રે, જે હોય મેલું અધિક અસાર. ૨૯
સહદેવે પછી રે, પૂજી યોગ્ય પુરુષ ને આપ્ત,
વિધિ પૂજાતણો રે, કીધો સ્નેહે ત્યાંહિ સમાપ્ત. ૩૦

વલણ.

સમાપ્ત વિધિ પૂજનતણો થયો ત્યહાં ભૂપાળ,
જેમાં હરિ પૂજનથકી, કોપ્યો બહુ શિશુપાળ રે. ૩૧

કડવું ૧૨ મું.

શિશુપાળનાં દુર્વચનોથી ભીમનો પ્રકોપ,

રાગ આશાવરી.

શિશુપાળ ક્રોધથિ ઉચર્યો, કરિ રક્ત નેત્ર ભુપાળરે,
શું જોઇ રહ્યા છો નૃપવરો, અનુચિત થયું આ કાળરે ! ૧
આપણે સૌ મળિ પાંડવો યાદવોનો આ વારરે,
મદ મોડિયે યુધ આદરી, ઊતારિયે ઝટ હારરે. ૨
આવો હું સેનાપતિ થઈને, ઉભો છું નિર્ધારરે;

---

૨૪ કૃપાણુ–તરવાર. ૩૦ આપ્ત–મિત્રવર્ગ.

વીરત્વ અહિં દર્શાવતાં, નૃપ મા લગાડો વારરે. ૩
કહિ એમ વીર વકારિયા, યજ્ઞનો કરવા ભંગરે;
ખળભળ્યા ભૂપો ખચિત બહુ, મુખ થયાં રાતે રંગરે. ૪
વાર્યા ઘણા સ્નેહીજનોએ, તેમને તે વારરે;
નવ માનતાં જરિ તેમનું, ગર્જતા વારંવારરે. ૫
યુધિષ્ઠિર ને કૃષ્ણની, મહતા ન કરતાં માન્યરે,
અપમાન કરવાને કર્યો નિશ્ચય નૃપો અજ્ઞાનરે. ૬
પ્રબળ મંડળ રાયનું, ઉછળેલ સાગરરૂપરે,
દેખી ભયંકર ભીષ્મને, ત્યાં કહ્યું યુધિષ્ઠિર ભૂપરે. ૭
હે પિતામહ આ ઉદધિશો રોષથી રાજસમાજરે,
આવેગમાં આવ્યોછ અતિ, એથી કથળશે કાજરે. ૮
માટે ન મખમાં વિઘ્ન થાયે, ને પ્રજાહિત થાયરે,
મતિમાન એવો આ સમે સૂચવો સદ્ય ઉપાયરે. ૯
ઉચર્યા પછી ત્યાં ભીષ્મ, ભય મા ધરો હે ભૂપાળરે;
શ્વાનોથિ સિંહતણો કહો, શું થાય વાંકો વાળરે ? ૧૦
કેસરી સૂતો હોય ત્યાંસુધિ, ભસે શ્વાન અનેકરે;
તે જાગતાં હે યુધિષ્ઠિર, નજરે ન આવે એકરે. ૧૧
શિશુપાળ પ્રેર્યા રાય આ, ત્યમ ભસેછે હે ભૂપરે,
જ્યાંસુધી આ હરિ કૃષ્ણ, શાંત રહ્યા છે આપ અનૂપરે. ૧૨
આવેગમાં એ આવતાં, થાશે પછી સૌ શાંતરે;
શિશુપાલ મૃત્યૂ પામશે, સૌ દેખતાં નિર્ભ્રાંતરે. ૧૩
હિરણ્યાક્ષપેરે શ્રીહરી, શિશુપાળનો કરિ નાશરે,
ઇચ્છેછ પાર્ષદતેજ હરવા, પૂર્વનું અવિનાશરે. ૧૪
તેથીજ તેની બુદ્ધિનો, નિશ્ચય થયો છે લોપરે;
કારણ વિના શ્રીકૃષ્ણ કોપર નવ કરે કદિ કોપરે. ૧૫
માધવ મરણ જેનું ચહે, શિશુપાળ પેઠે રાયરે,
મતિ તેનિ નાશ કરે પ્રથમ, જમલોક તે પછિ જાયરે. ૧૬
ભીષ્મવચનો સાંભળી, શિશુપાળ ઉચર્યો એમરે,
હે ભીષ્મ ભય દેતાં નૃપોને લાજતા નથિ કેમરે ! ૧૭

બાળકથિ માંડી વૃદ્ધ સુધિ છે કૃષ્ણનિંદા યોગ્યરે,
તેનું વખાણ બકોછ કયમ, જે છે અધીક અયોગ્યરે. ૧૮
કૌરવોમાં ઉત્તમ તમે છો, સર્વના આધારરે;
કુરુવંશિના શુભ નાવ, ભવસાગર કરાવા પારરે. ૧૯
એવું છતાં કપટી કુટિલનો, માનિને મહિમાયરે,
ગાતાં ગુણો જિન્હ્યા તમારી, કયમ ન કડકા થાયરે! ૨૦
પૂતના મારી બાળપણે, આશ્ચર્ય નથિ એ આંહિરે;
જડ શકટ ભાગ્યુ કાષ્ઠનું, અદ્ભુત કર્યું શું આંહિરે! ૨૧
અશ્વરૂપ કેશી હણ્યો, યુધમાં ન જેહ પ્રવીણરે,
તેમાં પરાક્રમ શું કર્યું, ગુણ ગાઓ હે મતિહીણરે! ૨૨
વળિ સર્પરાફસમો ગોવર્ધન, ધર્યો હાથે જેહરે,
આહીરમાં અન્ન ખાધું બહુ, છે તુચ્છ ચેષ્ટા તેહરે. ૨૩
ખાઇ કંસ કેરૂં અન્ન કૃષ્ણે, કર્યો તે નિર્મૂળરે,
કરતાં કૃતઘ્નિ વખાણ, મુખમાં ધરવિ જોઇએ ધૂળરે! ૨૪
લઇ વેષ ખોટો વિપ્રનો, કરિને પ્રપંચ અનેકરે,
નૃપ જરાસંધ મરાવિયો, કીધો અધર્મજ છેકરે. ૨૫
તેનાં વખાણ તમે કરોછો, છો નપુંસક છેકરે!
નવ પુરુષ એમ કરે કદાપી, હોય તેમાં ટેકરે!! ૨૬
અંબાનું મન ન મનાવિયું, આણી હરણ કરિ જેહરે;
નિજ ભ્રાત-વધુઓ સોંપિ રળવા અન્યથી સૌ દેહરે! ૨૭
હે ભીષ્મ ધર્મ નથી તમોમાં, ઢોંગિ છો નિર્ધારરે;
ધાર્યું છે આ બ્રહ્મચર્ય, ષંઢપણાથિ આ સંસારરે! ૨૮
શિશુપાળવચનો વજ્રબાણસમાં સુણી એ વારરે,
તળપ્યો ભયંકર ભીમ, કાળસમો ન કરતાં વારરે. ૨૯
ઝટ ઝાલિ રાખી તેહને, ભીષ્મે કર્યો પછિ શાંતરે;
અટકયો ઉછળતા ઉદધિ શો, જે હતો આપ અશાંતરે. ૩૦

---

૨૭ અંબા–કાશી રાજાની કુંવરી. ભ્રાત-વધુઓ–ભાઇની સ્ત્રીઓ અં-
બિકા અને અંબાલિકાએ વિષે વ્યાસજીથી છોકરા ઉપજાવ્યા વિષે કેવાક્તિ.

વલણ.

અશાંત સાગર શરદમાં શાંત થાય છે જેમ,
ભીષ્મકહ્યાથી ભીમ ત્યાં, શાંત થયો નૃપ તેમ રે. ૩૧

કડવું ૧૩ મું.

શિશુપાળનો જન્મવૃત્તાંત.

રાગ રામગ્રી.

ભીમ કોપી તળપિયો જ્યારેજી, સાહિ ભીષ્મે રોકયો નપ ત્યારેજી;
એવે ઉચર્યો શિશૂપાળ તત્રજી, આવવા દ્યો એને ભીષ્મ અત્રજી. ૧

ઢાળ.

અત્ર ઝટપટ મોકલો, હે ભીષ્મ એ ઉડભંગ,
શિશુપાળરૂપી પાવકે, છો પડે ભીમપતંગ. ૨
નિજમાં બહૂ બળ માનિ એ દાબે છ હોઠે દંત,
રોકી ન રાખો એહને, હું આણું એનો અંત. ૩
શિશુપાળ વચનો સાંભળી, વિફર્યો ફરી મહાવીર;
ભીષ્મે કહ્યું કર ક્રોધ મા, સુણુ કહું તે ધારિ ધીર. ૪
શિશુપાળ આ જન્મ્યો જદા દમઘોષકેરે ઘેર,
ત્રણુ નેત્ર ચાર ભુજા હતી, કયો હતો ખરપેર. ૫
તેથિ તેનો ત્યાગ કરવા માત તાતે વીર,
નિશ્ચય કર્યો, એવે ગગનથી, થઇ ગિરા ગંભીર. ૬
આ પુત્ર અતળીબળ થશે, યમથીય નહિ જીતાય,
તે માટે રક્ષણુ એહનું કરજો તમે હે રાય ! ૭
આકાશવાણી સાંભળી, શિશુપાળકેરી માત—
ઉચ્ચરી ઊંચું જોઇ ત્યાં, જોડી પછી બે હાથ. ૮
હે અગમભાષી દેવ, હું પૂછુછું કરિ પરણુામ,
મુજ પુત્રને કોણુ મારશે, કહો કૃપા કરિ આ ઠામ. ૯

તવ નભગિરા ફરિ થઈ ત્યહાં, એવી પછી હે ભ્રાત,
મારશે આ સુત કોણુ તે રાખજે લક્ષ્યે વાત. ૧૦
તુજ પુત્રને છે અધિક બે ભુજ મનુષ્ય કરતાં જેહ,
જેને ઉછંગે બેસતાં ખરશે તરત ઝટ તેહ; ૧૧
જોઈ જેહને ત્રીજું નયન ડૂબી જશે હે નાર,
તે મારશે એ પુત્રને, આ અવનિમાં અવિધાર. ૧૨
વિચિત્ર બાળક ચેદિનૃપગૃહ અવતર્યાની વાત—
વિસ્તરી આખા વિશ્વમાં, જે હવી જગવિખ્યાત. ૧૩
તેથી ઘણા નૃપ આવતા, તે નિરખવા એ કાળ;
દમઘોષ આદર દઈ ધરતો નૃપ ઉછંગે બાળ. ૧૪
પ્રત્યેક નૃપ ખોળે ધરી સુત જોયું ચેદીભૂપ,
નવ નવિન દીઠું, પણ દિઠું એનુંએ સુતનું રૂપ. ૧૫
પછિ કૃષ્ણુ ને બળરામ આવ્યા ફોઈકેરે ઘેર;
ભેટી મળ્યાં ફોઇ ને ફુવા દમઘોષ રૂડી પેર. ૧૬
શ્રીકૃષ્ણુખોળે મૂકિયો શિશુપાળને પછિ જ્યારે,
કર બે ખર્યા ને નેત્ર ત્રીજું ગૂમ હવું પણુ ત્યારે. ૧૭
તે જોઇ ભયથી ફોઈ પ્રાર્થી કૃષ્ણુ ને તે કાળ—
કરગરી કહેવા લાગિયાં, વરદાન દઇ ભય ટાળ. ૧૮
શ્રીકૃષ્ણુ વળતીં ઉચ્ચર્યાં, સતિ મા કરો સંતાપ;
ઉચ્ચરો મુખથી માગવાનું, ટાળિ તનનો તાપ. ૧૯
શિશુપાળમાતા ઉચ્ચર્યાં તવ, દાખિ દુખનું બીજ,
અપરાધ આ તુજ ભ્રાતના ક્ષમજે ભલા ભત્રીજ. ૨૦
શ્રીકૃષ્ણુ તવ વરદાન આપી, ઉચ્ચર્યા વિણુ બાધ,
દેવી તમારા પુત્રના હું સહિશ સો અપરાધ. ૨૧
અપરાધ પૂર્ણુ કરાવવા, આણુવા એનો અંત,
સાંખેછ સઘળું શ્રીપતી, હે ભીમ આ ભગવંત. ૨૨
જે બુદ્ધિથી બકતો દિસે, શિશુપાળ આ હે ભ્રાત,
તે બુદ્ધિ નથિ એનીજ, છે ગોવિંદગમતી વાત. ૨૩

અપરાધ પૂર્ણ કરાવિ સો, આગળ કરાવી એક,
મારંશે માધવ એહને, તું જોજે હરિનો ટેક. ૨૪
નિંદા કરે છે મારિ કુળઅંગાર એ હે વીર,
ત્યમ અન્ય કોણુ કરી શકે, આ પૃથ્વિમાં ધરિ ધીર. ૨૫
છે અંશ આ શિશુપાળ હરિના તેજનો નિર્ધાર,
તે હરણુ કરવા ચાહે છે, શ્રીકૃષ્ણુ આણી વાર. ૨૬
તે તેજ લીધે આપણું એ કરે છે અપમાન,
મા તપિશ હે પરતાપિ હરશે તેજ શ્રીભગવાન. ૨૭

વલણ.

ભગવાન હાથ મરવાનું છે, એને આહિં નિર્ધાર;
માટે છો 'જલ્પ્યા કરે, જીસે મલિન ઉચાર રે. ૨૮

કડવું ૧૪ મું.

શિશુપાળનો વધ અને સમારંભની સમાપ્તિ.

રાગ ચોપાયાનો.

ભીષ્મવચન સુણિ ક્રોધ કરી, શિશુપાળ વધો રાજંન,
હે શંતનુસુત કૃષ્ણુતણું મા ભણો અધિક ભાવંન. ૧
ભાટ પેઠ કૃષ્ણુના ગુણો ગાવાનો મૂકી છંદ,
ગાઓ અમો એના અરિઓનો, હે માની મતિમંદ ! ૨
વ્યસન હોય જો વખાણુ કરવા, તો એ કપટી મૂકી,
કરો વખાણું બિજા બહુ નૃપનું, ચિત્તથી જાઓ ન ચૂકી. ૩
ભાળો જેણે ખેદ પમાડી પૃથ્વી તે નૃપ દરદ;
ઇંદ્ર સમો આ અંગ અધિપ છે કર્ણ વિજયિ મહાવરદ. ૪
દ્રોણુ અને અશ્વત્થામા છે અનન્ય પૂર્ણ પ્રકાશ;
એ બેમાંથી એક કોપતાં, થાયે વિશ્વવિનાશ. ૫
જેનો જોડો છે ન અવનિમાં, નૃપમાં શ્રેષ્ઠ મહાન,

છે દુર્યોધન અત્ર સભામાં, કયમ ભૂલો છો ભાન ! ૬
અશ્વપ્રવિણ જયદ્રથ અતિ શૂરો, પ્રસિદ્ધ દ્રુમ જયસેતુ,
શરદ્વાનના પુત્ર પરાક્રમિ, કૃપાચાર્ય કુળકેતુ; ૭
રૂકિમન ભીષ્મક વિરાટ શકુની, દંત્રવક્ત્ર ભગદત્ત;
જયત્સેન દ્રુપદ શલ્યાદિક, છે વિજયી મહામત્ત. ૮
ગાવા ગુણ આ'વાના મૂકી, ગોવાળના ગુણ ગાઓ;
ધિક્ ધિક્ લિકવાળી કુળરાહૂ, કંઇક હવે શરમાઓ! ૯
ધર્મવચન વદનાર ગણાઈ, કરોછો ઉલટું તેથી,
જગદ્વેષી મહા નિંદ્ય ગણાઓ, ભીષ્મ અધર્મી એથી. ૧૦
તોપણ આ નૃપ સર્વ કૃપાથી જીવો છો એમ જાણો;
સુણિ કટુ વચનો શંતનુસુતને ભારે ક્રોધ ભરાણો. ૧૧
તેથી તે શિશુપાળ સુણે ત્યમ ભ્યર્યા પૂર્ણ તપ્યાથી,—
હે દુર્મતિ શું હું જીવુંછું ? આ સૌ ભૂપકૃપાથી ! ૧૨
જો ગણુતો હોય એમ અધર તું, તો આ સઘળા રાય,
તૃણવત્ હું લેખું છું, જેથી વાંકો વાળ ન થાય ! ૧૩
ભીષ્મવચન સુણિ ધર્મ સભામાં, ધાંધલ ઊઠયું ભારી;
વધ્યો કોલાહલ મહા ભયંકર, ઊઠયા નૃપ હોકારી. ૧૪
હસવા કંઇ લાગ્યા, કંઇ લાગ્યા ભીષ્મ નિંદવા ભારે;
કંઇ કહે નાશ કરો પશુપેરે, વા બાળો આ વારે. ૧૫
ભીષ્મ વદ્યા તવ હે ભૂપતિઓ, કહોછો મુખથી જેવું;
તેજ તમોમાં નથિ હું જોતો, કરવા સાહસ તેવું. ૧૬
માટે તમ શિર પગ મૂક્યા સરખું કર્યું છે મેં કામ;
આવો મરો બાળો મુજને, હોય હૃદયમાં હામ ! ૧૭
પણ રતિ જેની મરવા માટે, થતી હોય ગતિવાળી,
તે આ પ્રથમ પુજેલા, યુદ્ધમાં બોલાવે વનમાળી. ૧૮
ભીષ્મવચન સુણિ કાળે ઘેર્યો, હરિ સન્મુખ શિશુપાળ—
ઉચર્યો યુધ કરવા ઇચ્છાથી, આમ પછી તે કાળઃ ૧૯
થા ઊભો હે કૃષ્ણ આવ અહિં, યુધ કર મારી સાથે;

તુજ પૂજારા પાંડવને પણ હણિશ હું તારી સાથે. ૨૦
આમ કહી કરિ સિંહગર્જના, ઊભો ત્યાં શિશુપાળ;
તવ સૌ નૃપ સુણતાં ઉચર્યા હરિ, કાળતણા જે કાળ. ૨૧
હે રાજાઓ, શિશૂપાળ આ, છે યાદવઅરિ મોટો;
મુજ ફોઇસુત થઇને એ નિર્લજ, ખેલ રચે છે ખોટો. ૨૨
પ્રાગ્જ્યોતિષપુર અમે ગયા'તા, હે જનપતિઓ જ્યારે,
આવિ દ્વારકા એ અનાડિયે, તે બાળી હતિ ત્યારે. ૨૩
ગિરનારે ક્રીડા કરતા યાદવ મારી બાંધીને,
લઈ ગયો તો એ લૂંટારો, તક તેવી સાંધીને. ૨૪
અશ્વમેધ મુજ તાતતણામાં વિઘ્ન આણવા એણે,
રક્ષક સહિત અશ્વ્યો'તો વાજી, થઇ ભગનીસુત તેણે. ૨૫
વળી હસ્તિનાપુરથિ દ્વારિકા જતી સતી જશવાળી,
બભ્રૂયાદવસ્ત્રી બળથી હરિ ધૃતિ નિષ્ઠા કરિ કાળી. ૨૬
આ રીતે બહુ આળ કર્યાંછે, એણે દ્વેષ વધારી,
મુજ ફોઇ લીધે સહન કર્યાં છે તોપણ મેં મન મારી. ૨૭
પણ હમણાં સૌ નૃપ આગળ નિંદા મારી કરવાનો—
કીધો છે અપરાધ અસહ, એણે અહિંયાં મરવાનો; ૨૮
તે હું સહન કરી શકવાને નથી સમર્થ કદાપિ;
જુઓછ હે રાજાઓ સઘળું, સહ્યુંછે બહુ અદ્યાપિ. ૨૯
વળિ એ મૂર્ખે આપ પરણવા રૂકિમણિ મગું કર્યું'તું,
પણ વેદ શ્રુતી મળે ન શૂદ્રને, તેમ ન એનું સર્યું'તું. ૩૦
સાંભળિ ભાષણ શ્રીપતિનું, નૃપ આદિકનો સહ્હાય,
નિંદા કરવા લાગ્યો ત્યાં, શિશુપાળતણી હે રાય। ૩૧
તવ ખડખડ હસિ શઠ તે ઉચર્યો, મોટે શબ્દે આમ:
રે હો કૃષ્ણ વડાઇ મા કર, વદન કરી નિજ શ્યામ! ૩૨
વિવાહ મુજશું કીધેલી, વહુ ગણાયલી જે મારી,
તેનું નામ સભામાં દેતાં કયમ ઉપડે જિભ તારી! ૩૨
તુજ પેઠે નિર્લજ થઇને, નિજ છિદ્ર સભામાં ભાખે,

સપૂત તેને કહિયે શાનો, જે ન શરમ કંઇ રાખે. ૩૪
પ્રસન્નતા કે પ્રકોપ તારો, છે મારે મન સરખાં;
લાભ હાનિ નવ દેખું એમાં, પૂર્ણ પરાક્રમ પરખ્યાં! ૩૫
સાંભળિ વદવું ચેદીપતિનું, સમર્યું ચક્ર મુરારી,
આવી પ્રાપ્ત થયું જે પળમાં, ઉચર્યા તે કરધારી. ૩૬
હે રાજાઓ મુજ ફોઇએ, માગ્યાથી મેં વિણુ બાધ,
વચન આપ્યું'તું શિશુપાળના, ક્ષમવા સો અપરાધ; ૩૭
વચન પ્રમાણે સહન કર્યા સો, તોપણ ખાય ન શ્વાસ,
તો સૌ જોતાં એ શઠનો હું, કરૂંછું નિશ્ચય નાશ. ૩૮
એમ કહી કોપેલા હરિએ, દાખી વીર્ય અનૂપ,
ચક્રે શિર છેદ્યું શિશુપાળનું, ભાળી રહ્યા સૌ ભૂપ. ૩૯
વજ્ર વડે તૂટેલો પર્વત પડે જેમ તે રીતે,
પડચો પૃથ્વીપર શિશુપાળ ત્યાં, જેને કોઇ ન જીતે. ૪૦
તેજ સૂર્યશું નિકળ્યું તેના શરિરમાંથિ તે ટાણે;
નમસ્કાર કરિ મળ્યું માધવમાં જઇને જ્યમ સૌ જાણે. ૪૧
અતિ આશ્ચર્ય હવું સૌ મનમાં, વદાય નહિ મુખ વાત,
વાદળ વિણુ વરસ્યું ત્યાં વારી, દીઠો ઉલ્કાપાત. ૪૨
ધ્રૂજી ધરતી ધૂળ ઊડી અતિ, અંચી ચઢિને આવી,
દુશ્ચિન્હે નબળા ને સબળા નાંખ્યા ત્યાં ગભરાવી. ૪૩
પ્રતાપ શ્રીપુરુષોત્તમનો જોઇ કંઈ નૃપ અતિ અનુરાગ્યા,
કંઇક ક્રોધ કરિ અસહનતથી હાથ મસળવા લાગ્યા. ૪૪
કંઇકે દાંત ઘણા કકડાવ્યા, કંઇકે દાબ્યા હોઠ,
વખાણુ કંઇકે કર્યાં કૃષ્ણનાં, કંઇક જણાયા ઠોઠ. ૪૫
મહાત્મા મુનિઓએ માધવની સ્તુતિ મુખ બહુ ઉચ્ચારી,
નમસ્કાર કરિ ભક્તજનોએ, ભાવ જણાવ્યો ભારી. ૪૬
પછિ ધર્મે કહ્યું નિજ ભાઇઓને, હે નૃપ તેણી વાર,
આ શિશુપાળતણો હે ભાઇઓ, કરો અગ્નિસંસ્કાર. ૪૭
ભીમસેન આદિક ભાઇઓએ કીધો તે સંસ્કાર;

યુધિષ્ઠિરે શિશુપાળપુત્રનું, સાંત્વન કીધું સાર. ૪૮
પછિ તેને સૌ નૃપ સંમતિથી, કરિ ઉત્તમ અભિષેક,
પાટ આપ્યું શિશુપાળભૂપનું, દાખી પૂર્ણ વિવેક. ૪૯
કૃષ્ણકૃપાથી નિર્વિઘ્ને, ધર્મનો રાજસુયયજ્ઞ—
પૂર્ણ થયો એ રીતે હે નૃપ, પ્રસન થયા નૃપ પ્રજ્ઞ. ૫૦
મખસમાપ્તિએ અવભ્રથસ્નાન, કર્યું મહિપે ત્યાં જ્યારે,
સમિપ આવિ નૃપ સૌ આ રીતે કરી પ્રશંસા ત્યારે. ૫૧
હે અજમીઢતણા વંશજ શુભ ધર્મધુરંધર ધર્મ,
ચક્રવાર્તિપણું પામ્યા પોતે, કરિને ઉત્તમ કર્મ. ૫૨
એ બહુ સારૂ થયું હે ભારત, ભરતવંશ અવતંસ,
પિતૃલોકથી પિતૃ આપની, કરશે પ્રૌઢ પ્રશંસ. ૫૩
અજમિઢકુળ અજવાળ્યું આપે, પુણ્ય વિશેષ પ્રસારી,
રાજસૂયમખ પૂર્ણ કરી આ, કુરુકુળકીર્તિ વધારી. ૫૪
અમને સુખ આપ્યું અતિ આપે, કરિ સન્માન અપાર;
લીધો લહાવ ઘણો અહિંયાં, સુખ પામ્યા વિવિધપ્રકાર. ૫૫
ઇચ્છા છે હવે દેશ જવાની, આપો આજ્ઞા અમને;
આજ્ઞા દેવા યોગ્ય આપ છો, વિનવી કહિયે તમને. ૫૬
સાંભળિ એ રિત વચન નૃપોનાં, યુધિષ્ઠિરે પછિ પ્રીતે,
યથાયોગ્ય પૂજન કરિ સૈનું, કર્યા વિદાય સુ રીતે. ૫૭
ઇંદ્રપ્રસ્થસીમાડાસૂધી, ભીમ આદિ નિજ ભાઇઓ,
વળાવવા મોકલિયા ધર્મે, જાણી સ્નેહસગાઈઓ. ૫૮
સર્વ ગયા પછિ શ્રીકૃષ્ણે માગી આજ્ઞા ઘર જાવા;
હાથ જોડિ તવ રાય યુધિષ્ઠિર ઉચર્યા શબ્દો આવાઃ ૫૯
હે મધુસૂદન આપકૃપાથી, યજ્ઞ થયો આ પૂરો;
સર્વે નૃપ વશ્ય થયા મારે, ન રહ્યો અર્થ અધૂરો. ૬૦
માટે આપ જવાને કહેતાં, જીભ ન ઉપડે મારી;
ઘટમાં ઘર કીધુંછે ગુણનિધિ, છો મોટા ઉપકારી. ૬૧
પણ અવશ્ય દીસેછ જવાનું તમને હે ઘનશ્યામ,

તો ના પાડિ નથી હું શકતો, પણ ગમશે નહિ નામ! ૬૨
કુંતિ સુભદ્રા ને કૃષ્ણાને, કૃષ્ણ મળ્યા પછિ રાય,
સ્વસ્તીવાચન કરાવિ વિપ્રથિ, વિલસી થયા વિદાય. ૬૩
દુર્યોધન ને શકુની એ બે રહ્યા સભામાં હાવે,
વિચિત્ર રચના જોતા પ્રતિદિન, જે જે મનને ભાવે. ૬૪

વલણ.

ભાવે રચના ભાળતા, મામો ને ભાણેજ;
સહન ન થતું દુર્યોધને, ધર્મવિભવનું તેજ રે. ૬૫

द्यूतप्रकरण.

કડવું ૧૫ મું.

क्लेस न ऊपजे एवी युधिष्ठिरनी प्रतिज्ञा.

રાગ ધનાશ્રી.

સમાપ્ત રાજસુયયજ્ઞ થયા પછિ, શિષ્યે વિંટેલા વ્યાસજી—
આવ્યા ભાવ ધરી ભેટવાને, રાય યુધિષ્ઠિર પાસજી. ૧
સુવર્ણઆસન દઇ ત્વવ તેમણે, આદર રૂડો દીધોજી;
ભાઈઓ સહિત પૂજી ભાવે કહ્યું, મુનિ કૃતાર્થ મને કીધોજી. ૨
વ્યાસ વધ્યા તવ હે કુંતીસુત, ધર્મ ભલો તમે ધાર્યોજી;
રાજસૂયમખ કરિ મહતા ધરિ, કુરુકુળ યશ વિસ્તાર્યોજી. ૩
તે બહુ સારૂં થયું હે ભારત, ચક્રવર્તિપદ પામ્યાજી,
નિષ્કંટક કરિ પૃથ્વિ પરાક્રમે, પામિ પ્રશંસા વિરામ્યાજી. ૪
તમ પૂજનથી પ્રસન્ન થયો હું, દ્યો આજ્ઞા હવે જાવાજી;
વચન સુણી વ્યાસજીનાં યુધિષ્ઠિર, ઉચર્યા શબ્દો આવાજી: ૫
હે મુનિ સંશય મોટો મુજને ઉપજ્યોછે આ વારજી,
તેનું નિવારણ આપ વિના નથિ કોઇથી લેશ થનારજી. ૬
પૂર્વે નારદે ગણાવિયા'તા મહા ઉત્પાતો જેહજી

શિશુપાળમૃત્યુ સમે મુનિપુંગવ, સર્વ જણાયા તેહુજી. ૭
પણ ફળ તેનું કાંઇ થયું નહિ, કારણ શું મુનિ તેનુંજી?
હે મહાભાગ કહો શુ ભાવી છે હાવે પછિ એનુંજી. ૮
સાંભળિ વચનો ધર્મતણાં પછિ, વ્યાસે કહ્યું તે વારજી,—
ઉત્પાતોનું ફળ હે નૃપતે, નથિ કદિ મિથ્યા થનારજી. ૯
તેર વર્ષ પછિ તમમાટે નૃપ, દુર્યોધનને દ્વોષેજી,
સર્વ ક્ષત્રિયો મરશે યુધમાં, ભીમપાર્થને રોષેજી. ૧૦
ઉત્પાતોનું ફળ હે રાજા, છે એ નિશ્ચય જાણોજી;
પ્રાતઃકાળે સ્વપ્ન થશે, તેથી પ્રતીતિ ઉર આણોજી. ૧૧
સ્વપ્ન વિષે શિવનંદીપર બેઠેલા અદ્ભુત રૂપજી—
દેખાશે દક્ષિણ દિશિ જોતા, વારંવાર હે ભૂપજી. ૧૨
ભાવિ ન ટાળ્યું ટળે નૃપ નિશ્ચય, માટે ન ધરશો ખેદજી,
થવા કાળ તે થાય ગણિ ગુણિ, નવ પામે નિર્વેદજી. ૧૩
થાઓ કલ્યાણ તમારૂં હે નૃપ, જઇશ હું ગિરિકૈલાસજી;
એમ કહી મુનિ વ્યાસ ગયા, પછિ ધર્મે મુકયો નિશ્વાસજી. ૧૪
વ્યાસે કહેલું ન વ્યર્થ થશે, ભાવિ ટળશે ન એમ વિચારીજી,
ભાઇઓ સમિપ ભૂપે પછિ હે નૃપ, પેટનિ વાત પ્રચારીજી. ૧૫
હે ભાઇઓ, વ્યાસે કહ્યું તે સુણ્યું સર્વે તમે નિર્ધારજી,
તેર વર્ષ પછિ મુજનિમિત્ત, થાશે ક્ષત્રિયસંહારજી. ૧૬
માટે મરવા મેં મતિ કરિ છે, ધર્મ રૂડો એ ધારૂંજી;
મુજમાટે ક્ષત્રિય ક્ષય થાયે, તો ધિક્ જિવવું મારૂંજી. ૧૭
પાર્થે કહ્યું તવ હે મોટા ભાઈ, ખેદથિ બુદ્ધિ હણાયજી,
માટે તે તજી, બુદ્ધિસહાયે કરો વિચારિ ઉપાયજી. ૧૮
વ્યાસવચનનો વિચાર કરી તવ, ઉચર્યા યુધિષ્ઠિર એમજી,
થાઓ કલ્યાણ તમારૂં ભાઇઓ, સુણો કહું તે મુજ નેમજી. ૧૯
કરૂંછું પ્રતિજ્ઞા આજ થકી હું, કહિશ ન કોઈને અપ્રિયજી;
માન્ય કરિશ કહ્યું સૌ ભાઇઓનું, લાગે જયમ સૌને પ્રિયજી. ૨૦
ભાઇઓ વા ભૂપોશું રાખિશ, મેળ સુસંપ વધારીજી;

ભેદ ન રાખિશ કોશું કદી કલેશમૂળ છે જે દુખકારીજી. ૨૧
જ્યેષ્ઠ ભ્રાતનાં વચન સુણી, ભીમ આદિક ભાઇઓ ચારેજી,
ભ્રાતશ્રેય માટે સંમત થયા, એ પરમાણે ત્યારેજી. ૨૨
પછિ ભાઇઓસહુ યજ્ઞસભાથી, ભૂપ યુધિષ્ઠિર આપજી,
પ્રધાન આદિક સાથે પુરમાં પધારિયા નિષ્પાપજી. ૨૩

વલણ.

નિષ્પાપ આપ રહેતા સદા, મન વચ કર્મે રાય;
દૂભે નહિ દિલ કોઇનું, કુંતીપુત્ર કદાય રે. ૨૪

કડવું ૧૬ મું.

સભા જોઈ દુર્યોધનને ઊપજેલો સંતાપ.

રાગ સામેરી.

મયસભા જોવા રહ્યા'તા શકુનિ દુર્યોધંન,
તેમનું શું થયું તે હવે કહું, જનમેજયરાજંન. ૧
શકુનિસહુ દુર્યોધને ધીરે ધિરે તે ઠામ,
સભા નિરખી નિરખિ જોઇ, કારમું દીઠું કામ. ૨
વિચિત્ર રચના વિવિધં ચિત્રો દેવનાં તદ્રૂપ—
દીઠાં ત્યહાં, દીઠાં ન કદિ હસ્તિનાપુર જે ભૂપ. ૩
જોતાં સભા એક દિવસ સ્ફાટિકમણિ ભુમિમોઝાર—
આવતાં તેણે જાણ્યું તે જળસ્થાન નૃપ નિર્ધાર. ૪
તેથિ વસ્ત્રો લઇ ઉંચા ચાલતાં ભ્રમથી તેહ,
ત્યાં પડયો તૂટી પૃથ્વિપર ઊંધે મુખે ઝટ એહ. ૫
એથિ લજ્જિત થઇ નીચે મુખ નાંખતો નિશ્વાસ—
આવ્યો સ્ફટિકશા જળતણી સુંદર તલાવડિ પાસ. ૬
સ્થળ માનિ તેને ચાલતાં ખળ પડયો જળમોઝાર;
ઉપહાસ અતિ ભીમાદિ દ્રૌપદિને હવું એ વાર. ૭
પછિ પરિજનોએ યુધિષ્ઠિર આજ્ઞાથિ તેને સાર—

પટ આપિયાં ઝટ પહેરવા, કરતાં ન કંઇ પણ વાર. ૮
નિજ ભૂલ જરિ ન જણાવવા, ઉપહાસ રિસ ઉર રાખી,
જોતાં ન કોઇ સન્મુખ તર્યો તવ તે તલાવડિ આખી. ૯
જળ તરી સ્થળમાં આવતાં પણ વામ ભરતાં વીર,
પગ હાથ પછડાયા હસ્યાં જન, ઉતર્યું મુખનું નીર. ૧૦
પછિ ચાલતાં આગળ સ્ફટિકનું દ્વાર હતું એક બંધ;
ઉઘાડું જાણી ચાલતાં ભટકાયો તે જયમ અંધ. ૧૧
દેખી પ્રથમશું દ્વાર તે ત્યાં ઠેલતાંમાં આપ,
પગ મૂકતાં પડિયો ઉભેથી પામિયો પરિતાપ. ૧૨
તવ ઊઠિ ત્યાંથી ઉઘાડે દ્વારે ગયો ગતિભંગ;
તે બંધ ગણિ પાછો ફર્યો, કહે ભીમ 'રે છે રંગ !' ૧૩
એ રિતં સભા જોવા વિષે બહુવાર થયલો ખેદ,
નિજ હાંસિ પાંડવવૈભવે, પામેલ મનમાં કષ્ટ. ૧૪
હસ્તિનાપુર જાવાતણી, આંજ્ઞા લઈ ઝટ એહ,
પછિ ઇંદ્રપ્રસ્થથિ નીસર્યો, માતુલ સહિત નિઃસ્નેહ. ૧૫
નૃપ યુધિષ્ઠિર સંપત્તિ તાપે તપી દુર્યોધન,
શુભ રાજ્ય હરવા તેમનું, કીધું કુડું નિજ મંન. ૧૬
પાંડવવિભવ મહિમાતણો કરિ કરી દીર્ઘ વિચાર,
સુનમુન જણાતો માર્ગમાં, શોચતો વારંવાર. ૧૭
બોલાવિયો બહુ વાર શકુનીએ તથાપી તેહ—
ઊચર્યો શબ્દ ન એક, હોય જ્યમ પ્રાણપાખી દેહ. ૧૮
શું દુઃખ છે ભાણેજ, કયમ નાંખેછ બહુ નિશ્વાસ ?
રે બોલ્ય કંઇ અહિં શાથિ સુખનથિ,કરતું કંઇક પ્રકાશ. ૧૯
તવ તે વદ્યો મામા, ધનંજયને પ્રતાપે ધર્મ—
થઈ ચક્રવર્તી ઇંદ્રશું કર્યું રાજસુયનું કર્મ. ૨૦
તેથી કરી ગ્રીષ્મે સુકાતું સ્વલ્પ જળ હોય જેમ,
સૂકાઉંછું હું નિરંતર તનમાં અરે અહિં તેમ ! ૨૧

---

૧૨ ઠેલતાં—ધક્કો મારતાં. આ દ્વાર બંધ નહોતું, છતાં ભ્રમથી બંધ જેવું જણાતાં ધક્કો મારતાં ભૂંડો પડવાથી પગ મૂકતાંમાં પડી ગયો.

શિશુપાળ કૃષ્ણે મારિયો, સૌ નૃપ સમિપ નિર્ધાર;
પાંડવ પ્રતાપે કોઈ પણ ઉચર્યો ન એક ઉચાર ! ૨૨
વળિ તેમના અતિ તેજમાં થઇ લીન મહિપો સર્વ,
કર આપતા દીઠા પ્રજાપેરે અરે નિઃગર્વ ! ૨૩
આ રીત રે પિતરાઈના મહિમાથિ વારંવાર,
સળગુંછું હું શાતા ન થાયે શો કરૂં પ્રતિકાર ? ૨૪
કહિ એમ ગર્ક થઈ કુતર્કે પામિ બહુ પરિતાપ,
અગ્નિએ સળગ્યો હોય ત્યમ ઉચર્યો વળી તે આપ. ૨૫
મામા, હું પાવકમાં પડિશ કે ખાઇશ વિષ નિર્વાણ,
અથવા ડુબી જળમાં મરિશ, નવ ધરિશ દેહે પ્રાણ ! ૨૬
કયમકે જગતમાં નિજથિ અરિ સમૃદ્ધિ જોઈ વિશેષ,
સાંખી શકે શું શૂર નર લજ્જિત મુખે તે લેશ ?! ૨૭
નિજ સ્વામિ વશ કો નાર સાંખે શોકય ઠમકો જેમ,
હું પાંડવોનો ઠાઠ રે નથિ સહન કરતો તેમ ! ૨૮
કયમકે હું અર્જુન ભીમ આદિકથી નથી જરિ ન્યૂન,
ત્યમ નથિ નપુંસકપેઠ સત્વરહીત કેવળ શૂન્ય. ૨૯
તો પાંડવોનું રાજ્ય સમૃદ્ધી અને શુભ યજ્ઞ,
જોઈ હુંસમો નર૦ કયંમ સહે, નથિ હું પશૂવત અજ્ઞ. ૩૦
પણ રાજ્ય રિદ્ધી તેમની લેવા હુંછું અસમર્થ,
કયમકે ન દેખું પક્ષ મુજ કો, માટ જિવવું વ્યર્થ. ૩૧
સમૃદ્ધિ કુંતીપુત્રની નવ નાશ થાય કદાય;
પુરુષાર્થ વ્યર્થ દિસે, અરે છે દૈવ શ્રેષ્ઠ સદાય ! ૩૨
પાંડવો નાશતણા ઘણા ઊપાય કરિયા હાય !
રે વ્યર્થ તે સૌ થઇ પડયા, મામા હવે શું થાય ? ૩૩
જળમાં કમળ જ્યમ વૃદ્ધિ પામે, ત્યમ હવે સૌ તેહ,
સમૃદ્ધિએ વૃદ્ધી થતા નિરખુંછું નિઃસંદેહ. ૩૪
આ સેવકોમાં સભામાં મારૂં થયું ઉપહાસ,
અપમાન એથી શું બિજું, હું કરિશ મારો નાશ ! ૩૫

સંતાપ મારો સર્વથા ધૃતરાષ્ટ્રકેરી પાસ—
કહિને કહેજો, રાખશો નવ સુત જિંવ્યાની આશ. ૩૬
શકુની વદ્યો તવ ભ્રાત હે મા કર વૃથા સંતાપ;
પાંડવો નિજ ભાગ્યે કરી, સુખ ભોગવેછે આપ. ૩૭
તેં નાશ કરવા તેમનો કીધા ઉપાય અનેક,
તોપણ બચ્યા નિજ દૈવથી, નવ આંચ આવી એક. ૩૮
એટલુંજ નહિ પણ પ્રબળ ભાગ્યે પ્રાપ્ત થઇ પાંચાલી,
તેથી દ્રુપદ પુત્રે સહિત સહાયક મળ્યો જયશાળી. ૩૯
શ્રીકૃષ્ણ સાહાય્યે કરી, કરિ રાજ્ય વૃદ્ધી તેહ,
નિજ તાત-રાજ્ય કરેછ, દુખ શાને ધરેછે દેહ? ૪૦
નિજ ભ્રાત બળથી યુધિષ્ઠિર ભોગવેછે મોટાઈ;
મા શોચ કર, ધર ખેદ નવ એમાં જરા હે ભાઈ! ૪૧
હે ભ્રાત સહાય રહિત તને કયમ તું ગણેછે અત્ર,
દુઃશાસનાદિક ભ્રાત, વિજયી કર્ણ છે સર્વત્ર. ૪૨
છે દ્રોણ પુત્રે સહિત સબળા, ભુરિશ્રવા રણધીર,
છે કૃપાચાર્ય મહારથી તુજ સહાયમાં હે વીર. ૪૩
મુજ ભ્રાત સર્વ સહિત હું છું, તુજ સહાયતામાં ભ્રાત,
તું જીત પૃથ્વી સર્વ, ડર નવ પામ લેશ અશાત. ૪૪
દુર્યોધને તવ કહ્યું મામા, એમ જો કદિ હોય,
તો તો જિતિશ હું પાંડવો, મન ધાર્યું મારૂં હોય. ૪૫
પાંડવ જિતાયે સર્વ પૃથ્વી અને દિવ્ય સભાય,
મારી થશે સંશય ન એમાં, છો તમે સૌ સહાય. ૪૬
શકુની વદ્યો હે ભ્રાત, ગાંડા ન કર આમ વિચાર;
પાંડવો જિતવા સુલભ નથિ, છે અજિત એ અવિધાર. ૪૭
પુત્રો સહિત પાંચાલનૃપ શ્રીકૃષ્ણ ને એ પાંચ,
છે વિજયિ એવા ઇંદ્ર પણ ડર ખાય યુધથી ખાંચ. ૪૮
માટે કદાપી યુદ્ધમાં તેઓ નહીં જીતાય,
છે યુધિષ્ઠિરને જીતવાનો સરળ એક ઉપાય. ૪૯

દુર્યોધને કહ્યું કહો મને તે સઘ આણી સ્નેહ;
શકુની કહે સાંભળ ભલા ભાણેજ નિઃસંદેહ. ૫૦
છે દ્યૂત રમવા છંદ અતિ નૃપ યુધિષ્ઠિરને ભ્રાત,
પણ તે રમી નથિ જાણતા, જાણુંછું હું તે વાત. ૫૧
તોપણ તું તેડિશ તેમને રમવા કરી નિર્ધાર,
તો આવશે તે તર્ત નિશ્ચય, નહિ લગાડે વાર. ૫૨
તુજ માટ પછિ સૌ રાજ્ય તેનું હરિશ હું નિર્વાણ;
ત્રણ લોકમાં દ્યુતે કુશળ હું સમો નથિ કો જાણ. ૫૩
આ વાત કરિ ધૃતરાષ્ટ્રને આજ્ઞા તું લે આ વાર,
તો કામ સિદ્ધ હું તારૂં નિઃસંશ કરિશ નિર્ધાર. ૫૪
માતુલ, હું મારી વાત તાત શું કહિ નથી શકનાર,
કહેજો યથાર્થ તમે બધું, માનીશ તમ આભાર. ૫૫

વલણ.

આભાર માનિશ હું આપનો, દુર્યોધન એમ ઊચર્યો;
કરશો કહ્યું છે તે રીત તો, ગણિશ કૃતાર્થ મને કર્યો. ૫૬

કડવું ૧૭ મું.

बाप आगळ दुर्योधनो बळापो.

રાગ મેવાડો.

દુર્યોધન-દુઃખ કહેવા શકુની જઈ ધૃતરાષ્ટ્રનિ પાસજી,
ઓલીપેલી વાત કરી ઉચર્યો નાંખી નિશ્વાસજી. ૧
હે નૃપ આ દુર્યોધનનું તન છેક તવાઇ ગયુંછેજી,
રુધિર રહ્યું નથિ રેશ અરે વપુ પાંડુરવર્ણ થયુંછેજી! ૨
જ્યારથિ સમૃદ્ધિ જોઇ પાંડવની, ત્યારથિ શું થયું તેનેજી,
તે નથિ સમજાતું હે નૃપતે, અસુખ દિસે છે એનેજી. ૩

શકુનિ કહ્યું સુણિને ધૃતરાષ્ટ્રે પૂછ્યું દુર્યોધનનેજી,
શી ચિંતા છે હે સુત તારે, શું દુખ છે તન મનનેજી? ૪
છે આ મોટા રાજ્યતણી સમૃદ્ધી સ્વાધિન તારેજી;
છે ભાઇ સ્નેહિ સગા વશ તારે, ને વૈભવ છે ભારેજી. ૫
હે દુર્યોધન મન ગમતાં પટભૂષણ તું તન ધારેજી,
ઉત્તમ આહાર વિહાર કરે છે, સર્વ મનોરથ સારેજી. ૬
જાતવંત રેવંત ઘણા તુજ માટે છે તૈયારજી;
શય્યા ગૃહ સુંદર છે સુખકર, છે નક્ષત્રશિ નારજી. ૭
દુર્લભ કાંઇ નથી અહિં તારે, મળેછે સુખ મુખમાગ્યુંજી,
તેમ છતાં કેમ દીન થયો છે, છે મન કયમ તુજ ભાગ્યુંજી?૮
કારણ તુજ દુખનું હું કંઇપણ જોતો નથિ નિર્ધારજી;
વસુધાનો વાસવ છે તું સુત, જો હું કરૂંછું વિચારજી. ૯
તાત કહ્યું સુણિ આપ્યો ઉત્તર દુર્યોધને તવ એવોજી,
વસુધામાં વૈભવ છે મારો નપુંસક નરના જેવોજી! ૧૦
અરિનું તેજ સહન જે ન કરી કરે પરાભવ એનોજી,
પુરુષ ગણાયે તે પૃથ્વીમાં સ્તુત્ય વિભવ છે તેનોજી. ૧૧
સમૃદ્ધી અભિમાન વડાઈ જે નૃપ ચિતથી ચહાયજી,
તો તેણે સંતોષ દયા ભય તજવાં તાત સદાયજી. ૧૨
સમૃદ્ધી મોટી જોઇ છે મેં યુધિષ્ઠિરની રાજંનજી,
ત્યારથિ પહેરવું ઓઢવું ન ગમે, ભાવે નવ ભોજંનજી! ૧૩
પાંડવવૈભવ આગળ મારો વૈભવ જોઇ તુચ્છ માત્રજી,
તન ઉપજ્યો છે તાપ ઘણો, અતિ શુષ્ક થયાં છે ગાત્રજી.૧૪
વિપ્ર અઠ્ઠાશી સહસ્ર યુધિષ્ઠિર પોષેછે નિત્ય પ્રીતેજી;
પ્રત્યેક વિપ્ર સેવામાં ત્રિશ ત્રિશ ચાકર છે એક રીતેજી.૧૫
અયુત વિપ્ર સોનાનાં પાત્રે નિત્ય જમેછે ઘરમાંજી;
ખાનપાન સન્માનતણું સુખ લેછે અતિ આદરમાંજી. ૧૬
દેશોદેશતણા નૃપ ભેટો ભૂપ યુધિષ્ઠિર સારૂજી—
અપાર અનુપમ લાવ્યા'તા તે, આ મુખથી શું વિસ્તારૂંજી! ૧૭

જન્મ ધરી નવ જોઇ કદી સ્વપ્નામાં પણ જે નાવીજી,
ભેટો તેવી ભાળી મેં બહુ, શકુ નવ તે સંભળાવીજી, ૧૮
લેવા ભેટો ભૂપતિઓની રહ્યો હતો હું તાતજી,
પણ ગણત્રી કરિ ન શક્યો તેની, ઉપજી મને અશાતજી. ૧૯
યજ્ઞ વિષે આ'વી આવક નથિ દીઠિ સુણી કો ઠારજી;
અસંખ્ય ધન આવક જોઇ અરિની, ઊઠે ઉર અંગારજી. ૨૦
ન્હાના નૃપ મોટા વ્યાપારી ને સારા કૃષિકારજી,
ત્રીશ અબજ ધન દેવા ધર્મને ધક્કા ખાતા દ્વારજી! ૨૧
સુવર્ણઘટમાં ગોવાળો મોગરાશું ઘૃત લાવ્યા'તાજી,
બાહર તે તપતા'તા પણ માંહિ જાવા નવ ફાવ્યા'તાજી. ૨૨
નજરાણા નાનાવિધ ભેટો લઇને ભૂપ હજારોજી,
દ્વારપાળને કહેતા ધન દઇ, 'રે ભાઇ વગ કર મારોજી.' ૨૩
પ્રત્યેક ભૂપે યુધિષ્ઠિરને જે કર્યું મોટું નજરાણુંજી,
પાર ન તેનો પામિ શકું કેહિ, આ મુખથી શું વખાણુંજી! ૨૪
સુવર્ણ શિક્કા અસંખ્ય અને હીરા મોતી પરવાળાંજી,
ચંદ્રકાંતમણિ સૂર્યકાંતમણિ કરે તિમિર અજવાળાંજી; ૨૫
ઇંદ્રનીલમણિ વૈદૂર્યમણી આદિક રત્નો તાતજી,
નજરાણામાં અપાર અપાયાં, અરે કહું શી વાતજી! ૨૬
હય હસ્તી ને સુવર્ણરથો શસ્ત્રો અસ્ત્રો અતિ સુંદરજી,
ભેટ અપાયાં યુધિષ્ઠિરને બહુ, કરે પ્રશંસા પુરંદરજી. ૨૭
ઉત્તમ અંચળતાકા, ચર્મો ચારૂ ચિત હરનારાંજી,
નાનાવિધ પક્ષી મનમોહક, સ્વરૂપ સ્વરે બહુ સારાંજી, ૨૮
એ સૌ ભેટ હવાં ભૂપતિને, અમૃતફળ ને મેવાજી;
કિન્નર ને ગંધર્વો ભેટો લાવ્યા હતા ત્યાં દેવાજી. ૨૯
ધર્મતણા અભિષેક વિષે ધૌમ્ય વ્યાસ અસિત ને નારદજી,
પરશુરામ દેવલઋષિ આદિક આવ્યા શાસ્ત્ર વિશારદજી. ૩૦
તવ ધર્મ ઉપર સાત્યકિએ ત્યાં ધર્યું હતું શુભ છત્રજી;
સાહ્યા'તા કરમાં પંખા ભીમ પાર્થે પ્રેમે તત્રજી. ૩૧

નકુલ અને સહદેવે ચામર ગ્રહ્યાં હતાં બહુ બેશજી;
શોભા એહ સમયની સુંદર વર્ણી ન શકે શેષજી. ૩૨
હેમે મઢેલો વરુણ-શંખ ભરિ તીર્થોદકથી ત્યારેજી,
કૃષ્ણે અભિષેક કર્યો ધર્મને, ઉરને શુભ ઉદ્દગારેજી. ૩૩
તાવ મને તતડી આવ્યો તવ, મોહ ઘણો હું પામ્યોજી;
જિવમાં જંપ ન ઉપજ્યો જરિયે, વપુમાં હું ન વિરામ્યોજી! ૩૪
શ્રેષ્ઠ બ્રાહ્મણોને પછિ પાર્થે ઉરમાં અતી ઉમંગીજી,
સુવર્ણશૃંગી આપી ગાયો અર્ધ હજાર સુરંગીજી. ૩૫
ધર્મદાન દીધું જે દ્વિજને તેનું થાય ન લેખુંજી;
એ આગળ રાંકસમા આપણ પૂર્ણ દરિદ્રી પેખુંજી. ૩૬
મનુ માંધાતા રંતિદેવ નાભાગ નહૂષ યયાતાજી,
ભગિરથ પૃથુ આદિકની આ'વી નહતી જગમાં ખ્યાતીજી. ૩૭
કરી રાજસુય ધર્મ ગણાયા, હરિશ્ચંદ્ર નૃપ જેવાજી,
તે પરિતાપ અરે હે તાત, સમર્થ નથી હું સહેવાજી. ૩૮
એમ કહી મયસભાવાત વીતેલી, કહિ વિસ્તારીજી;
નિજ ઉપહાસ તણું દુખ દાખી, રોષ જણાવ્યો ભારીજી. ૩૯

વલણ.

ભારી રોષ જણાવિયો, ધિક્કારી નિજ જાત;
પાડિશ પિંડ હું સર્વથા, દાખ્યો એમ પરિતાપ રે. ૪૦

કડવું ૧૮ મું.

પિતા પુત્રનું સંભાષણ અને દ્યૂતસભાની યોજના.

રાગ વેરાડી.

પુત્ર તણો પરિતાપ સુણી, ધૃતરાષ્ટ્ર વધ્યા તેવાર,
અજાત શત્રુ યુધિષ્ઠિરનો સુત, મા કર દ્વેષ લગાર- ૧

દ્વેષ મૃત્યુનું દ્વાર અરે છે, તેનો તું કર ત્યાગ;
કેવળ કિલ્વિષ રહિત ધર્મ છે, ઉદાર અતિ મહાભાગ. ૨
જો તેના શુભ યજ્ઞ વિષે, નિજરૂપ તને પ્રિય ધારી,
આપ્યો'તો અધિકાર ભલો, ભેટો લેવાનો ભારી. ૩
તારો દ્વેષ ન કરે સ્વપ્નમાં, તેનો મા કર દ્વેષ;
સર્વે રિતે હે સુત તું પણ છે, તે સરખો બહુ બેશ. ૪
ઈર્ષ્યા કરવી રંચ ઉચિત નથિ, તારે તેની ભ્રાત,
કર તું મખ તેના જેવો શુભ, નવ ધર હૃદય અશાત. ૫
માન તને તેની પેઠે નૃપ, દઈ સૌ ભેટો દેશે,
ચહિશ એમ કરવા તો તું પણ, લહાવો તેવો લેશે. ૬
આમ છતાં સુખ અરે પુત્ર તું, હરવા ઈચ્છિશ એનું,
તો પરિણામ ભયંકર નિશ્ચય, દેખિશ હે સુત તેનું. ૭
પરધનઇચ્છા નેષ્ટ અરે છે, વિપરિત ફળ છે એનું;
સદુદ્યોગથી મેળવિ હે સુત, રક્ષણ કરવું તેનું. ૮
નિજધનમાં સંતોષે જે રહિ, પરનું દેખિ ન દાઝે,
સાચો તે સુખિ જાણ જગતમાં, છત તેની બહુ છાજે. ૯
પાંડવ પાંખો છે શુભ તારી, તે કાપિશ મા ભ્રાત,
ત્યમ તે નવ કાપે કૌરવરુપિ નિજની ત્યમ કર તાત ! ૧૦
તુંને તે જૂદા નવ જાણિશ, મૂળ એક છે એનું;
શંતનુંવૃક્ષ તણી છો ડાળો, છો ભૂષણ શુભ તેનું. ૧૧
તેનું તે પરનું નવ પેખિશ, પણ પોતાનું માન;
દ્વેષ કરી દૂષણ પૂર્વજમાં આણિશ મા મતિમાન ! ૧૨
તને ગમે તો યજ્ઞ ભલે કર, દે દાનો તજિ ભ્રાંતિ;
અનુભવ કર મનગમતા સુખનો, ને ધર મનમાં શાંતિ. ૧૩
તાતવચન સુણિ કહે દુર્યોધન, તીર્થરૂપ તે તાત,
આપે કહિ તે બધી ઠીક છે સમજાવ્યાની વાત ! ૧૪
જેમાં નિજ બુદ્ધી નવ હોયે, ને શાસ્ત્રો બહુ જાણે,
તે નવ અર્થ લહે, જ્યમ કડછી ખિરનો સ્વાદ ન જાણે. ૧૫

આપ આમ જાણોછો તોપણ શીખામણ દઈ મુજને,
મિથ્યા મોહ પમાડો શાને, વધારવા ઉર રુજને. ૧૬
નિજસ્વાર્થતણી ગમ નથિ તમને, કે છે મુજપર દ્વેષ,
તેથી હે શિરછત્ર તમે દ્યોછો અવળો ઉપદેશ. ૧૭
લૌકિક રીતિ થકી છે ન્યારી રાજરીતિ હે તાત,
બૃહસ્પતિનિતિમાં એમ લખ્યું છે, જે છે જગ વિખ્યાત. ૧૮
સાવધાન રહિ રાજાઓએ, અર્થ વિસ્તારજ કરવો;
જય કરવામાં ધર્મ અધર્મ તણો નવ ધોખો ધરવો. ૧૯
કયમકે જય છે તત્વ નૃપો ' જિવિકા જશ દેનાર,
જય વિણુ લય થાયે આ જગમાં નરપતિનો નિરધાર. ૨૦
પ્રકાશ કિંવા ગુપ્ત ઉપાય કરે શત્રુનો નાશ,
તે સાચું શુભ શસ્ત્ર જાણવું, જે ઉપજાવે ત્રાસ. ૨૧
અરિપણું રાખે તેજ શત્રુ છે એમ નથી હે તાત,
પણ અરિ તે પણ છે જેને જોઇ ઉપજે ઉર સંતાપ. ૨૨
અસંતોષ છે સમૃદ્ધી મેળવવાનું શુભ મૂળ;
છે સંતોષ સદા રાજાને કરનારો નિર્મૂળ. ૨૩
માટે હું પાંડવની લક્ષ્મી લેવા ચિત્ત ચહું છું;
વધારવા મહિમા મુજકેરો અસંતોષિ નૃપતિ રહું છું. ૨૪
જે નૃપ નિજ ઐશ્વર્ય દ્રવ્યમાં મમતા તાત ન રાખે,
તો તેનું સર્વસ્વ હરી અરિ નિશ્ચય દુખમાં નાંખે. ૨૫
પૂર્વે ઇંદ્રે નમુચી નામે દાનવને નિર્ધાર,
દ્વેષ ન કરવા વચન આપિ શિર છેદ્યૂં હતું તે વાર. ૨૬
એથી એમ જણાયે નિશ્ચય કપટ કરી અરિ હણવા,
મળે લાગ તો કણસાં પેરે લોભ રાખિને લણવા. ૨૭
સમાનકેરી કરી ઉપેક્ષા મનમાં રહે નિશ્ચિંત,
તો તે વધતા રોગ રિતે આણે પછિ એનો અંત. ૨૮
જ્યાં સુધિ વૈભવ પાંડવનો મેં જોયો ન હતો બાપ,

---

૧૬ રુજ—રોગ.

ત્યાં સુધિ મન નિશ્ચિંત હતો, જોઇ પામ્યો ઉર પરિતાપ. ૨૯
માટે નિશ્ચય મેં કીધો છે હે મહારાજા એવો,
લેવી લક્ષ્મી પાંડવની, વા દેહ યુદ્ધમાં દેવો ! ૩૦
કયમ કે તે વૃદ્ધી પામે ને ક્ષીણ અમારે થાવું,
ધિક્ધિક્ જિવવું એવું મારૂં, કાં ન મરી ઝટ જાવું ! ૩૧
સમય સાધિ શકુની ઉચર્યો તવ, ભ્રાત ભાણ મા આમ,
સમૃદ્ધી જોઇ ધર્મ તણી પરિતાપ પામ નવ નામ. ૩૨
કયમકે તે દ્યૂતે કરિને હરવાને હું છું સમર્થ;
તેડો અહિં તેને તજિ ચિંતા, આપું સાધી અર્થ. ૩૩
શકુનિ કહ્યું સુણિને દુર્યોધન વદ્યો ન કરતાં વાર,
હે પિતુ આ મામા છે મારા દ્યૂતે પ્રવિણ અપાર. ૩૪
માટે તે દ્યૂત વિષે લક્ષ્મી પાંડુ પુત્રની હરશે,
આપો આજ્ઞા તેમ થવાની સર્વ મનોરથ સરસે. ૩૫
કહે ધૃતરાષ્ટ્ર હરેક કામ હું પૂછિ વિદુરને કરૂંછું;
સંમતિ તેની વિણ હે સુત, ડગલું નવ એક ભરૂંછું. ૩૬
માટે મળિ તેને હું નિશ્ચય કરિશ ઉચિત કરવાનો;
દુર્યોધન કહે ત્યારે તો દિન તરતજ ફટ ફરવાનો ! ૩૭
કયમકે તે ફેરવશે આપનિ, બુદ્ધી ઝટ મહારાજ,
એથી આપ સુતોનાં સઘળાં, સુધર્યા ગણજો કાજ ! ૩૮
અરે વિદુર પાંડવનો વગિયો છે તે શું નવ જાણો ?
કૌરવનો છે કપટિ હિતેચ્છુ, ઉરમાં કયમ નવ આણો ! ૩૯
સંમતિ એમનિ લેવામાં, સુતનો સ્વારથ સૌ ખોશો;
કપટી મિત્રશું મંત્ર કર્યે, જોખમ એમાં પછિ જોશો. ૪૦
પર બુદ્ધીએ કોઇ કાર્ય, કરવું નવ કહિયે ફાવે;
કયમકે મત એના મળતા નવ, તાત કદાપી આવે. ૪૧
નિજ ધારેલું કાર્ય દોષ ગણિ, પાછળથી જે ન કરે;
ને નિજ દેહતણું રક્ષણ ચહિ, ચિંતા બીજી ન ધરે. ૪૨
તે વર્ષાઋતુમાં ભીંજેલા, કરિ હરિ પેઠે તાત,

---

૪૩. કરિ–હાથી. હરિ–સિંહ.

ખેદ ધરેછે અચિત ચિત્તમાં, નથી નવિન એ વાત. ૪૩
વપુને જ્યાંસુધિ રોગ મૃત્યુએ, કર્યો ન હોયે સ્પર્શ,
શૂર નરે ત્યાંસુધિ કરિ સાહસ, કરવો નિજ ઉત્કર્ષ. ૪૪
ઉચર્યા તવ ધૃતરાષ્ટ્ર, પુત્ર તું માન શિખામણ મારી,
બળિયા સાથે વૈર કરી મા કલેશ વધારિશ કારી. ૪૫
દ્યૂતરૂપી દવ લગાડવામાં, લાભ ન લેખિશ ભ્રાત,
અનર્થનો અગ્નિ તે છે સુત, વધૂ કહું શી વાત! ૪૬
અર્થ સાધવા માંહિ અનર્થ, નથી ગણુતો હું તાત,
નળાદિ દ્યૂત રમ્યા'તા હે નૃપ, છે નહિ છાની વાત. ૪૭
માટે શકુની વાત માન્ય કરિ, દ્યૂત રમત રમવાને—
સભા રચાવો શ્રેષ્ઠ અત્ર, અરિ દાવ થકી દમવાને. ૪૮
સમજાવ્યો બહુ બહુ રીતે, ધૃતરાષ્ટ્રે દુર્યોધન,
ટપ ટપ ઉત્તર આપ્યા તેના, પણ નવ માન્યું મંન. ૪૯
ભાવિ પ્રબળ ગણિ ધૃતરાષ્ટ્રે, તવ કરવા પુત્ર પ્રસન્ન,
બોલાવ્યા શિલ્પી બહુ તરતજ, રચવા દ્યૂતભવંન. ૫૦
આજ્ઞા આપી ધૃતરાષ્ટ્રે પછિ શિલ્પિ સર્વને એવી,
કરો સભા સત્વર હે ભાઇઓ, હું તમને કહું તેવી. ૫૧
સો દરવાજા સહુસ્ર સ્તંભો, તે મણિ માણકવાળી,
ગાઉ એક વિસ્તાર તણી, રચિ આપો સભા રૂપાળી. ૫૨
શિલ્પિ હજારો સભા કામમાં, વળગ્યા આળસ ટાળી,
સ્વલ્પ સમયમાં કરી શ્રેષ્ઠ, કારીગરિમાં હદ વાળી. ૫૩

વલણ.

વાળી હદ અપરાધના, સ્થાન તણી નિર્ધાર;
વૈરવૃક્ષનું થાણું તે થયું અરે તૈયાર રે. ૫૪

કડવું ૧૯ મું.

દ્યૂતસભામાં યુધિષ્ઠિરનું આગમન.

રાગ ચોપાઇ.

દ્યૂત સભા જવ થઈ તૈયાર, તેડયા વિદુર નૃપે તે વાર;
ઉચર્યા પછિ આદર દઇ એમ, ભ્રાત કરો હું કહું અહિં તેમ. ૧
ઇંદ્રપ્રસ્થમાં જાઓ જરૂર, શંકા ત્યાગ કરી હે શૂર!
તેડી લાવો યુધિષ્ઠિર અહીં, કહું ત્યમ વચનો તેને કહી. ૨
ઉત્તમ સભાભવન આ સમે, કર્યું છે કોડ ધરીને અમે;
તે જોવા સૌ ભ્રાત સમેત, ચાલો ત્યાં ઉરમાં ધરિ હેત. ૩
જુવો સભા તે જુગતે કરી, માણો મોજ બહૂ મન ભરી;
રમો દ્યૂત ત્યાં રૂડી રીત, અંતરમાં પૂરણ ધરિ પ્રીત. ૪
આ રિત કહિ મુજવતિ અતિ તત્ર, લાવો યુધિષ્ઠિરને પ્રિય અત્ર;
અજર કરો મા એમાં હવે, શુભ થાશેજ તમો ત્યાં જવે. ૫
વિદુર વધા તવ તેણી વાર, હે નૃપ દ્યૂત વિષે નથિ સાર;
આજ્ઞા આપતણી મુજ મને, મહા ભયંકર લાગે મને. ૬
આ આજ્ઞા આપતણી રાય, ઠીક નથી સમજો સુખદાય;
થશે એથિ મોટો અન્યાય, દ્યૂત વિષે નવ હોયે ન્યાય. ૭
રે છે દ્યૂત અનૃતનું મૂળ, એથી વંશ થશે નિર્મૂળ;
કલહ કલેશ કરુકુળમાં થશે, સંપ જંપ જડથી નૃપ જશે. ૮
પછિ ધૃતરાષ્ટ્ર વધા તે વાર, દૈવ લખ્યું જરિ નથિ મટનાર;
ભીષ્મ દ્રોણ પાસે અહિં હશે, નવ અન્યાય એથિ કહિ થશે. ૯
તમે અને હું રહિશું પાસ, એથી ખચિત ન થશે ખટાશ;
માટે યુધિષ્ઠિરને હે વીર, બોલાવી લાવો ધરિ ધીર— ૧૦
આજ્ઞા માન્ય કરી એ વાર, વિદુર ગયા નવ કરતાં વાર;
ઇંદ્રપ્રસ્થ જઈ પહોંચ્યા આપ, અંતરમાં પામી પરિતાપ. ૧૧

---

૮ અનૃત—અસત્ય.

મળ્યા યુધિષ્ઠિરને મતિમાન, પામ્યા પૂર્ણ ત્યહાં સન્માન;
વિદુર ઉદાસ દેખિ કહે ધર્મ, છો કયમ આમ આપ કહો મર્મ. ૧૨
અસ્થિર કેમ દિસો છો આપ, ભાસો છો ભરિયા સંતાપ;
રે આનંદ તમોમાં નથી, શું કારણ છે કહો તે કથી? ૧૩
નૃપ ધૃતરાષ્ટ્ર તણા સુત સર્વ, છે વશ તેઓને વિણગર્વ,
કે તે છે ખેદિત તે થકી? કહો મુજને મન મૂકી નકી. ૧૪
વિદુરે કહ્યું ત્યાં છે સૌ સુખી, નૃપ નથિ કો વાતે પણ દુખી;
કહાવિ કુશળતા નિજ ભલિ ભાત, પૂછાવી છે તમ તણિ ભ્રાત! ૧૫
વળિ ધૃતરાષ્ટ્રે કહ્યું છે એમ, પૂરણ મુખથી જણવી પ્રેમ;
હે સુત વહેલા અહિં આવજો, ભ્રાત ભલા સાથે લાવજો. ૧૬
સભા તમારા સરખી અમે, કરી છે આવિ જુઓ તે તમે;
ત્યાં દુર્યોધન આદિક સાથ, રમો તભાવે ભલિ ભાત. ૧૭
કુરુવંશી સઘળા રાજાન, આવ્યા છે અહિં દેવા માન;
માટે જરૂર તમે આવજો, ભ્રાત સહિત મુજને ભાવજો. ૧૮
સંભળાવી નૃપની આજ્ઞાય, વળતી વિદુર વદ્યા હે રાય,
આવ્યા છે કપટી રમનાર, જુઓ આવિ ત્યાં તે નિર્ધાર. ૧૯
ઉચર્યા ધર્મ તદા નૃપ એમ, આજ્ઞા માન્ય કરૂં આ કેમ?
દ્યૂત વિષે છે દોષ હજાર, ઉપજે કલેશ એથિ અવિધાર. ૨૦
દોષમાર્ગ દેખી એ દૃષ્ટ, હાથે કરિ ઉપજાવા કષ્ટ,
ઇચ્છા કોણ કરે તે તણી, ભાખો વિદુર ભલા નરમણી. ૨૧
એમ છતાં એ કાર્ય અયોગ્ય, તમને લાગતું હોયે યોગ્ય,
તો કહો ત્યમ કરિયે આ વાર, છો હિતકર શુભ સર્વ પ્રકાર. ૨૨
વિદુર વદ્યા તવ હે નૃપ શ્રેષ્ઠ, અનર્થ મૂળ દ્યૂત છે નેષ્ટ;
જાણુંછું પણ નથિ ઉપાય, સમજાવ્યા સમજ્યા નહિ રાય. ૨૩
હઠ કરિ મોકલિયો અહિં મને, આવ્યો અણુ ચાલે તમ કને;
માટે શ્રેય તમારો થાય, તેમ કરો ત્યાગી ચિંતાય. ૨૪
ધર્મ કહે કૌરવ વિણ તત્ર, છે કોણ રમનારા કહો અત્ર;
નામ નિવેદન તેનાં કરો, પીડ હૃદયની સૌ પરહરો. ૨૫

વિદુર કહે જુગટામાં રાય, જે કોથી પણ નવ જીતાય;
નાંખે દાવ ધાર્યા જ વિચિત્ર, એવા છે શકુની પુરુમિત્ર. ૨૬
ચિત્રસેન જય ને વિવિંશતિ, છે તેવા કપટી મહામતિ;
માટે મન માને ત્યમ કરો, પૂર્ણ વિચારીને પગ ધરો. ૨૭
ધર્મ વદ્યા તવ હે ધીમાન, છે રમનારા કપટિ મહાન,
તો ત્યાં આવી હું શું કરૂં, પાપપંથમાં કયમ પગ ધરૂં? ૨૮
રે ભવિષ્ય નવ ભૂલે કદી, જ્ઞાની પણ ભૂલે છે તદા;
કાકાને મતિ સૂઝી આમ, અનુચિતને ગણિયું અભિરામ ! ૨૯
તો તે તાતસમાની ખરે, આજ્ઞા કેમ ઉલંઘું અરે !
દૈવાધિન છે આ જગ સર્વ, તો કયમ ડહાપણનો ધરૂં ગર્વ? ૩૦
થ ા કાળ તે નિશ્ચે થશે, જવા કાળ રહેશે નવ કશો;
માટે મન ધોંખો નહિ ધરૂં, આદર નૃપ આજ્ઞાનો કરૂં. ૩૧
યુદ્ધ અને ઘૂત વિષે મને, બોલાવે કોઈ પણ કને,
તો તેને ના કહેવી નહીં, છે સંકલ્પ સદા મુજ સહી. ૩૨
એમ કહી ધર્મે તે વાર, નૃપ આજ્ઞાનો કરી સ્વિકાર;
જવા હસ્તિનાપુર નિર્ધાર, કર્યા પ્રધાનાદિક તયાર. ૩૩
બીજે દિન પરિજન પરધાન, સેના વિપ્ર સહિત મતિમાન,
ભાઈઓ દ્રૌપદિ સાથે આપ, નિસર્યા નગર થકી નિષ્પાપ. ૩૪
પંથે વિદુરશું કરતા વાત, ભાવી ભૂલે નહિ કશિ વાત!
સૂર્યતણો આવતો પ્રકાશ, કરે નેત્ર દૃષ્ટીનો નાશ. ૩૫
રે ત્યમ પૂર્વ જન્મનું કર્મ, હણિ બુદ્ધી ઉપજાવે અધર્મ;
બળ કરિ બાંધેલા જન પેઠ, વહે વિધાતાની સૌ વેઠ. ૩૬
વિચાર વાતો કરતા આમ, વિદુરસાથ પોતે ગુણગ્રામ,
આવ્યા કૌરવના પુરમાંય, મળ્યા સગા સ્નેહીને ત્યાંય. ૩૭
કુશળ વારતા પૂછી કહી, ઉતર્યા શુભ ભવને સ્થિર થઈ;
પરુણાચાર થયો શુભ પેર, મહિપતિએ જણાવી બહુ મહેર. ૩૮

---

૩૨ ઘૂત માટે તથા યુદ્ધ માટે રાજાને કોઈ બોલાવે તો તેને ના કહેવી નહિ, એવો રાજાનો ધર્મ છે. એમ મનુસ્મૃતિ વગેરેમાં પણ કહેલું છે.

દ્રૌપદિવિભવ નિરખિ તે વાર, હે નૃપ કૌરવની સૌ નાર,
ઝાંખી થઇ પામી પરિતાપ, અરે ! કહી નિંદ્યું બહુ આપ. ૩૯
એવો સહિત પાંડવ તે ઠામ, પામ્યા સુખ ગમતું અભિરામ;
સુખે નિર્ગમી સઘળી રાત, ઊઠયા પછિ જ્યાં થયું પ્રભાત. ૪૦

વલણ.

પ્રભાતમાં ઊઠયા પછી, કરિ સંધ્યાહ્નિક કર્મ,
દ્યૂતસભામાં સંચર્યા, ભ્રાત સહિત નૃપ ધર્મરે. ૪૧

કડવું ૨૦ મું.

દ્યૂતમાં રાજ્ય ભાઈઓ પોતે અને પાંચાલીનો પરાજય.

રાગ· રામગ્રી.

વૈશંપાયન કહે સુણુરાયજી, આવ્યા પાંડવ દ્યૂતસભાયજી;
મળ્યા ત્યાં મહિપોને સુરીતેજી, પૂજ્યા પૂજ્યજનો શુભ પ્રીતેજી. ૧

ઢાળ.

પ્રીતેથિ પૂજન કરિ સુવૃદ્ધનું, હાખિ પૂર્ણ વિવેકને,
બેઠા ઉચિત શુભ આસનો પર, સમજિ નૃપના નેકને. ૨
ઉચર્યો તદા શકુની ત્યહાં, હે યુધિષ્ઠિર નૃપ આ સમે,
રમવા તમોશું દ્યૂત પટ અહિં પાથર્યું છે આ અમે. ૩
માટે રમો રાજી થઈ સંશય ન એ માંહે કરો;
ધીમંત દૃઢ ઉત્સાહથી પાશા સુપાણુ વિષે ધરો. ૪
ઉચર્યા યુધિષ્ઠિર તવ અરે શકુની તમોને શું કહું,
છે છળતણું એ કામ, પાપ ભર્યું, ન હું એને ચહું. ૫
જેમાં પરાક્રમ કંઇ નથી, પણ છે અનીતી અતિ ઘણી,
તો તે રમત આ દ્યૂતની રમવા કહો છો કયમ ગુણી ! ૬
દીધો ઉત્તર તવ શકુનિયે, છે દ્યુત પરીક્ષા નર તણી,

જેમાં ચતુર ને મૂર્ખ ઝટ વર્ત્તાય છે હે નૃપમણી! ૭
ઘૂતે કુશળ જે હોય તે ઉત્સાહ રાખે તે તણો,
છે હારજિત પાસા વિષે નવ દોષ તે માંહે ગણો. ૮
શંકા તજી હે શૂર મૂકો મૂઠ અમુક મુકયું કહી,
શક્તી પ્રમાણે મૂકિયે ઉત્સાહથીજ અમે અહીં. ૯
ઉચર્યા તદા નૃપ ધર્મ એછે કર્મ કપટતણું સદા,
પાસે રમ્યાનું પાપ હું નહિ અંગિકાર કરૂં કદા. ૧૦
મુનિ શ્રેષ્ઠ આ શુભ અસિત રમવું બે પ્રકારનું કેહછે,
પાસાનું બીજું શાસ્ત્રના અભ્યાસ કેરૂં તેહછે. ૧૧
કપટિયો સાથે કપટ કરિ પાસાથિ રમવું નેષ્ટછે;
ધર્મથી યુધમાં જીતવું નૃપ સુજ્ઞને તે શ્રેષ્ઠ છે. ૧૨
હે શકુનિ વિપ્રો પાસથી અભ્યાસ કરવાને અમે—
કરિશું સદા શુભ યત્ન, વિદ્યાધન ન જીતાએ કયમે. ૧૩
સદ્ધર્મથી જય કરી સદ્ધર્મે સુવ્યય કરવા તણું—
ધન ઘત-ભૂત બળી વિષે દેવું વિગર્હિત છે ઘણું. ૧૪
લેવા હું એવું દ્રવ્ય લાલચ લેશ પણ નથિ રાખતો;
છે ઘૂત તૂત અધર્મનું નથિ એ વિષે અભિલાખતો. ૧૫
રે ઘૂત કપટવનું ન હોયે, પાપનો તે પંક છે;
ઉદ્યુક્ત એમાં થાય વિધિ જેનો ખરેખર વંક છે. ૧૬
ઉચર્યો તદા શકુની અરે મા આમ કુંતીસુત વદો,
વિદ્વાન જીતે મૂર્ખને, શું કપટકર્મતમે ગણો? ૧૭
વળિ અસ્ત્રવિદ્યામાં પ્રવિણ અપ્રવિણને જીતે જઈ,
બળવાન જીતે અબળને, નથિ કર્મ એ નિંદિત કંઈ. ૧૮
પાસાતણી રમતે કુશળ તે રીત જીતે અજ્ઞને,
નથિ નીચ કર્મ કદાપિ એ, પૂછો ભલા કો પ્રજ્ઞને. ૧૯
તોપણ તમે હાર્યાતણો ભય, રાખિ દોષ કદી ગણો,

---

૧૪ સુવ્યય-સારો ખર્ચ. ઘૂત-ભૂત—જુગારરૂપી ભૂત. જુગારરૂપી ભૂતના બળીદાનમાં સદ્ધર્મથી મેળવેલું ધન આપવું ઘણું વિગર્હિત (નિંદ્ય)છે.

તો ના રમો, પણ વ્યર્થ નિંદા દ્યૂતની શાને ભણો! ૨૦
ઉચર્યા યુધિષ્ઠિર તર્ત તત્ર, જન કોઇ કો પણ કામમાં,
બોલાવે મુજને પાસ, ધરિ ઉત્સાહ કો પણ ઠામમાં, ૨૧
તો કામ તે કરવાનિ ના નવ પાડવી મારે કદા,
પણ કરવું તે શિર મેલિ, છે વ્રત મારૂં હે શકુની સદા. ૨૨
છે પ્રબળ દૈવ્યતણું સદા, ધાર્યું વિધાતાનું થશે;
વશ થાઉંછું હું તેહને, હોવાનું તે હોયું જશે. ૨૩
છો કોણ મુજશું દ્યૂત અહિં રમનાર તે મુજને કહો;
મૂકો છ શું ધન દાવમાં, મુજ સાથ અત્ર તમે અહો! ૨૪
દુર્યોધને કહ્યું તર્ત ત્યાં, હે યુધિષ્ઠિર પૃથ્વીપતિ!
મૂકીશ હું ધન દાવમાં, રમશે શકુનિ અહિં મુજવતી. ૨૫
બોલ્યા યુધિષ્ઠિર બુદ્ધિનિધિ તવ, એ રિતી નથિ ન્યાયની;
રમનાર કોઇ ખમનાર કોઇ, છે એ રિતી અન્યાયની. ૨૬
તોપણ તમારી સર્વની, ઇચ્છા છે તો હું આ સમે—
ના પાડતો નથિ અત્ર, ચાલો રમત ચાલુ કરો તમે. ૨૭
તૈયારિ રમવાની થતાં ધૃતરાષ્ટ્ર અગ્રેસર કરી,
નૃપ આવિયા ત્યાં સર્વ, શોભા સ્વર્ગની તે સ્થળ ઠરી. ૨૮
વળિ ભીષ્મ દ્રોણ કૃપાળુ કૃપ ને વિદુર ધરિ સંતાપને—
આવ્યા ઉદાસ થઈ ત્યહાં, પેખવા પૂરણ પાપને. ૨૯
ઠરિ ઠામ સૌ બેઠા પછી ચાલૂ રમત હે નૃપ થઈ;
બોલ્યા યુધિષ્ઠિર આપ, હાર અમૂલ્ય દાવ ઉપર દઈ. ૩૦
આ મણિજડિત સુવર્ણહાર હું દાવમાં દઉંછું અહીં,
શું દાવમાં મૂકે છ દુર્યોધન, તરત તે દે કહી. ૩૧
દુર્યોધને કહ્યું મણિ અને ધન છે ઘણું મુજ પાસમાં,
સુખથી રમો જીતો તમે, ગણિ ઉણમ નવ રહો ત્રાસમાં! ૩૨
પાસા વિષે ત્યાં કુશળ શકુની નાંખિ પાસા ઊચર્યો,
જીત્યા અમે જોઇ લ્યો યુધિષ્ઠિર, છે દગો કંઇ પણ કર્યો? ૩૩
ઉચર્યો યુધિષ્ઠિર અસાવધ હું છતાં દાવ રમી ગયો,

ચિન્તા નહીં હે ગર્વિ, નથિ એક ગ્રાસમાંહિ જમી ગયો! ૩૪
સોના રૂપાથી પૂર્ણ છે ભંડાર જે શુભ માહરો,
મૂકુછું તે હું મૂઠમાં, અભિલાષ પુર તું તાહરો. ૩૫
સુણિ ધર્મવાકય અધર્મિયે પાસા ફરી નાંખ્યા તહીં;
જીત્યા અમે જોઇલ્યો તમે, આ પડયા છે પાસા અહીં. ૩૬
રથ વાહનો સુવિચિત્ર, દાસી દાસ અશ્વો હસ્તિઓ,
સેના અને શુભ વસ્તુઓ મોઘી ઘણી ગણિ સસ્તિયો, ૩૭
મૂકી પછી ત્યાં મૂઠમાં, જુગટા વિષે હારી ગયા,
દેખી અનર્થ થતો વિદુર વ્યાકુળ ઘણા ચિતમાં થયા. ૩૮
વિદુરે કહ્યું ધૃતરાષ્ટ્રને હે રાય, કહું શું આ સમે,
મરવા પડેલાને સુઔષધ ગુણભર્યું પણ ના ગમે, ૩૯
ત્યમ મુજ વચન હિતનાં છતાં પણ આપને ગમશે નહીં,
તોપણ કહુંછું અત્ર, ધરજો ધ્યાનમાં ધીરે રહી. ૪૦
આ દુષ્ટ દુર્યોધન શિયાળનિ પેઠ જન્મસમે ખરે,
રડિયો હતો કુળનાશ કારણ, તે સમય આવ્યો અરે! ૪૧
માટે હવે પરિત્યાગ એનો ત્યાગિ મોહ તમે કરો;
અંગારકુળનો આપ કરતો તાપ પાપ કરો પરો. ૪૨
જ્યમ મદ્યનો પીનાર મદ્ય પિવા સમે હે ભૂપતી!
નથિ જાણતો શબ થઇ પડિશ, શુધશાન રહેશે નહિ રતી. ૪૩
દ્યૂતેથિ ત્યમ ઉન્મત્ત દુર્યોધન અરે નૃપ આ સમે,
નથિ જાણતો નિજ નાશ પાંડવથી થશે ચેતો તમે. ૪૪
જ્યમ ભોજકુળના યાદવોએ કાળરૂપી કંસનો—
કરિ ત્યાગ કૃષ્ણ કરે કપાવ્યો, કલેશ જાવા વંશનો. ૪૫
ત્યમ આપ અર્જુનને કહો ઝટ નાશ કરવા એહનો,
સુખ ચહો જો બહુ વર્ષ ભરૂંસો રાખિ કૌરવદેહનો. ૪૬
આ દ્યૂતમાં ધન જેટલાની આશ હતિ તે છે ફળી,
તોપણ હજી તૃષ્ણા ધરી શા માટે ઉપજાવો કળી? ૪૭
આપી ઘણાં દૃષ્ટાંત સમજાવ્યા વિદૂરે નરપતિ,
પત્થર ઉપર પાણી પડ્યાસમ રે થયું, શું કહું અતિ? ૪૮

વાંકું ભણી દુર્યોધને અપમાન વિદુરતણું કર્યું,
વર્ણવું તે શું અત્ર, છે અતિ નિંદ્ય હે નૃપ તે નર્યું. ૪૯
તોપણ સહન કરિ સર્વ વિદુરે બોધ બહુ રીતે કર્યો;
પાસા ધરી કરમાં પછી શકુની ખુંખારી ઊચર્યો. ૫૦
હે યુધિષ્ઠિર પાંડવતણું સૌ દ્રવ્ય હાર્યા છો તમે,
હાર્યા વિનાનું હોય તે કહો, ને મુકો સુણિયે અમે. ૫૧
નૃપ યુધિષ્ઠિર કહે હે શકુનિ, પુછવાની શી પંચાત છે?
છે ધનપરાર્દ્ધથિ પણ અધિક મુજ, હજિ શું હૃદય અશાત છે! ૫૨
લે તે મુકુંછું દાવમાં, પાસા તું નાંખ થઇ સવે;
શકુની તરત તે જીતિ કહે નૃપ, કહો પણ કંઇ છે હવે! ૫૩
સિંધૂથિ પર્ણાશા નદી સુધિનાં બધાં મારાં પશુ,
કહે યુધિષ્ઠિર દઉં દાવમાં, એમાંથિ રાખું નવ કશું. ૫૪
દઈ દાવ શકુની ઊચર્યો, એ પણ અમે જીત્યા સહી;
પુર દેશ આખું રાજ્ય હાર્યાં અનુક્રમે એ રીત તહીં. ૫૫
પટભૂષણો ને પુત્ર સૌ હાર્યા પછી હે નૃપ તહીં,
મૂકયો નકુળને મૂઠમાં, "આ ભ્રાત મૂકુંછું" કહી! ૫૬
તે હારિ જઇ સહદેવને માંડ્યો નૃપે ત્યાં દાવમાં;
એ હારતાં શકુની વદ્યો, ઘૃત નાંખવા 'દુખ-દાવમાં. ૫૭
હે ભૂપ આ બે ભ્રાત મૂકી મૂઠમાં હાર્યા અહીં,
'ઓરમાઇ તે વેરવાઇ' આ સંસાર સૌ કહે છે સહી. ૫૮
માટે સગા બે ભ્રાત મૂકો દાવમાં તજિ આંતરો,
અહિં તોજ શુભ રામભાવ સૌ નૃપ આપનો જાણે ખરો. ૫૯
સુણિ વજ્રસૈરખું વચન મન અતિ વ્યથિત થયું નૃપ ધર્મનું,
ઉચર્યા અરે ઓ પાપિ! મા વદ વચન આવું મર્મનું. ૬૦
છે ભીમ અર્જુન બે ભુજા મુજ, નકુળ સહદેવ નેણ છે,
પડશે ન એમાં ભેદ તુજથી, વ્યર્થ તારાં વેણ છે. ૬૧
કહિ એમ પરમ પરાક્રમી પછિ પાર્થ મૂકયો દાવમાં;

---

૫૭ દુખ-દાવમાં—દુખના દવમાં.

તે હારતાં મૂકયો વૃકોદર નાંખિ હાય અભાવમાં. ૬૨
તે જીતિને શકુની વધો, હે યુધિષ્ઠિર નૃપ આ સમે,
ધન હસ્તિ અશ્વો ભ્રાત હાર્યા, શું હવે છે કહો તમે. ૬૩
ઉચર્યા યુધિષ્ઠિર ચાર ભાઇનો પ્રાણરૂપ હું છું હવે,
મૂકાઉં છું તે મૂઠમાં ચિંતા ન ધરૂં ફૂલી જવે. ૬૪
હારીશ તો થઇ દાસ સોંપેલું કરિશ સહિ કષ્ટ હું,
જીતીશ તો સૌ લઈશ હારેલું કહુંછું સ્પષ્ટ હું. ૬૫
પછિ ઢાળિ પાસા જીતિ શકુની પાપિ વચનો ઊચર્યો,
કહેવાઇ ધર્મ અરે યુધિષ્ઠિર કયમ અધર્મ તમે કર્યો ! ૬૬
નિજ પાસ દ્રવ્ય છતાં ન હારે કોઇ પણ વપુ આપનું,
તે હારિ અવળું આચરી કર્યું કર્મ આપે પાપનું. ૬૭
માટે રહેલું દ્રવ્ય દ્રૌપદિ દાવમાં દઈને તમે,
જીતી છુટો દાસત્વ ને અપયશથિ જો મનમાં ગમે. ૬૮
કહેવું કપટિનું સાંભળી નિષ્પાપ આપ વદ્યા તહીં,—
પાંચાલિ પદ્મારૂપ છે, શઠ શું કહું તુજને અહીં! ૬૯
પતિને પરમ સુખ આપનારી, નારિ નિર્મળ નેણુની,
મધ્યમ મનોહર અંગની બલિહારિ જેના વેણુની. ૭૦
પતિ પુત્ર ને પરિજનતણા શુભ ધર્મની જ્ઞાતા ગુણી,
છે છબી મનવિશ્રામની, ખુબિ તેં નથી તેની સુણી. ૭૧
તે મૂકું છું હું દાવમાં મુજ આંખની કીકીસમી;
રે નાંખ પાસા, વાર મા કર, લે હવે છેલ્લો રમી ! ૭૨
જવ ધર્મ બોલ્યા આમ તવ અતિ ક્ષોભ પામિ સભા બધી;
ધિક્કાર વૃદ્ધો ત્યાં વદ્યા ગરબડ અને બરબડ વધી. ૭૩
પરિતાપ પામ્યા નૃપ બધા આ ગજબ વાત બની કહી;
મૂર્છા વિદુર પામ્યા તરત શબવત્ બન્યા તે તક તહીં. ૭૪
પરિસ્વેદ વળિયો ભીષ્મ કૃપ ને દ્રોણને અતિ ખેદથી,
નેત્રે વહ્યાં જળ નૃપ ઘણાને ભયંકર આ ભેદથી. ૭૫
ધૃતરાષ્ટ્રઉભરો હર્ષનો દાબ્યો રહ્યે નવ ઉરમહીં,—

પુછવા વળી વળિ લાગિયો, "કોણુ જીત્યું કોણુ જીત્યું" કહી.૭૬
તે સમય દુઃશાસનાદિકસહ કર્ણ પામ્યો હર્ષને,
જુગટા વિષે ત્યાં જોઇ દુર્યોધનતણા ઉત્કર્ષને. ૭૭
દ્રૂપદસુતા દાવે મુક્યા પછિ શકુનિ પાસા નાંખિને,
ઉચર્યો અમો જીત્યા, યુધિષ્ઠિર જુઓ પાસા ઝાંખિને! ૭૮

વલણ.

ઝાંખી પાસા શું જુએ, કરિ અધર્મ નૃપ ધર્મ;
ઝાંખી કાંતી થઇ ગઈ, કૂડું જોઇ નિજ કર્મ રે. ૭૯

કડવું ૨૧ મું.

द्रौपदीने सभामां आणवानी दुर्योधननी आज्ञा.

રાગ ધનાશ્રી.

શૂન્ય થયા પુણ્યશ્લોક સભામાં, પ્રાણપ્રિયા નિજ હારીજી,
નીચું જોઇ નિશ્વાસ મુકયો, શબ્દ એક ન શકયા ઉચારીજી. ૧
દુર્મતિ દુર્યોધન તવ ઉચર્યો, અનુચિત વિદુરનિ આગેજી,
લાવો અહિં પાંડવની પત્ની, વાર ન એમાં લાગેજી. ૨
માનીતી મનગમતી દ્રૌપદિ, પ્રાણપ્રિયા પાંડવનીજી,
વાસીદાં વાળે અમ ઘરનાં, દાસી થઇ દીન બનીજી. ૩
તોર જોર એનાં સૌ ભાગે, લાગે અમને પાયજી,
મોઘી ને સોંઘી કરવાનો છે મુજપાસ ઉપાયજી! ૪
દુર્યોધનનાં દુર્વચનો સુણિ, વિદુર વઘા તે વારેજી,—
અધમ અધર્મી! અધમ વેણ મા બક જાવા જમદ્વારેજી. ૫
સિંહોને મૃગ જ્યમ કોપાવે, ત્યમ મા કર હો પાપીજી!
મદ હદ મૂકી મૂઢ કરે કાં, પંચાનન રહ્યા ટાંપીજી. ૬

---

૧ પુણ્યશ્લોક–યુધિષ્ઠિર. નળ, યુધિષ્ઠિર અને વિષ્ણુ પુણ્યશ્લોક નામે પણ પ્રસિદ્ધ છે. ૬ પંચાનન–સિંહ.

મંદબુદ્ધિ ! શાને છંછેડે, મહાવિષ ભરિયા વ્યાળજી;
હે કપટી, તું કયમ ન વિચારે, તે છે તારા કાળજી. ૭
દ્રૌપદિ દાસી યોગ્ય નથી મૂઢ, જો કે મુકાઈ દાવેજી,
પરમ સતી શક્તીસમિ તે છે, કયમ કોયલા મુખ ચાવેજી ! ૮
માન્યતણું અપમાન કરી અવસાન ન તારો આણુજી;
પાંડવને પીડા ઉપજાવ્યે, લઇશ ન કશિયે લહાણુજી. ૯
બીજાને ઉદ્વેગ કરે, મર્મસ્થળ વીંધે તેનુંજી,
બકવી નિર્લજ વાણિ અરે, માઠું ફળ છે બહુ એનુંજી. ૧૦
શત્રૂ વશ નવ થાય કુવાકયે, શસ્ત્રવડે તે થાયજી;
શસ્ત્ર તણો ઘા રૂઝે કો દિન, એ ઘા કદિ ન રૂઝાયજી. ૧૧
માટે પંડીતો અરિને પણ, વાંકું વેણુ ન ભાખેજી;
જોવા સ્વાદ હાલાહલનો, ફાટયું મુખ શાને રાખેજી ! ૧૨
પારધી કેરૂં બાણુ ગળી જવા મૃગ કો ગર્વ ધરીનેજી,
ફાડી મુખ નીચી ડોક કરી, ઉછળ્યો ક્રોધ કરીનેજી, ૧૩
તો તેથી ગળું તેનું કપાયું, મૃત્યૂ તે ઝટ પામ્યોજી;
રેરે મૂઢ તુજ મૃત્યૂ માટે જોગ એવો છે જામ્યોજી ! ૧૪
આ પાંડૂસુત ગૃહસ્થ સંન્યાસી, ને છે તપસ્વી પ્રજ્ઞજી,
તેથિ નથી જોતા તુંજ સામે, શાને ભસે છે અજ્ઞજી ! ૧૫
દ્યૂતરૂપિ કરિ કપટ કાર્ય, ઊઘાડી નરકનું દ્વારજી,
મા મકલા ઓ મૂઢ અભાગી, ઉચરી અશુદ્ધ ઉચ્ચારજી ! ૧૬
દુઃશાસન આદિક કૌરવ થયા છે તુજ ઇચ્છાધીનજી,
પત્થરનાવે તે બેઠા છે, નથિ એમાં મેખમીનજી. ૧૭
શાને કુરુકુળનો નાશ કરે, માન તું શિક્ષા મારીજી;
આ આરંભ થયો છે તેનો, લે મનમાંહિ વિચારીજી. ૧૮
મદોન્મત્ત દુર્યોધન હે નૃપ, કરિ વિદુરનું અપમાનજી,
વદ્યો દૂત પ્રાતીકામી પ્રતિ, આણી અધિક અભિમાનજી. ૧૯
હે પ્રાતિકામિ, વિદુર પાંડવથી ભય પામે છે ભારેજી,
તેથી આમ વદેછે ભાગ્યું, નથિ ભય તેમનું તારેજી. ૨૦

માટે સત્વર જઈ દ્રૌપદિને, સભા વિષે અહિં લાવજી,
આજ્ઞા આપુંછું નવ હઠતાં, જા જઈ રોપ બતાવજી ! ૨૧
આજ્ઞા પામી પ્રાતિકામિ પછિ, પળિયો ત્યાંથી રાયજી,
શ્વાન મહા સિંહસ્થાનક પ્રતિ જ્યમ ભય ધરિને જાયજી. ૨૨
તેમ જઈ પાંડવઊતારે, આવી દ્રૌપદિ પાસજી—
ઉચર્યો મુખ વીલે મહા દુખધરી, નાંખીને નિઃશ્વાસજી. ૨૩
હે સતિ દ્યૂતમદે મોહ પામી, રાય યુધિષ્ઠિર આપજી,
તમને પણ હારી બેઠા છે, પ્રગટ કરૂં શું પાપજી ! ૨૪
શકુની શઠની રમત વિષે જીત્યો છે દુર્યોધનજી;
આપ થયાં છો તેથી તેનાં, શું કહું સતિ પાવનજી ! ૨૫
આજ્ઞા મુજને આપિ છે એણે, તમને લાવવા કામજી,
તેડયાં કામ દાસીનું કરવા, ચાલો બાઈ ગુણગ્રામજી ! ૨૬
પ્રાતિકામિનાં વચન સાંભળી, ઉચર્યાં પછિ પાંચાળીજી,—
બોલે છે કે બકે છે હે સુત, શું ધર્મે હદ વાળીજી ! ૨૭
રે કોણ રાયતણો સુત જુગટે મૂકે પ્રિયા છે એવોજી ?
નિજ સ્ત્રી મૂકે વિવેક વિસારી, સુણ્યો નથી શઠ તેવોજી ! ૨૮
દ્યૂત વિષે મુજવિણ મુકવાનું, ન હતું શું કંઇ નૃપનેજી ?
સાહસ કેમ કર્યું આ કૂડું, સાંભળ્યું જોયું ન સ્વપનેજી ! ૨૯
સુત ઉચર્યો શું કહું બાઇસાહેબ, રહ્યું ન કંઇ મૂકવાનેજી,
મૂકયા તવ બાંધવને મૂઠે, રહ્યા ન નિજ ચુકવાનેજી ! ૩૦
છેવટ તમને મૂકયાં દાવે, દેહ હારિ જઇ આપેજી;
હાર્યા તે પણ હે સતિ શું કહું, કહેતાં દુખ ઉર વ્યાપેજી ! ૩૧
દ્રુપદસુતા ઉચર્યાં કે હે સુત, નેત્ર તણાં જળ લૂછજી;
"પ્રથમ હાર્યા નિજને કે મને," જઇ નૃપને સભામાં પૂછજી. ૩૨
ઉત્તર ધર્મ આપે તે આવી, મુજને અહિં સંભળાવીજી—
તેડિ જજે, સ્વામીઇચ્છાને આધીન થઇશ હું આવીજી. ૩૩
સભામાંહિ પ્રાતીકામી પછિ, આવ્યો યુધિષ્ઠિર પાસજી,
દ્રૌપદિકેરો પ્રશ્ન પુછયો, થયા ધર્મ તદા ગત શ્વાસજી. ૩૪

આપી શકયા ન ઉત્તર ચેતના ગઇ દીઠી સભામાં સર્વેજી;
દુર્મતિ દુર્યોધન તવ ઉચર્યો, સુત સામું જોઈ ગર્વેજી. ૩૫
હે સુત, દ્રૌપદિ પાસ જઈ કહે, અત્ર સભામાં આવેજી;
સુજ્ઞ બધા સુણતાં પ્રીતમને પ્રશ્ન ફરી સંભળાવેજી. ૩૬
પ્રાતિકામિયે જઇ દ્રૌપદિને આજ્ઞા તે સંભળાવીજી;
હઠ નવ કરતાં ઉદાર હૃદયની ઉચરી દ્રઢતા લાવીજી. ૩૭
હે સુત સુખદુખ દૈવે લખેલું મિથ્યા ન કોથી થાયજી,
પણ પ્રાણીને ધર્મજ અંતે થાય સહાય સદાયજી. ૩૮
માટે ધર્મ પાળેલો અમારો કરશે સ્થિરતા અમારીજી;
મા એ ધર્મ જજો કૌરવમાં, છો કરતા કિલકારીજી. ૩૯
ધર્મપ્રશ્ન મુજ હે સુત ફરિ જઇ સભાવિષે સંભળાવજી,
શું ત્યાંથી કહે છે મહાત્માઓ, કહેવા મુજને આવજી. ૪૦
ધર્માત્મા નિતિમાન કહેશે તેમ કરિશ દ્રઢ થઇનેજી;
દૂતે પ્રશ્ન દ્રૌપદિનો ફરિ પૂછયો સભામાં જઇનેજી. ૪૧
દુર્યોધનનો દુરાગ્રહ જોઇ, આપ્યો ન ઉત્તર ત્યાં કોઇએજી;
નીચું જોઇ રહ્યા નિતિમાનો, જડસરખા સૌ જોઇએજી. ૪૨
દુર્યોધનની દુષ્ટવૃત્તિ જોઇ, યુધિષ્ઠિરે તે વારજી,
કહી કાનમાં કહાવ્યું પ્રિયાને, પ્રેરિ ચતુર નિજ ચારજી. ૪૩
હે પાંચાલી રજસ્વળા છો, માટે વિહ્વળ એ વેશેજી,
આંસુ પાડતાં આવિ ઉભા રહો કાકાજિ પાસે કલેશેજી. ૪૪
આથિ સભાસદ દુર્યોધનનો કરશે બહુ ધિઃકારજી;
પળ્યો દૂત પાંચાળી પાસે, કહ્યો તે સમાચારજી. ૪૫
ધર્મતણે વશ સત્યબંધને, બંધાયલા પાંડવ તહિંજી,
એ સમયે મન મારિ દીન બનિ, ઉચર્યા મુખ કંઇ પણ નહિજી. ૪૬
સિંહ અજાડી માંહિ પડેલા, જેવા જોઇ પાંડવનેજી,
ઉચર્યો અભિમાની દુર્યોધન, દેવા દવ વંશવનેજી. ૪૭
હે પ્રાતિકામી જઈ દ્રૌપદિને સભાવિષે અહિં લાવજી;

પ્રશ્નતણો ઉત્તર મળશે અહિં, જા ઝટ ત્યાં સંભળાવજી. ૪૮
કૃષ્ણાકેરા કોપભયે સુત સભા વિષે સુણતાં સહુજી—
ઉચર્યો મહાત્માઓ, માન મુકી આ સરખાંને શું કહુંજી ! ૪૯
દુર્યોધને દુઃશાસનને તવ કહ્યું કે જા તું ભ્રાતજી,
આ સારથિસુત કાંપે છે ભીમથી, લાવ તું મારી લાતજી! ૫૦

વલણ.

લાત મારીને લાવ તું, પાછું મ કદિયે પેખ;
છે વશ પાંડવ આપણે, દીનસરીખા દેખ રે. ૫૧

કડવું ૨૨ મું.

દ્રૌપદીનું સભામાં આગમન અને તેના પ્રશ્નની ચર્ચા.

રાગ આશાવરી.

હરિણીને અતિ ત્રાસ આપવા, પારધિ જ્યમ જાએ બનિ ક્રૂર;
હરિણાક્ષીને તેમ આણવા, દુઃશાસન વાધ્યો થઇ શૂર. ૧
પાંડવને ઊતારે આવી, દ્રૌપદિ આગળ તે તત્કાળ,
ઉચર્યો જુગટામાં જીતાયલિ, દ્રૌપદિ માન મુકી ચટ ચાલ ! ૨
શરમ મૂકિને નરમ થઈ ઝટ, દુર્યોધનસેવા સજ આજ;
દાસી થઇ નાશી નવ છૂટિશ, થા વશ સઘ તજીને લાજ ! ૩
દુઃશાસનનાં દુષ્ટવચન સુણિ, સતિનું મુખ લેવાયું રાય,
પડયા શેરડા સઘ અરે, દુખ મનનું વાણે નવ વર્ણાય ! ૪
રોતી મુખ લો'તી પાંચાલી, સરી તરત ત્યાંથી તે વાર,
સ્ત્રિયો વૃદ્ધકૈરવની પાસે ગઈ ઉતારવાને દુખભાર. ૫
તવ દુઃશાસન કરી ગર્જના દોડયો તે પૂઠળ કરી ક્રોધ;
જઇ ઝાલ્યો ચતુરાનો ચોટલો, કરવા કાળભવનની શોધ. ૬

---

૧ રાગ આશાવરી–સવૈયા એકત્રીશામાં ગવાશે.

વેણી મૃગનેણીની ઝાલી અભિષેકેલી અવભ્રથમંત્ર;
નાના નાગ શ્રહ્યો વાસુકિ એ, તુચ્છમતી સમજ્યો નહિ તંત્ર. ૭
સભાસમિપ લાવ્યો શુભ સતિને, બળ કરિ જણુવીને બહુ જોર;
ફટકી અટકી ત્યાં તે બાળા, મરડી અતિ કંપીને કોર! ૮
પવન કદળિ કોમળને ખેંચે, પવન ભરાએલે ત્યમ ભૂપ,
ખેંચિ ચોટલો વસ્ત્ર બળ કર્યું, ઉચર્યાં તવ સતિ આપ અનૂપ.૯
હે મતિમંદ! વિવેક વિંસારી, આચર મા વિપરીત અયોગ્ય;
રજસ્વળા હું એક વસ્ત્રની, સભાવિષે લઈજિવિ નથિ યોગ્ય. ૧૦
આમ કહી કષ્ટથિ છુટવાને, શ્રીહરિ અર્જુનને એ વાર,
કરવા લાગ્યાં કમળલોચના ઊંચે આર્તસ્વરે પોકાર. ૧૧
ખેંચિ ચોટલો ખળ ઉચર્યો તવ, વણુસી ગઈ તારી સૌ વા'ર!
હો રજસ્વળા એક વસ્ત્રની, કે નાગી હો, નથિ દરકાર!! ૧૨
પણ તું જીતઈ ગઈ તેથી થઈ દાસી કૈરવની નિર્ધાર;
ગોલિવર્ગમાં ગર્વ તજી રહે, કહિયે જે તે કર આ વાર! ૧૩
અર્ધું વસ્ત્ર ઊતરી પડેલાં, કેશ વિંખાએલાં સુકુમાર,
નીચે સ્વર બોલ્યાં નિર્દયશું, ગાંડાઈ તજ દુષ્ટ ગુમાર! ૧૪
અરે સભામાં શાસ્ત્રવિશારદ, યજ્ઞાદિક ક્રિયા કરનાર,
ઇંદ્રસમા વિજયી ને ગુરુજન પિતાસમા બેઠા છે ત્રિચાર! ૧૫
ત્યાં આ વેષે પિંડ પડચે પણ ડગ હું એક નથી દેનાર;
નરકનિવાસી નવસ્ત્રિ કર મા, સાંપડશે એમાં નહિ સાર! ૧૬
અરે નીચ! ઇંદ્રાદિક દેવો કરશે કદિ તારી શુભ સહાય,
તોપણુ મહારથિ પાંડવ તારૂં નિંદ્યકર્મ સહેશે ન કદાય! ૧૭
ધર્મપુત્ર આ રાય યુધિષ્ઠિર, અને સૂક્ષ્મ એવો 'જે' ધર્મ,
સૂક્ષ્મ બુદ્ધિવાળાઓ સમજે, શુદ્ધ જેમનાં હોય સત્કર્મ. ૧૮
માટે પતિઆજ્ઞાને રતિ પણ ત્યાગી પરમાણૂ પણ દોષ—

---

૭ અવભ્રથ—યજ્ઞ કર્યા પછી જે સ્નાન કરવામાં આવે છે તે. રાજસૂયયજ્ઞ પછી પવિત્ર મંત્રેલા જળથી સ્નાન કરવામાં જેનો ચોટલો અભિષેકાએલો હતો, તે ચોટલો નહિ, પણ પૂજાએલો વાસુકીનાગ હતો એ ભાવના આમાં છે.

લેવા શિર ઇચ્છતિ હું નથિ કહિ, પાળી વચન ધરિશ પરિતોષ.૧૯
અરે દુષ્ટ! તારા સંગી કદિ, નહિ નિંદે તુજને નિર્ધાર,
કર્મ કરેછે તું અતિ કૂડું, જે જોવામાં છે ધિઃકાર ! ૨૦
એક વસ્ત્રવાળી હુંછું અહિં, રજસ્વળા રેરે આ વાર !
વૃદ્ધ કૌરવોમાંહિ ખેંચતાં, લાજ લાજ રે લાજ લગાર!! ૨૧
ધર્મ ગયો છે અહિંથી નાશી, ત્રાસી તેથી ગઇછું ક્રૂર !
સદાચરણ સમજાતું અહિંનથિ,નરપતિઓમાં નથિ અહિં નૂર!! ૨૨
અધર્મ આંખે અહિં દેખે છે, કૌરવકુળના વૃદ્ધ તમામ;
ભીષ્મ દ્રોણ વિદુર ને નૃપ પણ, અરે નામના છે આ ઠામ! ૨૩
આમ કહી કોપેલી આંખે, કોપેલા પતિઓને જોઇ,
અનહદ કોપ કરી કરિ દૃષ્ટી–સળગાવ્યા, જોયા સૌ કોઈ. ૨૪
દીન થયેલા દેખી પતિઓ, સંજ્ઞા વિહિન થઈ સતિ જોઇ,
ઘણુઘણાવિ ઉચર્યો દુઃશાસન, રે દાસી શું જુએ ચિત પ્રોઇ ! ૨૫
સાંભળિ વ્યંગ્ય કર્ણ શકુની ત્યાં, ખડખડ હસ્યા કહી સાબાશ;
જોઇ અજુક્તું તર્ત સભામાં, સભાસદો પામ્યા અતિ ત્રાસ. ૨૬
ભીષ્મ વદ્યા પછિ હે પાંચાલી, દાસી દાસતણી સ્ત્રી હોય,
પણ પરવશ પતિ દ્રવ્ય પારકું, પણ માં મૂકિ શકે નવ કોય.૨૭
હારીને સર્વસ્વ યુધિષ્ઠિર, હાર્યા પછિ પોતાને અત્ર,
તો તે તમને નિજ પછિ હારે, એ વિચિત્ર છે રે સર્વત્ર. ૨૮
દ્યૂતરમતમાં પ્રવિણ શકુનિયે, દેહ યુધિષ્ઠિર કેરા સાથ,
તમને જીત્યાં નવ જાણીને, મૂકાવ્યાં દાવે નૃપ હાથ. ૨૯
આ સૌ જોતાં અધર્મ મોટો, અત્ર થયો છે આજ જરૂર;
પ્રશ્નતણો ઉત્તર શો દેવો, સૂક્ષ્મ ધર્મ સમજ્યા નહિ શૂર ! ૩૦
સતિયે સભા સામિ કરિ દૃષ્ટી, વળતી મુખની કાઢિ વરાળ;
વહુ દિકરાવાળા હે વૃદ્ધો, મા ખાશો જગજનની ગાળ. ૩૧
જુગટામાં અણજાણ રાયને, જુગારિયે જીત્યા જે રીત,
રે શું માન્ય તમારે તે છે? કહો સહૂ પરમેશ્વરપ્રીત. ૩૨

---

૨૩ નૃપ—ધૃતરાષ્ટ્ર.

દયા ઊપજે ત્યમ રોતાં પતિ સામું જોતાં સતિને તત્ર,
દુસ્સહ દુર્વચનો દુઃશાસન ઉચર્યો બળ કરિ તાણી વસ્ત્ર. ૩૩
તે દેખી કોપિને ધર્મને ભીમે કહ્યું કે હે વડભ્રાત,
કુલક્ષણાધર કુલટાઓનો, નથિ હોતો તોટો દિનરાત; ૩૪
તોપણ તે દાવે નવ મૂકે રમત વિષે તેમાંની એક,
દયા હોય છે દાર વિષેની, ફટ ફટ શો કીધો અવિવેક! ૩૫
રાજ્ય દ્રવ્ય ભાઈઓને મૂકી જુગટામાં હાર્યા કદિ આપ,
તોપણ તાપ ધર્યો નવ આ ઉર, માની શિરમણિ રાખ્યું માપ. ૩૬
પણ પણ ધરિ પાંચાલી કેરૂં, મૂક્યું તે નવ ધરતાં લાજ,
અસહ્ય અઘટિત એજ કર્યું છે, દિલમાં તે પ્રગટે છે દાઝ! ૩૭
આ બાળા યશવાળા પાંડવ પાલે પડિને અહિં પીંખાય;
કર્મ તમારાં ધર્મ નડે છે, ભીમે તે જોયું નવ જાય! ૩૮
પ્રથમ હાથ આપના પ્રજાળું, કાળું કર્યું નિજ હાથે હાય!
લાવ્ય અગ્નિ સહદેવ અરે અહિં, મૂકું મંડપમાં પણ લા'ય!! ૩૯
કૈરવનો કૂટો કરિ નાંખું, શકુનીને સંહારૂં સદ્ય!
ધૂળ ધરૂં ધૃતરાષ્ટ્રદાઢિમાં, કરણ મરણવશ કરૂં હું અદ્ય! ૪૦
સિંહગર્જના સુણી ભીમની, રૌદ્રરૂપ દેખી વિકરાળ;
સભા ક્ષોભ પામી તત્ક્ષણ ત્યાં, કળ્યો કૌરવોએ નિજ કાળ. ૪૧
કાળરૂપ વિકરાળ બનેલો દેખી બાંધવને નિર્ધાર,
વળગી પાર્થ વદ્યો હે બાંધવ, અરે ધર્મનો કરો વિચાર! ૪૨
માપ મૂકિ આ'વું વદવું નથિ થયું તમારૂં હે વડવીર!
ધર્મ તમારાની દૃઢતા કરિ નષ્ટ કૌરવોએ હે ધીર! ૪૩
માટે આમ વદો છો વિફરી, આર્ય ભ્રાતનું કરિ અપમાન;
શત્રૂ શાને આપ હસાવો, ગયું ગુણી કહોને ક્યાં જ્ઞાન! ૪૪
આમ કહી ઉપદેશ કરી અતિ, ધર્મબંધને બાંધ્યો ભ્રાત,
સિંહ અજાડીમાં આવ્યા સમ અટક્યો તે કરતો ઉત્પાત. ૪૫
વદ્યો પછી ધૃતરાષ્ટ્રતણો સુત, વિકર્ણ કુરુકુળનો અવતંસ,
કૌરવરૂપી કાગપંક્તિથી, માનસરોવરનો શુભ હંસ. ૪૬

હે રાજાઓ સભાસદો સૌ, જણાવમાં થઇ ગયલા ગર્ક;
પાંચાલીના પ્રશ્નતણો ઘો ઉત્તર નહિ તો જાશો નર્ક. ૪૭
સમજ પ્રમાણે આપો ઉત્તર, મૌન ધરો મા રે આ વાર;
વિકારિને વિદ્વાન મહાનને, કાઢયો ઉરનો બહુ ઉદ્ગાર. ૪૮
પણ પાનો કોને નવ ચઢિયો, શૂન્યસમા દીઠા સૌ કોઇ;
હાથ ઘશી ઉચર્યો તે વળતી, ધર્મ જતો આ જગથી જોઇ. ૪૯
હે રાજાઓ, ભલે ન ઉચરો, પણ પ્રસિદ્ધ કહું છું આ વાર,
અધર્મ મોટો અત્ર કર્યો છે, સર્વ કૌરવોએ નિર્ધાર. ૫૦
મૃગયા મદિરાપાન ધૂત ને સ્ત્રીમાં આસક્તી દિનરાત,
ચાર દોષ એ નૃપના જગમાં, કહે છે પંડીતો પ્રખ્યાત. ૫૧
એમાંના કદિ એક વ્યસનમાં લિપ્ત થયેલો નર કો હોય,
તો તે કર્મ કરે છે અધર્મનું, માન્ય કરે નવ જન તે કોય. ૫૨
આ રિત ધૂતવ્યસનવશ ધર્મે, કપટિ પ્રેરવે કરી અધર્મ,
પાંચેની સ્ત્રી મૂકિ દાવમાં, માન્ય કદાપી નથિ એ કર્મ. ૫૩
આમ કહી લાંબું ભાષણ કરિ, દ્રૌપદિ જીતાયાની વાત—
ખંડન કરિ, મંડન કરિ ધર્મનું, કર્યા સભાસદને રળિયાત. ૫૪

વલણ.

રળિયાત સભાસદ બહુ હવા, કર્યાં વિકર્ણ વખાણ;
નિંદ્યો શકુનીને સર્વથા, કહિ ફટફટ સર્વ સુજાણ રે. ૫૫

કડવું ૨૩ મું.

દ્રૌપદી વસ્ત્રહરણ.

રાગ સામેરી.

વિકર્ણ ભાષણ સાંભળી, કરિ ક્રોધ ઉચર્યો કર્ણ;
નિજકૂળ નિર્મૂળ કાં કરે, ઉલટું વદી હો વિકર્ણ! ૧

અરણીથી ઉપજેલો અનળ, અરણીને બાળે જેમ,
કુળ કાં પ્રજાળે આપનું, હે તુચ્છમતિ તું તેમ. ૨
છે દ્રૌપદી જીતાયલી, જાણે છે સૌ જન જયેષ્ઠ;
તેથી નથી કોઇ બોલતા, તું કાં બકે બનિ શ્રેષ્ઠ! ૩
નથિ ધર્મનો લવ જાણતો, ને લવ કરે છે આપ;
છોડે છછુંદરૂં છોરૂં રિત, તાતને કરવા તાપ. ૪
યુધિષ્ઠિરે સર્વસ્વ મૂક્યું મૂઠમાં તે માંય,—
દ્રૌપદી પણ આવી ગઈ છે, નથી સંશય કાંય. ૫
પણ મૂકતાં તેનું ન વાંધો લિધો પાંડવ કોય,
માટે જીતાઈ ગઇછ તે, મિથ્યા ન એ કહિ હોય. ૬
એક વસ્ત્રે આણિ અહિં એને અહો એ માંહિ,
અધર્મ ગણુતો હોય તો, સુણુ વાત આ એક આંહિ. ૭
પરમેશ્વરે સ્ત્રી સારૂ પતિ એક કહ્યો છે નિર્ધાર;
પણ પાંચ પતિવાળી જ છે આ પુંશ્ચલીને પ્રકાર! ૮
તો એવિને કહિ એક વસ્ત્રે, કે ઉઘાડે દેહ,
નથિ બાધ અહિં લાવવાનો, પશુ જેવિ છે તુચ્છ તેહ! ૯
પાંડવોનું સૌ દ્રવ્ય દ્રૌપદિ, આ ગુણી ગાંધાર—
જીત્યા છતાં જડ જંક કરે છે, વિકર્ણ કુળઅંગાર! ૧૦
માટે હે દુઃશાસન, મુરખનું બોલ્યું ધ્યાન ન ધાર;
પટ પાંડવો પાંચાલિનાં ઊતારિ લે આ વાર. ૧૧
સુણતાં વચન ક્રુર કર્ણનાં, પાંડવોએ તત્કાળ,
ઉત્તરિય આપ ઉવેટિ બેઠા, દેખતાં મહિપાળ. ૧૨
દુઃશાસને પછિ ભરિ સભામાં, કરિ અતિ તિરસ્કાર,
ખેંચવા માંડયું ચીર ચતુરાનું, ન કરતાં વાર. ૧૩
હીણી નજરથી ખર સમો, કર ધરતો પટપર જોઇ,
સતિએ સંભાર્યા શ્રીહરિ, ઢાંકિ મુખ હે નૃપ રોઇ. ૧૪

---

૮ પુંશ્ચલી—વ્યભિચારિણી સ્ત્રી. ૧૦ ગાંધાર—ગાંધાર દેશનો રાજા, શકુની.

દ્રૌપદીની પ્રાર્થના.

રાગ પરજ—વણઝારાની દેશી.

કેશવ કેર આ થાય છે, મુખ શું કહું રે;
જગજીવન જાય છે લાજ; જીવતી નહિ રહું રે.
વિઠ્ઠલ, વહારે આવજો, મુખ૦
કર્યે અસુર કથળશે કાજ. જીવતી૦ ૧
કૃષ્ણ, આ કાળા મુખતણો, મુખ૦
કરે છે અતિ અઘટિત કર્મ; જીવતી૦
માધવ, એ મદનો ભર્યો, મુખ૦
આચરે છે ઘોર અધર્મ. જીવતી૦ ૨
હે વાસુદેવ, આ વસ્ત્રને— મુખ૦
ખેંચે છે ખળ જાણવી જોર, જીવતી૦
હે હરિ, નગ્ન કરી મને, મુખ૦
કે કરશે, એ ભરિયો તોર. જીવતી૦ ૩
લમણે કર ધર્મે ધર્યો, મુખ૦
મીચ્યાં હાય દેખું લોચન! જીવતી૦
સિંહ અજાદિ પડ્યા સમા— મુખ૦
ભાળું ભીમ હા દુખમોચન! જીવતી૦ ૪
અર્જુન ભીમને વારે છે, મુખ૦
એ છે ઉભયતણે સંતાપ. જીવતી૦
સહદેવ કંઈ ન કરી શકે, મુખ૦
વ્યર્થ ચઢાવ્યું નકુળે ચાપ. જીવતી૦ ૫
ધર્મબંધને છે પડ્યા,— મુખ૦
પતિ ચિત્ર આળેખ્યા રૂપ; જીવતી૦
હે પરમાત્મા! તો હવે, મુખ૦
નથિ ઓથ કોની ચિદ્રૂપ. જીવતી૦ ૬
કૌરવરૂપી સાગરે— મુખ૦

ખૂંદું છું હું હે મહારાજ; જીવતી૦
હાય એ સાગરમાં મને— મુખ૦
સાહિ મગર દુઃશાસને આજ. જીવતી૦ ૭
પાપી પટકુળ તાણિને— મુખ૦
મારૂં જીવતર કરે છે જૂઠ; જીવતી૦
આવો સન્મુખ શ્રીહરિ, મુખ૦
પડશે પિઠ આં દીધે પૂઠ. જીવતી૦ ૮
શરણુ તમારૂં છે મને, મુખ૦
મરણુ થાશે ન વર્ત્યે વેળ; જીવતી૦
વીત્યે સમય કશું નહિ વળે, મુખ૦
ખોટો થાશે અરે સૌ ખેલ. જીવતી૦ ૯
હે પરમાત્મા, ચિદ્દ્ઘના, મુખ૦
છો અંતરસાક્ષી આપ; જીવતી૦
મનવેગે અહિં આવિને- મુખ૦
ઓલવો આ ઉર પરિતાપ. જીવતી૦ ૧૦
વારંવાર હું વીનવી, મુખ૦
આવો નોધારાં આધાર; જીવતી૦
દ્રૌપદિ આ દુખિ આપની, મુખ૦
ધાઓ! ધાઓ! જગદાધાર. જીવતી૦ ૧૧-૨૫

રાગ ચાલતો.

ગદ્ગદ્ સ્વરે શ્રીકૃષ્ણુની કરિ પ્રાર્થના ધરિ ધ્યાન;
સતિ અશ્રુજળથી સુખશય્યામાં ભીંજાયા ભગવાન! ૨૬
એથી ઉધડકી ઊઠિ કળિ કારણુ ધાયા શ્રીકૃષ્ણુ;
આશ્ચર્યજળ કમળા ડુબ્યાં, પૂછી શકયાં નહિ પ્રશ્ન. ૨૭
એક નિમિષમાં આવ્યા અવિનાશી દ્રૌપદીની પાસ;
દઇ ધ્યાનમાં દર્શન વદ્યા, ત્યજ હે સતી તુજ ત્રાસ. ૨૮
પૂરવા લાગ્યા ચતુર્ભુજ ચપૂ ચપૂ પછી ત્યાં ચીર;
ખેંચે દુઃશાસન એક તણ, દેખે બીજુંજ રૂચીર, ૨૯
ખેંચતાં મણિયું ખિરોદક દેખે સતીને અંગ,

તે ખેંચતાં પ્રગટે પટોળું નવિન રાતે રંગ. ૩૦
તે કાઢતાં સોનેરિ સાળૂ દેખે દ્રૌપદિદેહ,
તે તાણિ લેતાં સાડિ સુંદર પ્રગટ પેખે તેહ. ૩૧
આકર્ષતાં તે અનુપ અંબર દેખે થઇ મન દંગ,
તે ખેંચતાંમાં બાંટ દેખી, થાય ઝટ મનભંગ. ૩૨
પટપૂરણા નહિ હોય શું, એવી જણાઇ આપ;
ખળ ખેંચિ થાકયો વસ્ત્ર બહુ, નવ'જડયું જડને માપ. ૩૩
અવનવા રંગતણાં હજારો, વસ્ત્ર વિવિધપ્રકાર,
દ્રૌપદીદેહથી નીસર્યા, થયો અંબરનો અંબાર. ૩૪
એ સમય સર્વ સભાસદે, આ જોઇ અદ્ભુત ખેલ,
કીધો કોલાહલ ભયંકર ત્યાં, વહી વિસ્મયરેલ. ૩૫
આવેશમાં આવી નૃપો ઊચર્યા વારંવાર;
છે દ્રૌપદીને ધન્ય, છે દુર્યોધનને ધિઃકાર. ૩૬
એ સ્થળે ક્રોધથિ હોઠ ડશિ, ધરિ હાથ ઉચર્યો ભીમ;
પ્રત્યક્ષ કાળકરાળ સૂચવતો હોય જ્યમ નિજ નીમ. ૩૭
હે ભૂપ સૌ મારી પ્રતિજ્ઞા સાંભળો આ વાર;
એવી ન કોઈએ કરિ હશે, કરશે ન કોઇ નિર્ધાર. ૩૮
આ દુષ્ટ દુઃશાસનનિ છાતી ભેદિ રણમોઝાર,
હું પાન તેના રુધિરનું કરવા કરૂંછું કરાર ! ૩૯
આ કહેવું મારૂં સત્ય ન કરૂં જ્યાં સુધી સંસાર,
ત્યાં સુધી પૂર્વજની ગતીને પામું નવ નિર્ધાર ! ૪૦
કાટકાસરખું વચન આ સુણિ ભીમનું એ વાર,
રોમાંચ થઈ સઘળી સભા, સ્તુતિ કરી વારંવાર. ૪૧
કર અકરમીના રહિ ગયા, ખેંચતાં વસ્ત્ર અપાર;
ફીકો પડ્યો ફટફટ થયો, બેઠો નરમ થઇ ગાર. ૪૨

વલણ.

ગાર જેવો નરમ થઈ દુઃશાસન એણીવાર—
બેઠો મુખ નીચું કરી, પામીને બહુ ધિઃકાર રે. ૪૩

કડવું ૨૪ મું.

દ્રૌપદીના પ્રશ્નની ફરી ચર્ચા અને ભીમનો ક્રોધઉદ્‌ગાર.

રુચિરાછંદની દેશી.

કૃષ્ણે ચીર પુર્યાં કૃષ્ણાનાં, તવ ત્યાં શોર થયો ભારે;
ધિક્કાર્યા કૌરવને, સ્તુતિ કરિ દ્રૌપદિની વારે વારે. ૧
અરે! કૌરવો કયમ નથિ દેતા ઉત્તર આ સતિપ્રશ્નતણો!
ધિક્કારી દુર્યોધનને સૌ, ઘોર શોર કીધોજ ઘણો. ૨
ધર્મતત્વના જાણ વિદુર કર ઊંચા કરિ સૌ શાંત કરી—
ઉચર્યા, હે સુજ્ઞો સુણિ મારૂં, ઉચરો ધર્મ સુ ધ્યાન ધરી. ૩
ધર્મપ્રશ્ન પૂછી આ દ્રૌપદિ, અનાથપેઠ રડેછ અરે!
પણ નથિ ઉત્તર દેતા કો પણ, એથી ધર્મ ખસેછ ખરે! ૪
બુદ્ધિ પ્રમાણે આપ્યો ઉત્તર, અહો વિકર્ણે જે રીતે,
ત્યમ આપો નિજબુદ્ધિ પ્રમાણે, તમેય પણ અહિં પ્રભુ પ્રીતે. ૫
જાણીને જે કોઇ સભાસદ, યથેચ્છ ઉત્તર નવ આપે,
અસત્ય વદવાતણું પાપ અર્ધું નક્કી એને વ્યાપે. ૬
જાણીને જૂઠું વદનારો, પૂર્ણ પાપનું ફળ પામે;
સહસ્ર પાશ વરુણને પડિ તે, દુઃખની જાળવિષે જામે. ૭
કરિ વ્યાખાન સત્ય વદવાનું, વિદુરે કહ્યું આખ્યાન વળી,
પણ ખરૂં ખોટું ન કહ્યું કોએ, મંડળિ જ્યમ મૂગાનિ મળીઃ૮

---

૮ આખ્યાન—વિરોચન અને સુધન્વાનું આખ્યાન. સુકેશી નામની કન્યા માટે વિરોચન અને સુધન્વા વચ્ચે લડાઈ થઈ, ત્યારે સુકેશીએ તેમને કહ્યું કે–તમારા બેમાં જાતિકુળમાં જે શ્રેષ્ઠ હશે તેને હું વરીશ. આથી કન્યાના લોભે તે બે પોતપોતાની શ્રેષ્ઠતા કરવા લાગ્યા; જેમાં એટલે સુધી આગ્રહ વધ્યો કે, જે નીચો ઠરે તે શ્રેષ્ઠનો જીવતા સુધી દાસ થઈ રહે. પછી એ વાતનો ન્યાય કરાવવા તે બે વિરોચનના પિતા પ્રલ્હાદજી પાસે ગયા; અને કહ્યું કે, અમારા બેમાંથી શ્રેષ્ઠ કોણ તે કહો. પ્રલ્હાદજીએ બંનેની વાત જાણી લીધા પછી ન્યાય આપવાનું કામ ધર્મસં-

કર્ણે કહ્યું દુઃશાસનને પછિ, લઇ જા આ દાસી અહિંથી !
ઘાલ્ય જલદિ દુર્યોધનઘરમાં, ત્રેવડ સૌ થાશે તહિંથી !! ૯
કર્ણકહ્યાથી કાંપતિ દ્રૌપદિ, પાંડવને પોકારતિને,
દુઃશાસન ખેંચવા લાગિયો, લાજવતી શાણી સતિને. ૧૦
ઉચર્યાં તવ સતિ શ્રેષ્ઠકાર્ય કરવાનું મેં ન કર્યું પ્રથમે,
તેથી વિહ્વળ કરિ નાંખી છે, આ દુષ્ટે દેખોછ તમે. ૧૧
પણ તે ન કર્યામાં અપરાધ ન ગણશો કો પણ અહિં મારો;
ક્ષમા માગું છું પાય પડીને, હે સુજ્ઞો ચિતમાં ધારો. ૧૨
કરગરતાં આ રીત સતીને, તડુકી થથડાવ્યાં દુષ્ટે;
પડી ગયાં તવ તે અતિ તાપથિ, ઉચર્યાં વિલપીને કષ્ટે.૧૩
અરે ! સ્વયંવર મંડપમાંહિ મળેલા મહિપોએ મુજને,—
દીઠી ન હતી કોઇ દિવસ તે દેખેછે આહિં આમ મને ! ૧૪
અનિલ અગ્નિ આદિત્યે પ્રથમે જોઈ પણ ન હતી જેને,
તે હું માનવિમાં દેખાઉંછું માલવની, હા કહું કેને ! ૧૫
ભવનવિષે જરિ પવન લાગતો, મુજને પાંડવ નવ સહેતા;
તે હું દુખ પામુંછું દુષ્ટથી સહેછે, પણ કંઇ નથિ કહેતા ! ૧૬
વૃદ્ધકૌરવો આગળ હું દિકરાની વહુ દિકરી જેવી,

કટ જેવું જોયું, અને ઉત્તર આપવામાં બુદ્ધિદોષ સ્મૃતિદોષથી પણ અન્યાય થાય એવા ભયથી કાંપવા લાગ્યા. પછી તેમણે દેવતા, અસુરો અને બ્રાહ્મણોના ધર્મને જાણનારા મહાયશ કશ્યપ મુનિને જઈ પૂછ્યું કે, જે ખોટો ઉત્તર આપે અથવા મુદ્દલ ન આપે તેની મુવા પછી કેવી ગતિ થાય તે કહો. ત્યારે તેમણે સત્ય વદવા વિષેના સૂક્ષ્મધર્મ સંભળાવી પ્રહ્લાદજીના એ વિષેના સંશય દૂર કર્યા, તેથી તેમણે પોતાના પુત્ર વિરોચનને કહ્યું કે—તારા કરતાં સુધન્વા શ્રેષ્ઠ છે; કારણ મારા કરતાં એનો પિતા અંગિરા શ્રેષ્ઠ છે, તેમ તારી માતા કરતાં સુધન્વાની માતા શ્રેષ્ઠ છે. સુધન્વા આ ન્યાયથી ખુશી થયો અને વિરોચનનું દાસત્વ ક્ષમા કર્યું.—ઇત્યાદિ.

૧૪ દીઠી નહતી—સ્વયંવર વખતે દીઠેલી, પછી હું એવાં માન મોટાઈમાં હતી કે મારૂં દર્શન તેમને દુર્લભ હતું.

દુખ પામતિ દેખેછે તેઓ, કાળનિ ગતિ આ કહું કેવી! ૧૭
પતિવ્રતાને પશુપેઠેજ સભામાં આવવું પડયું આંહીં,
માટે અહિં નૃપધર્મ રહ્યો નથિ, સતિને હા દુષ્ટે સાહી!૧૮
પૂર્વે ધર્મવતી સ્ત્રીને ન લવાતી સભાવિષે જાણો,
પણુ તે ધર્મ પ્રથમ કૌરવથી રેરે આજ થયો રાણો! ૧૯
દ્રુપદસુતા હું સખી કૃષ્ણુની, ભગની ધૃષ્ટદ્યુમ્નતણી,
પગ કયમ માંડું ધર્મપત્ની અહિં, પણુ હા સોંઘી થઇજ ઘણી! ૨૦
દાસી કહો કે ન કહો તોપણુ, કરિશ વૃદ્ધજન જે કહેશો;
અસહ્ય દુખ દુઃશાસન દેછે, મૌન ધરી કયાંસુધિ રહેશો! ૨૧
મને ગમે જીતાયલિ માનો, વા નવ માનો હે મોઠા,
પણુ ઇચ્છિત મળશે ઉત્તર ત્યમ વર્ત્તિશ, ખેલતજી ખોટા. ૨૨
વિલાપ દ્રૌપદિનો સાંભળિને, ભીષ્મ વદ્યા હે સતિ શાણી,
ધર્મરીતિ કહિછે મેં પ્રથમે, જે ન શકે મહાત્મા જાણી. ૨૩
અધર્મ વેળા બળિયો બોલે, ધર્મ ગણાયે તે જગમાં;
ગહનગતી છે ધર્મતણી વખણાયે સ્વાદ સદા વગમાં. ૨૪
લોભ મોહવશ થયા છે કૌરવ, તેથી આ કુળ નાશ થશે;
દુખમાં ધર્મ તમે જાણોછો, ધર્મોજય અંતેજ હશે. ૨૫
સ્વામિ તમારા હાલ અનુભવે જે સ્થિતિ હે દ્રૂપદતનયા,
તેજ ભોગવો એજ યોગ્ય છે, છો દુષ્ટો નવ ખાય દયા. ૨૬
દુઃખકસોટી ધૈર્યતણી છે, ધૈર્યકસોટી ધર્મતણી;
માટે નવ મૂંઝાશો હે સતિ, મેલો કદિ નવ થાય મણી. ૨૭
ધર્મજાણુ આ દ્રોણાદિક પણુ પ્રાણુ વિનાંના હોય અરે,
તેમ શૂન્ય થઇને બેઠા છે, તવ કહો ઉત્તર કોણુ કરે? ૨૮
માટે નિર્ણય એજ નક્કિ છે, પૂછો પ્રશ્ન યુધિષ્ઠિરને;
તે તમને આજ્ઞા દે હે સતિ, ઉચિત ગણો એ ઉત્તરને. ૨૯
ટીટોડીપેઠે ટળવળતી, તે સ્થળ સતિને નૃપ સહુએ—
જોઇ તથાપી ન વદ્યા કોઈ, દિલમાં દાઝ છતાં બહુએ. ૩૦
દુર્યોધનભયથી ભલું ભૂંડું ભાખી ન શકયા ભૂપ ભલા;

તવ તે ઉચર્યા હસતે વદને, આંચવિષે દેખી અબળા. ૩૧
હે દ્રૌપદિ તું પૂછ પ્રશ્ન ફરિ ભીમાદિક ચારે પતિને;
તે ઉત્તર દેશે તુજને અહિં, માન્ય થશે તે શુભમતિને. ૩૨
જો તેઓ ધર્મને અનીશ્વર કહેશે જૂઠું રમ્યા કહિને,
અથવા અત્ર યુધિષ્ઠિર કહે પતિ હું નથિ તારો ઉભા રહિને;૩૩
તો તું દાસીપણાથિ મુકાઇશ અલ્પ નથી સંશય એમાં;
પૂછ પ્રશ્ન પતિઓને આ પળ, તત્વ જડે છે શું તેમાં !૩૪
હીનભાગ્ય થયલા તુજ પતિઓ જોઇ કૌરવો દુઃખ ધરે,
તેથી તે નથિ વદતા કંઈ પણ, ઉચર હવે કાં વાર કરે ! ૩૫
દુર્યોધનનું કથન સાંભળી, કંઇક સભાસદ ધન્ય વદ્યા;
કંઇકે કર્યો ધિક્કાર, કૌરવો મૂછે કર દઇ તત્ર મદ્યા. ૩૬
શું ઉત્તર આપે છે પાંડવો, નૃપ સૌ ત્યાં જોવા લાગ્યા;
નાંખ્યો કંઇક નૃપે નીસાસો, કંઇક અધિક ઉર અનુરાગ્યા. ૩૭
ચંદનચર્ચિત લાંબો કર કરિ, ભીમ પછી ઉચર્યો ત્યાંહી;
અરે યુધિષ્ઠિર હોત વડિલ નવ, તો સાંખત શું દુખ આંહી?!૩૮
પ્રાણ પુણ્ય સર્વસ્વતણા છે ઈશ અમારા ધર્મ અરે !
તેથી આ વેળા આવી છે, નહિતો જૂઠું જુવત નજરે ! ૩૯
પણ આ પાંચાલીનો શત્રુ, દુર્યોધનનો અનુજ કયમે,
જિવતો નવ જાશે મુજ પાસથિ, મુઓ નક્કિ ગણજોજ તમે!૪૦
આ મુજ ગદાસમા કર ભાળો, ઈંદ્ર ન એમાંથી છટકે;
ધર્મપાશમાં અરે પડ્યો છું, અર્જુન કહેવું ઉર અટકે ! ૪૧
આપે આજ્ઞા આ મોટા ભાઈ, તો કૌરવ સૌ આજ ક્ષણે,—
એક સપાટે કરનિ થપાટે મારૂં, સિંહ મૃગ જેમ હણે ! ૪૨
ભીમતણાં વચનો સુણિ ઉચર્યા, ભીષ્મ દ્રોણ વિદુર એવું,
ક્ષમા કરો, હે વીર ઘટિત છે આપવિષે ઉચરો જેવું. ૪૩

વલણ.

જેવું બોલોછો તે બધું, સંભવેછ તમમાં વીર!
ઉચિત સમય એ આ નથી, માટે ધારો ધીર રે. ૪૪

કડવું ૨૫ મું.

काकानी प्रसन्नताथी पांडवोने पुनःराज्यप्राप्ति.

રાગ મેવાડો.

ભીમતણું સાંત્વન ભીષ્માદિક કરતા હતા ત્યાં જ્યારેજી,
અગ્નીમાં ઘૃત હોમવા જેવું, કર્ણ વધ્યો ત્યાં ત્યારેજી. ૧
હે પાંચાલી દાસતણું ધન, દારાદિક જે હોયજી,
તેપર ધણિપણું પાળક ધણિનું કબુલ કરે સૌ કોયજી. ૨
માટે જઇ દુર્યોધનઘરમાં, ટેક તું ત્યાગી તારોજી—
સેવા કર તેની સુસ્ત્રિયોની, માની બોધ આ મારોજી. ૩
આ ધૃતરાષ્ટ્રતણા પુત્રો છે સ્વામી તારા હવેથીજી;
પાંડવને ન ગણિશ પતિ તારા, લાભ ન થાશે લવેથીજી. ૪
જો ધણિ જીતાયા તેથી તું જીતાઇ નિજને ન માનેજી,
તો બીજો પતિ કર હે દાસી, વાર કરે છે શાનેજી! ૫
ધણિ કરવામાં ઇચ્છા પ્રમાણે વર્ત્તવું સ્ત્રીને ન વારૂજી;
દાસીને તો બાધ નથી કંઇ, બંધ નથી કોઇ બારૂંજી. ૬
કર્ણતણાં અતિ કઠિણ વચન સુણિ, ક્રોધ કર્યો અતિ ભીમેજી,
પણ તે ધર્મને પાશે પડ્યો હતો, તેથિ રહ્યો ત્યાં નીમેજી. ૭
તોપણ દુખથી કરિ સુસવાટો, ઘનપેરે તે ગરજ્યોજી;
જાણે કર્ણને ગળશે હમણાં, સોનો કાળ શું સરજ્યોજી! ૮
રે હું આ તુચ્છ સૂતપુત્રપર નથિ કોપતો આ કાળજી,
દાસધર્મ હું જાણુંછું તેથી, ઉચરે છે શઠ આળજી! ૯
એમ ન હોય તો કેનો ભાર છે, દ્રૌપદિ સામું દેખેજી!
હા હા સિંહ પડ્યો છે પિંજર, છો પછિ શ્વાનો ઉવેખેજી! ૧૦
ભીમગર્જના બંધ પડ્યા પછિ, ઉચર્યો ત્યાં દુર્યોધનજી,
પૂછો ભાઇઓને હે યુધિષ્ઠિર, દ્રૌપદિ છે કોનું ધનજી? ૧૧
આમ કહી ભીમને ચીઢવવા દ્રૌપદિ સામું નિરખીજી,
હસતે મુખ સાંથળ ઉઘાડી કરિ, કર્યો કટાક્ષ ઉર હરખીજી. ૧૨

અયોગ્ય ચેષ્ટા જોઇ આ ભીમે, આંખનો અગ્ની દાખીજી,
સાંભળે સર્વ સભા ત્યમ તર્તજ, ભીમ પ્રતિજ્ઞા ભાખીજી. ૧૩
દુર્મતિ દુર્યોધન, આ દ્રૌપદિ થૂંકે ન તુજ જંઘાપરજી;
ભાવ પૂરવા ભીમતણી ગદા બેસશે જા એ ઉપરજી ! ૧૪
સભાસદો, રણમાં હું ગદાથી ભેદું ન આની જંઘાજી;
તો પિતૃલોક પામું ન કહિયે, વ્યર્થ થજો નાહિ ગંગાજી ! ૧૫
બળતા તરુવરનાં બાકાંથી, ઝરે અગ્નિ જે રીતેજી,
ઝરવા લાગ્યા ક્રોધઝરા, ભીમવપુછિદ્રોથિ તે રીતેજી. ૧૬
તવ ઉચર્યા વિદ્વાન વિદુર ત્યાં, હે ભૂપતિઓ ભાળોજી,
કોપ આ કુંતીપુત્ર ભીમનો, કરશે કેરજ કાળોજી. ૧૭
એમ થવાને વિધિ પ્રેર્યાથી, અન્યાય ભારતવંશેજી—
ઉપન્યો છે ફળ માઠું થાવા, નથિ એમાં જરિ સંશેજી. ૧૮
અરે કૌરવો અનીતિ વિચારો-કરિ હુંપદ મા માણોજી;
ખચિત તમારા યોગ ક્ષેમના નાશ થયો છે જાણોજી. ૧૯
નિજ હાર્યા પહેલાં આ યુધિષ્ઠિર હાર્યા હોત દ્રૌપદિનેજી,
તો તે જીતાએલી નૃપ સૌ કહેત સ્પષ્ટ વદીનેજી. ૨૦
પણ આત્મા નિજ હાર્યા પછિ મૂકી છે પણમાં તેનેજી,
માટે તે જીતાઇ નથી, મા આળ કરો જરિ એનેજી. ૨૧
નિજ હાર્યે દાવો છૂટેલું પારકું ધન પાંચાળીજી,—
દાવે કેમ મૂકાવાએ કહો, તજિ નિષ્ઠા નિજકાળીજી. ૨૨
શકુની-વાત અપશકુની જાણી, તજો કુકર્મનો ચાળોજી;
ધર્મ ઉલ્લંઘી ચાલ્યે અહિંથી ભરશો સૌ ઉચાળોજી ! ૨૩
અપયશ વિસ્તરશે આ જગમાં, જમના પુરમાં જાશોજી;
પડશો ત્યાં રૌરવની ખાણે, જ્યાં અતિશે મૂઝાશોજી. ૨૪
તવ દુર્યોધન કહે હે દ્રૌપદી, શું કહું વારે વારેજી,
રહ્યોછું હું ભીમ પાર્થ નકુળ સહદેવવચન આધારેજી. ૨૫
કહે તેઓ આ ધર્મ નથી ધણિ તુજતણા અહિં ચોખાળીજી,

---

૧૩ ભીમ પ્રતિજ્ઞા—ભયંકર પ્રતિજ્ઞા.

તો તું દાસીપણાથિ મૂકાઇશ, રહીશ મહિમાવાળીજી ! ૨૬
ઉચર્યા પાર્થ તદા હે નૃપ ત્યાં, મહાત્મા આ શુભ ધર્મજી,
સ્વામિ અમારા ત્યાં સૂધી હતા, કર્યું ન હતું પણકર્મજી. ૨૭
પણ પણ નિજનું મૂકયા પછિ હવે ઇશ રહે તે કેનાજી?
વિચાર તેનો કરો હે કૌરવો, હૃદય શામ હોય જેનાજી. ૨૮
એ સમયે ધૃતરાષ્ટ્રતણા આવસથ પાસે દઇ ભારજી,—
શિયાળ ગર્દભ આદિક પ્રાણી કરવા લાગ્યાં પોકારજી. ૨૯
તેનું તત્વ વિદુર ગાંધારી વિના ન કોયે જાણ્યુંજી;
ભીષ્મ દ્રૌણ ગૌતમે એથી, ગર્જી તેહ વખાણ્યુંજી. ૩૦
ભય પામ્યા ધૃતરાષ્ટ્ર એથિ અતિ, મતિ આવી ઠેકાણેજી;
દુર્યોધનનો કરી ધિઃકાર, વદ્યા સતિશું તે ટાણેજી.. ૩૧
આશ્વાસન કરિને કૃષ્ણાનું, આપી મોટું માનજી,
શાંતી ઉર ઉપજાવા એને, ઉચર્યા તે મતિમાનજી. ૩૨
હે પાંચાલી મુજ પાસેથી, ઇચ્છિત હોય તે માગોજી;
તુષ્ટ થયોછું હું અતિ તમપર, તાપ હૃદયનો ત્યાગોજી. ૩૩
કયમ કે મુજ પુત્રોનિ સ્ત્રિયોમાં શુદ્ધ પતીવ્રતવાળાંજી,
પરમ ધર્મ ધારણ કરનારાં તમેજ છો મહિમાળાંજી. ૩૪
કૌરવકુળની સ્ત્રિયોવિષે નિવડેલાં અનુપમ નારીજી—
જાણી મેં લીધાં આહિં તમને, છે બલિહારી તમારીજી ! ૩૫
માટે માગો મુજ પાસેથી મનગમતું વરદાનજી;
આપીશ હું તે અતિ હોંશેથી, ઉચરો સતિ ગુણવાનજી. ૩૬
ઉચર્યાં જ્ઞાનવતી ગુણવતિ તવ, શું બાપાજી માગુંજી !
દાસપણું નવ પામે યુધિષ્ઠિર, પાય તમારે લાગુંજી ! ૩૭
ધર્મતણો મર્મ નત્ર જાણનારા, પુત્રો આપના જે છેજી,
દાસ પુત્ર ન કહે પ્રતિવિંધ્યને, માગવું મારૂં એ છેજી. ૩૮
કહ્યું ધૃતરાષ્ટ્રે એમ થશે સતિ, માગો બિજું મન ગમતુંજી;
હે કલ્યાણી, એટલું આપ્યે, હર્ષપુર નથિ શમતુંજી ! ૩૯

---

૨૯ આવસથ–હોમશાળા. ૩૮ પ્રતિવિંધ્ય–યુધિષ્ઠિરથી દ્રૌપદીને થયેલો પુત્ર.

બોલ્યાં તવ દ્રૌપદિ કે હે ભૂપ, ધનુષ્ય બાણ રથસાથેજી—
માગુછું ભીમ પાર્થ માદ્રિસુત, આપ વચન ધરિ માથેજી. ૪૦
દાસપણું નવ પામે તેઓ, થાય સ્વતંત્ર સુપેરજી,
આપો એટલું માગ્યું બીજું, જો હોય મનની મહેરજી. ૪૧
"અસ્તુ", કહી ધૃતરાષ્ટ્ર વદ્યા, ત્રીજું માગો વહુવારૂજી,
બે વરદાન બહુ ઓછાં છે, છે તપ ઉગ્ર તમારૂંજી. ૪૨
ઉચર્યાં તવ દ્રૌપદિ હે ભારત, લોભે ધર્મ હણાયજી,
માટે ત્રીજું ઇચ્છતિ હું નથિ, જેહ અયોગ્ય ગણાયજી. ૪૩
વૈશ્ય એક વરદાન યોગ્ય છે, બે યોગ્ય છે ક્ષત્રાણીજી,
ત્રણ યોગ્ય નૃપ, સો યોગ્ય વિપ્ર છે, પાપ કરૂં કયમ જાણીજી.૪૪
દાસપણું જુગટે પામેલા મમ પતિઓ મહારાજજી,
મુક્ત થશે વરદાન તમારે, સરશે એટલે કાજજી. ૪૫
સત્કર્મો કરિ સુખ ભોગવશે, આશિષ દેશે તમનેજી;
આપ અનુગ્રહથી દિન વળશે, મળશે વાંછિત અમનેજી. ૪૬
દાસપણાથી પતિ છોડાવ્યા, દ્રૌપદિયે આમ જ્યારેજી,
મર્મવચન કરડાગિ કરીને, કર્ણ વદ્યો ત્યાં ત્યારેજી. ૪૭
મનુષ્યોમાં રૂપવતી રામા, આ'વું કર્મ કરનારીજી,—
સાંભળિ નવ હોશે કદિ કોયે, છે એની બલિહારીજી ! ૪૮
દુખસાગરમાં અહો ડૂબતા પતિ પોતાના તાર્યાજી,
નાવરૂપ થઇ નાવનિ દ્રૌપદિ, ઇચ્છિત કાંઠે ઉતાર્યાજી ! ૪૯
કર્ણતણી કરડાગી સાંભળી, ભીમે કર્ણ તિરસ્કાર્યોજી;
મેણાં મારતો મર્મ ઉચ્ચારતો, સમજાવિ અર્જુને વાર્યોજી. ૫૦
તવ તે ઉચર્યો હે અર્જુન હું નીકળિ અત્રથી હમણાંજી,
બોલતો બંધ પડીને શત્રુનાં ભાગી નાંખિશ લમણાંજી ! ૫૧
નથિ બોલવાનું પ્રયોજન મારે, ગદા બોલશે મારી !
ભેળા અત્ર થયેલા અરિઓ, નાંખિશ સધ સંહારીજી ! ૫૨
આમ કહી મૃગ જૂથવિષે જુએ સિંહ તેમ ત્યાં ભીમેજી—
જોવા માંડયું દવાગ્નીરૂપે, ધર્મ વદ્યા તવ ધીમેજી. ૫૩

હાથ ઝાલિ કહે ધર્મ ભ્રાત, કરવું આ રીતે ન ઘટેજી;
વરતો વેળા હે બાંધવ, ભાર જેમ મોટાનો ન ઘટેજી. ૫૪
આમ કહી સાંત્વન કરિ ભીમનું આવી કાકા પાસેજી,
હાથ જોડીને ઉચર્યા યુધિષ્ઠિર, જયમ ધૃતરાષ્ટ્ર ઉલ્લાસેજી. ૫૫
હે નૃપ આપ વડિલ છો અમારા, આધિન છિયે તમારાજી;
સોંપો કામ સુખેથી અમને, જે યોગ્ય અમારાજી. ૫૬
આપતણી આજ્ઞામાં રહેવા, ચિતથી પાંચે ચહિયેજી,
કિંકર આપતણા ગણિ અમને, શાસન સુખથી કહિયેજી. ૫૭
ઉચર્યા તવ ધૃતરાષ્ટ્ર અહો શુભ અજાતશત્રુ ધર્મજી,
થાઓ કલ્યાણ સદૈવ તમારૂં, છે અનુપમ તમ કર્મજી. ૫૮
આજ્ઞા મારીથી સૌ સૌનાં રાજ્ય ભોગવો સુખથીજી;
એજ તમારા વૃદ્ધ કાકાનું, છે કહેવું આ મુખથીજી. ૫૯
ગત વર્ત્તા નવ રાખશો મનમાં, છો તમે દક્ષ વિવેકીજી,
સૂક્ષ્મ ધર્મ ગતિને જાણો છો, જો કે વવાયું છે શોકીજી. ૬૦
ગાંધારીને મમભણિ જોજો, મોટમ મનની રાખીજી,
અજ્ઞાન મુજ પુત્રોને હે ભાઇ, ઓથ તમારી છે આખીજી. ૬૧
આ રીતે બહુ બહુ સાંત્વન કરિ, આશિષ રૂડી આપીજી,
વિદાય થાવા આપી આજ્ઞા, પીઠ પ્રીતથી થાપીજી. ૬૨
તવ ભાઇઓને દ્રૌપદિ સાથે, બેસીને ઉત્તમ રથજી;
ઈંદ્રપ્રસ્થ ભણિ વાધ્યા યુધિષ્ઠિર, કરિ વ્યર્થ શત્રુમનોરથજી. ૬૩

વલણ.

મનોરથ કૌરવના બધા, વ્યર્થ કરી હે હાય;
પાંડવ પાંચાલી સહિત, થયા પછિ ત્યાંથિ વિદાય રે. ૬૪

---

૫૭ શાસન—હુકમ.

पुनर्द्यूत प्रकरण.

કડવું ૨૬ મું.

દ્યૂતમાં બીજી વાર યુધિષ્ઠિરનો પરાભવ.

રાગ રામગ્રી.

વૈશંપાયન કહે રાજંનજી, કહું ભારત સુણુ સ્થિર મંનજી;
હારેલું સર્વે પામિયા પાંડવજી, લાગ્યો કૌરવ ઉરમાં તે દવજી. ૧

ઢાળ.

દવ લાગિયો દુર્યોધન આદિક પાપિ ઉરમાં રાય,
દુઃશાસનને કહ્યું હે બાંધવ, કંઇ કરો ઉચિત ઉપાય. ૨
પૂરા પરિશ્રમથી મેળવેલું દ્રવ્ય આપણું ભ્રાત,
ધુળ મેળવ્યું તાતે દઇ અરિને, શું કહું તમને વાત ! ૩
દુર્યોધન દુઃશાસન કર્ણ ને શકુનિ મળિ પછિ ભૂપ,
કરિ મંત્ર આવ્યા નૃપકને, નાંખવા અપયશકૂપ. ૪
ઊચર્યો ત્યાં દુર્મતિ દુર્યોધન, શું કર્યું હે તાત !
બૃહસ્પતિનીતિતિ હે રાજા, વીસર્યા શું વાત ? ૫
બળબુદ્ધિથી અરિ સતત હણવા, કરિ ઉપાય અનેક,
શક્રને સુરગુરુએ એવો, બતાવ્યો છે નેક. ૬
તો આપણે તે રીતથી, ચાલતાં શો છે દોષ ?
ઘર શત્રુનું સળગાવતાં, જોવો ન કહિયે જોશ. ૭
આપણે પાંડવધનથિ પરિતોષિને ભૂપસમગ્ર,
પાંડવો સાથ લડાવિશું, લડશે પડિને અગ્ર. ૮
એથિ અડચણ આપણને તેઓથિ કંઇ નહિ થાય;
ઝેરિ સર્પો જાળવ્યેથી, જીવ કોઇ દિન જાય. ૯
છંછેડિ કાળા નાગ વહેતા તે મુકયા છે રાય,
ફળ માઠું એથી તાત, નહિ કાં સમય જાતાં થાય ? ૧૦
ક્રોધિત મુખે ઊઘાડે શસ્રે રથ ચઢેલા એહ,—

પાંડુપુત્રો નાશ સૌનો કરશે નિઃસંદેહ. ૧૧
નિજ નગરમાં પહોંચ્યા પછી તત્પર થઈને તેહ,
વેર પાકું વાળશે, છે ઝેર ભરિયા જેહ. ૧૨
અપમાન આપણુથી મળેલું, વિસરશે નવ લેશ;
અંગાર કોને નહિ ઝરે દ્રૌપદીનો, હે નરેશ! ૧૩
માટે માઠો સમય આવ્યા પ્રથમ હે શિરછત્ર,
ઊપાય સત્વર યોજવો, જે કહું તમને અત્ર. ૧૪
ફરિ દ્યૂત રમવા પાંડવોશું દ્યો અમને આજ્ઞાય;
હારે તે ધરિ મૃગચર્મ દ્વાદશ વર્ષ વનમાં જાય. ૧૫
તેરમું વર્ષ રહેવું છાના, છતા એમાં થાય,—
તો વર્ષ બીજાં બાર વનમાં વસવું એજ ઉપાય. ૧૬
છે શકુનિ દ્યૂત વિષે પ્રવિણુ, જીતશે તે નિર્ધાર;
પાંડવો વનમાં કાઢિશું, દ્યો હુકમ ન કરો વાર. ૧૭
વનવાસ આપી પાંડવોને, થઇ અમે દૃઢમૂળ,
મિત્રો વધારી શત્રુનું કાઢિશું સહજે શૂળ. ૧૮
સુણિ પુત્રકેરાં વચન ધૃતરાષ્ટ્રે કહ્યું નૃપ આમઃ
લાવો ભલે પાંડવોને, સુખે કરો ધાર્યું કામ. ૧૯
ધૃતરાષ્ટ્રઆજ્ઞા સાંભળી, દુખ પામિયા નર દક્ષ;
દ્રોણાદિ કહે હે નૃપ, ફરી મા વાવો વિષનું વૃક્ષ. ૨૦
કહ્યું કોઇનું રૂચ્યું ન નૃપને, રૂચ્યું પુત્રકથંન;
સદ્‌ગુણી પાંડવ પીડવાને માન્યું મહિપતિમંન. ૨૧
ગાંધારિયે બહુ બહુ રિતે શિખ આપિ નૃપને નેટ;
પાચું સુનીતીપિયુષ પણ નવ ટક્યું પતિને પેટ. ૨૨
પછિ પ્રાતિકામી દૂત પ્રેર્યો પાંડવોની પૂઠ;
આજ્ઞા કહેવા નિજતણી, માંડવા પાછી મૂઠ. ૨૩
તેણે ઘણે છેટે ગયેલા યુધિષ્ઠિરને રાય,
જઇ મળીને ધૃતરાષ્ટ્રની સંભળાવિ ત્યાં આજ્ઞાય. ૨૪
ત્યારે યુધિષ્ઠિર બોલિયા, દૂતશું આમ વચંન;

હે પ્રાતિકામી, ભૂપનું ભલે માન્યું હોય એમ મંન. ૨૫
ના નવ કહું એ વાતમાં, ભાવી પ્રમાણે થાય;
ભલું ભૂંડું પ્રાણી માત્રનું આધિન છે દૈવઇચ્છાય. ૨૬
છે દ્યૂત મૂળ અનર્થનું, સમજુંછું તેહ અસાર,
તોપણ કહ્યું નૃપ વૃદ્ધનું, કોડે કરૂંછું સ્વિકાર. ૨૭
કહિ એમ રથ પાછો હંકાવ્યો, ધર્મે ધરિને ધીર;
મન મોટું કરિ ધરિ માથે આજ્ઞા, સહેવા સંકટ શીર. ૨૮
કનકમૃગનો સંભવ ન છતાં, લલચાયા શ્રીરામ;
દુખ આવવાનું હોય તવ, ચૂકે ચતુર પણ આમ. ૨૯
વિપરીત બુદ્ધિ વિનાશ કાળે હોય છે નિર્ધાર;
કાકાને કુમતી સૂઝી, ધાર્યું હશે એમ કર્ત્તાર. ૩૦
એમ બોલતા ભાઇઓસહિત આવ્યા સભામાં ધર્મ;
શકુનિયે ત્યાં સંભળાવ્યું, નૃપઆજ્ઞાનું કોડે કર્મ. ૩૧
તે સાંભળી દુખ પામિયા, સજ્જનો તેણે ઠામ;
ઉદ્વેગથી ઊંચા કરો કરિ ઊચર્યા ગુણગ્રામ. ૩૨
હે ભૂપ ભૂંડું થાય છે આ, છતાં કોઇ આ વાર,
કયમ શીખ દુર્યોધનને દેતા નથી અત્ર લગાર. ૩૩
ભય આવશે આથી અતિ મોટું કરો ભૂપ વિચાર;
દુર્યોધન તે લહેતો નથી, આપો શિખામણ સાર. ૩૪
ધૃતરાષ્ટ્રે ઉત્તર નવ દિધો, સળવળ્યો સગો નવ કોઇ;
નિશ્વાસ નાંખ્યો ધર્મે, કૈરવકાળ સન્મુખ જોઇ. ૩૫
ભાવી ભુલે નવ, થાય નિશ્ચય વિધી પ્રેરે તેમ;
કહિ એમ શકુની કહ્યું સ્વિકાર્યું, સ્મરીને નિજ નેમ. ૩૬
શકુનિયે પાસા નાંખિ કહ્યું, જીત્યા અમે હે ધર્મ !
વન જાઓ આ વસ્ત્રો ઉતારી, ધારિને મૃગ ચર્મ ! ૩૭

વલણ.

મૃગચર્મો ધારણ કરી, જાવાને વનવાસ—
તૈયાર થયા પાંડવ તદા, થયા સજ્જન સર્વ ઉદાસ રે. ૩૮

કડવું ૨૭ મું.

વનજતા પાંડવોની પ્રતિજ્ઞા.

રાગ વેરાડી.

મૃગચર્મો ધરિ વન જાવા પાંડવો થયા તૈયાર,
દુષ્ટ બુદ્ધિ દુઃશાસન હે નૃપ, ઉચર્યો એણી વાર. ૧
મહાત્મા દુર્યોધનની સઘળે આણુ હવે રહિ વરતી,
હારેથી પાંડવની હાલત, નર સૌ નરખો નરતી. ૨
જે ધનમદથી પાંડૂપુત્રો હસતા હતા અમોને,
તે વન જાતા જુઓ સભાસદ, કહું છું અત્ર તમોને. ૩
બુદ્ધિમાન દ્રૂપદે દીકરી અરે તેમને દીધી,
ષંઢ સરીખા નિવડચા તે વર, લહાણુ કહો શી લીધી! ૪
હે પાંચાલી, પશુની સ્થિતિમાં ફરતા પાંડવ સાથે,—
લહાવો લઇશ ન હે લક્ષ્મી સમિ, દુખ વહોરિ નહિ હાથે. ૫
વનમાં જન્મ્યા વનમાં ઉછર્યા, જનમાં સુખ જરિ જોયું,
કર્મ કસી જોતામાં વન મળ્યું, મળ્યું રાજ્ય ઝટ ખોયું! ૬
કંથા પહેરી મૃગચર્મો ધરિ, વન-ફરનારા કંથ,
તુજ પ્રીતીને યોગ્ય નથી જરિ, પરવરમાં એ પંથ. ૭
ભરવાડો સરખાશું ફરતાં, ભવ તારો કયમ જાશે?
મનગમતો પતિ કર અમમાંથી, સદ્ય સુખી તું થાશે. ૮
ષંઢ પુરુષ ચર્મનો હરિણુ ને શાળતણાં જે છાલાં,
પાંડવથી સુખ એ સરખાં છે, તુજને ઠાલાંમાલાં! ૯
દુઃશાસનનાં દુર્વચનો સુણિ ભીમ ભયાનક થઇને,
શિયાળ પાસે સિંહ જાય ત્યમ ઉચર્યો પાસે જઇને. ૧૦
અરે પાપિ, શકુનીનું પરાક્રમ સફળ થયાથી ભસમાં;
તેં શું કીધું અત્ર પરાક્રમ, વચન વદે છે વસમાં! ૧૧
સ્મરણ રાખજે વચન તાહરાં સંભારી સૌ આપી,
નાશ કરિશ તારો તુજ સહાયક સાથે રે હો પાપી! ૧૨

---

૪ ષંઢ—હીજડો.

ક્રોધ લોભ ભરપૂર-ભરેલા તુજ રક્ષક હે ભૂર,
પુત્ર સગાં સાથે જમપુરિમાં પહોંચાડિશ થઇ ક્રૂર ! ૧૩
ધર્માજ્ઞા આધીન ભીમનો ભય કંઇપણ નવ ધારી,
દુઃશાસન નાચવા લાગિયો, કહિ વચનો અતિકારી. ૧૪
તવ ઉચર્યો ત્યાં ભીમ ફરીને, રે હો નીચ અભાગી,
રણમાં રુધિર હું પીશ તારૂં, તુજ હાડપાંસળાં ભાગી ! ૧૫
જો ન કરૂં હું એમ તો મને, પિતૃલોક મા મળજો;
વ્યર્થ કરી કુંતીનિ કૂખને, સુકૃત સઘળાં બળજો ! ૧૬
યુદ્ધવિષે ધૃતરાષ્ટ્રતણાસુત જમને હાથ ધરીશ;
સો પુત્રોનિ પનોતી માતા, વંઝા સદ્ય કરીશ ! ૧૭
ભીમવચનનો ભય નવ ધરિ, દુર્યોધને તેણીવાર,—
હાસ્ય કરી ચાળા પાડી કર્યું કૌતક તેણે ઠાર. ૧૮
એ જોઇ ભીમ વદ્યો હે પાપી, સત્ય નથી આ ચાળા;
સન્નિપાતતણા તે ગણજે, ભરવા અહિંથી ઉચાળા ! ૧૯
જોયા હાથ નથી તેં મારા, ભીડયો નથિ આ બાથે,
રણમાં રમત રમાડિશ પૂરી તુજને આ ભુજહાથે ! ૨૦
સગાસ્નેહિયોસહિત તને સંહારિશ સ્મૃતિ આ આપી,
હાસ્ય તારૂં છે મરવા દોરી કાળ ઊંદરેં કાપી ? ૨૧
જયેષ્ઠ ભ્રાત પાછળ વન જાતો ભીમ થંભિ વળિ બોલ્યો,—
ક્રોધઝરો ખળખળતો મુખથી રક્ત થઈ ફરી ખોલ્યો. ૨૨
જાતાં કહુંછું આગમ નિશ્ચય સ્મરણ રાખજો સર્વે;
મારીશ હું પાપી દુર્યોધન, જે ભરિયો છે ગર્વે. ૨૩
કળિરૂપ કર્ણને અર્જુન હણશે એમાં વ્યર્થ ન થાશે,
કપટિ શકુનિ સહદેવ હાથથી જમનાપુરમાં જાશે. ૧૪
વળિ કહુંછું તે વ્યર્થ ન ગણશો, નિશ્ચય એમ કરીશ;
રોળી દુર્યોધન શિર તેનું આ પગથી કચરીશ. ! ૨૫
બકવામાં શૂરો દુઃશાસન, મલીન મનનો પાપી,

---

૨૧ દોરી—આયુષ્યની દોરી, ૨૩ આગમ—ભવિષ્ય.

પીશ હું તેનું રુધિર યુદ્ધમાં, રણુના રંગે વ્યાપી! ૨૬
ઊંચા સ્વરથી આ કહુંછું તે સત્ય દેવતા કરશે;
રણુ સંગ્રામે આ કહ્યું ભીમનું, રે કદિયે નહિ ફરશે! ૨૭
ઉચર્યો તવ અર્જુન અગ્રજશું સ્કંધે કર ધરિ વારી,
મોટા જે કરવા ચહે તે ભાઇ દે નવ પ્રથમ પ્રચારી. ૨૮
ચઉદમે વર્ષે થાશે તે સૌ જોશે, રહો મા રીશે;
ભીમ કહે આ ચારંતણું લોહિ પૃથ્વી રણુમાં પીશે! ૨૯
ગાંડિવપાણી કરી ગર્જના, ભીમને સુખ અતિ થાવા,
દર્શાવા વીરત્વ આપનું, ઉચર્યો શબ્દો આ'વા: ૩૦
કપટી કુટિલ અને મહાદ્વેષી, પાપમૂળ આ કર્ણ,
આપ વચનથી સૈન્ય ચાકરોસહિત પમાડિશ મર્ણ. ૩૧
વળિ યુદ્ધ કરવા જે જે આવશે રણુમાં મારી સામે,
તેમાંનો નહિ રાખું જીવતો કોપણુ નરપતિ નામે. ૩૨
ડગે હિમાલય, સૂર્યતેજ તજે, શશી ઉષ્ણુ કદિ થાય,
પણુ આ આપ અનુજનાં વચનો વ્યર્થ ન થશે કદાય. ૩૩
અવધી વનનો આવે આપણો કરિ સારો સત્કાર,—
રાજ્ય નહીં દે દુર્યોધનતો, નિશ્ચય એમ થનાર. ૩૪
સર્પપેઠ ફૂંફાડો કરિ પછિ, સહદેવે કહિ દાખ્યું,—
હે શકુની તુજને સહારિશ, ભવિષ્ય આ મેં ભાખ્યું! ૩૫
હે કૌરવ યશ ઉજાડુ શકુની, તેં જે માન્યા પાસા,
તે પાસા મા ગણુતો, એ છે અરે મોતના ફાંસા! ૩૬
જે પદાર્થને પાસા માની, અનર્થ તેં અહિં કરિયો,
મા માનિશ પાસા એ તું, તે બાણુ યુદ્ધનાં વરિયો! ૩૭
ભીમસેન વડભ્રાત વેણુ હું સત્ય કરિશ નિર્ધાર;
રણુમાં સભાસહિત તારો હું સદ્ય કરિશ સંહાર. ૩૮
નકુળ ઉચર્યો, નષ્ટ કૌરવો રહિત પૃથ્વિ હું કરિશ,—

૨૮ અગ્રજ—પોતાના પહેલાં જન્મેલો, મોટો ભાઈ. ૩૦ ગાંડિવ-પાણી—અર્જુન. ૩૩ અનુજ—નાનો ભાઈ.

અંગ સમારિશ નહિ હું ત્યાં સુધિ, વરવે વેષ ફરિશ! ૩૯
આમ પાંડવો કરી પ્રતિજ્ઞા, સૂચવિ નિજ અરિ નાશ,
વડિલ ભ્રાતની સાથ ગયા, પ્રજ્ઞાચક્ષૂ નૃપ પાસ. ૪૦

વલણ.

પાસ જઈ ધૃતરાષ્ટ્રની, ચાર ભ્રાતની સાથ,
અજાતશત્રુ ઉચર્યો, વિનયથિ જોડી હાથરે. ૪૧

કડવું ૨૮ મું.

કુંતીનો વિલાપ અને પાંડવોનું વનગમન.

રાગ ધનાશ્રી.

કહે યુધિષ્ઠિર હે મહારાજા, તાતરૂપ ધૃતરાષ્ટ્રજી,
આજ્ઞા માગિ તમારી હું વન જઈશ તજી આ રાષ્ટ્રજી. ૧
ભરતવંશિયો, વૃદ્ધ પિતામહ, વડિલ અને ગુરુ જનનીજી—
આજ્ઞા માગુંછું નમિ આ સ્થળ, જાવા વાટે વનનીજી. ૨
વનવસવાનો સમય પૂરો થયે આવી નમિશ હું તમનેજી;
અંતર ઓછું લાવશો નવ કો, ઘો આજ્ઞા હવે અમનેજી. ૩
વિનયવચન સુણિ ધર્મતણાં, ત્યાં બેઠેલા વૃદ્ધકેરાંજી,
ભીડાયાં મન શીડાયાં મુખ શરમ રાહુએ ઘેર્યાંજી. ૪
એ સમયે મન કઠિણ કરી, પાંડવના પરમ શુભેચ્છુજી—
વિદુર વધ્યા હે પાંડવ તમને કહેવા કંઇક હું ઇચ્છુંજી. ૫
આ વૃદ્ધ કુંતી માત તમારાં, છે જાતે અતિ કોમળજી,
વન લઇ જાવાં યોગ્ય નથી એ, બહાર ફર્યાનું નથી બળજી. ૬
માટે એ રહેશે મારે ઘેર ચિંતા ન એમની કરશોજી,
સેવા કરિશ હું રૂડી રીતે, ધોંખો મન નવ ધરશોજી. ૭
થાઓ કલ્યાણ સદૈવ તમારૂં, જાઓ તજીને ચિંતાજી,

---

૪૦ પ્રજ્ઞાચક્ષુ—ધૃતરાષ્ટ્ર. ૪૧ અજાતશત્રુ—યુધિષ્ઠિર. ૧ રાષ્ટ્રદેશ.

સર્વે સ્થળે સુખ દેશે તમને, વ્યાપક વિશ્વનિયંતાજી. ૮
વિદુરવચન સુણિ પાંડવો બોલ્યા, છો તમે તાતને ઠામેજી,
આજ્ઞા તમારી ઉલ્લંઘન કાકા નહિ કરિયે અમે નામેજી. ૯
છો હિતકર ઘરથી તમે અમતણા, આધિન છિયે તમારેજી;
જે કહો તે કરવા તત્પર છિયે કહો વળિ યોગ્ય અમારેજી. ૧૦
વિદુર વદ્યા તવ હે શુભ ધર્મ, હું આપું અભિપ્રાય મારોજી,
જે થકિ હે નિષ્પાપ કંદી મત ન્યારો નથી તમારોજી. ૧૧
ધર્મથિ જીતાયલો જન હાર્યાનો ખેદ ન મનમાં ધારેજી,
જાણો છો તે સુજ્ઞ તમે, નથિ કહેવાનું એથી મારેજી. ૧૨
જયછે પાર્થ વિષે ત્યમ ભીમ છે સર્વ શત્રુ સંહરતાજી,
માદ્રીસુત છે અર્થ સંપાદક, ધૌમ્ય છે ધ્યાન સુ·ધરતાજી. ૧૩
ધર્મરૂપી અર્થ સંગ્રહ કરવે, દ્રૌપદિ છે સાવધાનજી,
ઐકય તમારૂં છે અતિ ઉત્તમ, સંતોષી શિળવાનજી. ૧૪
આ સ્થિરપણું તમારૂં જોઈ, ઇંદ્ર સમો અરિ હારેજી,
કહે કે આમ બને ન હુંથિ કદિ, વાસવ મુખથી ઉચારેજી. ૧૫
વિજયી વિનયી છો વપુવાન સુ, તેથિ વિજય તમ થાશેજી;
વિઘ્ન વિપત્તી દૂર થશે અરિ, તેર વર્ષ ટપ જાશેજી. ૧૬
સ્થિરતા ધર્મવિષેની·તમારી, સદૈવ સારી રહેજોજી;
સંકટ આવ્યે ધીરજથી સહિ, લેશ ન તે મન લહેજોજી. ૧૭
ક્ષમા પૃથ્વિથી, તેજ સૂર્યથી, વાયુથિ બળને પામોજી;
સર્વ ભૂતથી સંપત્તિ મેળવિ, ઝાઝા સુખમાં જામોજી. ૧૮
રોગરહિત કલ્યાણુવાળા થઇ, વનથી વહેલા આવોજી,
એ છે આશિષ, મળિને સુજને આ હૈયું હરખાવોજી. ૧૯
વિદુરવચનને માથે ચઢાવી, ભીષ્મ દ્રોણુ પ્રણમીનેજી,
વન જાવાને નિસર્યા યુધિષ્ઠિર, વડિલવર્ગને નમિનેજી. ૨૦
એ સમયે દુઃખાર્ત દ્રૌપદી આવ્યાં સાસુજિ પાસજી;
મળિ ત્યાં અન્ય સ્ત્રિયોને માગી આજ્ઞા જવા વનવાસજી. ૨૧
તવ ત્યાં દુખનો હવો કોલાહલ તે શું મુખથી ભાખુંજી,
કુંતી કેરા હૃદયતાપને અત્ર શિ રીતે દાખુંજી ! ૨૨

વન જાતાં વહુને જોઇ શોકે વિહ્વળ કુંતા બોલ્યાંજી,—
અરે વહુ આ શું જોઉં છું હું અહિં, આવ્યાં શું કર્મ અબોલ્યાંજી?!૨૩
કર્મ તમારાં છે અતિ ઉત્તમ, ધર્મતણાં છો જ્ઞાતાજી,
સંકટમાં શોક નવ કરશો, હરિ કરશે સત્વર શાતાજી. ૨૪
શિયળ અને સદાચરણ તમારૂં કરશે સદૈવ સારૂંજી;
સ્વામી તમારા માટે તમોને, શી શિખ વહુ હું ઉચારૂંજી ? ૨૫
ઉભય કૂળ અજવાળ્યાં છે તમે, પતિવ્રતગુણને પ્રકાશોજી;
ડાહ્યાંને શી દઉં શીખામણ, સોનું કદિ ન કટાશેજી. ૨૬
હે સતિ જે વાકયોથિ તમે, કૌરવને છે પરજાળ્યાજી,
તેવુંજ તેમને ભાગ્યે લખ્યુંછે એ ટાંક ન ટળશે ટાળ્યાજી. ૨૭
હે દ્રૌપદી પતિવ્રતા સ્ત્રિયોને આવવાનાં સુખ દુખમાંજી—
હર્ષ શોક નવ થાય જરાપણ, છો તમે પણ તે રૂખમાંજી. ૨૮
માટે તમે એ ધર્મ વડે જયાં જાશો ત્યાં રક્ષાશોજી;
જાઓ સુખે વન મન ન મુઝાશો, સત્વર સુખિયાં થાશોજી.૨૯
સહદેવને વનના દુખમાં સુખ દેજો સર્વ પ્રકારેજી,
શું વધુ કહું હું હે વધુ તમને, રહેજો કુળઆચારેજી. ૩૦
સાસુજિવચન ધરી શિર દ્રૌપદિ રોતાં છૂટે કેશેજી—
નિકળ્યાં ત્યાંથી આંસુ પાડતાં, વિહ્વળ વ્યાકુળ વેશેજી. ૩૧
તવ તે પાછળ ચાલ્યાં કુંતા, વળાવવાને માટેજી,
તો જોયા સુત પાંચ જોગીરૂપ, જે જોઇ હૈયું ફાટેજી! ૩૨
ઉત્તમ વસ્ત્ર અલંકારો વર્જિત તે મૃગચર્મ ધરેલાજી—
જોયાં સુત નીચું. મુખ કરતા, લજ્જા પરમ ધરેલાજી. ૩૩
એથી ભેટી રડીને કુંતી ઉચર્યાં ત્યાં પોકારીજી,—
દેવસરીખા હે દિકરાઓ, આ શી દશા તમારીજી ! ૩૪
ધર્મમાર્ગમાં પગ ધરનારા, હે દૃઢ ભક્તીવાળાજી,
સદાચારિ સુખકારિ સર્વના હે મોટા મનવાળાજી ! ૩૫
તમને આવું દુખ કેમ આવિ પડયું, ન લહું કારણ તેનુંજી,
હા ! હા ! કાળગતી વિપરીત છે, આ અઘટિત છે એનુંજી ! ૩૬

ના ના કાળનો દોષ નથી, દોષછે મુજ આ ભાગ્યકેરોજી;
ઉત્તમ વીર્યને આપિ જન્મ મેં, અફળ કરાવ્યો ફેરોજી ! ૩૭
વનનું દુખ સહેશો કયમ વીરા, મનગમતું સુખ માણીજી;
કાયા તમારી છે અતિ કોમળ, પાંકયું ન મળશે પાણીજી. ૩૮
રે વનવાસ તમોને મળશે જાણતી હોત હું પ્રથમેજી,
તો શતશૃંગથી અત્ર ન આવત, સ્વામિ ગયા તેહ સમેજી. ૩૯
તપ બુદ્ધીથી યુક્ત તમારા તાતને ધન્ય હું ધારૂંજી,
પુત્રોનિ પીડા વિચારી પ્રથમે, સ્વર્ગ ગણ્યું બહુ સારૂંજી. ૪૦
વેળા વરતી જ્ઞાનવતી સતિ માદ્રિ પરમગતિ પામીજી;
રે હું સ્વામિ વિમુખ રહિ ધિઃક થઈ, ઝાઝા દુખમાં જામીજી! ૪૧
હે દીકરી દ્રૌપદિ હું તમો સૌ મારાં બાળક પાખેજી—
રહિશ ન અત્ર હું આવિશ વનમાં, રડતાં કુંતા ભાખેજી. ૪૨
નૃપ પેઠે નાશવાન આ દેહનો અંત ન દૈવે આણ્યોજી;
આ આયુષ્ય ન ખૂટે એથી, જરૂર આળસુ જાણ્યોજી. ૪૩
હે દ્વારિકેશ શ્રીકૃષ્ણ તમે હજિ કેમ રહ્યાછો પોઢીજી ?
રે આ વિપત્તી નિજવહાલાંની, શ્રીપતિ નાથ શું પ્રોઢીજી ?! ૪૪
હે દુખ હરનારા આ સમયે, કેમ ન આવો દોડીજી ?
ફોઇને હે ભવફંદ નિવારક, છે શું આ આપદ થોડીજી ?! ૪૫
ભક્તજનોનાં દુખ હરનારા, કેમ ન ભીડ આ ભાગોજી ?
પોતાનાંનિ ન કરો ઉપેક્ષા, ત્રીકમ આળસ ત્યાગોજી ! ૪૬
આવી વહાર કરીને અમારી, સાર કરો સુખદાતાજી,
તમ વિણ અત્ર અમોને કો પણ, નથિ કરનાર સુશાતાજી. ૪૭
પ્રવિણ પિતામહ, દ્રોણગુરૂ અને કૃપાચાર્ય વિદ્વાનજી—
અત્ર છતાં દુખ આ કયમ આવ્યું, ઊતાર એમનું માનજી. ૪૮
હે પાંડૂનૃપ છો કયાં આપ, લહો નવ કયમ સુતદુખનેજી!
આ પુત્રો વન જાય તમારા, શુ માણો સુરસુખનેજી !! ૪૯
હે માદ્રીસુત પ્રિય સહદેવ તું છે મુજને બહુ વહાલોજી,
માટે વળ પાછો તું વીરા, હું આપિશ નહિ કંટાળોજી. ૫૦
હે જનમેજય, આ પરમાણે વિલાપ કરતાં માનેજી,—
પ્રણામ કરિ પાંડૂસુત નિસર્યા, પુરથી વનમાં જવાનેજી. ૫૧

વલણ.

જવાને વન મન કરિ કઠિણુ, ચાલ્યા ચતુર સુધીર;
ઉલટી નદિ દુખની પુરથિ અતિ, વહિ જનનેત્રે નીર રે. પર

કડવું ૨૯ મું.

धृतराष्ट्रनो पश्चाताप.

રાગ સામેરી.

પાંડવ વળાવી વિદુર વળિયા પામિ ઉર અતિ કલેશ,
દુખમાં ડુબેલાં ભાભિને આપતા શુભ ઉપદેશ. ૧
ભાવી પ્રબળનાં ભાખીને દૃષ્ટાંત બહુ બહુ પેર,
આશ્વાસનાં કુંતીની કરતા લાવિયા નિજ ઘેર. ૨
પુરની પ્રજા નિઃશ્વાસ થઇ પામિને અતિ પરિતાપ,
આવતાં પુરભણી કૌરવોને દેતિ વિધવિધ શાપ. ૩
સભામાં સતિ ચિરહરણ અને પછિ જવાનું વંન,
સાંભળી કૌરવની સ્ત્રિયો કરતી અત્યંત રૂદંન. ૪
નિંદા કરી નિજ નાથની નાંખતી બહુ નિઃશ્વાસ,
વૈધવ્ય આવ્યું હોય ત્યમ સૌ ભાસતીજ ઉદાસ. ૫
એ સમય સુત અન્યાયથી નૃપ નાંખતા નિઃશ્વાસ—
ઉચર્યા અરે કોઇ વિદુરને મોકલો મારી પાસ. ૬
આવ્યા વિદુર નિજ પાસ તવ ધૃતરાષ્ટ્ર ઉચર્યા એમ,
પાંડવો વન કયિ રિત ગયા, તે કહો વિદુર હોય જેમ. ૭
ત્યાં વિદુર વળતી બોલિયા, મુખ ઢાંકિ વસ્ત્રથિ ધર્મ—
વન ગયા પુર આ ત્યાગિને, ગણિ એજ નિજનો ધર્મ. ૮
બે ભુજા નિજ પહોળી કરી જોતો ગયો છે ભીમ;
નિજ કરથિ રેતી વેરતો અર્જુન ગયો લઇ નીમ. ૯
સહદેવ મુખ રંગિને વનવાટે વહ્યો છે ભૂપ,
ધુળ ભૂંશિ વપુએ નકુળ હે નૃપ ગયો ઢાંકી રૂપ. ૧૦
દ્રૌપદી છૂટે કેશ મુખ ઢાંકી અમંગળ વેષ—

રોતાં ગયાં છે પતિ પુઠળ, શું કહું અત્ર નરેશ! ૧૧
પાંડવો આગળ દર્ભ કર ધરિ ધૌમ્યમુનિ ધીમાન—
યમરાયનું સામના મંત્રે ગયા કરતા ગાન. ૧૨
વાકયો વિદુરનાં સાંભળી ધૃતરાષ્ટ્ર ઉચર્યા રાય,
ચેષ્ટા ચતુરની વિવિધ સુણિ મન મારૂં વિસ્મિત થાય. ૧૩
કાં આમ કરિ પાંડવ ગયા કહો મર્મ મુજને તેનો;
ઉચર્યા વિદુર હે સુજ્ઞ નૃપ સુણો અર્થ કહું હું એનો. ૧૪
કરિ કપટ જીત્યા યુધિષ્ઠિરને કૌરવોએ રાય,
દૃષ્ટી કુપિત તે પર પડચે બળિ ભસ્મ તે સૌ થાય, ૧૫
માટે દયા તે પર ધરી મુખ ઢાંકિ ધર્મ સુજાણુ,—
વન ગયા ક્રોધ ન દાખતાં, કુરુકુળનું ચહિ કલ્યાણુ. ૧૬
નિજ હાથ લાંબા કરી જોઇ ભીમે બતાવ્યું એહ,
આ હાથથી અરિ મારિ વૈર હું લઇશ નિઃસંદેહ. ૧૭
અર્જુને રેતી વેરિ કરથી સૂચવ્યો એ સાર,
રેતી રીતે શર વાવરી અરિનો કરિશ સંહાર. ૧૮
વરતે ન નિજને કોઇ તો ઠિક, કરી એમ વિચાર,
મુખ રંગિને સહદેવ વન વિચર્યો છે સમજી સાર. ૧૯
લોભે ન મન લલનાતણું રૂપ જોઇ મારૂં કયાંય;
એમ થવા નકુળે ધૂળથી કરિ છે મલિન નિજ કાય. ૨૦
વળિ એક વસ્ત્રે કેશ છૂટે જતાં વનની વાટ,
રડતાં વધાં છે દ્રૌપદી, ઊઠાડવા અહિં વાટ! ૨૧
જેમણે આ સ્થિતિએ મને પહોંચાડિ છે આ વાર,
પતિ પુત્રવનિ તેની સ્રિયો, સૌ દેખશે નિર્ધાર. ૨૨
ચઊદમે વર્ષે પુત્ર પતિને દહન કરિ અરિનાર—
રોતી વિંખેલે કેશ કરશે પુરવિષે સંચાર. ૨૩
ધરિ દર્ભ કરમાં ધૌમ્ય જમના ગયા જપતા મંત્ર,
તે સૂચવે છે અમંગળ કૌરવોનું એ તંત્ર. ૨૪
સંગ્રામમાં કૌરવોનો નૃપ થશે જત્ર સંહાર,
ગુરુ તેમના વિધિ તેમનો કરશેજ એજ પ્રકાર. ૨૫

છે એમ જણાવ્યું ધૌમ્યમુનિએ હે નરેશ સુજાણ,
પાંડવ જતાં વન પુરપ્રજા કરિ રહી છે કકળાણ. ૨૬
રે વન ગયા નૃપ આપણા જે હતા પરમ ઉદાર,
માટે અનાથ છિયે હવે, નથિ કો રક્ષણ કરનાર. ૨૭
જેમને પાપે વન ગયા સુરસમું સુખ દેનાર,
તે લોભિ લંપટ કૌરવોશું મન નથી મળનાર. ૨૮
પાંડવ વિયોગે એ રિતે દુખ ધરી અપરંપાર,
નિઃશ્વાસ નાંખીને પ્રજા શોચે છે વારંવાર. ૨૯
હસ્તિનાપુરથી નીસર્યા પાંડવ જવા જે વાર,
વિદ્યુત થઇ વાદળ વિના, ભૂ ભાસી અતિ ભયકાર. ૩૦
અમાવાસ્યા નહિ છતાં ખગ્રાસ સૂર્ય જણાયો;
ઉત્પાત એવા થયા જનનો હર્ષ સર્વ હણાયો. ૩૧
શીયાળ ગિધ ને કાગડા લઇ માંસ કરતાં આહાર--
દીઠાં દેવાલય ચોક ચૌટે, કરતાં અશુભ ઉચાર. ૩૨
આ રીત વિદુરનિ વાત સુણતા હતા નૃપ જે વાર,
મુનિ શ્રેષ્ઠ મંડળિ સાથ નારદ આવિયા તે ઠાર. ૩૩
આવિને ઉચર્યા વિણાપાણી સુણ હે નૃપ આ વાર,
આજથી ચઉદમે વર્ષ કહુંછું ત્યમ થશે, નિર્ધાર. ૩૪
દોષ દુર્યોધનતણે ભીમ પાર્થક્રોધથિ રાય,
કૌરવો મૃત્યૂ પામશે, મિથ્યા નહીં એ થાય. ૩૫
કહિ એમ અંતર્હિત થયા નારદમુની તત્કાળ;
દુર્યોધન શકુની કર્ણને એથી પડી અતિ ફાળ. ૩૬
તેથી ઉગરવા મરણથી ગણિ શરણ દ્રોણનું સાર,
સોંપિયું તેમને રાજ્ય સંરક્ષણ થવા એ વાર. ૩૭
દ્રોણે કહ્યું તવ તેમને પાંડવો પરમ નિધાન,
કોથી મરાશે નહિ કદી, એમ કેહેછે વિપ્રો મહાન. ૩૮
તોપણ શરણ આવ્યાને હું કદિ નવ કરીશ નિરાશ,
જોકે સહાય તમારિમાં છે નક્કિ મારો નાશ. ૩૯
તેર વર્ષ પછી અરે તે ધર્મના ધરનાર,

વેર મુજશું વાળશે, વિધિ એ નથી ફરનાર. ૪૦
તેમને સસરે અગ્નિ કુંડથિ કાળ મારો જેહ—
ઉપજાવિયો છે તે મને મારશે નિઃસંદેહ. ૪૧
તમ માટ મહારથિ પાર્થશું યુધ કરવું પડશે ગાઢ,
એથી બિજું દુઃખ છે કશું, ધ્રૂજે છે મારાં હાડ! ૪૨
ધૃષ્ટદ્યુમ્ન હાથે મોત છે મુજ તે થશેજ પ્રસિદ્ધ;
સંહાર કૌરવનો થશે પાંડવથિ એ છે સિદ્ધ. ૪૩
શિશિર ઋતુમાં તાડ છાયા ટકે થોડી વાર,
તે રીત હે દુર્યોધન, સુખ નથી આ ઘણું ટકનાર. ૪૪
માટે યજ્ઞો કરો દાનો ઘો ભોગવિ લ્યો ભોગ,
આજથિ ચઉદમે વર્ષ સર્વે થશો જમના ભોગ.' ૪૫
સુણિ દ્રોણકેહેવું મહિપ મનમાં પામિયા અતિ ત્રાસ,
શિર ધુણાવી શોચિ ઉરમાં નાંખિયો નિઃશ્વાસ. ૪૬
એકાંતમાં ધૃતરાષ્ટ્ર વિહ્વળતાથી પછિ હે રાય,
કર દઇ કપાળે સજળ નેત્રે નાંખતા'તા હાય. ૪૭
એ સમય સંજય આવિ ઉચર્યો, નમન કરિને આમઃ
મહારાજ વ્યાકુળ, કયમ દિસોછો, કરી ઇચ્છિત કામ! ૪૮
વનવાસ પાંડવને દઈ, થઇ અખિલ અવનીભૂપ,
શોચોછ શાને હે ચતુર, દીસોછ કયમ દુઃખરૂપ. ૪૯
ધૃતરાષ્ટ્ર તવ કહે પાંડવોશું વૈર જેને થાય,
હે સંજય, તેને ઉગરવાનો હોય નવ ઉપાય. ૫૦
માટે ઠરી હું નથી શકતો, પામું છું પરિતાપ;
સંજય કહે એ દુખનું કારણ અરે નૃપ છો આપ! ૫૧
ભિષ્મ, દ્રૌણ, વિદુરતણું નવ માનતાં લવલેશ,
દુર્યોધને દ્રૂપદસુતાને કરાવ્યો અતિ કલેશ. ૫૨
માઠું કર્યું છે એ ઘણું, માઠું થવાને દક્ષ,
નથિ કાળ કર લઇ લાકડી મારતો શિર પ્રત્યક્ષ. ૫૩
પાપ નવ બોલે પરંતુ બોળે નૃપ નિરધાર,

પાંચાળિ પ્રત્યેની અનીતી થઇ થવા સંહાર. ૫૪
સંજયે નૃપ અન્યાયનું આપી સ્મરણુ બહુ રીત,
કહ્યું ભૂપ સૌ ભ્રમણા તજી હવે આ રાખો પ્રભુમાં પ્રીત.૫૫
તવ તે કહે દ્રૌપદીકોપનિ દૃષ્ટિથી જગસૂત્ર—
બળિ જતાં પણુ કયમ ઊગરે મુજ પરમ પ્રિય એક પુત્ર.૫૬
દુશ્ચિન્હ અહિં દેખાય છે, વરત્યો છે હાહાકાર,
મારું થવા જડમૂળ જવા ભાસે છે વારંવાર. ૫૭
વિદુરે મને સંધી થવા સમજાવ્યો વાર હજાર,
દુર્યોધનહિત માટે મેં તેનું કહ્યું કર્યું ન સ્વિકાર. ૫૮
હિત અહિતને દુર્દૈવથી કીધો ન લેશ વિચાર,
હિત ગણ્યું તેજ અહિત હવે કરશે અરે નિર્ધાર. ૫૯

વલણ.

નિર્ધાર નાશ કુરુકુળતણો, થાશે હે સંજય સ્પષ્ટ;
હા! હા! મેં આ હાથે અરે, વહોર્યું કૂડું કષ્ટ રે! ૬૦

इति श्री अहमदाबाद निवासी रैक्वज्ञातीय राजाराम सूनु भट्ट गणपतराम विरचिते लघुभारते सभापर्व समाप्तम्. ॥ २ ॥

ગીતિ.

રાજારામ તનૂદ્ભવ, ગણુપત જ્ઞાતી સુરૈક્વ દ્વિજ જે છે;
અમદાવાદ નિવાસી, મૂળ વતન શુભ *સુગંધપુર—તે છે. ૧
તેણે લઘુભારતનાં આદિ સભા બે રચ્યાં પરવ પ્રીતે;
રચવા બીજાં ઇચ્છા—છે ઉરમાં સત્કવીતણી રીતે. ૨

सभापर्व समाप्त.

* આમોદ-ભરૂચ જિલ્લામાં આવેલો આમોદ કસ્બો.

શુદ્ધિપત્ર.

પૃષ્ઠ.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
૯	૨૬	અંતર ધ્યાન	અંતર્ધાન
૧૦	૯	દિક્ષા	દીક્ષા
૧૩	૨૦	વિસ્મિય	વિસ્મિત
૧૪	૧૭	નૃપે,	નૃપે।—
,,	૧૮	જયદ્રુજ	જયધ્વજ
,,	૨૨	ઊત્તમ	ઉત્તમ
૧૫	૨૭	અનાતશત્રૂ	અંજાતશત્રૂ
૧૬	૧૦	ધર્મજ્ઞે	ધર્મજ્ઞો
,,	૧૬	એક છે	એક તું છે
૧૭	૨૩	વચન	વમન
૨૨	૭	શંતનૂં	શંતનૂ
,,	૨૯	૨૮	૧૮
૨૯	૧૩	પાડુરવર્ણિ	પાંડુરવર્ણિ
૫૪	૧૫	કરો કરો	કયમ કરો
૭૨	૧૮	રીતો	રીતેઃ—
૭૩	૧૧	પરિક્ષા	પરીક્ષા
૭૫	૨૦	સ્ત્રિયો	સ્ત્રિયો
,,	૨૫	સુપ્રતિષ્ટિત	સુપ્રતિષ્ઠિત
૮૧	૧૨	દુયાધન	દુર્યોધન
૮૭	૮	ભ્રહ્માસ્ત્ર	બ્રહ્માસ્ત્ર
૧૦૭	૫	નર ભક્ષ	નરભક્ષક
૧૧૪	૨૨	કરશે કરશે	કરશે
૧૧૯	૧૩	ખોળમાંથી	ખોળામાંથી
૧૨૬	૮	કડવું ૩૦ મું.	કડવું ૪૦ મું.
[illegible]	૨૬	ધર્મમા	ધર્મમાં

શુદ્ધિપત્ર.

પૃષ્ઠ.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
૧૩૨	૨૫	હતા	હતાં
૧૪૩	૭	આવ્યે	આવ્યેઃ
,,	,,	આયખ	આયૂખ
૧૫૪	૨૧	કુંમારી	કુમારી
૧૫૬	૧૦	વેડૂર્ય	વેદૂર્ય
૧૬૪	૮	દ્રાણુ	દ્રોણુ.
૧૬૬	૧૯	સા	સૌ
૧૬૭	૩	દ્રાપદી	દ્રૌપદી
૧૬૮	૨૪	વિ ત્	વિદ્યુત્
૧૬૯	૨૮	સ્ફટિકપા ળનાં	સ્ફટિકપાળનાં.
૧૭૨	૧૮	ઊચર્યા—	ઊચર્યાં—
૧૭૩	૨૩	મેં	મેં
૧૭૪	૨૪	માંડયા	માંડયાં
૧૭૭	૨૫	તપચીના	તપસ્વીના
૧૮૨	૫	માર્ગ	માર્ગ
૧૮૩	૪	સ્પર્દ્ધા	સ્પર્ધા
૧૮૪	૨૦	જેગ	જેમ
૧૯૦	૨૨	અસ્રો	અસ્રો
૧૯૨	૨૪	સવતણું,	સર્વેતણું,
૨૦૨	૫	ચીતર્યા	ચીતર્યાં
૨૩૧	૧૪	પજ્યો	પૂજ્યો
૨૩૭	૩૦	ક્રેવાક્તિ.	વક્રોક્તિ.
૨૩૮	૯	નપ	નૃપ
,,	૧૯	ક્યો	ભૂંક્યો.
૨૫૩	૨૪	સા	સૌ
૨૫૪	૧૨	યયતા	યયાતી
,,	૧૬	હુ	હું
૨૬૧	૧૭	તયાર	તૈયાર

પૃષ્ઠ.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
૨૬૪	૭	દૈવ્ય	દૈવ
૨૮૪	૨	ઉચયા	ઉચર્યાં
૨૮૯	૭	જે યોગ્ય	જે હોય યોગ્ય
૨૯૦	૧૬	બૃહસ્પતિનીતિતિ	બૃહસ્પતિનીતિનિ
૨૯૫	૧૯	ફુંદાડો	ફૂંદાડો
૨૯૬	૭	ઉચર્યો	ઊચર્યા

આ પુસ્તકના ત્રણ ફરમા છપાઈ ગયા પછી; પાંચસેને બદલે પુસ્તકની હજાર પ્રત છપાવવાની જરૂર જણાઈ, એથી શરૂઆતના ત્રણ ફરમા ફરી છપાવતાં પ્રથમના ફરમામાં થયેલી ભૂલ સુધારી લીધી છે, તેમ નવામાં થયેલી ભૂલ શુદ્ધિપત્રમાં મૂકીછે.

વિજ્ઞપ્તિપત્ર.

મારાં રચેલાં પુસ્તકો વાંચવાની ઇચ્છા હોય તેમને નીચે પ્રમાણે તે નિવેદન કરૂંછું:—

ભરૂચ જિલ્લાનો કેળવણીખાતાનો ઇતિહાસ. આ પુસ્તક કવિતામાં છે; જેમાં માત્ર ભરૂચ જિલ્લાને લગતી હકીકત નહિ, પણ આખા ભારતવર્ષની પ્રાચીન કેળવણીનું ચિત્ર આપ્યું છે; તેમજ મહેતાજીઓને ઉત્તમબોધ એમાં છે. પ્રખ્યાત ગ્રંથ વિવેચક રા. સા. નવલરામ લક્ષ્મીરામે એ ઉપર સારૂં વિવેચન કરી મહેતાજીઓને તે વાંચવા ભલામણ કરી હતી. એ ગ્રંથની કીમત બાર આના હતી, પણ હવે થોડી પ્રત રહી છે તે ત્રણ આને મળશે. પોસ્ટેજ અર્ધો આનો.

લીલાવતીકથા. આ જનપ્રિય કથાની છત હાલ નથી. માગણી પછી જાય છે. માટે ઇચ્છિત ગ્રાહકો થશે તો ફરી છપાશે. ઇચ્છા હોય તેમણે રાખવાની પ્રત, નામ, ઠામ લખી મોકલવું. અગાઉ ગ્રાહકને પ્રત ૧ ના આઠ આના પડશે. પુસ્તક વેલ્યુપેએબલ પાર્શલથી મળશે.

મનોવિકાર તથા **આશા નિરાશા વિષે નિબંધ.** આ નિબંધ કચ્છ દરબાર તરફથી ઇનામ આપી રચાવેલો છે. દિ. બ. મણિભાઈની ઇચ્છાથી તેનો લાભ સૌ કોઈ લે માટે કદના પ્રમાણમાં તેની કીમત ઘણી ઓછી રાખી છે. નિબંધ બહુ બોધ રૂપ છે. કીમત પ્રત ૧ ના આના આઠ, પોસ્ટેજ દોઢ આનો.

પ્રતાપનાટક. આ વિષે અત્ર જણાવવાની જરૂર નથી. ત્રીજી આવૃત્તિની થોડી પ્રત છે. કીમત રૂ. ૧-૮-૦ પોસ્ટેજ રૂ. ૦-૧-૬

લઘુભારત ભાગ ૧ લો. કીમત રૂ. ૨-૦-૦ પોસ્ટેજ રૂ. ૦-૨-૬

બાળલગ્નથી થતી હાનિ વિષે સરસ્વતી ગુણવંતની કથા. આ પુસ્તક અમદાવાદની ગુ. વ. સોસાઇટીએ ઇનામ આપી કવિતામાં રચાવ્યું છે, જે હિંદુસંસારમાં બોધ લેવા જેવું છે. કીમત ૭ આના. સોસાઇટીમાંથી મળશે.

પાર્વતીકુંવરચરિત્ર. સ્વર્ગવાસી રા. સા. મહીપતરામ રૂપરામનાં પત્નીનું આ ચરિત્ર, સ્ત્રીઓને બહુ બોધજનક છે. જે ગુ. વ. સોસાઇટીએ મોટું ઇનામ આપી રચાવ્યું હતું. કીમત ત્રણ આના. સોસાઇટીમાંથી મળશે.

વિશેષમાં જણાવવાનું કે, **આદિ** તથા **સભાપર્વ** વાંચવા સાંભળવાથી જેમને પ્રેમ ઉપજ્યો હોય તેમણે **વનપર્વ** રચાય છે, તેના અગાઉ ગ્રાહક થવા ઇચ્છા થાય તો પ્રતો અને પોતાનું નામ ઠામ લખી જણાવવા કૃપા કરવી. પુસ્તકની કીમત કરતાં અગાઉ ગ્રાહક પાસે ઓછું મૂલ્ય લેવામાં આવશે. માટે પ્રેમ હોય તેમણે લખી જણાવવું, કે **લઘુભારતનો** પ્રથમ ભાગ વાંચી લોકોમાં કેટલો પ્રેમ ઉપજ્યો છે તે જાણી મને સંતોષ થાય.

મારાં પ્રસિદ્ધ કરેલાં પુસ્તક મળવાનાં ઠેકાણાં.

નડિયાદ.—મારી પાસેથી અથવા નડિયાદમાં બુકસેલર રા. ત્રીકમભાઈ રણછોડદાસ પાસેથી.

અમદાવાદ.—રાયપર હનૂમાનની ખડકીમાં મારે ઘેરથી અથવા "આર્યોદય" પ્રેસમાંથી.

મુંબઇ.—એન. એમ. એન્ડ કંપની બુકસેલર, કાલબાદેવી રોડ.

રાજકોટ.—ટ્રેનિંગ કોલેજના પ્રીન્સિપાલ પાસેથી.

વડોદરા.—રા. મણિશંકર ઉમયાશંકર, મીયાં મહમદની વાડી દાળિયા પોળ.

ગ. રા. ભટ.

શાંતિસુધા.

અથવા

રક્ષુવીરસુકન્યા.

આ નામનું ગુજરાતી કાવ્યનું અપૂર્વ પુસ્તક રા. રા. છોટાલાલ નરભેરામ કવિનું રચેલું તેના પ્રસિદ્ધ કર્ત્તા રા. મણિશંકર ઉમયાશંકર તરફથી મને ભેટ મળ્યું છે. તે વિષે મારો અભિપ્રાય અને વિચાર અત્ર જણાવવાને હું ખંચાઉંછું; કેમકે કવિ છોટાલાલ મારા મિત્ર છે, અને આ જમાનો એવો છે કે, "હું તને વખાણું અને તું મને વખાણજે" એવું ધતિંગ ઘણું ચાલે છે, તેથી મિત્રની કૃતિ વિષે મારી મતિ અનુસાર કશું વિવેચન ન કરતાં માત્ર એટલું જ જણાવુંછું કે, ગદ્યમાં જેમ "કરણઘેલા"એ નવલકથાની નવીન કળા ગુર્જર ગિરામાં જણાવી જે પ્રેમ સંપાદન કીધો છે, તેવો જ પ્રેમ કાવ્યકળામાં, નવલકથા માટે "શાંતિસુધા" સંપાદન કરશે એવો મને વિશ્વાસ છે. જો કે, કોઈ કોઈ છંદો વાંચતાં સાધારણ વાંચનારને કઠિણ પડશે, પણ કેળવાયલા, વિદ્વાન, અને કવિઓને તે આનંદ આપશે. ગ્રંથ સંકળના એવી છે કે, આગળ શું આવશે તે જાણવાની ઉલટ ઠેઠ સુધી રહે છે, અને ગ્રંથનું પરિણામ મનની મીઠાશમાં ઉત્તમ બોધ સાથે આવી જાય છે.

એ ગ્રંથના ઉત્તમપણા ઉપર મોહી તેના પ્રસિદ્ધ કર્ત્તા રા. મણિશંકર ઉમયાશંકરે તેને ઉત્તમ છાપ "ગિલ્ટેડ" સુંદર પૂઠાં આપી સારા આકારમાં પ્રકટ કરવામાં કસર રાખી નથી. એ પુસ્તક ડેમી આઠ પેજી ૪૦ ફારમનું લગભગ છે, ને તેની કીમત પ્રત ૧ ના રૂ ૨) બે કલદાર રાખી છે. જે તેના પ્રસિદ્ધ કર્તા રા. મણિશંકર ઉમયાશંકર પાસેથી, વડોદરામાં મીઆં મહુમદની વાડી દાળિયા પોળમાંથી, તેમજ નડિયાદમાં બુકસેલર ત્રીકમભાઇ રણછોડદાસ પાસેથી મળશે. પરગામના ગ્રાહકે વેલ્યુપેએબલ પાર્શલથી મગાવવું.

ગ. દા ભટ્ટ.